જીવને ખરેખર આત્મજ્ઞાની પુરુષોને ખરા અતિથિ કહ્યાં છે. તેને અલ્પ પણ દાન આપવાથી જીવને તે ઠેઠ મોક્ષ સુધી લઈ જાય છે. ''જેમ અલ્પ એવું પણ વડનું બીજ પૃથ્વીમાં નાખવાથી જળના યોગવડે બહુ વધી પડે છે, તેમ સુપાત્રે દાન કરવાથી પુણ્યરૂપી વૃક્ષ અત્યંત વધે છે.'' -ઉ.પ્રા.ભા. ભાગ-૩ (પૃ.૧૩૧)

**પુરુષાર્થ અલૌકિક રે કરી આત્મ-બોધ વરે,**
**તે મહાત્મા મુનિને રે ચતુર્વિધ દાન કરે - જ્ઞાની૦ ૨૨**

**અર્થ :—** અલૌકિક પુરુષાર્થ કરીને જે આત્મજ્ઞાન અથવા કેવળજ્ઞાનને પામે છે એવા મહાત્મા મુનિ ભગવંતને જે આહારદાન, ઔષધદાન, શાસ્ત્રદાન કે અભયદાન વડે એમની જે રક્ષા કરે તે ભવ્ય પ્રાણી કાળે કરી મુક્તિને પામે છે. તેના ઉપર દૃષ્ટાંત.

**સૂઅરનું દૃષ્ટાંત :—** એક મુનિ ભગવંત ગુફામાં ધ્યાન કરતાં બિરાજમાન હતા. બહાર એક સૂઅર તેમની રક્ષા કરતું હતું. ત્યાં એક વાઘ આવ્યો. તેને ગુફામાં પ્રવેશ કરતા તેણે અટકાવ્યો. તેથી બન્ને વચ્ચે લડાઈ થઈ. લડાઈમાં બન્ને મરી ગયા. સૂઅર મુનિ ભગવંતની રક્ષા કરવાના ભાવને કારણે અર્થાત્ અભય આપવાના કારણે મરીને સ્વર્ગે ગયું અને વાઘ મરીને નરકે ગયો.

**રાજાનું દૃષ્ટાંત :—** જંગલમાં એક મુનિ ધ્યાનમાં ઊભા હતા. ત્યાં ચોર લોકો આવ્યા. તે મુનિને મારવા જતા હતા, તેટલામાં મુનિ મહાત્માના પ્રભાવે ત્યાં રાજા આવી ચઢ્યો. તેણે ચોર લોકોને સમજાવ્યા પણ માન્યું નહીં. બન્ને વચ્ચે લડાઈ થઈ. ચોરો બધા મૃત્યુ પામ્યા. તે મરીને નરકે ગયા. કાલાન્તરે રાજા મરી સ્વર્ગે ગયો. અને મુનિ ભગવંત રાગદ્વેષનો ત્યાગ કરી સમભાવમાં રહેવાથી આયુષ્ય પૂર્ણ થયે દેહનો ત્યાગ કરી મોક્ષે પધાર્યા. ।।૨૨।।

**ઘેર બેઠાં લહે તે રે સહજે બીજ જ્ઞાનતણું,**
**એ જ આવી અનુપમ રે ગૃહે જ્ઞાન-ગંગા ગણું. જ્ઞાની૦ ૨૩**

**અર્થ :—** આમ ઉત્તમ મહાત્મા પુરુષોને કોઈ પણ પ્રકારનું દાન આપવું તે ઘર બેઠાં સહજે સમ્યગ્જ્ઞાનનું બીજ રોપવા બરાબર છે અથવા જ્ઞાનીપુરુષરૂપી જ્ઞાનગંગા ઘર બેઠા ઘરે આવી એમ માનવા યોગ્ય છે. ।।૨૩।।

**મોક્ષમાર્ગ-મુનિનું રે સ્મરે કોઈ નામ ઘડી,**
**નિષ્પાપ બને જો રે તો દાનની વાત બડી. જ્ઞાની૦ ૨૪**

**અર્થ :—** મોક્ષમાર્ગમાં ગમન કરનારા આત્મજ્ઞાની મુનિનું ઘડી એક જો નામ સ્મરે તો તે પાપને હરે છે; તો પછી તેમને દાન આપવાની વાત તો ઘણી મોટી છે. તેનું ઘણું ઉત્કૃષ્ટ ફળ આવે છે. ।।૨૪।।

**ભવ-સાગર તારે રે ન સંશય ચિત્ત ધરો,**
**ભાવ-ભક્તિ અલૌકિક રે પમાય સુ-દાન કરો. જ્ઞાની૦ ૨૫**

**અર્થ :—** આત્માર્થ પોષક કાર્યો માટે કરેલ દાન જીવને ભવસાગરથી તારે છે. એમાં તમે મનમાં શંકા રાખશો નહીં. આવા ઉત્તમ દાનથી મોક્ષમાર્ગને આપે એવી અલૌકિક ભાવભક્તિ પ્રગટ થાય છે. માટે હે ભવ્યો! તમે ઉત્તમ કામોમાં જરૂર દાન કરો.

**'બોધામૃત ભાગ :૩' માંથી :—** ''પ્રશ્ન : પૈસા વાપરવા ભાવના હોય તો કેવા શુભ કાર્યમાં

**વાપરવા? તેના ઉત્તરમાં જણાવવાનું કે જે વડે ધર્મપ્રાપ્તિ તથા ધર્મ-આરાધનામાં પોતાને અને પરને મદદ મળે તેવાં કામમાં વાપરવા ઘટે. વપરાયા પહેલાં તે સંબંધી વિચાર કરતાં પણ ધર્મધ્યાન થાય છેજી. જગતના જીવો પોતાની સ્વચ્છંદ પ્રવૃત્તિમાં પડ્યા છે, તે કેવી રીતે જ્ઞાનીના માર્ગને પામે, જ્ઞાનીની આજ્ઞાને પામે? તે વિચારતાં પ્રથમ કાર્ય એક સત્સંગ સમજાય છેજી. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે જ ધર્મ છે. તેની પ્રાપ્તિ ઘણા જીવોને કેમ થાય? તેનો વિચાર કરી, જેને જેને ધન આદિની ખામીને લઈને સત્સંગ આદિ સાધનમાં વિઘ્ન નડતાં હોય તેને તેવી અનુકૂળતા કરી આપવામાં ધન વપરાય તે સારા માર્ગે વપરાયું ગણાય..... એક વિભાગ તો બ્રહ્મચારી ભાઈબહેનો જે આશ્રમમાં જીવન પર્યંત રહેનાર છે અને જ્ઞાનીની આજ્ઞામાં જીવન ગાળનાર છે, તેમના ખોરાક, કપડાં, દવા વગેરે તેમ જ તેમને સ્વાધ્યાય માટે ગ્રંથ વગેરે તથા ભણવા-ભણાવવામાં ખર્ચ કરવો પડે તે અર્થે વાપરવાનું નક્કી કર્યું છે. બીજા વિભાગમાં જ્ઞાન ખાતે ખર્ચ કરવાની સૂચના કરી છે કે કોઈ સત્શાસ્ત્ર લખાવવાં હોય, છપાવવાં હોય, મુમુક્ષુજીવોને વહેંચવા હોય, કે નવાં ખરીદીને પુસ્તક ભંડાર કરવો હોય તે ખાતે વાપરવા.''** (પૃ.૩૪૮)

**''આશ્રમમાં રહી પરમપુરુષે બતાવેલ માર્ગે જીવન ગાળવાની ભાવના અંશે મૂર્તિમંત કરવા મકાન કરાવવાનો લક્ષ છે; તે ભાવના હવે વિશેષ કાર્યકારી બને તેવી બીજી અનુકૂળતાઓ તે જ અર્થે કરતા રહેવા ભલામણ છેજી.''** (પૃ.૩૪૩) ।।૨૫।।

**મુનિ-ચરણે ન પાવન રે જો મન, ઘર ગૃહીતણું,**
**સ્મરણે કે દાને રે, તો પાપ-ભીનું ગણું. જ્ઞાની૦ ૨૬**

**અર્થ :—** આત્મજ્ઞાની મુનિ ભગવંતના ચરણકમળથી, દાનના નિમિત્તે જે ગૃહસ્થનું ઘર પાવન થયું નથી અથવા આવા જ્ઞાની ભગવંતે આપેલ સ્મરણમંત્રથી જેનું મન પવિત્ર થયું નથી, તો તેનું ઘર કે મન તે પાપથી જ ભીંજાયેલું છે એમ હું માનું છું. કહ્યું છે કે —

**''સગાઈ સાચી સૃષ્ટિમાં, છે સદ્ગુરુની એક;**
**બીજી તેના ભક્તની, બાકી જૂઠી અનેક.''** ।।૨૬।।

**ધરે ભાવ વિકારી રે કહાય ન દેવ ખરા,**
**જીવ-દયા ન મુખ્યે રે ગણો નહિ ધર્મ જરા. જ્ઞાની૦ ૨૭**

**અર્થ :—** સાચા દેવ, ગુરુ, ધર્મની પ્રભાવના નિમિત્તે, ઉત્તમ દાનનો પ્રવાહ વહાવા યોગ્ય છે, તે હવે જણાવે છે :— જે રાગદ્વેષના ચિહ્નરૂપી સ્ત્રી કે શસ્ત્રને ધારણ કરી વિકારી ભાવોને પોષે છે તે સાચા દેવ કહેવાય નહીં. પણ જે રાગ દ્વેષ અજ્ઞાનથી રહિત વીતરાગ હોય તે જ સાચા દેવ માની શકાય.

તથા જે ધર્મમાં જીવોની રક્ષા કરવારૂપ દયાધર્મની મુખ્યતા નથી તે જરા પણ સત્ધર્મ નથી, કારણ કે ધર્મનું મૂળ દયા છે. **'અહિંસા પરમોધર્મઃ'** ।।૨૭।।

**આત્મજ્ઞાન વિના જો રે ગણો નહિ સાધુ, ગુરુ**
**જે સુપાત્રે ન દીધું રે ગણો ધન તેહ બૂરું. જ્ઞાની૦ ૨૮**

**અર્થ :—** જે આત્મજ્ઞાન રહિત છે તેને સાધુ કે ગુરુ ગણો નહીં. આત્મજ્ઞાનથી યુક્ત એ જ સાચા મુનિ અથવા ગુરુ છે.

**''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;**
**બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય.''** -શ્રીમદ્ રાજચંદ્ર

**'આતમજ્ઞાની શ્રમણ કહાવે બીજા તો દ્રવ્ય લિંગી રે.'** -શ્રી આનંદઘનજી

આવા દેવ-ગુરુ-ધર્મ નિમિત્તે સુપાત્રમાં જો ધન વપરાયું નહીં, તો તે ધન શા કામનું કે જે માત્ર પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વપરાવાથી કર્મબંધન કરાવી બૂરું ફળ આપનાર સિદ્ધ થાય છે. ॥૨૮॥

**સુપાત્રને દાન રે વ્રતે વળી ધર્મ થતો,**
**મહા મંત્ર સમો તે રે ત્રણે જગને જીંતતો. જ્ઞાની૦ ૨૯**

**અર્થ :—** લોભ છોડવા અર્થે સુપાત્રે દાન કરવાથી જીવને શ્રાવકકર્મ કે મુનિધર્મ પાળવાની ભાવના જાગે છે. પછી ક્રમાનુસાર જીવ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષને પામે છે. જેથી ત્રણેય જગતને જીતનારો એવો લોભ ગણાય છે. માટે સુપાત્રમાં દાન કરવું તેને તમે મહામંત્ર સમાન જાણો.

**'બોધામૃત ભાગ :૩'માંથી :- "ખરી રીતે તો લોભનો ત્યાગ કરવા અર્થે દાન કરવાનું છે. જન્મમરણનું કારણ મોહ છે અને તેમાં મુખ્ય લોભ છે. તે લોભને લઈને જીવ અનેક પ્રકારનાં પાપ કરીને ભવ ઊભા કરે છે. ભક્તિભાવના સહિત સત્સંગની ઇચ્છાની વર્ધમાનતા કર્ત્તવ્ય છેજી."** (પૃ.૫૦૪) ॥૨૯॥

**એવા ધર્મ-ધનીને રે, કહો, કમી શાની રહે?**
**સુખ-સાહ્યબી, ગુંણો રે અનુંપમ તેહ લહે. જ્ઞાની૦ ૩૦**

**અર્થ :—** દાનધર્મને પાળનારા એવા ધર્મ ધનિકને કહો શાની કમી રહે. તે તો દેવ મનુષ્યની અનુપમ સુખ સાહ્યબીને પામી, ઉત્તમ ક્ષમા આદિ ગુણો પ્રગટ કરી અંતે કેવળજ્ઞાનને પામશે. ॥૩૦॥

**એક દાન સુપાત્રે રે કરે, ભરે ભાથું ભલું;**
**બીંજો વૈભવ ભોગવે રે અરે! પૂર્વ પુણ્ય ઢળ્યું. જ્ઞાની૦ ૩૧**

**અર્થ :—** એક જીવ સુપાત્રે દાન કરવાથી ઘણું બધું પુણ્યનું ભાથું ભેગું કરે છે. જ્યારે બીજો તે ધનને વૈભવ વિલાસમાં વાપરી પૂર્વે બાંધેલા પુણ્યને રાખમાં ઘી ઢોળે તેમ ઢોળી નાખે છે. ॥૩૧॥

**પહેલો પુણ્યકમાણી રે લઈ પરલોક જશે,**
**બીંજો ખાલી હાથે રે જશે, દુર્ભાગી થશે. જ્ઞાની૦ ૩૨**

**અર્થ :—** સુપાત્રમાં ધનને વાપરનાર પુણ્યની કમાણી કરીને પરલોકમાં જશે. જ્યારે બીજો અહીં પુણ્યને ખાઈ જઈ ખાલી હાથે દુર્ગતિમાં જઈને દુઃખ ભોગવશે.

**"પુણ્ય ખીન જબ હોત હૈ, ઉદય હોત હૈ પાપ;**
**દાઝે વનકી લાકરી, પ્રજળે આપોઆપ."** -આલોચનાદિ પદ સંગ્રહ ॥૩૨॥

**નર-જન્મ મળ્યો તો રે સુતપ ગણ ભવ-સેતુ,**
**દાનપૂજા વિનાનું રે સ્વધન બંધન-હેતુ. જ્ઞાની૦ ૩૩**

**અર્થ :—** મનુષ્ય જન્મ મળ્યો છે તો સમ્યક્તપને આદરો કે જે ભવસમુદ્ર ઓળંગવા માટે પુલ સમાન છે. **'ઇચ્છા નિરોધસ્તપઃ'** -મોક્ષશાસ્ત્ર મનુષ્યભવમાં ઇચ્છાઓનું સ્વરૂપ સમજી તેને ઘટાડવી એ જ ખરું તપ છે. તથા દાન કે ભગવાનની પૂજામાં વપરાયા વગરનું પોતાનું ધન, તે માત્ર વિષયકષાયને અર્થે ખર્ચવાથી જીવને કર્મબંધનનું જ કારણ થાય છે. ॥૩૩॥

**સતત દુઃખ દેતી રે દુર્ગતિ-દૂત વળી,**
**દાન-હીન વિભૂતિ રે મળી જાય તોય, બળી! જ્ઞાની૰ ૩૪**

**અર્થ :–** દાન આપવાના ભાવથી હીન, મળેલ ધન કે વૈભવ જીવને દુર્ગતિના દૂત સમાન છે, કે જે જીવને અધોગતિમાં લઈ જઈ સતત દુઃખ આપે છે. એવી વિભૂતિ મળી જાય તોયે બળ્યું. એના કરતાં તો ન મળે તે વધારે સારું છે. ।।૩૪।।

**એથી ભલી ભિક્ષા રે નહીં પાપ-તાપ તહીં,**
**ચિત્તવૃત્તિ ન ચોટે રે ભલા-બૂરા ભાવ મહીં. જ્ઞાની૰ ૩૫**

**અર્થ :–** ભલે માંડ માંડ પેટ ભરાય અથવા ભિક્ષા માગીને ગુજરાન ચલાવવું પડે તોય સારું છે કે જ્યાં ધનના મદનું પાપ નથી અથવા તેને ભોગાદિમાં ખર્ચી ચિંતા કરવાનો તાપ નથી.

ધનાદિ વિશેષ પ્રાપ્ત નહીં હોવાથી, તે નિમિત્તે સારા ખોટા રાગદ્વેષના ભાવો કરી ચિત્તવૃત્તિને ચોટવાનો પણ જ્યાં અવકાશ નથી. ।।૩૫।।

**પ્રભુ-ચરણે ન પ્રીતિ રે, નહીં ભક્તિ દાન વિષે,**
**ગૃહ-ધર્મ રહ્યો ક્યાં રે? રહો ગૃહી શા મિષે? જ્ઞાની૰ ૩૬**

**અર્થ :–** જો પ્રભુના ચરણમાં પ્રીતિ નથી કે દાન આપવાના ઉત્તમ ક્ષેત્રોમાં ભક્તિ નથી તો પછી ગૃહસ્થ તમારો ધર્મ ક્યાં રહ્યો? તમે ઘરમાં કયા બહાને પોતાને શ્રાવક માનીને રહો છો? ।।૩૬।।

**બહુ કાળે મળ્યો આ રે નરભવ ભવ ભમતાં,**
**કરો કાર્ય અલૌકિક રે સદા મુનિ-પદ રમતાં. જ્ઞાની૰ ૩૭**

**અર્થ :–** સંસારમાં ભટકતાં ઘણો કાળ વીત્યા પછી આ મનુષ્યભવ મળ્યો છે. હવે તો આત્મજ્ઞાન સહિત મુનિપદને અંગીકાર કરી સ્વસ્વરૂપમાં રમણતા કરો તથા અલૌકિક એવા મોક્ષપદને મેળવવાનું જ કાર્ય કરો. ।।૩૭।।

**તેમ જો ન બને તો રે યથાશક્તિ વ્રતો ગ્રહો,**
**મુનિભાવ ટકાવી રે સદા દાન દેતા રહો. જ્ઞાની૰ ૩૮**

**અર્થ :–** મુનિધર્મ અંગીકાર કરવાની યોગ્યતા નહીં હોય તો યથાશક્તિ શ્રાવકના વ્રતો ગ્રહણ કરો. મનમાં સદા મુનિ બનવાના ભાવ ટકાવી રાખી સુપાત્રે દાન દેતા રહો. ।।૩૮।।

**યશ-ભોગના યત્નો રે કદી પુણ્ય-યોગે ફળે,**
**સુંપાત્ર-પ્રમોદે રે વિના દાન પુણ્ય મળે. જ્ઞાની૰ ૩૯**

**અર્થ :–** કદી પુણ્યનો યોગ થાય તો યશ માટે કે ભોગ માટે કરેલા પ્રયત્નો ફળે છે. પણ સુપાત્રમાં કોઈ દાન આપે અને તે જોઈ પ્રમોદ પામે, તો દાન દીધા વગર જ જીવ પુણ્યની કમાણી કરે છે. ।।૩૯।।

**ભલે વેરી પધારે રે સુજન-ઘેર કાર્યવશે,**
**આસન-સુંવચને રે દઈ માન પ્રસન્ન થશે. જ્ઞાની૰ ૪૦**

**અર્થ :–** સજ્જનને ઘેર ભલે પોતાનો વેરી પણ કોઈ કાર્યવશાત્ આવી ચઢે તો તેને આસનનું દાન આપવાથી કે સારા વચન બોલી માન આપવાથી તે પણ પ્રસન્ન થાય છે. ।।૪૦।।

**સમ્યક્ ગુણરત્ને રે પવિત્ર મુનિ નીરખી,**
**કોણ સજ્જન એવો રે નિમંત્રે ન જે હરખી? જ્ઞાની૦ ૪૧**

**અર્થ :–** તો સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ગુણરત્નોથી પવિત્ર એવા મુનિને જોઈ કોણ સજ્જન પુરુષ એવો છે કે જે તેમને હર્ષ પામીને આમંત્રણ આપે નહીં; અર્થાત્ જરૂર આપે. ।।૪૧।।

**સુજન એમ માને રે અકાળે સુપુત્ર મરે,**
**નહિ તે દિન ભૂંડો રે થવાનું થયા જ કરે- જ્ઞાની૦ ૪૨**

**અર્થ :–** સજ્જન પુરુષ તો એમ માને છે કે ઉમ્ર પાક્યા પહેલા જ સુપુત્રનું મરણ થઈ જાય, તો પણ તે દિન ભૂંડો નથી. કેમકે જે થવાનું છે તે તો સદા થયા જ કરે છે. ।।૪૨।।

**પણ દાન ન દીધું રે તે દિન દિલે દુખે,**
**પોતાથી બને તે રે ચૂકે નહિ સંત સુખે. જ્ઞાની૦ ૪૩**

**અર્થ :–** પણ જે દિવસે દાન અપાયું નહીં તે દિવસ સજ્જનના દિલમાં દુઃખ આપે છે. પોતાથી બની શકે તેટલું તે સંતપુરુષોને સુખ પમાડવા માટે કરી છૂટે છે, પણ તે અવસરને ચૂકતા નથી. ।।૪૩।।

**ધર્મભાવ ધનિકના રે દાને સાકાર થતા,**
**શશી-કરે ઝરે જળ રે દીપે ચંદ્રકાન્ત-પ્રભા. જ્ઞાની૦ ૪૪**

**અર્થ :–** ધનવાન પુરુષની ધર્મભાવના તે દાન આપવા વડે સાકાર થાય છે. જેમ ચંદ્રકાન્ત મણિ સાચો ક્યારે સિદ્ધ થાય કે જ્યારે ચંદ્રમાના દર્શન થતાં તેમાંથી જળ ઝરે છે ત્યારે. ।।૪૪।।

**કોને ક્યારે ઇચ્છિત રે મળ્યા ધનના ઢગલા?**
**ક્યાંથી દાન દેવાના રે ભાવો ઊભરાય ભલા? જ્ઞાની૦ ૪૫**

**અર્થ :–** જેમ પ્રાણી ઇચ્છે તેમ કોને ધનના ઢગલા મળી ગયા? એવું ક્યારેય બનવાનું નથી. છતાં જીવ એમ માને છે કે દાન તો અમારેય ઘણું આપવું છે પણ ધન મળે તો. એવા જીવોને દાન દેવાના સાચા ભલા ભાવો મનમાં ક્યાંથી ઊભરાય. ।।૪૫।।

**તેથી એક કોળિયો રે નહીં તો અર્ધો ભલો,**
**વળી તેથી ય અર્ધુ રે સુપાત્રે દેવાનું મળો. જ્ઞાની૦ ૪૬**

**અર્થ :–** તેથી જે મળ્યું છે તેમાંથી એક કોળિયા જેટલું કે તેનાથી પણ અર્ધું અથવા તેનાથી પણ અર્ધુ સુપાત્રે દાન દેવાનું મને નિમિત્ત મળો તેમજ પૂજ્યભાવે આપવાના ભાવ પણ મને ઉપજો.

**પુણિયા શ્રાવકનું દૃષ્ટાંત :–** પુણિયો શ્રાવક પોતે એક દિવસ ઉપવાસ કરીને પણ સાધર્મીભાઈને જમાડે અને બીજે દિવસે તેની પત્ની ઉપવાસ કરે અને સાધર્મીભાઈને જમાડે. પછી આખો દિવસ ધર્મધ્યાનમાં વ્યતીત કરે. એમ શુદ્ધ નિર્મળ જીવન ગાળી ઉત્તમ ગતિને પામ્યા. શાલિભદ્રના જીવે પૂર્વે ભરવાડના ભવમાં રડીને બનાવડાવેલી ખીર પણ મુનિને વહોરાવી દીધી. હે ભગવાન! તેવા ભાવ મને પણ આપજો. ।।૪૬।।

**મિથ્યાત્વી પશુ પણ રે સુદાનના ભાવ કરે,**
**તો ય કલ્પતરુ-સુખ રે લહી સદ્ભાવ ધરે- જ્ઞાની૦ ૪૭**

**અર્થ :—** મિથ્યાત્વી પશુઓ પણ સુપાત્રે દાન આપવાના ભાવ માત્ર કરે તો પણ દેવલોકના સુખને પામે છે. તથા મુનિ મહાત્માનો યોગ થતા સદ્ભાવથી સમકિત પણ પામી જાય છે.

ઋષભદેવ ભગવાનનો જીવ પૂર્વભવમાં વજ્જંઘ નામે રાજા હતો. તે મુનિ મહાત્માને આહારદાન આપતો હતો. તે સમયે ભરત, બાહુબલિ, બ્રાહ્મી અને સુંદરીનો જીવ વાનર, સિંહ, ભૂંડ, નોળિયો, પશુરૂપે ત્યાં જોતાં જોતાં ભાવ કરતા હતાં. તેના ફળસ્વરૂપ ક્રમે કરી આત્મોન્નતિને પામી મોક્ષે પધાર્યા.

**હંસ હંસલીનું દૃષ્ટાંત :—** ચંપાપુરીના ચંપકવનમાં એક સરોવર પાસે વડના વૃક્ષ ઉપર હંસ અને હંસલી રહેતા હતા. એક દિવસે વેપારીએ તે સરોવર કિનારે પડાવ નાખી ભોજન બનાવ્યું. ભોજન સમયે કોઈ મુનિ પધારે તો આહારદાન દઈ ભોજન કરું. તેના એવા ભાવથી આકર્ષાઈને એક માસના ઉપવાસી મુનિ પારણા અર્થે આવી ચઢ્યા. હર્ષથી આહારદાન આપતા જોઈ હંસ અને હંસલીએ પણ દાનભાવની અનુમોદના કરી. તેથી પુણ્ય બાંધી હંસલી પદ્મસ્થ રાજાની પુત્રી પદ્માવતી નામે અવતરી અને હંસનો જીવ વીરસેન રાજાના પુત્રરૂપે અવતર્યો. તે ભવમાં દીક્ષા લઈ સમ્યક્પ્રકારે ચારિત્ર પાળી બારમા દેવલોકે સિધાવ્યા. -પ્રવેશિકામાંથી ।।૪૭।।

**તો સુદૃષ્ટિ અકામી રે સુપાત્રની ભક્તિ કરી**
**દાન ઉત્તમ દે જો રે, રહે કાંઈ બાકી જરી? જ્ઞાની૦ ૪૮**

**અર્થ :—** તો જે વ્યવહાર સમ્યગ્દૃષ્ટિ કે અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે, તે જીવો અકામી એટલે નિષ્કામભાવે સુપાત્ર એવા આત્મજ્ઞાની મુનિ મહાત્માઓને ભક્તિપૂર્વક ઉત્તમ દાન આપે તો તેમને કંઈ મેળવવાનું બાકી રહે? કંઈ નહીં. તે ભવ્યાત્માઓ સર્વ સિદ્ધિને પામી અંતે મોક્ષ સુખના ભોક્તા થાય છે. ।।૪૮।।

**ખાણ ખોદતાં હીરો રે મળે પણ જે ન જુએ,**
**ખોદ ખોદ કરે જે રે મજૂર તે, લાગ ખુએ. જ્ઞાની૦ ૪૯**

**અર્થ :—** ખાણ ખોદતાં હીરો હાથ લાગે પણ તેને જોયા ન જોયા બરાબર કરી ફરી ખોદ ખોદ જ કરે તે તો ખરેખર મજૂર જ છે. તે મળેલા હીરાના લાગને પણ ખોઈ બેસે છે.

તેમ અનંતભવ ભટકતાં સત્પુરુષનો યોગ મળ્યા છતાં તેને ઓળખી લાભ ન લે અને બીજા સત્પુરુષને શોધ્યા જ કરે તો આ મનુષ્યદેહરૂપ ચિંતામણિ તે હારી બેસે છે. ।।૪૯।।

**તેમ સાધુ પધાર્યા રે, અનુકૂળતા ઘરમાં,**
**દાન-ભાવ ન જાગે રે ગણાય તે વાનરમાં. જ્ઞાની૦ ૫૦**

**અર્થ :—** ઘરે જ્ઞાની મુનિ પધાર્યા હોય, ઘરમાં આહારદાન વગેરે આપવાની બધી અનુકૂળતા હોય છતાં દાન આપવાના ભાવ ન જાગે તો તે જીવ નર નથી પણ વાનર જ છે.

**પૂરણ શેઠનું દૃષ્ટાંત :—** ભગવાન મહાવીર ચાર માસના ઉપવાસ કરી પારણા અર્થે ગોચરી લેવા પૂરણ શેઠને ત્યાં પધાર્યા. પણ ભગવંતને સ્વહસ્તે પૂજ્યબુદ્ધિએ દાન દેવાની ભાવના પૂરણશેઠને થઈ નહીં. તેથી નોકર પાસે શેઠે આહારદાન અપાવ્યું. એવી વિવેકબુદ્ધિના અભાવવાળા જીવો નર નથી પણ વાનર કોટીના જ છે. ।।૫૦।।

**જેમ દરિયો ડોળંતાં રે ગુમાવેલ રત્ન જડે,**
**તેમ નરભવ, ધન, ધર્મ રે લહી હજીયે રખડે. જ્ઞાની૦ ૫૧**

**અર્થ :–** જેમ દરિયો ડોળતા ગુમાવેલ રત્ન પણ જડી જાય છે; તેમ ઉત્તમ મનુષ્યભવમાં ધન અને ધર્મનો જોગ પામી પુરુષાર્થ વડે આત્મરત્ન મેળવી શકે છે. પણ જીવ હજી સંસારમાં જ રઝળ્યા કરે છે, એ જ જીવની મૂઢતા છે.

**દાન-બુદ્ધિ ન જાગી રે તે નર રત્ન ભરે**
**કાણી નાવમાં મૂરખ રે, દરિયો કહો કેમ તરે? જ્ઞાની૦ ૫૨**

**અર્થ :–** ધનનો યોગ હોવા છતાં પણ જો દાન દેવાની બુદ્ધિ જાગૃત નહીં થઈ તો તે મૂરખ એવો મનુષ્ય કાણી નાવમાં રત્ન ભરવા સમાન કામ કરે છે; તો કહો તે દરિયાને પાર કેમ જઈ શકે, અધવચ્ચે જ બૂડી મરે. કહેવાનું તાત્પર્ય કે ધનનો સદ્ઉપયોગ જીવ ન કરે તો તે ધન બધું અહીં જ પડ્યું રહે; અને પોતે ધનની મૂર્ચ્છાને કારણે સંસાર સમુદ્રમાં બૂડી મરી દુર્ગતિએ ચાલ્યો જાય. ।।૫૨।।

**યશ જે આ ભવે દે રે, સુખી પરલોકે કરે,**
**એવું દાન સુપાત્રે રે કરે ન ધનિક અરે! - જ્ઞાની૦ ૫૩**

**અર્થ :–** દાન કરનાર જીવ આ ભવમાં યશ પામે, તેનો સંગ કરવા લોકો ઇચ્છે અને પરલોકમાં પણ પુણ્યના પ્રભાવે તે સુખી થાય, એવો એ દાનધર્મનો મહિમા છે. તો જે ધનિક છે તે શું અરે! સુપાત્રે દાન ન કરે? ।।૫૩।।

**ખરે! તે ધન-રક્ષક રે ખર સમ ભાર ધરે,**
**પુત્રાદિનો નોકર રે મરી જશે ખાલી કરે. જ્ઞાની૦ ૫૪**

**અર્થ :–** જો સુપાત્રે દાન ન કરે તો ખરેખર! તે ધનનો માત્ર રક્ષક છે. જેમ પોલીસ બેંક તિજોરીની રક્ષા કરે તેવો છે. અથવા બેંકમાં લાખો રૂપિયાના નાણા ગણનાર ક્લર્ક જેવો છે. જેમ ગધેડો ભાર ઉપાડીને ફરે છે તેની જેમ માત્ર ધનના ભારને ઉપાધિરૂપે તે વહન કરે છે. પોતે તો જાણે પુત્ર સ્ત્રી આદિનો નોકર છે. તેમના અર્થે ધનની રખવાળી કરી અંતે મરી જઈ ખાલી હાથે અહીંથી દુર્ગતિમાં ચાલ્યો જશે.

**કંજૂસ વણિકનું દૃષ્ટાંત :–** મહીસુર નામના નગરમાં મોહનદાસ નામનો વણિક ઘણો કંજૂસ હતો. તે દિવસમાં એકવાર જમતો અને આહાર પણ ઘી વિનાનો લૂખો લેતો હતો. તેણે ચોરીના ભયથી દ્રવ્યને જમીનમાં દાટી દીધું હતું. રાત્રે પોતે તે ધનની ચોકી કરતો. જાડા અને મલિન વસ્ત્રો પહેરતો. ઘરમાં મહેમાન આવે તો તેને ગમે નહીં. આવી ધનની મૂર્ચ્છાના કારણે મારું મારું કરતાં બધું અહીં જ પડી મૂકી મરીને એકેન્દ્રિય પૃથ્વીકાયમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ઘણો કાળ સંસારમાં ભટકશે. એમ જ્ઞાની ભગવંતે ઉપદેશમાં જણાવ્યું. -ગૌતમપૃચ્છા (પૃ.૩૩૮) ।।૫૪।।

**જિનમંદિર અર્થે રે ગુરુ-દેવ-પૂજા વિષે,**
**જ્ઞાન-દાને, દુખીને રે આહારાદિ દે હર્ષે- જ્ઞાની૦ ૫૫**

**અર્થ :–** જિન મંદિર માટે કે સત્દેવ, સદ્ગુરુની પૂજા પ્રભાવના અર્થે કે જ્ઞાનદાનમાં કે દુઃખી જીવોને આહારાદિ આપવામાં હર્ષપૂર્વક જે ધન વપરાય તે જ કાર્યકારી છે; અન્યથા માત્ર ઉપાધિરૂપ છે.

**'બોધામૃત ભાગ : ૩'માંથી :–** **''તમારી ઇચ્છા હોય તો શ્રી વવાણિયા પરમકૃપાળુદેવના જન્મ-સ્થાન ઉપર 'જન્મભુવન' નામે મોટું ભવ્ય મંદિર બંધાવ્યું છે ત્યાંથી પરમકૃપાળુદેવનાં પુત્રીએ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના મોટી સાઈઝના ચિત્રપટની માગણી કરી છે તે અર્થે, જો તમો એકલા ધારો છો તે રકમ મોકલો તો સારો ઍન્લાર્જ્ડ ફોટો ત્યાં મોકલી શકાય. તે હાર કરતાં વિશેષ લાભદાયક સમજાય છે. પછી જેવી આપની ભાવના. બીજું, ત્યાં મુમુક્ષુઓ બહારથી આવે તેને માટે એક ધર્મશાળા પણ બાંધનાર છે. તેમાં કંઈ રકમ મોકલવા વિચાર હોય તો મોકલવા યોગ્ય છે.''** (પૃ.૫૬૨) ।।૫૫।।

**ધન જે આત્માર્થે રે ઉદાર દિલે ખરચે,**
**ધન તેટલું તેનું રે બાકીનું બીજાને પચે. જ્ઞાની૰ ૫૬**

**અર્થ :–** જે ધન આત્માના કલ્યાણાર્થે માન મોટાઈની ભાવનારહિત ઉદાર દિલે ખર્ચવામાં આવે તેટલું જ તેનું છે. 'હાથે તે સાથે' એ કહેવત મુજબ તેજ ખરેખર પોતાનું છે. બાકી તો બધું પોતે મરી ગયા પછી તે ધનને પુત્રાદિ વગેરે બીજાના હાથમાં આવવાથી તે ભોગવે છે, તેથી તે તેનું છે પણ પોતાનું નથી. છતાં તે ધન મેળવવા નિમિત્તે કરેલ કષાય ભાવોના ફળનો તે ભોક્તા બને છે. ।।૫૬।।

**પુણ્ય પૂરું થતાં તો રે જવાની જરૂર રમા,**
**શાને દાને ન ખરચે રે નિરંતર તજી તમા? જ્ઞાની૰ ૫૭**

**અર્થ :–** પુણ્ય પૂરું થયે રમા એટલે ધનરૂપી લક્ષ્મી જરૂર જવાની છે. તો 'પુણ્ય છતાં પુણ્ય હોત હૈ' એમ માની તે લક્ષ્મીને સંગ્રહ કરવાની તમા એટલે ઇચ્છાને તજી દઈ તેનો દાનમાં ઉપયોગ શા માટે ન કરવો અર્થાત્ જરૂર કરવો જોઈએ.

**એક શેઠનું દૃષ્ટાંત :–** એક શેઠ સોનાની થાળીમાં જમવા બેઠા હતા. પુણ્ય પરવાર્યું એટલે ઘરમાંથી બધું ઊડી ઊડીને જવા લાગ્યું. શેઠે સોનાની થાળી ઊડીને જતાં પકડી લીધી. તેનો ટૂકડો તૂટીને હાથમાં રહી ગયો અને થાળી ચાલી ગઈ. પછી તેણે દીક્ષા લીધી. એકવાર બીજા શેઠને ઘેર વહોરવા જતાં તે જ થાળીમાં શેઠ જમતા હતા તે તૂટેલો ટૂકડો તે થાળીને અડાડી જોયો કે આ જ થાળી છે કે કેમ. તો તે ટુકડો પણ તે થાળીને ચોંટી ગયો. એમ પુણ્ય હોય ત્યાં સુધી જ ધન ઘરમાં રહે છે. માટે હોય ત્યાં સુધી નવું પુણ્ય ઉપાર્જન કરી લેવું.

**'બોધામૃત ભાગ : ૧' માંથી :–**

**ભોજરાજાનું દૃષ્ટાંત :– ''ભોજરાજા બહુ ઉદાર હતો અને ગમે તેવી મોટી મોટી રકમો ઉદારતાથી દાનમાં આપતો. તેથી મંત્રીએ એને સમજાવવો એમ વિચારી સિંહાસન પર 'આપત્તિનો વિચાર કરી દાન કરવું જોઈએ' એમ લખાવ્યું. રાજા સમજી ગયો કે દાન દેવાનો નિષેધ કરે છે, તેથી ઉત્તરમાં રાજાએ વાક્ય લખાવ્યું કે 'ભાગ્યશાળીઓની પાસે આપત્તિ ક્યાંથી આવે?' તેના ઉત્તરમાં ફરી મંત્રીએ લખાવ્યું કે 'કદાચ દૈવ એવું હોય કે આપત્તિ આવી પણ જાય.' રાજાએ તેનો ઉત્તર એમ લખાવ્યો કે, 'દુર્ભાગ્યનો ઉદય થશે તો તે વખતે લક્ષ્મી પણ રહેશે નહીં. માટે વહેતી ગંગામાં હાથ ધોઈ લેવા.' પૂર્વપુણ્યને લઈને પ્રાપ્ત થયું છે, તેનો સદુપયોગ કરે તો સાથે જાય. જેને જરૂર હોય તેને વિવેકપૂર્વક દાન આપવાનું છે. તો દાન દેનારા સુખી થાય અને લેનારા પણ સુખી થાય. પૈસા એકઠા કર્યા હોય અને દાન ન કરે તો નીચ કહેવાય. દરિદ્રતાની પ્રાપ્તિ દાન ન કરવાથી થાય છે. તેથી પાપ સૂઝે અને પાપનું ફળ દુઃખ આવે.''** (પૃ.૨૯૪) ।।૫૭।।

**કૂપ-પાણીથી ખેતી રે કર્યે નહિ ખાલી થશે,**
**પાણી કાઢ્યા કરે તો રે નવું ઊભરાતું જશે. જ્ઞાની૦ ૫૮**

**અર્થ :–** કૂવાના પાણી વડે ખેતી કરવાથી તે પાણી ખાલી થશે નહીં. પણ તે પાણીને જેમ કાઢ્યા કરીએ તેમ તેમ તે કૂવામાં નવું પાણી સેરોમાંથી ઊભરાયા કરશે.

તેમ લક્ષ્મીનો દાનમાં જેટલો સદ્ઉપયોગ થશે તેટલી તે વૃદ્ધિને પામશે.

**વિદ્યાપતિનું દૃષ્ટાંત :–** એક વિદ્યાપતિ નામનો વ્યક્તિ હતો. તેને સ્વપ્ન આવ્યું કે સાત દિવસમાં ઘરમાંથી લક્ષ્મી ચાલી જશે. તેની પત્નીએ કહ્યું કે એ લક્ષ્મી ઘરમાંથી જાય તેના પહેલાં જ આપણે તેનું દાન કરી દેવું જોઈએ અને આપણે પરિગ્રહ પરિમાણ વ્રત લેવું જોઈએ. ખૂબ દાન કરવાથી તેનું પુણ્ય વધી ગયું અને લક્ષ્મી ઘરમાંથી ખૂટે જ નહીં. તે ઘર છોડી પરગામ ચાલ્યા ગયા. તે ગામનો રાજા મરણ પામ્યો હોવાથી પંચદિવ્ય થયા અને તેને ત્યાં પણ રાજા બનાવ્યો. પરિગ્રહ પરિમાણ જેટલું જ ધન પોતાનું માની બાકી બધું તે પ્રજાને માટે ખર્ચ કરવા લાગ્યો. એમ જેમ જેમ જીવ દાનધર્મ આચરે તેમ તેમ નવું નવું પુણ્ય વૃદ્ધિ પામ્યા કરે છે. ।।૫૮।।

**જેમ શંખ નકામો રે નિઃશબ્દ, શ્વેત છતાં,**
**તેમ યશ નહિ પામે રે ધનિક કંજૂસ થતાં. જ્ઞાની૦ ૫૯**

**અર્થ :–** જેમ શંખ દેખાવે સુંદર શ્વેત હોવા છતાં જો નિઃશબ્દ છે. અર્થાત્ અવાજ કરતો નથી તો તે નકામો છે, તેમ ધનિક પણ જો કંજૂસ છે તો તેનો યશ જગતમાં ગવાતો નથી. ।।૫૯।।

**જીવતાં શબ જેવો રે ધનિક તે રંક અરે!**
**કૈં કલંક વિનાનો રે છતાં નહિ કોઈ સ્મરે. જ્ઞાની૦ ૬૦**

**અર્થ :–** જો ધનિકનું રંક એટલે ગરીબ જેવું વર્તન હોય તો તે જીવતા છતાં પણ શબ એટલે મડદા જેવો છે. તેને બીજો કોઈ કલંક લાગ્યો ન હોય છતાં પણ તેનું નામ ઉચ્ચારવા કોઈ રાજી નથી. ।।૬૦।।

**સ્વ-પ્રારબ્ધ પ્રમાણે રે ભંગી, ભૂપ પેટ ભરે,**
**નર ભવ, ધન, સમજણ રે સફળ સત્-દાન કર્યે. જ્ઞાની૦ ૬૧**

**અર્થ :–** પોતાના પ્રારબ્ધ પ્રમાણે ભંગી હો કે રાજા હો સર્વે પેટ તો ભરે જ છે. પણ મનુષ્યભવમાં ધન પામી સાચી સમજણ વડે સત્કાર્યમાં જો તે ધનનો ઉપયોગ કરવામાં આવે તો તેનું જીવન કે ધન કે સમજણ સફળ છે.

**વસ્તુપાળ-તેજપાળનું દૃષ્ટાંત :–** વસ્તુપાળ-તેજપાળ બેય મંત્રીઓ હતા. તેઓ પોતાના ધનને જમીનમાં દાટી સુરક્ષિત કરવા માટે જંગલમાં ખાડો ખોદવા લાગ્યા. તો તે ખાડામાંથી નવા ધનના ઢગલા નીકળ્યા. તે જાણી માતાએ કહ્યું કે પુણ્ય પ્રબળ છે તેથી ધનને સુરક્ષિત કરવા જતાં નવું ધન પ્રાપ્ત થયું. માટે હવે તેનો ઉત્તમ ક્ષેત્રોમાં સદ્ઉપયોગ કરી દો. પછી તેમણે આબુ દેલવાડા વગેરેના શ્રેષ્ઠ મંદિરો બંધાવી જૈનધર્મની ખૂબ પ્રભાવના કરી. તેથી તેમનું જીવન, ધન કે સમજણ સફળ થઈ. ।।૬૧।।

**ધન સાથે ન આવે રે, સ્વજન સ્મશાન સુધી,**
**પુણ્ય પરભવ-ભાથું રે કરી લે કૈં કરથી. જ્ઞાની૦ ૬૨**

**અર્થ :–** ધન કોઈની સાથે આવતું નથી. પોતાના સ્વજન કુટુંબીઓ પણ સ્મશાન સુધી વળાવા

આવે. જ્યારે પુણ્ય તો પરભવનું ભાથું છે. તે પુણ્ય હાથે દાન આપીને કંઈક ઉપાર્જન કરી લે, નહીં તો અંતે પસ્તાવું પડશે.

**બોધામૃત ભાગ : ૧' માંથી :–**

**સિકંદરનું દૃષ્ટાંત :– "સિકંદરે ઘણી લડાઈઓ કરી, દેશો જીત્યા, અઢળક ધન એકઠું કર્યું. છેવટે રોગ થયો. કેટલાય વૈદ્યો આવ્યા, કોઈ મટાડી ન શક્યા. પછી તેણે પશ્ચાત્તાપ કર્યો. આવું થવાનું જાણ્યું નહોતું, નહીં તો હું આટલું બધું શા માટે કરત? સાથે આવે એવું કંઈ ન કર્યું! પછી ભંડારીને બોલાવી હીરા માણેક બધું કઢાવ્યું. સિકંદરની આંખોમાંથી આંસુ આવવા લાગ્યાં. પછી તેણે વિચાર્યું કે મારે તો એવું થયું, પણ હવે બીજા જીવો ન ભૂલે એવું કરવું. તે માટે તેણે રાજ્યના માણસોને કહ્યું કે હું મરું ત્યારે મને સ્મશાને લઈ જતી વખતે મારા હાથ બહાર રાખજો, જેથી લોકોને લાગે કે બાદશાહ ખાલી હાથે આવ્યો અને ખાલી હાથે ગયો. અને વળી કહ્યું કે હકીમો હોય તેનાં ખભા ઉપર મારી ઠાઠડી મૂકજો જેથી લોકોને લાગે કે આટલા બધા હકીમો હોવા છતાં મરી ગયો, હકીમો કંઈ ન કરી શક્યા. એથી વૈરાગ્ય થશે. પણ અનાર્ય દેશ એટલે કોઈને એવું ન લાગ્યું. એવું આપણું ન થાય એ સાચવવું."** (પૃ.૧૯૫)

**"આ મનુષ્યભવ મળ્યો છે તે દુર્લભ છે, શ્રુતિ દુર્લભ છે, શ્રદ્ધા દુર્લભ છે અને ચારિત્ર એટલે સ્વરૂપમાં સ્થિર થવું એ તો બહુ દુર્લભ છે. પૂર્વે કંઈ દાનપુણ્ય કર્યું તેથી મનુષ્યભવ પામ્યો છે. હવે કરશે તો ફરી મનુષ્યભવ પામશે. જે અત્યારે કરતો નથી તેને ભવિષ્યમાં મળવાનું નથી. કરશે તો પામશે. મરી જાય ત્યારે બાળી મૂકે છે. ભાઈઓ તો સ્મશાનમાં મૂકી આવે છે, પણ ધર્મ તો સાથે જ આવે છે."** (પૃ.૨૪૨) ।।૬૨।।

**ઉત્તમ કુળ, ઘર, ધન રે વિવેક, પ્રભાવ વળી,**
**વિદ્યા, આરોગ્યાદિ રે સુખ-સામગ્રી મળી. જ્ઞાની૦ ૬૩**

**અર્થ :–** ઉત્તમ કુળ, ઘર, ધન, વિવેકની પ્રાપ્તિ, વળી પોતાનો બીજા ઉપર પ્રભાવ પડવો, કે વિદ્યા, આરોગ્ય આદિ સુખ સામગ્રી મળવી એ બધો પૂર્વ પુણ્યનો પ્રભાવ છે. પૂર્વે કયા પ્રકારનું પુણ્ય ઉપાર્જન કર્યું કે જેથી આવી સામગ્રી મળી તે હવે જણાવે છે. ।।૬૩।।

**તેનું કારણ જાણો રે પૂર્વે સુદાન દીધું,**
**તે તરુને પોષો રે રહસ્ય આ ગુપ્ત કીધું. જ્ઞાની૦ ૬૪**

**અર્થ :–** તેનું કારણ પૂર્વે તમે સત્પાત્રે દાન કર્યું છે એમ જાણો. તે દાનરૂપ કલ્પવૃક્ષને પોષણ આપતા રહો. આ ગુપ્ત રહસ્ય તમને આજે જણાવ્યું.

**'બોધામૃત ભાગ : ૧' માંથી :–** "પ્રશ્ન—ગુપ્તદાન એટલે શું?

પૂજ્યશ્રી—કોઈ જાણે નહીં એવી રીતે દાન દેવું કે જેથી પોતાનો લોભ છૂટે અને અભિમાન ન થાય. દાન લેનારને પણ પરાધીનતા, દીનતા ન થાય એ ગુપ્તદાન છે. લોભ છોડવા માટે દાન કરવાનું છે. દેવલોકની ઇચ્છા વગર દાન કરવું." (પૃ.૧૪૮)

**જેમ આંબો સાચવી રે મધુર ફળ ખાયા કરો,**
**તેમ દાનાદિ ધર્મે રે ધરી મન સુખ વરો. જ્ઞાની૦ ૬૫**

**અર્થ :–** જેમ આંબાની દેખભાળ કરીને તેના મીઠા ફળ પ્રતિવર્ષ ખાયા કરો. તેમ દાનાદિ ધર્મમાં ધનનો યથાશક્તિ વ્યય કરી સદૈવ સુખશાંતિને પામો. ।।૬૫।।

**મતિ મૂર્ખની એવી રે બહુ ભંડાર ભરું,**
**ઘર સુંદર બાંધુ રે, પુત્ર-વિવાહ કરું. જ્ઞાની૦ ૬૬**

**અર્થ :–** મૂર્ખ એવા માણસની મતિ એવી હોય છે કે ધનના ઘણા ભંડાર ભરું. પછી સુંદર ઘર બાંધુ અને ખૂબ ધામધૂમથી પુત્ર પુત્રી આદિનો વિવાહ કરી સમાજમાં માન મોટાઈ મેળવું. ।।૬૬।।

**પછી જો ધન વધશે રે કંઈ ધર્મ-દાન થશે,**
**કરે જૂઠા મનોરથ રે, અરે ! યમ ઝડપી જશે. જ્ઞાની૦ ૬૭**

**અર્થ :–** પછી જો ધન વધશે તો કંઈ દાનપુણ્ય કરીશું. એમ જીવ જૂઠા મનોરથ કરે છે. પણ જ્ઞાનીપુરુષો કહે છે કે ક્યારે તને જમ આવીને ઝડપી જશે તેની કંઈ ખબર પડશે નહીં. માટે દાનપુણ્ય કરવું હોય તો યથાશક્તિ વર્તમાનમાં જ કરી લે. ભવિષ્યની કલ્પના કરી તેને મૂકી દે નહીં. ।।૬૭।।

**દાન-શૂરા જનોને રે કરે ચઢી થાકી ગઈ,**
**લક્ષ્મી અતિ અથડાતાં રે જરા નવરી ન થઈ. જ્ઞાની૦ ૬૮**

**અર્થ :–** લક્ષ્મી તો દાનમાં શૂરવીર એવા લોકોના હાથમાં આવીને થાકી ગઈ. તે લક્ષ્મી અનેક જીવોના કામ કાઢતી જાુદા જાુદા હાથોમાં અથડાતાં જરા પણ નવરી થઈ નહીં, અર્થાત્ અનેક જીવોને તે ઉપયોગી થઈ પડી.

જગતમાં દાનના બીજી રીતે પાંચ પ્રકાર ગણવામાં આવ્યા છે તે આ પ્રમાણે :—અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન. અભયદાન અને સુપાત્રદાન વિષે કહેવાઈ ગયું છે.

હવે ત્રીજાું અનુકંપાદાન એટલે દીન અને દુઃખી લોકોને પાત્ર અપાત્રનો વિચાર કર્યા વિના માત્ર દયા વડે અન્નાદિક આપવું તે અનુકંપાદાન છે. જેમકે ભગવાન મહાવીરે કૃપા કરી અર્ધું દેવદુષ્ય ગરીબ બ્રાહ્મણને આપ્યું હતું.

**જગડુશાહનું દૃષ્ટાંત :–** જગડુશાહે દુષ્કાળના વખતમાં વિસલરાજાને આઠ હજાર મુંડા, હમીર રાજાને બાર હજાર મુંડા અને દિલ્લીના સુલ્તાનને એકવીશ હજાર મુંડા ધાન્ય આપ્યું હતું. પોતે તે સમયે એકસો બાર દાનશાળાઓ સ્થાપી હતી. તથા પોતે પણ પરદો રાખીને લોકોને દાન આપતા હતા. એક દિવસ વિસલરાજાએ પોતાના ભાગ્યની પરીક્ષા કરવા સારું પરદા નીચેથી હાથ લંબાવ્યો. તે હાથ જોઈ કોઈ ઉત્તમ પુરુષનો આ હાથ છે એમ ધારી જગડુશાહે પોતાની મણિજડિત વીંટી આપી. બીજો હાથ ધર્યો તો તેમાં પણ બીજી એવી જ વીંટી મૂકી દીધી. રાજાએ જગડુશાને રાજમહેલમાં બોલાવી તેમને પ્રણામ કરવાનું નિષેધ કરી હાથી પર બેસાડી માનભેર ઘેર મોકલ્યા. આ ઉપરોક્ત દાન તે અનુકંપાદાન જાણવું.

ચોથું ઉચિતદાન. તેમાં કોઈ દેવગુરુના આગમનની કે નવા કરેલા જિનમંદિરની કે જિનબિંબની વધામણી આપે તેને જે દાન આપવામાં આવે છે, તે ઉચિતદાન તેમજ પાંચમું કીર્તિદાન.

**કુમારપાળનું દૃષ્ટાંત :–** એકવાર કુમારપાળ રાજાએ દિગ્વિજય મેળવવા ચઢાઈ કરી. બોતેર સામંત રાજાઓએ મશ્કરી કરી કે આ વાણિયા જેવો કુમારપાળ લડાઈમાં શું કરશે? તેમનો અભિપ્રાય જાણી કુમારપાળે સોળમણ સોપારીની ગુણી માર્ગમાં પડી હતી તેને ભાલાના અગ્રભાગ વડે ઊંચી કરી ઉછાળી દીધી. તેમનું આ પરાક્રમ જોઈ ચતુર એવા આમભટ્ટે કાવ્યમાં રાજાની ખૂબ પ્રશંસા કરી. તે સાંભળી રાજાએ જેટલા તે કાવ્યમાં અક્ષર હતા તેટલા ઘોડા તેને દાનમાં આપી દીધા. તેને કીર્તિદાન માનવું.

સુપાત્રદાન અને અભયદાનથી જીવ મુક્તિને પામે છે. જ્યારે અનુકંપાદાનથી જીવ ભૌતિક સુખ પામે, ઉચિતદાનથી પ્રશંસા પામે અને કીર્તિદાનથી સર્વત્ર મોટાઈ પામે છે. -ઉ.પ્રા.ભા. ભાગ-૪ (પૃ.૩૬ના આધારે)

ધનપ્રાપ્તિ થયે સજ્જનોએ સારા માર્ગે તેનો ઉપયોગ કરતા રહેવું એવો જ્ઞાનીપુરુષોનો ઉપદેશ છે. ।।૬૮।।

**કંજૂસ-મંજૂષે રે કે વન-ભૂમિ ય વિષે,**
**નિરંતર ઊંઘે રે ખરે! સિદ્ધ જેવી દીસે. જ્ઞાની૰ ૬૯**

**અર્થ :–** લક્ષ્મી જો કંજૂસની મંજૂષ એટલે પેટીમાં આવી ગઈ તો તેને તે તિજોરીમાં મૂકી દેશે. અથવા વનની ભૂમિમાં દાટી દેશે. ત્યાં તે સર્વકાળ પડી પછી ઊંઘ્યા કરશે. ખરેખર જેમ સિદ્ધ ભગવંત સ્થિર થઈને બિરાજમાન છે તેમ લક્ષ્મી પણ સ્થિર થયેલી તેવી જ જણાશે.

**નંદરાજાનું દૃષ્ટાંત :–** ‘‘દાનરૂપી અલંકાર વિનાની લક્ષ્મી પથ્થર અને મલરૂપ જ છે. જુઓ, નંદરાજાએ કૃપણતાદોષથી પાત્રદાન કર્યા વિના માત્ર પ્રજાને અત્યંત પીડા કરીને સુવર્ણની નવ ડુંગરીઓ કરી, તે દુર્ભાગ્યયોગે કાળે કરીને પત્થરમય થઈ ગઈ. હજુ સુધી તે ડુંગરીઓ પાટલીપુર નગર પાસે ગંગાનદીને કાંઠે પીળા પત્થરમય દેખાય છે. રાજગૃહી નગરીમાં મમ્મણશ્રેષ્ઠીએ મણિજડિત બે બળદ કર્યા હતા. તેમાં એક બળદનું શીંગડું અધૂરું હતું. તે પૂરું કરવાં માટે તે અનેક પ્રકારનાં કષ્ટ સહન કરતો હતો; પરંતુ પાત્રદાન નહીં કરવાથી તે બળદ પૃથ્વીમાં ને પૃથ્વીમાં જ વિનાશ પામી ગયા. તેથી મળેલા ધનનું સુપાત્રમાં દાન કરવું જોઈએ.’’ -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪ (પૃ.૪૪)

**આત્મજ્ઞાની મુનિને રે ઉત્તમ પાત્ર ગણો,**
**આત્મજ્ઞાની અણુવ્રતી રે મધ્યમ પાત્ર ભણ્યો. જ્ઞાની૰ ૭૦**

**અર્થ :–** જેને આત્મજ્ઞાન છે તે જ સાચા મુનિ છે.

**‘‘આતમજ્ઞાની શ્રમણ કહાવે બીજા તો દ્રવ્ય લીંગી રે..’’** -શ્રી આનંદઘનજી

એવા આત્મજ્ઞાની મુનિ મહાત્માઓ દાન આપવા માટે સૌથી શ્રેષ્ઠ ઉત્તમ પાત્ર ગણવા યોગ્ય છે. તથા આત્મજ્ઞાન સહિત અણુવ્રતને ધારણ કરનારા ઉત્તમ શ્રાવકો દાન આપવા માટે મધ્યમ પાત્ર તરીકે શાસ્ત્રોમાં ગણાવ્યા છે. ।।૭૦।।

**સુદૃષ્ટિ અવિરતિ રે સુપાત્ર કનિષ્ઠ કહે,**
**વ્રતવંત કુદૃષ્ટિ રે કુપાત્ર, સુશાસ્ત્ર લહે. જ્ઞાની૰ ૭૧**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિ એટલે જેમને આત્મજ્ઞાન છે પણ અવિરત અર્થાત્ જેમને હજુ શ્રાવકના વ્રત અંગીકાર કર્યા નથી તેમને પણ દાન અર્થે જઘન્ય સુપાત્ર જીવો ગણેલ છે. પણ જે વ્રતધારી હોવા છતાં કુદૃષ્ટિ અર્થાત્ જેને સાચા દેવગુરુ ધર્મમાં યથાર્થ શ્રદ્ધાન નથી તેને સત્‌શાસ્ત્રોમાં દાન અર્થે કુપાત્ર જીવો ગણવામાં આવેલ છે. ।।૭૧।।

**વ્રતહીન કુદૃષ્ટિ રે અપાત્ર સદાય ગણો,**
**તે તે પાત્રના દાને રે મળે ફળ જેવા ગુણો. જ્ઞાની૰ ૭૨**

**અર્થ :–** જેને વ્રત નિયમ પણ નથી અને કુદૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિ છે તે દાન માટે સદા અપાત્ર જીવો છે એમ માનો. જેવા જેવા પાત્રના ગુણો, તેવું-તેવું તેને દાન આપવાનું ફળ મળે છે.

**‘‘સમ્યગ્‌દર્શન સહિત મુનિપણું પાળનાર ઉત્તમ પાત્ર, સમ્યક્‌દર્શન સહિત શ્રાવકવ્રત પાળનાર**

**મધ્યમ પાત્ર અને વ્રત વિનાના સમ્યક્દર્શનવાળા જીવોને જઘન્ય પાત્ર ગણાવ્યા હતા. તેમને ભક્તિપૂર્વક દાન દેનાર મિથ્યાદૃષ્ટિ પણ ભોગભૂમિને યોગ્ય પુણ્ય પ્રાપ્ત કરે છે. સમ્યક્દૃષ્ટિ કે સમ્યક્દૃષ્ટિ વ્રતવંત શ્રાવક દાતાર મુનિપણું પામે તો મોક્ષે જાય, નહીં તો દેવગતિ પામે. વ્રતનિયમ પાળનાર પણ મિથ્યાદૃષ્ટિ જીવને ભક્તિપૂર્વક દાન દેનાર કુભોગભૂમિ કે કુમનુષ્ય યોગ્ય પુણ્ય બાંધે; અને વ્રત પણ ન હોય અને સમ્યક્દર્શન પણ ન હોય તેને દાન ભક્તિસહિત દેનારનું દાન વ્યર્થ જાય છે, રાખમાં ઘી રેડ્યા સમાન છે એમ આવ્યું હતું.''** -બોધામૃત ભાગ-૩ (પૃ.૫૨૯)

**ઉત્તમ મુનિ-દાને રે મળે ફળ ઉત્તમ જે,**
**કુપાત્રને દાને રે બૂરું ફળ રે! નીપજે. જ્ઞાની૦ ૭૩**

**અર્થ :—** ઉત્તમ આત્મજ્ઞાની મુનિને દાન આપવાનું ફળ ઉત્તમ મળે છે. પણ કુપાત્ર જીવો કે જેને વ્રત પણ નથી અને સમ્યક્દર્શન પણ નથી તેના મિથ્યાત્વને દાન વડે પોષણ આપવાથી તેનું બુરું ફળ આવે છે. દાન આપનારને પણ તે સંસારમાં રઝળાવે છે.

**કઠિયારાનું દૃષ્ટાંત :—** કોઈ મહાત્મા તપની મુદત પૂરી થયા પછી પારણા માટે વસ્તીમાં આવેલા. તે વખતે એક કઠિયારે બોલાવી તેમને બે રોટલા પોતાના ભાણામાંથી આપ્યા. તે ઊભા ઊભા જમીને ચાલ્યા ગયા. તેની સ્ત્રી જે રોટલા બનાવતી હતી, તેને થયું એ ક્યાંથી આવ્યો કે મારે બે રોટલા વધારે ટીપવા પડશે. તેના ફળમાં કઠિયારો મરીને દેવનો ભવ લઈ પછી રાજા થયો અને કઠિયારાની સ્ત્રી મરીને ઢોર પશુના અનેક જન્મો કરી ચંડાળને ત્યાં જન્મી. એમ કરેલા ભાવોનું ફળ તે તે પ્રમાણે મળે છે. -ઉપદેશામૃત (પૃ.૩૧૫ના આધારે) ।।૭૩।।

**દાન દેતાં અપાત્રને રે સવિધિ છતાં ન ફળે,**
**ઘી જો રાખમાં રેડ્યું રે કહો ક્યાંથી પુષ્ટિ મળે? જ્ઞાની૦ ૭૪**

**અર્થ :—** અન્યદર્શની અપાત્ર જીવોને વિધિપૂર્વક એટલે ભાવભક્તિસહિત દાન દેવા છતાં પણ તે વ્યર્થ જાય છે. જેમકે ઘી રાખમાં રેડ્યું હોય તો તે શરીરને ક્યાંથી પુષ્ટિ આપે; તે તો વ્યર્થ જ જાય છે.

**ચંદનબાળાનું દૃષ્ટાંત :—** ''યોગ્ય સમયે સુપાત્રને થોડું પણ દાન આપ્યું હોય તો તે મોટું ફળ આપે છે. જેમ ચંદનબાળાએ વીર ભગવાનને અડદના બાકળા આપ્યા, તે તેના પાપનો નાશ કરનાર થયા.'' શ્રી વીર ભગવાને કરેલો અભિગ્રહ છ માસે પૂરો થયો તે વખતે દેવોએ સાડા બાર કરોડ સુવર્ણની વૃષ્ટિ કરી. તેનાથી ધનાવહ શ્રેષ્ઠીનું ઘર ભરાઈ ગયું. તે જોઈને પાડોશમાં રહેનારી એક ડોશીએ વિચાર્યું કે -''માત્ર અડદના બાકળા આપવાથી દુર્બલ તપસ્વી જો આટલી બધી સમૃદ્ધિ આપે છે, તો હું કોઈ પુષ્ટ અંગવાળા મુનિને ઘી તથા સાકર સહિત પરમાન્નવડે સંતોષ પમાડીને અપાર લક્ષ્મી ગ્રહણ કરું.'' પછી તે કોઈ હૃષ્ટપુષ્ટ શરીરવાળા મુનિવેશ ધારીને બોલાવી ક્ષીરનું દાન દેતી સતી વારંવાર આકાશ સામું જોવા લાગી; તે જોઈને પેલા વેશધારી સાધુએ તે ડોશીનો અભિપ્રાય જાણી તેને કહ્યું કે - ''હે મુગ્ધા! મારા તપ વડે અને તારા ભાવવડે તેમજ આધાકર્મિક (ઉદ્દેશિક) આહારના દાનવડે તારા ઘરમાં આકાશથી પથ્થરની વૃષ્ટિ થશે, રત્નની નહીં. કેમકે દાન આપનારની કે લેનારની તેવી શુદ્ધિ નથી.'' ઇત્યાદિક કહીને તે ડોશીને પ્રતિબોધ પમાડ્યો. -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪ (પૃ.૨૯) ।।૭૪।।

**પાત્ર આધારે પાણી રે અનેક આકાર કરે,**
**તેમ પાત્ર પ્રમાણે રે જીવ ઉલ્લાસ ધરે. જ્ઞાની૦ ૭૫**

**અર્થ :—** જેવું પાત્ર એટલે વાસણ હોય તે પ્રમાણે તેમાં પાણી આકારને ધારણ કરે છે. તેમ જેવા પાત્ર જીવોને દાન આપવામાં આવ્યું હોય તે પ્રમાણે જીવને તે ઉલ્લાસનું કારણ થાય છે.

''દાન શત્રુને આપ્યું હોય તો વૈરનો નાશ કરે છે, સેવકને આપવાથી તે વિશેષ ભક્તિમાન થાય છે, રાજાને આપવાથી ઉત્કૃષ્ટ સન્માન પામી શકાય છે, અને ભાટ, કવિ કે ચારણ વિગેરેને આપવાથી સર્વત્ર યશ ફેલાય છે. દાન કોઈપણ સ્થાને નિષ્ફળ થતું નથી. તેમાં પણ સુપાત્રને દાન આપવાથી તે વિશેષ કલ્યાણકારી થાય છે.'' -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪ (પૃ.૩૨) ।।૭૫।।

**ઉલ્લાસ અનુસારે રે દાનની વેલ ફળે,**
**ખરો અવસર આવ્યો રે! ખરો વીર કેમ ખળે? જ્ઞાની૦ ૭૬**

**અર્થ :—** દાન આપી જેવો ઉલ્લાસભાવ જીવ રાખે તે પ્રમાણે દાનની વેલ ફળે છે. વર્તમાનમાં દાન આપવાનો અવસર આવ્યો છે તો ખરો દાનવીર તે તકનો લાભ લેવા શા માટે ખળી રહે; ન જ ખળી રહે, દાન આપી કૃતાર્થ થાય.

**ધન્નાનું દૃષ્ટાંત :—** એકદા ચાર જ્ઞાનને ધારણ કરનારા ધર્મઘોષ નામના સૂરિ પધાર્યા. ધન્નો પોતાના ભાઈઓ સહિત સૂરિને વાંદવા ગયો. સૂરિને વાંદી દેશના સાંભળીને ધન્નાએ નમ્રતાપૂર્વક પૂછ્યું કે - ''હે ભગવાન! મારા ત્રણે ભાઈઓ કયા કર્મથી નિર્ધન રહ્યા? તે સાંભળી ગુરુએ તેમનો પૂર્વભવ આ પ્રમાણે કહ્યો કે :— ''કોઈ એક ગામમાં ત્રણ ભાઈઓ કાષ્ટના ભારા વેચીને આજીવિકા ચલાવતા હતા. એક દિવસ લાકડાં લેવા માટે તેઓ સાથે ખાવાનું ભાતું લઈને વનમાં ગયા. મધ્યાહ્નકાલે ખાવા બેઠા, તે વખતે કોઈ સાધુ માસક્ષમણને પારણે ત્યાં આવ્યા. તેમને જોઈને દાન આપવાની ઇચ્છા થવાથી તેમણે પોતાના ભાતામાંથી દાન દીધું. મુનિ ગયા પછી તેઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે ''આપણે ભૂલ કરી, આ સાધુ ફોગટનું લઈને જતો રહ્યો અને આપણે ભૂખ્યા રહ્યા. એ સાધુ કાંઈ ઉત્તમ કુલનો નહોતો; પણ એમાં તેનો દોષ નથી, આપણે જ મૂર્ખ કે ફોગટ ભૂખે મર્યા.'' આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતા કરતા પોતાને ઘેર ગયા. અનુક્રમે આયુષ્યના ક્ષયે મરણ પામીને અલ્પરિદ્ધિવાન વ્યંતરપણું પામી ત્યાંથી ચ્યવીને અહીં ઉત્પન્ન થયા છે. પૂર્વે મુનિરાજને દાન આપીને પશ્ચાત્તાપ કરવાથી આ ભવમાં વારંવાર નિર્ધનપણું પામ્યા છે. કહ્યું છે કે - ''દાન દઈને સુજ્ઞ પુરુષોએ પશ્ચાત્તાપ કરવો નહીં. પરંતુ ભાવરૂપી જળ વડે પુણ્યરૂપી વૃક્ષનું સિંચન કરવું.'' -ઉ.પ્રા.ભા. ભા.-૪ (પૃ.૩૮)

**દાન ચાર પ્રકારે રે, [1]અભય, [2]ભોજન, [3]ઔષધી,**
**દાન [4]શાસ્ત્રનું ચોથું રે, ચૂકે ન શ્રીમંત સુ-ધી. જ્ઞાની૦ ૭૭**

**અર્થ :—** દાનના ચાર પ્રકાર છે (૧) અભયદાન (૨) આહારદાન (૩) ઔષધદાન અને (૪) શાસ્ત્રદાન અથવા જ્ઞાનદાન. જે સમ્યક્બુદ્ધિવાળો શ્રીમંત હોય તે તો આ દાનોનો લાભ લેવાનો અવસર કદી ચૂકે નહીં. ''જે દયાળુ મનુષ્ય સર્વ પ્રાણીઓને અભયદાન આપે છે તે મનુષ્ય દેહથી મુક્ત થાય અર્થાત્ મૃત્યુ પામે ત્યારે પણ તેને કોઈથી ભય રહેતો નથી.'' -ઉ.પ્રા. ભા. ભા.-૪ (પૃ.૩૩)

**ખેંગારરાજાનું દૃષ્ટાંત :—** ''એકદા જૂનાગઢનો ખેંગાર નામનો રાજા શિકાર કરવા ગયો હતો. ત્યાં ઘણા સસલાઓનો વધ કરી તેને ઘોડાના પૂંછડા સાથે બાંધીને પાછો આવતા તે માર્ગથી તેમજ પરિવારથી ભ્રષ્ટ થયો. અર્થાત્ એકલો ભૂલો પડ્યો. તેવામાં એક બાવળના વૃક્ષની શાખા ઉપર ચઢીને

બેઠેલા ઢુંઢલ નામના ચારણને જોઈને તેને પૂછ્યું કે - ''અરે ! તું માર્ગ જાણે છે ? ત્યારે તે દયાળુ ચારણે કહ્યું કે - ''જીવનો વધ કરનાર નરકે જાય છે અને દયા પાળનારા સ્વર્ગે જાય છે; હું તો એ બે માર્ગ જાણું છું. તને જે ગમે તે માર્ગે જા.

આ પ્રમાણે વેધ કરે તેવી દૂધ જેવી તેની વાણી સાંભળીને તે રાજાને તત્કાળ વિવેક ઉત્પન્ન થયો; તેથી તેણે ત્યાં જ જીવનપર્યંત પ્રાણીવધ ન કરવાનો નિયમ ગ્રહણ કર્યો, અને તે ચારણને અશ્વો તથા ગામ વિગેરે આપીને ગુરુની જેમ તેનો સત્કાર કર્યો.'' ।।૭૭।। -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪ (પૃ.૩૮)

**ભૂમિ-ગાય-સુવર્ણનું રે કહે દાન કન્યાતણું,**
**નહિ ત્યાગીને કામનું રે, થાય અહિત ઘણું. જ્ઞાની૦ ૭૮**

**અર્થ :—** ભૂમિદાન, ગાયનું દાન, સુવર્ણનું દાન કે કન્યાદાન એ ત્યાગી પુરુષને કામનું નથી. એથી તેનું ઘણું અહિત થાય છે.

**શુભચંદ્રાચાર્યનું દૃષ્ટાંત :—** શ્રી શુભચંદ્રાચાર્ય અને રાજા ભર્તુહરિ બેય ભાઈ હતા. શુભચંદ્રાચાર્ય દિગંબર બની પહાડ ઉપર તપશ્ચર્યા કરતા હતા. જ્યારે કોઈ નિમિત્ત બન્યે ભર્તુહરિએ તાપસ દીક્ષા અંગીકાર કરી બાર વર્ષ પુરુષાર્થ કરીને સુવર્ણસિદ્ધિ મેળવી. તેથી સુવર્ણરસ બનાવી પોતાના ભાઈને તે આપવા માટે ગયા. ભાઈ શુભચંદ્રાચાર્યે તે સુવર્ણ પાત્ર ઢોળી નાખ્યું અને કહ્યું કે શું રાજ્યમાં સોનુ ઓછું હતું. આના માટે તમે ત્યાગ કર્યો. એમ કહી પોતાની સિદ્ધિ બળે ધૂળની ચપટી પત્થર ઉપર નાખી તેથી આખો પત્થર સોનાનો બની ગયો. એમ પ્રતિબોધ પમાડી તેમનું પણ કલ્યાણ કર્યું. માટે સાધુપુરુષોને આવું દાન કામનું નથી. તેથી તેમનું ઘણું અહિત થાય છે. ।।૭૮।।

**જિનમંદિર કાજે રે ભૂમિ આદિ દાન કરો,**
**જીર્ણોદ્ધાર સાધી રે ગ્રંથભંડાર ભરો. જ્ઞાની૦ ૭૯**

**અર્થ :—** જિનમંદિર બનાવવા માટે ભૂમિ, ધન કે પ્રતિમાજી આદિનું દાન કરો. અથવા મંદિરો વગેરેના જીર્ણોદ્ધાર કરો અથવા ઉત્તમ ગ્રંથોનો સંગ્રહ કરી ગ્રંથભંડાર ભરો.

જ્ઞાની પુરુષો દ્વારા રચિત શાસ્ત્રો જ સંગ્રહ કરવા લાયક કે વાંચવા લાયક છે.

**'આધુનિક મુનિઓના સૂત્રાર્થ પણ શ્રવણને અનુકૂળ નથી.'** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૭૯।।

**સદ્ધર્મની વૃદ્ધિ રે પ્રગટ તે દાન કરે,**
**ઘણા કાળ સુધી દે રે સુદાતાને લાભ ખરે ! જ્ઞાની૦ ૮૦**

**અર્થ :—** જિનમંદિર, વીતરાગ પ્રતિમા કે જ્ઞાનીપુરુષો દ્વારા રચિત ગ્રંથો, તેથી સદ્ધર્મની વૃદ્ધિ થાય છે. માટે એવા સત્શાસ્ત્રોની છપાઈ વગેરેમાં કે રક્ષણ કરવામાં દાન આપવાથી તે સુદાતાને ઘણા કાળ સુધી ખરેખર લાભના આપનાર થાય છે. શ્રી કુમારપાળ રાજાએ એવો અભિગ્રહ કર્યો હતો કે મારા ગુરુ શ્રી હેમચંદ્રાચાર્ય દ્વારા રચિત સર્વ શાસ્ત્રોને તાડપત્રીમાં લખાવું કે જેથી લાંબા કાળ સુધી તે ટકી શકે. તેના માટે સાતસો લહિયાને લખવા બેસાડ્યા હતા. એવી જ્ઞાન પ્રત્યેની ભક્તિ કે ગુરુ પ્રત્યેની ભક્તિ જો પ્રગટ થાય અને મળેલું ધન કે જીવન દાનધર્મ વડે સાર્થક કરી લે તો જીવનું અવશ્ય કલ્યાણ થઈ જાય, એમાં કોઈ શંકાને સ્થાન નથી. ।।૮૦।।

ભગવાને દાનધર્મ ઉપદેશ્યો, પણ તે સફળ ક્યારે થાય? તો કે જીવનમાં નિયમિતપણું આવે તો. નિયમિતપણું એટલે મર્યાદાપૂર્વકનું વર્તન. જે જે ભૂમિકામાં જીવ હોય તે તે ભૂમિકાને અનુરૂપ મર્યાદાપૂર્વક સદાચારમાં પ્રવૃત્તિ કરે કે આત્મસ્વભાવમાં વર્તી જે જીવન વ્યતીત કરે તે નિયમિતપણું છે. એ વિષયના પ્રકારો નીચેના પાઠમાં જણાવવામાં આવે છે :—



(૩૨)

## નિયમિતપણું

(રાગ : ખમાજ-તાલ ધુમાલી, 'વૈષ્ણવ જન' જેવો)
(શ્રી શ્રેયાંસજિન અંતરજામી આતમરામી નામી રે—એ રાગ)

*



**આત્મહિતાર્થે નિયમિત વૃત્તિ શીખવી સદ્‌ગુરુ રાયે રે,**
**નિયમસાર સ્વરૂપ સદ્‌ગુરુના ચરણ ધરું ઉરમાંયે રે. આત્મ૦**

**અર્થ :—** આત્માના કલ્યાણ અર્થે નિયમિતવૃત્તિ એટલે મર્યાદાપૂર્વક વર્તન કરવાનું તે શ્રીમદ્ સદ્‌ગુરુ રાજચંદ્ર પ્રભુએ શીખવ્યું છે. માટે તે સદ્‌ગુરુ ભગવંતના ચરણકમળ જે નિયમસાર એટલે શુદ્ધઆત્મસ્વરૂપમય છે તેને સદા હું હૃદયમાં ધારણ કરું છું. ।।૧।।

**સહજ સ્વભાવે શુદ્ધ સ્વરૂપે સ્થિતિ, નિયમ કહાયે રે,**
**સમ્યક્ દર્શન-જ્ઞાન-ચરણમાં સતત સ્થિર રહાયે રે. આત્મ૦**

**અર્થ :—** આત્માનો સહજ સ્વભાવ તે શુદ્ધ સ્વરૂપ છે. તે શુદ્ધ સ્વરૂપમાં સ્થિતિ કરવી તેને શ્રી ભગવંતે નિયમ કહ્યો છે. પછી તેના અભ્યાસે સમ્યક્‌દર્શન જ્ઞાન ચારિત્રમાં સતત એટલે નિરંતર સ્થિર રહી શકાશે. ।।૨।।

**અનંત ચતુષ્ટય શુદ્ધ ચેતના નિશ્ચય કરવા યોગ્ય રે,**
**એ જ પ્રયોજન રૂપ કાર્ય તે નિયમ સ્વરૂપ મનોજ્ઞ રે. આત્મ૦**

**અર્થ :—** આત્માની શુદ્ધદશા તે અનંત જ્ઞાન દર્શન સુખ વીર્યથી યુક્ત છે. એવો નિશ્ચય કરવા યોગ્ય છે. તે શુદ્ધ દશાને પ્રાપ્ત કરવી એ જ જીવનું પ્રયોજનભૂત કાર્ય છે. અને એ શુદ્ધદશા જ નિયમસ્વરૂપ એટલે સ્વભાવસ્વરૂપ છે. અને મનોજ્ઞ એટલે મનને સદા આનંદ પમાડનાર છે. ।।૩।।

**સ્વ-સ્વરૂપની સમ્યક્ રુચિ, તેનું જ જ્ઞાન પ્રમાણ રે,**
**અવિચલ તલ્લીનતા તેમાં તે નિયમથી નિર્વાણ રે. આત્મ૦**

**અર્થ :—** પોતાના આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાની સાચી રુચિ જેને પ્રગટ થઈ તેનું જ જ્ઞાન પ્રમાણભૂત છે. તથા તે સહજ સ્વરૂપમાં અવિચલ એટલે અડોલ સ્થિરતા જે જીવ કરે તે નિયમથી નિર્વાણ એટલે મોક્ષને પામે છે. ।।૪।।

**સ્વરૂપ-સ્થિરતા રૂપ નિયમનો કર અભ્યાસ સદાય રે,**
**અનંત કાળ સુધીની સ્થિરતા તે જ મોક્ષ મનાય રે. આત્મ૦**

**અર્થ :—** માટે સ્વરૂપમાં સ્થિરતા કરવારૂપ નિયમનો અર્થાત્ સ્વભાવનો હે જીવ! તું સદા અભ્યાસ

કર. અને અનંતકાળ સુધી તે સહજ સ્વરૂપમાં સ્થિરતા કરવી તેનું જ નામ મોક્ષ છે એમ તું માન. ।।૫।।

**એક રીતે તો જગત-પ્રવર્તક નિયમ વિશ્વમાં દેખો રે,**
**તે વિના અંધાધૂધીનો ખ્યાલ કરીને પેખો રે. આત્મ૦**

**અર્થ :–** એક રીતે જોતાં આ જગતનો પ્રવર્તક નિયમ એટલે વસ્તુનો સ્વભાવ જ છે.

**''(૧) એક ભેદે નિયમ એ જ આ જગતનો પ્રવર્તક છે :-**

જગતનો પ્રવર્તક ઈશ્વર નથી એમ આગળ કહ્યું હતું તેમાં શંકા થાય, તે સર્વના ખુલાસારૂપ આ વાક્ય છે. એક ભેદે = એક અપેક્ષાએ દરેક પદાર્થમાં જે ધર્મો છે તે પ્રમાણે તે પ્રવર્તે છે. જેમ ગોળ ગળ્યો લાગે, લીમડો કડવો લાગે એમ જગતમાં નિયમ સર્વત્ર દેખાય છે. તેથી કોઈ જગતકર્તારૂપે ઈશ્વરની જરૂર નથી. નિયમને લઈને જગત પ્રવર્તે છે. ચાવી પ્રમાણે ઘડિયાળ ચાલે તેમ નિયમો પ્રમાણે જગત ચાલે છે. તેમ પુણ્ય પાપ કર્મ પણ તેના નિયમ પ્રમાણે ચાલે છે. **''આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ, ઇત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણ (નિયમ)ને લઈને રહ્યા છે.''** (૨૧-૧) અહીં મુખ્યપણે કર્મના નિયમો વિષે કહેવું છે. આખો કર્મગ્રંથ નિયમો જ બતાવે છે. અમુક ભાવ કરવાથી અમુક કર્મ બંધાય, તે ભોગવવાનાં અમુક સ્થાન હોય ઇત્યાદિ નિયમ છે. દરેક વસ્તુમાં જે ગુણો હોય તે નિયમથી પરિણમે છે. -મોક્ષમાળા વિવેચન (પૃ.૨૩૮)

**''પૃથ્વીના કણો જેની કાયા છે એવા જીવો એવાં કર્મ બાંધવાથી ત્યાં ઉત્પન્ન થાય છે, તે પૃથ્વીકાયરૂપ દેહ છોડી બીજે જન્મે છે ને વળી બીજા વનસ્પતિ આદિ જીવો જેમણે તેવાં જ કર્મ બાંધ્યાં હોય તે પાછા પૃથ્વીરૂપ શરીર ધારણ કરે છે. આમ અનંત જીવો પૃથ્વી, અગ્નિ, પાણી, વાયુ આદિ શરીરો ધારણ કરી રહ્યા છે, મરે છે, જન્મે છે છતાં પૃથ્વી તેની તે આપણને દેખાય છે. તેવી જ સ્થિતિ સૂર્ય, ચંદ્ર, તારા વગેરેની સમજવી.''** -બોધામૃત ભાગ-૩ (પૃ.૨૮૨)

એ નિયમ વિના સર્વત્ર અંધાધૂંધી ફેલાઈ જાય. તેનો વિચાર કરો તો સમજાય એવું છે. ।।૬।।

**દિનચર્યામાં સ્થૂલ રીતે જે નિયમિત આહાર-વિહારે રે,**
**સ્વાસ્થ્ય સાચવી ગાળી શકાશે કાળ વિશેષ વિચારે રે. આત્મ૦**

**અર્થ :–** પોતાની દિનચર્યામાં સ્થૂળ રીતે નિયમિત એટલે સમયસર આહાર વિહાર રાખવામાં આવે તો સ્વાસ્થ્ય સાચવી શકાશે, અને સ્વાસ્થ્ય ઠીક હશે તો તે સમય વિશેષ આત્મવિચારમાં ગાળી શકાશે. ।।૭।।

**કાર્ય નિયમથી થાય ત્વરાથી, ધારી સિદ્ધિ દેશે રે,**
**પરિશ્રમ પણ ઝાઝો ન જણાશે, આનંદ ઉર પ્રવેશે રે. આત્મ૦**

**અર્થ :–** કાર્ય નિયમપૂર્વક એટલે સમયસર કરવામાં આવે તો તે ત્વરાથી એટલે જલ્દી પૂર્ણ થાય છે, અને ધારેલી સિદ્ધિને આપે છે. તેમ કરવાથી કામ વેંચાઈ જશે અને મને ઝાઝો પરિશ્રમ કરવો પડ્યો એમ પણ જણાશે નહીં, તથા કાર્ય સમયસર પૂર્ણ થવાથી હૃદયમાં પણ આનંદનો અનુભવ થશે.

**''નિયમથી કરેલું કામ ત્વરાથી થાય છે, ધારેલી સિદ્ધિ આપે છે; આનંદના કારણરૂપ થઈ પડે છે.''** (વ.પૃ.૧૫૫) ।।૮।।

**નિયમિત-મુખ હાસ્યાદિ કાર્યે, નિયમિત નેત્ર-વિકારે રે,**
**શ્રવણ, સ્પર્શ, રસ, ગંધ ભણી પણ દોડ નહીં અવિચારે રે. આત્મ૦**

**અર્થ :–** મુખથી બોલવામાં કે હસવામાં કે હરવા ફરવા આદિ કાર્યોમાં સદા નિયમિત રહેવું. તથા 'વચન નયન યમ નાહી' એમ પરમકૃપાળુદેવે કહ્યું છે, તેથી નેત્ર વિકાર એટલે નેત્રવડે રૂપાદિ જોઈ રાગ વગેરે ઘટાડવામાં પ્રવર્તવું. તેમજ બીજી ઇન્દ્રિયોના વિષયો શ્રવણ, સ્પર્શ, રસ, ગંધ છે, તે ભણી પણ વિચારરહિતપણે દોડ કરવી નહીં. અર્થાત્ તેમાં પણ ન છૂટકે જ પ્રવર્તવું. સદા સંયમિત રહેવું અને ભગવાને બોધેલા નિયમપૂર્વક જ વર્તન કરવું એ જ આત્માને હિતકારી છે. ।।૯।।

**વચન મધુર, મિત શબ્દો સહ પણ, શાંત, સત્ય ઉચ્ચારો રે,**
**હિતકર, કોમળ, કષાય-ઘાતક, પ્રભુ-ગુણગ્રામે ધારો રે. આત્મ૦**

**અર્થ :–** હવે વિચારસહિત ઇન્દ્રિયોને નિયમપૂર્વક શુભમાર્ગે પ્રવર્તાવવાની ભલામણ કરે છે :–

વચન મીઠા, મિત એટલે માપસર શબ્દોમાં, શાંત, સત્ય, હિતકાર, કોમળ અને કષાયના ઘાતક એવા ઉચ્ચારો તથા વચનયોગને પ્રભુના ગુણગ્રામ કરવામાં રોકી રાખો જેથી તે અશુભમાં પ્રવર્તે નહીં અને મન શાંત રહે. ''વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.'' (વ.પૃ.૫) ।।૧૦।।

**નિયમિત વર્તન સદાચાર છે, દુરાચાર દુખદાયી રે,**
**સુવિચારક નરનારી, સમજો સત્શીલ અતિ સુખદાયી રે. આત્મ૦**

**અર્થ :–** નિયમિત વર્તન એટલે મર્યાદાપૂર્વક વર્તવું એ જ સદાચાર છે. દુરાચારે પ્રવર્તવું એ દુઃખદાયી છે. **''સત્શીલવાન સુખી છે. દુરાચારી દુઃખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી તે વાત વિચારી જુઓ.''** (વ.પૃ.૭) **''દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય, પરતંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે.''** (વ.પૃ.૫)

માટે સમ્યક્ રીતે વિચાર કરનાર નરનારીઓએ આ વાતને દૃઢપણે સમજી લેવી કે સદાચાર એ જ આ ભવ કે પરભવ બન્નેમાં સુખ આપનાર છે. ।।૧૧।।

**રમો સદા નિર્દોષ સુખે સૌ, દોષ તજી આનંદો રે,**
**શરીર રૂપી કાદવમાં સુખ શું? દેહદૃષ્ટિ નર ગંદો રે. આત્મ૦**

**અર્થ :–** હે ભવ્યો! સદા આત્માના નિર્દોષ સુખમાં રમણતા કરો. જે વડે આત્મા દોષિત થાય એવા આનંદમાં લક્ષ રાખો નહીં.

**'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે;**
**એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નિકળે.'** -શ્રીમદ્ રાજચંદ્ર

દુર્ગંધમય સપ્ત ધાતુઓથી બનેલ શરીરરૂપી કાદવની કુંડીમાં રમવું તે શું સુખ છે. એવા મલિન દેહમાં પ્રીતિ ધરનાર મનુષ્ય ગંદી દૃષ્ટિવાળો છે. એ દૃષ્ટિ જીવને કર્મ બંધાવનાર છે અને નવા દેહ ધારણ કરવાનું તે કારણ છે.

**'ખાણ મૂત્રને મળની, રોગ જરાને નિવાસનું ધામ;**
**કાયા એવી ગણીને, માન તજીને કર સાર્થક આમ.'** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૧૨।।

**ગંદા હાથે જ્યાં જ્યાં અડશો, થશે અશુભ પ્રચારો રે,**
**તેથી ચોખ્ખો હાથ થતાં સુધી કર નિયમિત સંચારો રે. આત્મ૦**

**અર્થ :–** ગંદા હાથે આપણે જ્યાં જ્યાં અડીશું, તે તે વસ્તુઓ પણ ગંદી થઈ જશે. તેમ ગંદા ભાવે દેહ આદિમાં પ્રીતિ કરીશું તો મોહ વધશે અને આત્મા મલિન થઈ નવા કર્મબંધ કરશે. માટે ચોખ્ખા હાથ થતાં સુધી જેમ શુદ્ધ પાણીનો ઉપયોગ કરીએ છીએ તેમ આત્માના શુદ્ધભાવ પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી નિયમિત વર્તન કરવું અર્થાત્ ભગવાનની આજ્ઞા પ્રમાણે મર્યાદાપૂર્વક વર્તવું એ જ જીવને કલ્યાણકારક છે. ।।૧૩।।

**સદ્ગુરુ-બોધ વિચારી વિરાગે, ઉપશમ રસમાં ઝીલો રે,**
**તજી અનાદિ ગંદા ભાવો, આત્મદૃષ્ટિ-રસ પી લો રે. આત્મ૰**

**અર્થ :–** સદ્ગુરુનો બોધ વિચારી, વૈરાગ્યભાવ લાવી કષાય શમાવી ઉપશમ રસમાં ઝીલો. તથા અનાદિકાળના વિષયકષાયથી લિપ્ત અશુભરાગરૂપ ગંદા ભાવોને દૂર કરી, સર્વમાં આત્મા જોવાની દ્રવ્ય દૃષ્ટિ કેળવી, આત્મશાંતિરૂપ અમૃત રસને પીઓ. ।।૧૪।।

**રાજમાર્ગ સમ નિયમિત માનો મોક્ષમાર્ગ સંસ્કારી રે,**
**કરી સત્સંગ સમજ સુધારી બનો મોક્ષ-અધિકારી રે. આત્મ૰**

**અર્થ :–** રાજમાર્ગ એટલે ધોરીમાર્ગ સમાન મોક્ષમાર્ગ પણ નિશ્ચિતપણે સંસ્કારી જીવોને મોક્ષે પહોંચાડે છે. તે સંસ્કાર મેળવવા માટે સત્સંગ કરીને પોતાની સમજને સવળી કરી તમે પણ મોક્ષ પામવાના અધિકારી થાઓ. ।।૧૫।।

**જીંવ અજ્ઞાન-પરિણામી જો નિયમિતપણું આરાધે રે,**
**પણ આરાધન ઊંધું તેથી કંઈ કલ્યાણ ન સાધે રે. આત્મ૰**

**અર્થ :–** અનાદિથી અજ્ઞાન ભાવોમાં જ પરિણમેલો જીવ ભલેને તે જપ તપ ભક્તિ આદિ નિયમિત એટલે મર્યાદાપૂર્વક કરે, પણ તે જો કુગુરુ આશ્રયે અથવા સ્વચ્છંદે જ કરતો હોય તો તેનું આરાધન ઊંધુ હોવાથી આત્માના કલ્યાણને તે કંઈ પણ સાધી શકશે નહીં. ।।૧૬।।

**તેમ મોહમય લૌકિક માર્ગે સાધુ-જીંવન વિતાવે રે,**
**વ્રત, તપ પુષ્પો મોહવૃક્ષનાં ભવરૂપ ફળ પ્રગટાવે રે. આત્મ૰**

**અર્થ :–** તેમ આ લોક કે પરલોકના સુખની ઇચ્છારૂપ મોહમય લૌકિક માર્ગમાં પડી રહી ભલે ને સાધુ જીવન વ્યતીત કરે, પણ તેના વ્રત, તપ મોહરૂપી વૃક્ષના જ પુષ્પો હોવાથી તે સંસારરૂપ ફળને જ આપનાર થાય છે. ।।૧૭।।

**અસંસારગત વાણી સુણીને અસ્વચ્છંદ પરિણામે રે,**
**તે આધારે જીવ જીંવે તે પવન ભવ-ઘન સામે રે. આત્મ૰**

**અર્થ :–** પણ સત્પુરુષની અસંસારગત એટલે સંસારભાવને નાશ કરનારી એવી વાણીને સાંભળી, પોતાનો સ્વચ્છંદ મૂકી, તેમની આજ્ઞાના આધારે જીવ જીવન જીવે તો તે ભવઘન એટલે સંસારરૂપી વાદળાને ઉડાડવા માટે પવન જેવો સિદ્ધ થાય અર્થાત્ તેના સંસારનો આકાર નિરાકારતાને પામે છે.

**"અસંસારગત વાણીનો અસ્વચ્છંદપરિણામે જ્યારે આધાર પ્રાપ્ત થાય છે, ત્યારે તે સંસારનો આકાર નિરાકારતાને પ્રાપ્ત થતો જાય છે."** (વ.પૃ.૩૬૩) ।।૧૮।।

**સમ્યગ્દર્શન તે ધ્રુવતારો, દિશા સત્ય બતાવે રે,**
**વ્રત, નિયમ સૌ તેથી સવળાં, વર્તાવે સમભાવે રે. આત્મ૰**

**અર્થ :—** સમ્યગ્દર્શન તે ધ્રુવતારા સમાન છે. ધ્રુવતારો હમેશાં ઉત્તરદિશામાં રહે છે. તેને લઈને બીજી બધી દિશાઓનું પણ સત્યભાન થાય છે. તેમ સમ્યગ્દર્શન સાથે જે વ્રત, નિયમ કરવામાં આવે તે બધા સવળા છે. તે જીવને વીતરાગતા પ્રગટાવી સમભાવે વર્તન કરાવે છે. ।।૧૯।।

**સમ્યક્ તપ નિયમિતપણું, જો, તેથી કર્મ કપાશે રે,**
**સહનશીલતા ને સમભાવે, મોક્ષપુર જીંવ જાશે રે. આત્મ૰**

**અર્થ :—** સમ્યગ્દર્શનસહિત નિયમિતપણે એટલે ક્રમપૂર્વક જીવ જો ઇચ્છાઓને ઘટાડવારૂપ તપને કરતો જ રહેશે તો તેથી બળવાન નિર્જરા થઈ સર્વ કર્મ કપાઈ જશે તથા જીવનમાં સહનશીલતા અને સમભાવને પામી તે જીવ મોક્ષરૂપી નગરમાં પહોંચી જશે. ।।૨૦।।

**મુમુક્ષુ કોઈ નામ-ધારી તે પૂછે પ્રશ્ન વિચારી રે,**
**ઘણા બંધથી બંધાયો છું નિયમ-બંધ અકારી રે. આત્મ૰**

**અર્થ :—** કોઈ નામધારી મુમુક્ષુ વિચારીને પ્રશ્ન પૂછે છે કે પૂર્વના અનાદિકાળના ઘણા કર્મથી હું બંધાયેલો જ છું, તો પછી કર્મોના નિયમથી એટલે કર્મોના સિદ્ધાંતથી નવો થતો બંધ તે તો અકારી એટલે કોઈ કાર્યકારી નથી અર્થાત્ ફોકટ છે. કેમકે હું તો અનાદિકાળથી કર્મો વડે બંધાયેલો જ છું, તેમાં વળી નવીન બંધ થવાથી શું ફરક પડશે. ।।૨૧।।

**આ કળિકાળે બહુ જન એવા, મનમાન્યું કરનારા રે,**
**આત્મહિતની સમજ વિનાના, સ્વતંત્ર મત ધરનારા રે. આત્મ૰**

**અર્થ :—** ઉપરોક્ત પ્રમાણે માત્ર વાતો કરી આ કળિકાળે ઘણા લોકો પોતાનું મનમાન્યું કરનારા છે. તેમને પોતાના આત્માનું હિત શામાં છે તેની સમજ નથી. તેથી તેઓ સ્વતંત્ર મત એટલે પોતાની સ્વચ્છંદી માન્યતાઓને ધરનારા છે.

**''સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.''** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨૨।।

**પ્રથમ પદથી પૂર્ણ દશાના ભેદ ઉરે જો ધારો રે,**
**તો સંશય-શલ્યો નહિ સાલે; રોગ પ્રતિ ઉપચારો રે- આત્મ૰**

**અર્થ :—** પ્રથમ પદ આત્મા છે. એ પદથી લગાવીને પૂર્ણદશારૂપ મોક્ષપદ છે તથા તે પદ પામવાને માટે છઠ્ઠું પદ તે મોક્ષનો ઉપાય છે. આ સર્વ નિયમોનું રહસ્ય ગુરુગમે જો હૃદયમાં ધારી લઈએ તો શંકાઓ રૂપી કાંટાઓ દુઃખ આપશે નહીં. કેમકે અનેક પ્રકારની ભ્રાંતિરૂપી રોગોનો પ્રતિકાર કરવા માટે આ સાચા ઉપચારો છે. ।।૨૩।।

**નીરોગીને દવા નકામી, રોગી-મન અણગમતી રે,**
**દવા પીધાના દુખથી મહાદુખ જશે, ગણી પીવી પડતી રે. આત્મ૰**

**અર્થ :—** સંપૂર્ણ નિરોગી એવા કેવળજ્ઞાનીઓને તો આત્મધ્યાનરૂપ ઔષધની જરૂર નથી, કેમકે તે કૃતકૃત્યદશા છે. તથા આત્મભ્રાંતિરૂપ રોગવાળા સંસારી જીવને જિનવાણીરૂપ દવાની જરૂર હોવા છતાં તેને તે અણગમતી લાગે છે. તેને નિયમમાં રહેવું ગમતું નથી. પણ દુઃખરૂપ એવી કડવી દવા પીવાથી જ

આત્મભ્રાંતિરૂપ મહારોગો જશે એમ માનીને તેને તે પીવી પડે છે. ।।૨૪।।

**મનમાન્યું કરતાં તો ભટક્યો કાળ અનંત, વિચારો રે;**
**પરાધીનતામાં પ્રેરે મન - એ અંતરમાં ધારો રે. આત્મ૰**

**અર્થ :—** પોતાની મતિકલ્પનાએ વર્તતાં, અનાદિકાળથી જીવ આ સંસારમાં ભટક્યો છે, તેનો વિચાર કરો. અને આ મન છે તે પરપદાર્થમાં સુખબુદ્ધિ કરાવી મને પરાધીનતામાં પ્રેરે છે, એ વાતને અંતરમાં ધારણ કરો, અર્થાત્ ઊંડાણથી તેનો વિચાર કરો. ।।૨૫।।

**ચોરી જારી કાજે મન ભટકે, પરવસ્તુને તાકે રે,**
**પરાધીન સુખ લેવા દોડે પરાધીનતા ચાખે રે. આત્મ૰**

**અર્થ :—** વ્યવહારમાં પણ જે કલંકરૂપ છે એવી ચોરી કે જારી અર્થાત્ વ્યભિચારમાં મન ભટકી પરવસ્તુને લેવા તાકે છે, પણ પરાધીન એવા ઇન્દ્રિયસુખને લેવા દોડતાં પોતે જ પરાધીન બની જઈ ત્રિવિધતાપના દુઃખોને ભોગવે છે. **"સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ."** ।।૨૬।।

**સ્વતંત્ર સુખ લૂંટે મનડું, જો નિયમ-દોરડે બાંધો રે;**
**મન વશ વર્તે તે જ નીરોગી, પછી નહીં કંઈ વાંધો રે. આત્મ૰**

**અર્થ :—** પણ જો આ મનને જ્ઞાનીપુરુષની આજ્ઞારૂપ નિયમ દોરડાથી બાંધી રાખીએ તો આ આત્મા પોતાનાથી જ ઉત્પન્ન થતાં સ્વાધીન સ્વતંત્ર સુખનો ભોક્તા બને છે. જે સમ્યક્દૃષ્ટિને મનવશ વર્તે છે તે જ ખરેખરો નિરોગી છે. તેને કાંઈ વાંધો આવતો નથી. કેમકે :—

**"મન સાધ્યું તેણે સઘળું સાંધ્યું, એહ વાત નહી ખોટી."** -શ્રીઆનંદઘનજી ।।૨૭।।

**જ્ઞાનીને નથી ગરજ જગતની, નિષ્કારણ ઉપકારી રે,**
**ક્રમ મનોહર રચી ગયા તે, આચરશે સુવિચારી રે. આત્મ૰**

**અર્થ :—** નિઃસ્પૃહ એવા જ્ઞાનીપુરુષોને આ જગતની કોઈ ગરજ નથી. એમને કાંઈ જોઈતું નથી. છતાં નિષ્કારણ કરુણાશીલ એવો એમનો સહજ સ્વભાવ હોવાથી ભવ્યોને ઉપદેશ આપી હિતકારી થાય છે.

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી ભવ્યોના હિતને અર્થે દીર્ઘદૃષ્ટિ વાપરી આ ભક્તિનો મનોહર એટલે મનને આકર્ષનાર એવો ક્રમ રચી ગયા છે. તેને સમ્યક્ વિચારવાળા જીવો પ્રેમપૂર્વક આચરશે.

**"પ.પૂ.પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની ખામી છે. પોતાની કલ્પનાએ પ્રવર્તવામાં આવે તેમાં તેને કંઈક રસ જણાય, પણ સ્વચ્છંદ પોષાય છે અને તે સંસારનું કારણ છે એમ વિચારી જ્ઞાનીપુરુષને માર્ગે મનને વાળવું એ જ હિતકારી છે. ન માને તો મનને હઠ કરી ક્રમમાં જોડવું હિતકર છે."** -બો.ભા.૩ (પૃ.૭૬૯) ।।૨૮।।

**આરંભાદિક અશુભ વિકલ્પો, કાર્ય પ્રથમ તજવાનાં રે,**
**અશુભ વિકલ્પ જવા વ્રત, નિયમો, શુભ ભાવે ધરવાનાં રે. આત્મ૰**

**અર્થ :—** આરંભ અને પરિગ્રહના અશુભ વિકલ્પો સૌથી પ્રથમ ત્યાગવાના છે. કારણ કે વૈરાગ્ય, ઉપશમના એ કાળ છે. અને અવૈરાગ્ય અનઉપશમના મૂળ છે માટે.

સંસાર સંબંધી રાગદ્વેષના અશુભ વિકલ્પો જવા અર્થે ભગવાનના કહેલાં સપ્ત વ્યસન ત્યાગ આદિ

વ્રત નિયમોને શુભભાવપૂર્વક ધારણ કરવાના છે. ।।૨૯।।

**સ્વપ્ને પણ ઇચ્છે ન અશુભ તે, વ્રત-નિષ્ઠા પૂરી પામી રે,**
**શુભ સંકલ્પો નિયમ સંબંધી ટળતાં, રહે નહિ ખામી રે. આત્મ૦**

**અર્થ :—** વ્રતોના પાલનથી ઇચ્છાઓનો નિરોધ થતાં આત્મામાં શાંતિ ઊપજે છે, તેથી વ્રતોમાં પૂરી નિષ્ઠા અર્થાત્ શ્રદ્ધા આવે છે કે એ જ કર્તવ્ય છે. પછી સ્વપ્ને પણ તે અશુભ વિકલ્પોને ઇચ્છતો નથી. એમ કરતાં દશા વધ્યે નિયમ પાળવાના શુભ વિકલ્પો પણ મટી જઈ શુદ્ધ ભાવમાં રમતાં, આત્મિક સુખમાં તેને કોઈ ખામી રહેતી નથી. ।।૩૦।।

**જ્ઞાનદશાથી ટળે વિકલ્પો, જ્ઞાનરમણ હિતકારી રે;**
**પાત્ર થવા વ્રત-નિયમો સેવો, મલિન મન સુધારી રે. આત્મ૦**

**અર્થ :—** આત્માની જ્ઞાનદશા આવ્યે સર્વ વિકલ્પો ટળી જાય છે. આત્માના શુદ્ધ જ્ઞાનગુણમાં રમણતા કરવી એ જ જીવને હિતકારી છે. માટે તે જ્ઞાનદશાને પાત્ર થવા અર્થે વિષયકષાયથી મલિન એવા મનને સુધારી સદા વ્રત નિયમોનું પાલન કર્યા કરો. ।।૩૧।।

**પરમપદ પરમાત્મદશામાં નથી નિયમ-પ્રયત્નો રે,**
**સહજ દશા તે પરમ શાંત છે, પૂર્ણ ત્રણે ત્યાં રત્નો રે. આત્મ૦**

**અર્થ :—** સર્વોત્કૃષ્ટ એવી પરમાત્મદશા પામ્યા પછી ત્યાં કોઈ પણ પ્રકારનો નિયમ આરાધવાનો પુરુષાર્થ કરવો પડતો નથી; કેમકે તે કૃતકૃત્ય દશા છે. તે સહજાત્મસ્વરૂપમય દશા પરમશાંત અવસ્થા છે, જ્યાં સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે ત્રણેય રત્નોની પરિપૂર્ણ પ્રાપ્તિ છે. આત્માના કલ્યાણ અર્થે જ્ઞાનીની આજ્ઞાએ નિયમપૂર્વક વર્તન કરવું, એવું જેણે શીખવ્યું તે પરમકૃપાળુ પરમાત્માને અમારા સદા પ્રણામ હો. ।।૩૨।।

---

જીવનમાં નિયમિતપણું હોય તો કામ ત્વરાથી થાય છે અને ધારેલી સિદ્ધિ આપે છે. પણ તે નિયમિતપણું જિનાગમના અભ્યાસીને યથાર્થ ધ્યાનમાં આવે છે કે સમયની કેટલી કિંમત છે. હવે આ પાઠમાં જિનાગમના માહાત્મ્ય વિષે વિસ્તારથી જણાવે છે :—

(૩૩)

## જિનાગમ-સ્તુતિ



(સેવો ભવિયાં વિમલ જિનેસર દુલ્લહા સજ્જન સંગાજી—એ રાગ)

*



**જિન-આગમ જયવંત જગતમાં, સત્ય સરસ્વતી દેવીજી,**
**વિવેક-હંસનું વાહન સાચું, સવળી સમજ કરી લેવીજી. જિન૦**

**અર્થ :—** જિન એટલે રાગદ્વેષ અને અજ્ઞાન જેના જિતાઈ ગયા છે એવા સર્વજ્ઞ જિનેશ્વરના સ્વમુખેથી નિકળેલ વાણીને જિનાગમ કહેવામાં આવે છે. તે ત્રણે કાળ જગતમાં જયવંત છે, અર્થાત્ ત્રણે

કાળ તે વાણીનું અસ્તિત્વ જગતમાં વિદ્યમાન છે. તથા તે જ સાચી સરસ્વતી એટલે વિદ્યાદેવી છે, કે જેના વડે સર્વ લોકાલોકનું જ્ઞાન થાય છે.

જેમ સરસ્વતી દેવીને હંસનું વાહન છે તેમ જિનાગમરૂપ સાચી સરસ્વતીદેવીનું વિવેકરૂપી હંસનું સાચું વાહન છે. જેમ હંસ પોતાની ચાંચ વડે દૂધમાંથી દૂધ દૂધને ગ્રહણ કરે છે અને પાણીને છોડી દે છે તેમ જિનાગમ વડે સાચી સમજ પ્રાપ્ત કરી, શું ગ્રહણ કરવા યોગ્ય છે અને શું ત્યાગવા યોગ્ય છે એવા હિતાહિતના ભાનરૂપ વિવેક પ્રગટાવવો એ જ જીવને કલ્યાણકારક છે. ।।૧।।

**શ્રી ગુરુરાજ-કૃપાથી થાયે, અવળાનું સૌ સવળું જી,**
**સદ્ગુરુ-વાણી મોહ-કૃપાણી પરિણમતાં હિત સઘળું જી. જિન૦**

**અર્થ :–** શ્રીમદ્ રાજચંદ્ર ગુરુભગવંતની કૃપાથી આત્મબોધ મળ્યે વિવેક પ્રગટે છે. તેથી દેહમાં પોતાપણાની અવળી માન્યતા ટળી જઈ આત્મામાં આત્મબુદ્ધિરૂપ સવળી માન્યતા થાય છે. સદ્ગુરુ પરમકૃપાળુદેવની વાણી છે તે મોહને મારવા માટે કૃપાણી એટલે તલવાર સમાન છે. તે વાણી પ્રમાણે વર્તવાથી સમ્યક્દર્શનની પ્રાપ્તિ થઈ આત્માનું સર્વ પ્રકારે હિત સધાય છે.

**"અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;**
**સકળ જગત હિતકારિણી, હારિણી મોહ, તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે." ।।૨।।**

**વિષ્ણુ-ચરણોદક તે ગંગા, એવું કોઈક કહે છેજી;**
**પતિત-પાવની માની, તેમાં સ્નાન કરી સુખ લહે છેજી. જિન૦**

**અર્થ :–** વૈષ્ણવ મતવાળા એવું કોઈક કહે છે કે ગંગાનું જળ છે તે વિષ્ણુ ભગવાનના ચરણનું જ ઉદક એટલે પાણી છે, અર્થાત્ ગંગા નદી વિષ્ણુ ભગવાનના ચરણકમળમાંથી પ્રગટેલ છે. તેથી તે ગંગાને પતિત-પાવની એટલે પાપીઓને પણ પવિત્ર કરનારી માની તેમાં સ્નાન કરીને પોતાના પાપો જાણે ધોવાઈ ગયા એમ માનીને જીવો સુખી થાય છે. ।।૩।।

**'પાપ-પુણ્ય પાણીથી જાયે' કેમ સમજમાં બેસેજી?**
**પણ પરમાર્થ વિચારી, સાચું સમજે તે ગ્રહી લેશેજી. જિન૦**

**અર્થ :–** પણ પાણી પાપ-પુણ્યને ધોઈ નાખે, આ વાત કેમ સમજમાં બેસે. પાણી તો જડ છે તેનાથી જો પાપ ધોવાય તો પુણ્ય પણ ધોવાઈ જાય; કેમકે નદીને ભાન નથી કે પાપ ધોવું અને પુણ્યને રાખી મૂકવું. તેના ઉપર એક દૃષ્ટાંત છે :–

**શ્રાવિકાપુત્રનું દૃષ્ટાંત :–** એક શ્રાવિકાનો પુત્ર વૈષ્ણવધર્મી હતો. તે પવિત્ર થવા માટે ગંગાસ્નાન કરવા તૈયાર થયો. ત્યારે માતાએ કડવી તુંબડી આપીને કહ્યું તું ગંગાસ્નાન કરે ત્યારે આ તુંબડીને પણ કરાવજે. પછી ગંગાસ્નાન કરી ઘરે આવ્યો ત્યારે માતાએ તે કડવી તુંબડીનું શાક કર્યું. પુત્ર કહે આ શાક તો કડવું છે. માતા કહે ગંગાજલથી સ્નાન કરાવ્યા છતાં જો આ તુંબડીની કડવાશ ન ગઈ તો તારા મનના પાપો તે પાણી કેવી રીતે ધોઈ શકે. એ બધી ખોટી કલ્પનાઓ છે. આ વાતનો પરમાર્થ વિચારી જે સાચી વાતને સમજશે તે તેને ગ્રહણ કરીને પોતાનું હિત સાધી લેશે. તેનો પરમાર્થ નીચે પ્રમાણે છે. ।।૪।।

**પરમ પુરુષરૂપ હિમગિરિ-ઉરથી કરુણાગંગા નીકળીજી,**
**અલૌકિક અગમ્ય ગિરા બની, ગણધર-ધોધે ઊછળીજી. જિન૦**

**અર્થ :–** પરમપુરુષ પરમાત્મા શ્રી તીર્થંકરભગવાનરૂપ હિમાલય પર્વતના અંદરથી એટલે એમના હૃદયમાંથી કરૂણાથી યુક્ત એવી વાણીરૂપી ગંગા નીકળી છે. તે ભગવાનની વાણી અલૌકિક એટલે અસાધારણ અને અગમ્ય એટલે સહજ રીતે ગમ પડે તેવી નહીં હોવાથી પ્રથમ બુદ્ધિશાળી એવા ગણધર પુરુષોના હૃદયમાં તે ધોધરૂપે ઉછાળા મારતી આવીને વસી. તેમણે તે વાણીની દ્વાદશઅંગરૂપે રચના કરી. ।।૫।।

**રમ્ય નગરરૂપ આગમધરને પોષી આગળ ચાલીજી,**
**અમ જેવા અતિ રંક જનોની તૃષા ત્વરાથી ટાળીજી. જિન૦**

**અર્થ :–** હવે તે ભગવાનની વાણીનો જળરૂપ પ્રવાહ, રમ્ય એટલે સુંદર એવા નગરરૂપ આગમધર પુરુષોને પોષણ આપતો આગળ વધીને અમારા જેવા અતિ રંક એટલે પરમાર્થમાં સાવ અજ્ઞાની જનોની જ્ઞાન પિપાસાને પણ દૃષ્ટાંત દલીલોથી સમજાવી અજ્ઞાનને જલ્દી ટાળવા તે સમર્થ બની ગયો. એવી ભગવાનની વાણીનો અદ્‌ભુત પ્રભાવ છે. ।।૬।।

**શિવ-સાગરમાં મળી જતી તે અનેક નૌકા સાથેજી,**
**શ્રદ્ધા નૌકામાં બહુ બેસી તર્યા, કહ્યું જગનાથેજી. જિન૦**

**અર્થ :–** પછી તે વાણીરૂપી ગંગા અનેક શ્રદ્ધારૂપી નાવડાઓ સાથે મોક્ષરૂપી સમુદ્રમાં મળી જાય છે. તે ભગવાન પ્રત્યેની શ્રદ્ધારૂપી નાવડાઓમાં બેસીને ઘણા ભવ્યો સંસાર સમુદ્રને તરી ગયા, એમ ત્રણ લોકનાનાથ શ્રી ભગવાને આ વાત જણાવી છે. ।।૭।।

**દ્વાદશાંગરૂપ લબ્ધિધારી શ્રુતકેવળી કહાયાજી,**
**ત્રણે લોક-પ્રકાશક આગમ-નેત્રવંત સુહાયાજી. જિન૦**

**અર્થ :–** દ્વાદશઅંગરૂપ લબ્ધિના ધારી ગણધર પુરુષો તે શ્રુતકેવળી કહેવાયા છે. શ્રુતજ્ઞાન વડે તે ત્રણે લોકને પ્રકાશક એવા આગમરૂપ નેત્રના ધારી હોવાથી જગતમાં શોભા પામે છે.

ભગવાન મહાવીરે શ્રેણિક રાજાના પ્રશ્નોત્તરમાં કહ્યું કે—વિષ્ણુકુમાર, નંદિમિત્ર, અપરાજીત, ગોવર્ધન અને ભદ્રબાહુ સ્વામી પણ શ્રુતકેવળી થશે. એમ ભદ્રબાહુ ચરિત્રમાં જણાવેલ છે. ।।૮।।

**અબુધ જનોના અંતરમાં જે સમ્યક્‌ભાવ જગાડેજી,**
**અનંત આગમ મંત્રે મૂકી, શિવ-સુખ-અંશ ચખાડેજી. જિન૦**

**અર્થ :–** જ્ઞાનીપુરુષોની વીતરાગ વાણી તે અબુધ એટલે અજ્ઞાનીજનોના અંતરમાં સમ્યક્‌ભાવ જગાડે છે. જ્ઞાનીપુરુષોએ મંત્રમાં અનંત આગમનો સાર મૂકી દીધો છે. તેનું જે ભાગ્યશાળી આરાધન કરશે તે સમ્યગ્દર્શન પામી મોક્ષસુખના આસ્વાદનો અંશ પામશે. **''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ સમાયાં છે, તેની સમજ સુવિચારણા જાગ્યે આવે છે. એક ''મારુષ, માતુષ'' બોલના અવલંબને શિવભૂતિ મુનિ કેવળજ્ઞાન પામ્યા હતા.''** -બોધામૃત ભાગ-૩ (પૃ.૭૬૯)

પ.પૂ.પ્રભુશ્રીજીએ જણાવ્યું કે ચૌદપૂર્વના સારરૂપ **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** મંત્રનું જે શ્રદ્ધાપૂર્વક આરાધન કરશે તે જીવ મોક્ષસુખને પામશે. ।।૯।।

**સાગર-સાર જુઓ બિંદુમાં, આગમ-સાર સુમંત્રેજી,**
**આત્મજ્ઞાની ગુરુવરની આજ્ઞા ચાવી વિદ્યુત્-યંત્રેજી. જિન૦**

**અર્થ :–** સમુદ્રનો સાર જેમ એક બિંદુમાં સમાય છે તેમ આગમનો સાર સદ્ગુરુ દ્વારા ઉપદિષ્ટ સમ્યક્મંત્રમાં સમાય છે. તે મંત્રનું આરાધન કરવાની આત્મજ્ઞાની ગુરુદેવની આજ્ઞા છે, જે વિદ્યુતયંત્રને ચલાવવામાં ચાવી સમાન છે. પ.પૂ.પ્રભુશ્રી કહે —

**'કીલી ગુરુકે હાથ, નહીં પાવેંગે ભેદ વેદમેં.'** -ઉપદેશામૃત ।।૧૦।।

**સર્વાગમની ઉત્પત્તિ જો, ત્રિપદી વીરે દીધીજી,**
**યોગ્ય ભૂમિમાં ઊછરી, ફાલી, અંગ-પૂર્વ સુધી સીધીજી. જિન૰**

**અર્થ :–** સર્વ આગમની ઉત્પત્તિ ક્યાંથી થઈ? તો કે ઉત્પાદ, વ્યય, ધ્રુવરૂપ ત્રિપદી શ્રી મહાવીર ભગવાને ગણધર પુરુષોને આપી. તે ગણધર જેવા યોગ્ય પુરુષરૂપ ભૂમિમાં ઊછરી અને ફાળી ફૂલી તથા બાર અંગ, ચૌદપૂર્વ સુધી તેનો સીધો વિસ્તાર તે પુરુષોએ કરી લોકો ઉપર પરમોપકાર કર્યો. ।।૧૧।।

**સૌ વિસ્તાર સમાય અસંગે એ અર્થે સૌ શાસ્ત્રોજી,**
**સમજ્યા તે જ શમાયા તેમાં, સમજનાર સુપાત્રોજી. જિન૰**

**અર્થ :–** બાર અંગ, ઉપાંગ, ચૌદપૂર્વો વગેરેનો વિસ્તાર અસંગતામાં સમાય છે, અર્થાત્ સૌ શાસ્ત્રો ભણીને અસંગતા પ્રાપ્ત કરવાની છે. એના અર્થે જ બધા શાસ્ત્રો રચાયા છે.

**"સર્વ જિનાગમમાં કહેલાં વચનો એક માત્ર અસંગપણામાં જ સમાય છે; કેમકે તે થવાને અર્થે જ તે સર્વે વચનો કહ્યાં છે. એક પરમાણુથી માંડી ચૌદ રાજલોકની અને મેષોન્મેષથી માંડી શૈલેશીઅવસ્થા પર્યંતની સર્વ ક્રિયા વર્ણવી છે, તે એ જ અસંગતા સમજાવવાને અર્થે વર્ણવી છે."** (વ.પૃ.૪૬૯)

તે શાસ્ત્રોના ભાવોને જે સમજ્યા તે જ સ્વરૂપે સમાયા છે. તે ભાવોને સમજનાર સુપાત્ર જીવો છે. ।।૧૨।।

**પાત્ર થવા સદ્બોધ ઉપાસો, જે સત્પુરુષે દીધોજી,**
**સદાચારથી તે સમજાશે, આ જ માર્ગ મેં લીધોજી. જિન૰**

**અર્થ :–** તે અસંગતાને પ્રાપ્ત થવા માટે સત્પુરુષે આપેલા સત્બોધની ઉપાસના કરો.

સાત વ્યસન, સાત અભક્ષ્ય વગેરે સદાચારના પાલનથી તે બોધનો મર્મ સમજાશે. પૂ.શ્રી બ્રહ્મચારીજી કહે છે કે આજ માર્ગ મેં પણ લીધો છે. ।।૧૩।।

**સાચી અગ્નિ કામ લાગશે, ગ્રંથે લખી નકામીજી;**
**તેથી સદ્ગુરુ શોધી, શોધજો સત્ય, બની નિષ્કામીજી. જિન૰**

**અર્થ :–** સાચી અગ્નિનો તણખો કામ લાગશે. ગ્રંથમાં લખેલ 'અગ્નિ' શબ્દ નકામો છે, તેથી કંઈ કાર્ય સરે નહીં. તેમ શ્રી સાચા સદ્ગુરુ ભગવંતની શોધ કરી, તેની પ્રાપ્તિ થયે આત્માના સત્યસ્વરૂપને શોધવાનો પ્રયત્ન કરજો. અને તેમ કરતા કોઈ પણ પ્રકારની આકાંક્ષા સત્પુરુષ પ્રત્યે રાખશો નહીં, તો જ આત્માર્થની સિદ્ધિ થશે. ।।૧૪।।

**ઉર વિષે વસશે આગમ સૌ, પ્રેમ પરમ જો જાગેજી,**
**અનુભવી ગુરુની ભક્તિ કરતાં 'પ્રભુ પ્રભુ' લય લાગેજી. જિન૰**

**અર્થ :–** પરમપ્રેમ જો સત્પુરુષ પ્રત્યે જાગશે તો તમારા હૃદયમાં સર્વ આગમોનું રહસ્ય આવીને વસશે.**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે, સબ આગમભેદ સુઉર બસેં."** -શ્રીમદ્ રાજચંદ્ર

પરમકૃપાળુદેવે જણાવ્યું કે **'સોભાગ પ્રેમ સમાધિમાં વર્તે છે.'**

આત્મ અનુભવી ગુરુની ભક્તિ કરતાં પ્રભુ પ્રભુની લાય લાગે છે. પરમકૃપાળુદેવની ભક્તિ કરતાં પ્રભુશ્રી કહે 'અમારે તો પ્રભુ રોમે રોમે એક કૃપાળુદેવ છે.' ।।૧૫।।

**પ્રભુ-ભક્તિરત ચિત્ત રમે જ્યાં, કેવળજ્ઞાન પ્રકાશેજી,**
**કોણ મૂર્ખ ઇંદ્રિયસુખ ઇચ્છે? જેથી નિજ સુખ નાશેજી. જિન૦**

**અર્થ :–** પ્રભુના શુદ્ધ આત્મસ્વરૂપમાં ભક્તિ પ્રગટીને જો ચિત્ત તેમાં જ રમે તો કાળે કરીને તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. જેમ શ્રી નેમિનાથ ભગવાન પ્રત્યે રાજુલનો શુદ્ધ પ્રેમ પ્રગટ્યો તો તે કેવળજ્ઞાનનું કારણ થયું. અથવા શ્રી ગૌતમ સ્વામીને ભગવાન મહાવીર પ્રત્યે સાચી ભક્તિ ઊપજી તો તે પણ કેવળજ્ઞાનને આપનાર સિદ્ધ થઈ. માટે એવો કોણ મૂર્ખ હોય કે જે ઇન્દ્રિયના ક્ષણિક સુખોને ઇચ્છી પોતાના આત્માથી જ પ્રાપ્ત થતા શાશ્વત સુખનો નાશ કરે. ।।૧૬।।

**ઇચ્છિત શિવસુખ સિદ્ધિ પામો, જો સદ્‌બોધ ઉપાસોજી;**
**જિનાગમે દીસે, પણ તેનો આપ્તમુખે નિવાસોજી. જિન૦**

**અર્થ :–** તમે તમારી ઇચ્છા પ્રમાણે મોક્ષસુખની સિદ્ધિ પામો, પણ જો સત્પુરુષના આપેલા સદ્‌બોધને ઉપાસો તો. તે સદ્‌બોધ જિનાગમમાં દેખાય છે. પણ તેનો મર્મ આત્મજ્ઞાની પુરુષ પાસે છે. તે આપ્ત એટલે વિશ્વાસ કરવાલાયક પુરુષ છે. તેમના મુખેથી આત્મધર્મનો મર્મ જાણી ઉપાસવા યોગ્ય છે; તો જ આત્મસિદ્ધિ પ્રાપ્ત થશે. ।।૧૭।।

**દ્વાદશ ગુણસ્થાનક સુધી આશય આગમનો ઉપકારીજી,**
**રાતદિવસ સાધુજન સેવે આત્મદાઝ ઉર ધારીજી. જિન૦**

**અર્થ :–** બારમા ગુણસ્થાનકના અંત સુધી આગમનો આશય ઉપકારી છે. તેથી રાતદિવસ સાધુપુરુષો આગમના આશય પ્રમાણે ચાલે છે. તેમ ચાલવામાં એમના હૃદયમાં પોતાના આત્મકલ્યાણની ઊંડી દાઝ રહેલી છે. ।।૧૮।।

**સત્સમાગમ ને સત્શ્રુત બે સત્સાધન આરાધેજી,**
**તે દાવાનલ કળિકાળનો ટાળી શિવપથ સાધેજી. જિન૦**

**અર્થ :–** જે ભવ્યાત્મા સત્પુરુષનો સમાગમ તથા સત્શાસ્ત્રરૂપ ઉત્તમ બે સાધનોની આરાધના કરશે, તે આ કળિકાળના ભયંકર ત્રિવિધ તાપમય દાવાનલથી બચી જઈ મોક્ષમાર્ગમાં નિર્વિઘ્ને પ્રયાણ કરશે. ।।૧૯।।

**સત્સાધનહીન સાધુ લોકો અહંકારમાં પેઠાજી;**
**મન આહાર, વિહાર, વિષયમાં; ટોળાં વાળી બેઠાજી. જિન૦**

**અર્થ :–** મુનિધર્મની આરાધનાના સત્યસાધન તે સ્વાધ્યાય અને ધ્યાન છે. તે સાધનોથી હીન વર્તનવાળા સાધુ લોકો પોતાને મોટા માની, રત્નત્રયના ધારક માની માત્ર અહંકાર કરનારા છે. કેમકે તેમનું મન તો આહાર એટલે ખાવાપીવામાં સંલગ્ન અથવા વિહારના વિકલ્પોમાં આસક્ત, કે પાંચ ઇન્દ્રિયના વિષયોમાં આસક્ત છે, તેમજ અનેક શ્રાવકોમાં પોતાપણું માની તેમના ટોળાવાળીને સમય પસાર કરનારા છે. એવા કહેવાતા સાધુપુરુષો શુદ્ધ આત્મધર્મને નહીં જાણવાથી પોતાનું કે પરનું આત્મકલ્યાણ

કરવા સમર્થ નથી. માટે જ શ્રી દેવચંદ્રજી મહારાજે સ્તવનમાં કહ્યું કે :—

**ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ;**
**આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે. ચંદ્રાનન૦''** -નિત્યક્રમ

**સજ્જન કૃત-ઉપકાર ન ભૂલે, આપ્તવચન આરાધેજી,**
**વિષય-કષાયથી રહી વેગળા, વિનયે વિદ્યા સાધેજી. જિન૦**

**અર્થ :—** પણ સજ્જન પુરુષો તો સાચી આરાધનાને બતાવનાર એવા ભગવાનના કરેલા ઉપકારને કદી ભૂલતા નથી. તથા મોક્ષમાર્ગમાં વિશ્વાસ કરવા લાયક એવા આપ્ત સત્પુરુષના વચનના આધારે ચાલે છે. તેમજ તે સજ્જન પુરુષો વિષયકષાયના ભાવોથી દૂર રહીને સદા વિનયપૂર્વક આત્મવિદ્યાને સાધે છે. અર્થાત્ સત્પુરુષનો વિનય કરવાપૂર્વક પોતાના આત્માને ઓળખવા માટે સદા પ્રયત્નશીલ રહે છે. ।।૨૧।।

**વિકથા વિષ્ટા સમી સાધુના મુખ સુધી ક્યાંથી આવેજી?**
**સત્શ્રુત પાઠ વહે જો મુખે, સુખ-શાંતિ ફેલાવેજી. જિન૦**

**અર્થ :—** દેશકથા, રાજકથા, સ્ત્રીકથા અને ભોજનકથા એ વિષ્ટા સમાન છે. તે સાધુપુરુષોના મુખ સુધી ક્યાંથી આવી શકે? તે મહાત્માઓના મુખે તો સદા સત્શ્રુતનો પાઠ રહે છે, અર્થાત્ ઉત્તમ જ્ઞાનધ્યાનની વાતો હોય છે. જે બીજાના હૃદયમાં પણ સુખશાંતિ જ ફેલાવે છે. ।।૨૨।।

**શ્રી સર્વજ્ઞ-જિનેશ્વર-વાણી આગમરૂપ કહાણીજી,**
**સર્વ કાળમાં સત્યરૂપ તે અવિસંવાદી જાણીજી. જિન૦**

**અર્થ :—** શ્રી સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતની વાણી તે જ આગમરૂપ કહેવાઈ છે. તે સર્વકાળમાં સત્યરૂપ છે. તે વાણી અવિસંવાદી છે અર્થાત્ તે વાણી સ્યાદ્વાદપૂર્વક હોવાથી તેમાં કોઈ વાદ-વિવાદને સ્થાન નથી. ।।૨૩।।

**સર્વ જગ-જંતુ-હિતકરણી ઋષિ-મુનિને મન ભાવીજી;**
**દુર્લભ નરભવ સફળ કરે જો ગુરુગમ-ચાવી આવીજી. જિન૦**

**અર્થ :—** ભગવાન જિનેશ્વરની વાણી તે જગતના સર્વ જીવોને હિતકારી છે તથા મોહ મંદ થવાથી થયું છે પવિત્ર મન જેનું એવા ઋષિ-મુનિઓને તો તે ઘણી જ ગમી ગઈ છે. જેની પાસે એ વાણીના મર્મને સમજવા માટે ગુરુગમરૂપી ચાવી હાથ આવી ગઈ તે પોતાના દુર્લભ નરભવને જરૂર સફળ કરશે. ।।૨૪।।

**જિન-આગમ દુર્ગમ્ય ગણાયે, ભલા ભલા ભૂંલ ખાતાજી;**
**અવલંબન સદ્ગુરુનું લેતાં સહજ બનો સુજ્ઞાતાજી. જિન૦**

**અર્થ :—** જિનેશ્વરની આગમવાણીનો સ્યાદ્વાદપૂર્વક મર્મ સમજવો અતિ દુર્ગમ્ય છે. તેમાં ભલ-ભલા હોશિયાર પણ ભૂલ ખાઈ જાય છે. પણ પરમકૃપાળુ સદ્ગુરુ ભગવંતનું અવલંબન લેતાં તે આગમના રહસ્યોનો સહજ સુગમરીતે જ્ઞાતા બની જાય છે.

**''જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;**
**અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ.''** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨૫।।

**ગમ પડ્યા વણ આગમ દુર્ઘટ રત્ન વીંધવા જેવુંજી,**
**વીંધેલા રત્ને દે દોરો, ગુરુગમથી ગણ તેવુંજી. જિન૰**

**અર્થ :—** ગમ પડ્યા વિના આગમનો મર્મ જાણવો તે રત્ન વીંધવા જેવું દુર્ઘટ છે. પણ વીંધેલા રત્નમાં દોરો પરોવવો જેમ સુલભ છે તેમ ગુરુગમથી આગમનો મર્મ સમજવો સુલભ છે. **'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.'** (વ.પૃ.૨૨૨) ॥૨૬॥

**જિન-આગમરૂપ અક્ષરતરુની અનુયોગરૂપ શાખાજી,**
**સંસ્કૃત, પ્રાકૃત, પ્રાંતિક ભાષા-ગ્રંથ પુષ્પ-પ્રશાખાજી. જિન૰**

**અર્થ :—** જિનાગમના અક્ષરરૂપ વૃક્ષની પ્રથમાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગરૂપ ચાર શાખાઓ છે. તથા સંસ્કૃત પ્રાકૃત ભાષારૂપ ગ્રંથો તેની પ્રશાખાઓ છે. તેમજ હિન્દી, ગુજરાતી વગેરે પ્રાંતિય ભાષાઓના ગ્રંથો તે તેના પુષ્પો સમાન છે. ॥૨૭॥

**શાંત રસાદિક હિતકર ફળ ગ્રહી, મન-મર્કટ આનંદેજી,**
**મહા-મોહ-ચંચળતા ભૂલી, લીન ધ્યાન-સુખકંદેજી. જિન૰**

**અર્થ :—** જિનાગમરૂપ વૃક્ષના શાંતરસ આદિથી ભરપૂર તથા આત્માને હિતકારક એવા ફળોને ગ્રહણ કરી મનરૂપી મર્કટ એટલે વાંદરો આનંદને પામે છે. તથા મહામોહથી ઉત્પન્ન થતી ચંચળતાને ભૂલી જઈ, કાળાન્તરે આત્મધ્યાનના સુખાનંદમાં તે લીન થાય છે. ॥૨૮॥

**હણે મોહ નહિ, સત્શાસ્ત્રો ભણી, લાભપૂજાદિક ઇચ્છેજી,**
**તે જિન-આગમતરુનાં પુષ્પો તોડી, તુચ્છમતિ રીઝેજી. જિન૰**

**અર્થ :—** જે સત્શાસ્ત્રો ભણીને મોહને હણતા નથી પણ પોતાની આજીવિકાના લાભ અર્થે કે માનપૂજાદિના અર્થે એ જ્ઞાનનો ઉપયોગ કરે છે. તે તુચ્છમતિ જાણે કે જિનાગમરૂપી વૃક્ષના પુષ્પો તોડીને રાજી થાય છે; પણ પુષ્પો તૂટી જવાથી હવે તેને મોક્ષરૂપ ફળ આવશે નહીં, તેનું તેને ભાન નથી. ॥૨૯॥

**સુરસુખ કે શિવસુખ-ફળ ક્યાંથી સરસ પક્વ તે પામેજી?**
**થઈ ક્ષુધાતુર ચૂલો ઓલવ્યે, નહિ ભૂખ-દુઃખ વિરામેજી. જિન૰**

**અર્થ :—** જે શાસ્ત્રો ભણીને પણ માનપૂજાદિકને જ ઇચ્છે છે એવા જીવો દેવલોકના સુખ કે મોક્ષનાસુખરૂપ સરસ પાકેલા ફળ ક્યાંથી પામી શકે? જેમ કોઈ ભૂખના દુઃખથી પીડિત જીવ ચૂલાને ઓળવી નાખે તો તેના ભુખનું દુઃખ વિરામ પામતું નથી, તેમ મોહવશ જીવ આત્મજ્ઞાનના પુરુષાર્થને મૂકી દે તો તે કદી પણ મુક્તિના સુખને પામતો નથી. ॥૩૦॥

**લૌકિક લાભ તજી, શાશ્વત સુખ ચહી, સુદૃષ્ટિ વિચારોજી,**
**સદ્ગુરુ-યોગે સત્શ્રુત શીખી, સત્શીલ શાંતિ ધારોજી. જિન૰**

**અર્થ :—** હવે સત્શ્રુતવડે આ લોકના લૌકિક લાભને તજી દઈ શાશ્વત સુખશાંતિને ઇચ્છી, સમ્યક્દૃષ્ટિથી આત્માની વિચારણા કરો. તેના માટે સદ્ગુરુના યોગે સત્શ્રુતનો મર્મ જાણી, સત્શીલ અને આત્મશાંતિને હૃદયમાં ધારણ કરો.॥૩૧॥

**અગમ, અપાર જિનાગમ-ગૌરવ, ગાવાનું મુજ ગજું શું જી?**
**સમજ વિના બડબડ બોલ્યો છું, ક્ષમા સુજનની ચહું છું જી. જિન૰**

**અર્થ :–** અગમ એટલે સહજ રીતે જેની ગમ પડે નહીં તથા અપાર એટલે અપરંપાર છે માહાત્મ્ય જેનું એવા જિનાગમનું ગૌરવ ગાવાનું મારું શું ગજું છે? છતાં ભક્તિ વિશે સમજ વગર બડબડ બોલી ગયો છું. તે માટે સજ્જન પુરુષોની ક્ષમા ચાહું છું.જિનાગમનો જગતમાં સદા જયજયકાર હો. ।।૩૨।।

---

જિનાગમમાં નય, નિક્ષેપ, પ્રમાણ તથા દૃષ્ટાંત દલીલોથી નવ તત્ત્વોને વિસ્તારથી સમજાવવાનો ભગવાને ઉપદેશ કર્યો છે. તે નવેય તત્ત્વો પ્રત્યેક પ્રાણીને જાણવા અત્યંત આવશ્યક છે. તે નવ તત્ત્વો કયા કયા છે તેનું સામાન્ય સંક્ષેપ સ્વરૂપ આ પાઠમાં સમજાવવામાં આવે છે :–



(૩૪)

## નવ તત્ત્વનું સામાન્ય સંક્ષેપ સ્વરૂપ

(દોહરા)

*



**વંદું ગુરુપદ-પંકજે જે ત્રણ જગનું તત્ત્વ,**
**નિજ પરમપદ પામવા, જવા અનાદિ મમત્વ. ૧**

**અર્થ :–** પરમકૃપાળુ સદ્ગુરુ ભગવંતના ચરણકમળ જે ત્રણેય લોકમાં તત્ત્વરૂપ એટલે સારરૂપ પદાર્થ છે, તેને મારું પરમપદ અર્થાત્ પરમાત્મપદ પામવા માટે તથા અનાદિથી પરપદાર્થમાં થયેલ મમત્વબુદ્ધિને ટાળવા અર્થે પ્રણામ કરું છું.

**"દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ અને ધર્મ કેવળીનો પ્રરૂપેલો, એ ત્રણેની શ્રદ્ધાને જૈનમાં સમ્યક્ત્વ કહ્યું છે. માત્ર ગુરુ અસત્ હોવાથી દેવ અને ધર્મનું ભાન નહોતું. સદ્ગુરુ મળવાથી તે દેવ અને ધર્મનું ભાન થયું. તેથી સદ્ગુરુ પ્રત્યે આસ્થા એ જ સમ્યક્ત્વ."** (વ.પૃ.૬૮૬) ।।૧।।

**રાજચંદ્ર રત્નાકરુ પરમકૃપાળુ દેવ,**
**અબુધ, અધમ આ રંકને દે તુજ તાત્ત્વિક સેવ. ૨**

**અર્થ :–** શ્રી રાજચંદ્ર પ્રભુ રત્નાકર એટલે ગુણરૂપી રત્નોની ખાણ છે. તે જગતના જીવો ઉપર પરમકૃપા કરનાર હોવાથી પરમકૃપાળુદેવ છે. હે પ્રભુ! હવે આ અબુધ એટલે અજ્ઞાની અને પાપથી પતિત થયેલા મારા જેવા અધમ આ રંક જીવને તું તાત્વિક સેવ આપ, અર્થાત્ એવી આજ્ઞા કર કે જેથી મને આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય. ।।૨।।

**નવધા ભક્તિ, નાથ, તુજ નવે ય તત્ત્વસ્વરૂપ,**
**સમજાવી સંશય હરો, કરો શુદ્ધ ચિદ્રૂપ. ૩**

**અર્થ :–** નવધા ભક્તિ એટલે ભક્તિના નવ પ્રકાર છે. તે નીચે પ્રમાણે કહેવામાં આવ્યા છે.

**"શ્રવણ, કીરતન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;**
**લઘુતા, સમતા, એકતા, નવધા ભક્તિ પ્રમાણ."** -પ્રવેશિકા (પૃ.૪૦)

હે નાથ! આ તારી ભક્તિના નવેય પ્રકાર તત્ત્વસ્વરૂપ છે. અર્થાત્ આત્મતત્ત્વને જ પ્રાપ્ત કરાવનારા છે. તેનો મર્મ સમજાવી મારી સર્વ શંકાઓ અર્થાત્ મિથ્યા માન્યતાઓનો નાશ કરો અને આપના જેવો મને ચિદ્રૂપ અર્થાત્ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ બનાવો. ।।૩।।

**જીવ[૧]-અજીવ[૨] રૂપ વિશ્વ આ, સમજાવે જિનભૂપ;**
**મૂળ દ્રવ્ય ષટ્ જાણવાં, શાશ્વત્ નિજ નિજ રૂપ. ૪**

હવે શ્રી ગુરુ ધર્મનો મર્મ સમજાવવા માટે જગતમાં રહેલ તત્ત્વોનું સ્વરૂપ વર્ણવે છે :—

**અર્થ :—** આ વિશ્વ, જીવ અને અજીવરૂપ બે તત્ત્વોનું બનેલું છે. એમ શ્રી જિનેશ્વર ભગવંત જણાવે છે. તેમાં મૂળ દ્રવ્ય જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ છે. તે સર્વ પોતપોતાની શાશ્વત સત્તામાં રહેલ છે એમ જાણવું. ।।૪।।

**જીવ-જાતિ તો એક છે, જીવ પ્રત્યેક અનંત;**
**લક્ષણ જીવનું જ્ઞાન જો, શુદ્ધ જીવ ભગવંત. ૫**

હવે જીવદ્રવ્યના સ્વરૂપનું વર્ણન કરે છે :—

**અર્થ :—** છ દ્રવ્યમાં જીવ દ્રવ્ય તે ચૈતન્ય જાતિનું છે. જગતમાં રહેલ સર્વ જીવો એ જ પ્રકારે ચૈતન્ય જાતિના છે. છતાં પ્રત્યેક જીવનું અસ્તિત્વ, સત્તા અપેક્ષાએ જોતાં ભિન્ન ભિન્ન છે. તથા સંખ્યા અપેક્ષાએ જોતાં તે જીવો અનંત છે. તે જીવોનું મુખ્ય લક્ષણ જ્ઞાન છે. જ્ઞાન લક્ષણ દ્વારા અરૂપી એવા જીવની ઓળખાણ થાય છે. ભગવાન છે તે સર્વકર્મમળથી રહિત શુદ્ધ જીવનો પ્રકાર છે. ।।૫।।

**શુદ્ધ અશુદ્ધ જીવો વિષે જ્ઞાન નિરંતર દેખ;**
**જીવ વિના જડશે નહીં જ્ઞાન-કિરણની રેખ. ૬**

**અર્થ :—** શુદ્ધ એટલે મુક્ત જીવ અને અશુદ્ધ એટલે સંસારી જીવોમાં જ્ઞાનગુણ નિરંતર વિદ્યમાન દેખાય છે તથા જીવ વિના એ જ્ઞાનગુણના કિરણની રેખા બીજા કોઈ દ્રવ્યમાં શોધતાં પણ મળી શકશે નહીં. કેમકે જ્ઞાન એ જીવનો વિશેષ ગુણ અથવા અસાધારણ ગુણ છે. ।।૬।।

**કર્મતણા સંબંધથી જીવ અશુદ્ધ જણાય,**
**તત્ત્વોની શ્રદ્ધા થયે કર્મ-કલંક હણાય. ૭**

**અર્થ :—** કર્મોના સંબંધને કારણે જ જીવ અશુદ્ધ જણાય છે.

**"કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ; કર્મ રૂપ મલકે ટલે, ચેતન સિદ્ધ સરૂપ"** -આલોચનાદિ પદસંગ્રહ

જીવાદિ નવેય તત્ત્વોનું શ્રદ્ધાન થવાથી પોતાના કર્મકલંક પણ નાશ પામવા લાગે છે.

**"જીવ જૂદા પુદ્ગલ જૂદા, યહી તત્ત્વકા સાર;**
**અન્ય સભી વ્યાખ્યાન ભી, યાહી કા વિસ્તાર."** ।।૭।।

**અજીવ પાંચ પ્રકારનાં : [૧]પુદ્ગલ પરિચિત નિત્ય,**
**સ્પર્શ, રૂપ, રસ, ગંધ ગુણ; શબ્દો સ્કંધ અનિત્ય. ૮**

હવે અજીવ દ્રવ્યના પાંચ ભેદ સમજાવે છે.

**અર્થ :—** વિશ્વમાં રહેલ અજીવ તત્ત્વો પાંચ પ્રકારના છે. તેમાં પહેલું અજીવ તત્ત્વ પુદ્ગલ છે. તે

તો જીવને નિત્ય પરિચિત છે. સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ તેના અસાધારણ ગુણો છે. તથા શબ્દ છે તે પુદ્ગલ પરમાણુના સ્કંધથી બને છે અને વિનાશ પામે છે. ॥૮॥

**પુદ્ગલના પરમાણુ મૂૅળ ઇન્દ્રિયથી ન ગ્રહાય;**
**સ્નિગ્ધ રુક્ષ ગુણ પરિણમ્યે અણુગણ બહુવિધ થાય. ૯**

**અર્થ :–** પુદ્ગલ દ્રવ્યના પરમાણુ અત્યંત સૂક્ષ્મ છે. તે રૂપી હોવા છતાં પણ ઇન્દ્રિય દ્વારા ગ્રહણ કરી શકાય એમ નથી. તે પુદ્ગલ પરમાણુમાં સ્નિગ્ધ એટલે ચીકણાપણાનો તથા રુક્ષ એટલે લૂખાપણાનો ગુણ હોવાથી તે એક બીજામાં પરિણમી અનેક પ્રકારના અણુગણ એટલે સ્કંધ બને છે. અનંત પુદ્ગલ પરમાણુનો સ્કંધ બને ત્યારે જ તે દૃષ્ટિગોચર થાય છે ત્યાં સુધી તે થતો નથી.

**જીૅવ પુદ્ગલ ગતિ કરીૅ શકે, [૨]ધર્મ-દ્રવ્ય જો હોય;**
**જેમ જળે મત્સ્યો ફરે મદદ ઉદાસીૅન જોય. ૧૦**

**અર્થ :–** હવે અજીવ દ્રવ્યનો બીજો ભેદ ધર્માસ્તિકાય છે. તેનું કાર્ય વર્ણવે છે :–

જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યો જ ગતિ કરી શકે, બીજા દ્રવ્યો નહીં. વિશ્વમાં ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય વિદ્યમાન છે. તેથી આ બે દ્રવ્યો ગતિ કરી શકે છે. જેમ જળમાં મત્સ્યો એટલે માછલાઓ ફરે છે તેમાં તેમને ચાલવામાં ઉદાસીન સહાયક તે જળ છે. જળ ન હોય તો તે માછલાઓ ગતિ કરી શકે નહીં. તેમ જીવ અને પુદ્ગલ દ્રવ્યને વિશ્વમાં ગતિ કરવામાં ધર્માસ્તિકાય દ્રવ્ય ઉદાસીન સહાયક છે. ॥૧૦॥

**જીૅવ પુદ્ગલ સ્થિર થાય છે [૩]અધર્મ-દ્રવ્યનીૅ માંય,**
**મદદ ઉદાસીૅન પામીૅ તે; જેમ પથિક લહીૅ છાંય. ૧૧**

હવે અજીવ દ્રવ્યનો ત્રીજો પ્રકાર અધર્માસ્તિકાય છે તે જણાવે છે :–

**અર્થ :–** જીવ અને પુદ્ગલ દ્રવ્ય જ્યાં સ્થિર થાય છે તેમાં પણ અધર્માસ્તિકાય દ્રવ્ય ઉદાસીન સહાયક છે. જેમ પથિક એટલે મુસાફર પણ ચાલતા ચાલતા ઝાડની છાયા જોઈને વિશ્રામ કરે છે, તેમાં પણ અધર્માસ્તિકાય દ્રવ્યની ઉદાસીનપણે સહાયતા છે. ॥૧૧॥

**દ્રવ્યો ક્ષણ ક્ષણ પરિણમે, તેમાં કારણ[૪] કાળ;**
**કાળ-અણુ ત્રણ લોકમાં પ્રતિ પ્રદેશ નિહાળ. ૧૨**

હવે અજીવ દ્રવ્યનો ચોથો ભેદ તે કાળ દ્રવ્ય છે તેનું સ્વરૂપ જણાવે છે :–

**અર્થ :–** છએ દ્રવ્યો સમયે સમયે પરિણમન કરે છે તેમાં પણ કાળ કારણરૂપ છે. કાળદ્રવ્ય વિશ્વમાં ન હોય તો બીજા દ્રવ્યોનું પરિણમન થઈ શકે નહીં. ઉર્ધ્વ, અધો અને મધ્ય એમ ત્રણે લોકના લોકાકાશના પ્રતિ પ્રદેશે એક એક કાળાણું રહેલ છે એમ તું જાણ. તેને નિશ્ચયકાળ કહેવામાં આવે છે. વ્યવહારકાળના પ્રવર્તનમાં નિશ્ચયકાળદ્રવ્ય ઉદાસીન સહાયક છે. ॥૧૨॥

**સૌને જે અવકાશ દે, તે [૫]આકાશ અનંત;**
**પાંચ અજીૅવ સહ જીવ એ દ્રવ્ય છ સત્તાવંત. ૧૩**

હવે અજીવ દ્રવ્યનો પાંચમો ભેદ તે આકાશાસ્તિકાય છે. તેનું સ્વરૂપ સમજાવે છે :–

**અર્થ :–** જે બીજા સર્વ દ્રવ્યોને રહેવા માટે અવકાશ આપે છે તે આકાશાસ્તિકાય કહેવાય છે. તે

આકાશ અનંત પ્રદેશી છે. ઉપરોક્ત પાંચ અજીવ દ્રવ્યો સાથે જીવ દ્રવ્યને જોડતા કુલ છ દ્રવ્યો વિશ્વમાં વિદ્યમાન છે. એ છએ પોતપોતાની સત્તા ધરાવે છે. છએનું અસ્તિત્વ ભિન્ન ભિન્ન છે. કોઈ દ્રવ્ય પોતાની સત્તા ખોઈને બીજા સાથે કદી પણ મળી શકે નહીં; એ દ્રવ્યોનો સ્વાભાવિક ગુણ છે. ।।૧૩।।

**શિવપદ જીંવ ભૂલી ગયો, રહ્યો કર્મને સંગ,**
**સંગ અનાદિ કાળનો, ટળ્યે થવાય અસંગ. ૧૪**

**અર્થ :–** જીવ પોતાના શિવપદ એટલે મુક્તપદને અર્થાત્ પોતે સર્વ કર્મોથી મુક્ત થઈ શકે છે એવા શુદ્ધ આત્મપદને ભૂલી ગયો છે. કારણ કે અનાદિથી જીવને કર્મનો સંગ સદા રહેલ છે. તે અનાદિકાળના કર્મસંગને ટાળવાથી જ જીવ પોતાના અસંગ શુદ્ધ આત્મસ્વરૂપને પામી શકે છે. ।।૧૪।।

**કર્મ-સંતતિ હેતુને સમજી કરો ઉપાય;**
**બીંજ બાળ્યે તરુ-સંતતિ તુર્ત જ અટકી જાય. ૧૫**

**અર્થ :–** કર્મ-સંતતિ એટલે કર્મોની પરંપરા જે અનાદિથી ચાલી આવે છે તેનું કારણ શું છે? તે સમજીને તે કારણોને દૂર કરવાનો ઉપાય કરવો જોઈએ. જેમ ઝાડનું બીજ બાળી નાખવાથી તે ઝાડ દ્વારા નવા બીજવડે થતી અનંત ઝાડની સંતતિ તુર્ત જ અટકી જાય છે. તેમજ કર્મોના મૂળને બાળી નાખવાથી તે કર્મોની સંતતિ અર્થાત્ પરંપરા તે પણ સહજે અટકી જાય છે.

**"જીવને બંધનના મુખ્ય હેતુ બે : રાગ અને દ્વેષ. રાગને અભાવે દ્વેષનો અભાવ થાય. રાગનું મુખ્યપણું છે. રાગને લીધે જ સંયોગમાં આત્મા તન્મયવૃત્તિમાન છે. તે જ કર્મ મુખ્યપણે છે.**

**જેમ જેમ રાગદ્વેષ મંદ, તેમ તેમ કર્મબંધ મંદ અને જેમ જેમ રાગદ્વેષ તીવ્ર, તેમ તેમ કર્મબંધ તીવ્ર. રાગદ્વેષનો અભાવ ત્યાં કર્મબંધનો સાંપરાયિક અભાવ.**

**રાગદ્વેષ થવાનું મુખ્ય કારણ—મિથ્યાત્વ એટલે અસમ્યક્દર્શન છે.**

**સમ્યક્જ્ઞાનથી સમ્યક્દર્શન થાય છે. તેથી અસમ્યક્દર્શન નિવૃત્તિ પામે છે.**

**તે જીવને સમ્યક્ચારિત્ર પ્રગટે છે, જે વીતરાગદશા છે.**

**સંપૂર્ણ વીતરાગદશા જેને વર્તે છે તે ચરમશરીરી જાણીએ છીએ."** (વ.પૃ.૮૧૯) ।।૧૫।।

**કર્મ-પ્રવાહ વહી રહ્યો નદીંજળ પામી ઢાળ,**
**સમુદ્ર-સપાટી પાર્મીને પછીં નહિ વહે નિહાળ. ૧૬**

**અર્થ :–** નદીનું જળ ઢાળ પામીને તે તરફ વહે છે. તેમ શુભાશુભભાવને કારણે કર્મનો પ્રવાહ પણ વહી રહ્યો છે. સમુદ્રની સપાટી પામી પછી નદીનું જળ વહેતું નથી. તેમ જીવમાં શુદ્ધભાવ ઊપજ્યે કર્મનો પ્રવાહ પણ વહેતો નથી. ।।૧૬।।

**તેમ જ શુંભ-અશુંભ બે જીંવ-ભાવો ગણ ઢાળ,**
**પુણ્ય-પાપરૂપ કર્મનો વહે પ્રવાહ, નિહાળ. ૧૭**

**અર્થ :–** જીવના શુભ અશુભ બે ભાવોને તું ઢાળ સમાન જાણ. તેથી પુણ્ય અને પાપરૂપ કર્મનો પ્રવાહ તે તરફ વહે છે. ।।૧૭।।

**પુદ્ગલ-અણુ મળીં વર્ગણા બને અનેક પ્રકાર;**
**જીવ-વિભાવ નિમિત્તથી વહે જીંવ ભણી, વિચાર. ૧૮**

**અર્થ :—** પુદ્ગલ પરમાણુ ભેગા મળીને અનેક પ્રકારની વર્ગણાઓ બને છે. જેમકે આહારકવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા, કાર્મણવર્ગણા આદિ અનેક છે. તે જીવના રાગદ્વેષરૂપ વિભાવ ભાવોના નિમિત્તને પામી જીવ ભણી વહેવા લાગે છે. ।।૧૮।।

**આવે જે જે વર્ગણા [3]આસ્રવ અજીૅવ ગણાય;**
**જીવ-આસ્રવ વિભાવરૂૅપ ત્રીજું તત્ત્વ ભણાય. ૧૯**

**અર્થ :—** જે જે વર્ગણાઓ જીવ ભણી ખેંચાઈને આવે છે તેને અજીવ આસ્રવ તત્ત્વ ગણવામાં આવે છે. તથા જીવના રાગદ્વેષરૂપ વિભાવ પરિણામ જે આ વર્ગણાઓને જીવ ભણી લાવવામાં નિમિત્તરૂપ છે તેને જીવ-આસ્રવ નામનું ત્રીજું તત્ત્વ કહેવામાં આવે છે. ।।૧૯।।

**વિભાવ પાંચ પ્રકારનો : કર્મ-કમળથી વાવ;**
**યોગ[1], કષાય[2], પ્રમાદ ને[3] અવિરતિ[4], [5]મિથ્યા ભાવ. ૨૦**

**અર્થ :—** કર્મ આવવામાં કારણરૂપ જીવના રાગદ્વેષમય વિભાવના પાંચ પ્રકાર છે. તે કર્મરૂપી કમળને વિકસાવવામાં પાણીની વાવ સમાન છે. તે નીચે પ્રમાણે છે :—

(૧) યોગ, (૨) કષાય, (૩) પ્રમાદ, (૪) અવિરતિ અને (૫) મિથ્યાત્વ છે. સૌથી મોટું પાપ મિથ્યાત્વ છે. સમકિત પ્રગટ્યે મિથ્યાત્વનો નાશ હોય છે. પછી અવિરતિ જાય છે, પછી પ્રમાદ અને કષાયનો નાશ થાય છે. અંતમાં મનવચનકાયાના યોગ પણ છૂટી જઈ આત્મા પોતાની સિદ્ધદશાને પામે છે. ।।૨૦।।

**અજીવ આસ્રવના ઘણા ભેદ ભણે જિનભૂપ;**
**મુખ્ય આઠે ય કર્મને યોગ્ય વર્ગણારૂપ. ૨૧**

**અર્થ :—** કર્મોની વર્ગણાઓને આવવારૂપ અજીવ આસ્રવના ઘણા ભેદ છે, એમ જિનભૂપ એટલે જિનોમાં રાજા સમાન જિનેશ્વર ભગવાન કહે છે. જ્ઞાનાવરણીયાદિ મુખ્ય આઠ કર્મ છે. તેમાં કર્મને યોગ્ય બધી વર્ગણાઓ આવી સમાઈ જાય છે. ।।૨૧।।

**પાંચ વિભાવે જીૅવ રમે, જીવ-બંધ[4] ગણ એ જ;**
**આઠે કર્મ અજીવ-બંધ, ચાર ચાર ભેદે જ. ૨૨**

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ વિભાવભાવોમાં જીવની રમણતા હોવાથી જીવને કર્મનો બંધ થાય છે. તેને જીવ બંધ નામનું ચોથું તત્ત્વ ગણવામાં આવે છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, નામ, ગોત્ર, આયુષ્ય અને વેદનીય એ આઠ કર્મના મુખ્ય પ્રકાર છે. જીવના વિભાવભાવોનું નિમિત્ત પામી આઠેય કર્મોને યોગ્ય વર્ગણાઓનું જીવ સાથે ચોંટી જવું તેને અજીવ-બંધ કહેવામાં આવે છે. તે આઠેય કર્મોનો બંધ ચાર ચાર પ્રકારે થાય છે. તે ચાર પ્રકાર (૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિબંધ, (૩) અનુભાગ બંધ તથા (૪) પ્રદેશબંધ છે.

**પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ ને પ્રદેશ-બંધ વિચાર :**
**પ્રકૃતિ, પ્રદેશ યોગથી, શેષ કષાયે ધાર. ૨૩**

**અર્થ :—** (૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિબંધ, (૩) અનુભાગ અને (૪) પ્રદેશબંધ તેનો વિચાર કરો.

**(૧) પ્રકૃતિબંધ :-** કર્મરૂપે પરિણમવા યોગ્ય કાર્મણ વર્ગણાઓ, જે કર્મની પ્રકૃતિરૂપે પરિણમે છે તેને પ્રકૃતિબંધ કહેવામાં આવે છે.

**(૨) પ્રદેશબંધ :-** પ્રત્યેક સમયે જીવ જેટલા પુદ્ગલ પરમાણુઓને કર્મરૂપે ગ્રહણ કરે છે તેટલા પ્રમાણને પ્રદેશબંધ કહેવામાં આવે છે.

**(૩) સ્થિતિબંધ :-** કર્મરૂપે પરિણમેલા પુદ્ગલ પરમાણુઓના સ્કંધો કેટલા કાળ સુધી આત્મા સાથે જોડાયેલા રહેશે તે પ્રમાણને સ્થિતિબંધ કહે છે.

**(૪) અનુભાગબંધ :-** રાગાદિના નિમિત્તથી જે પુદ્ગલ વર્ગણાઓ કર્મરૂપે બનેલ છે, તેમાં એવી શક્તિ હોય છે કે તે કર્મોનો ઉદયકાળ આવ્યે જીવના જ્ઞાનાદિ ગુણોનો થોડો ઘણો પણ ઘાત કરે.

કર્મ બંધાતી વખતે જીવના તીવ્ર કે મંદ કષાયભાવ અનુસાર કર્મોમાં એવી શક્તિનું રોપાવું તેને અનુભાગબંધ કહેવામાં આવે છે. ઉપરોક્ત પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ તે મન વચન કાયાના યોગથી પડે છે તથા બાકીનો સ્થિતિબંધ અને અનુભાગબંધ તે જીવના કષાયભાવોથી પડે છે. ।।૨૩।।

**તજી અનાદિ વિભાવ જીઁવ નિજભાવે સ્થિર થાય,**
**જીઁવ[૫]-સંવર રૂઁપ તત્ત્વ તે; ત્યાં આસ્રવ રોકાય. ૨૪**

**અર્થ :—** જીવ પોતાનો અનાદિ વિભાવ તજી દઈ આત્મસ્વભાવે સ્થિર થાય તેને પાંચમું જીવ સંવર નામનું તત્ત્વ કહેવામાં આવે છે. તેથી આવતા કર્મોનો આસ્રવ રોકાઈ જાય છે. ।।૨૪।।

**કર્મ-વર્ગણા જીઁવ ભણી હવે વહે નહિ, તે જ —**
**અજીવ-સંવર જાણજો, સમતા ભાવ વડે જ. ૨૫**

**અર્થ :—** આત્માના સમતાભાવવડે જીવ-સંવર થવાથી કર્મોની વર્ગણાઓ પણ જીવ ભણી હવે વહેતી નથી. તેને જ અજીવ સંવર જાણવો. ।।૨૫।।

**વ્રત, સમિ॑તિ, ગુપ્તિ, યતિ-ધર્મ, ભાવના બાર,**
**પરિષહ-જય, ચારિત્ર એ જીઁવ-સંવર વિ॑ચાર. ૨૬**

હવે જીવ-સંવર શાથી થાય છે તેના કારણો જણાવે છે :—

**અર્થ :—** સમ્યગ્દર્શન સહિત પાંચ મહાવ્રત કે અણુવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ઉત્તમ ક્ષમાદિ દશ યતિધર્મ, અનિત્યાદિ બાર ભાવનાઓ, બાવીસ પરિષહ જય, તથા દેશ સંયમ કે સર્વ સંયમરૂપ ચારિત્ર એ સર્વ સાધનો, આવતા કર્મોને રોકે છે. તેથી જીવ-સંવર થાય છે. એમ વિચારી તે પ્રમાણે વર્તવા પુરુષાર્થ કરવો. ।।૨૬।।

**જીઁવ ભાવે : 'હું એકલો, શુદ્ધ ચેતના રૂપ,**
**નિર્મમ, કેવળજ્ઞાનરૂઁપ, દ્રષ્ટા, પૂર્ણ સ્વરૂપ;' ૨૭**

હવે જીવ નિર્જરા પ્રાપ્ત કરવા માટેની ભાવના દર્શાવે છે :—

**અર્થ :—** જીવ પોતાના શુદ્ધ સ્વભાવને પામવા માટે એવી ભાવના ભાવે છે કે 'હું એકલો છું, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, નિર્મમ છું અર્થાત્ મારું આ જગતમાં કંઈ નથી, કેવળજ્ઞાન સ્વરૂપ છું, જ્ઞાતાદૃષ્ટા સ્વભાવવાળો છું અને પૂર્ણ સ્વરૂપ છું. અનંત જ્ઞાનદર્શન સુખવીર્યનો સ્વામી છું.

મારા સ્વરૂપમાં કોઈ પ્રકારની ખામી નથી. એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય છે. ।।૨૭।।

**તન્મય શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા જીંવની થાય,**
**જીવ[૬]-નિર્જરા જાણ ત્યાં પૂર્વ-કર્મ ઝરી જાય. ૨૮**

**અર્થ :—** એમ આત્મભાવના કરતાં જ્યારે શુદ્ધસ્વભાવમાં તન્મય થઈને જીવની સ્વરૂપમાં સ્થિરતા થાય, તેને છઠ્ઠુ તત્ત્વ જીવ-નિર્જરા કહેવામાં આવે છે. ત્યાં પૂર્વે કરેલા કર્મો પણ ઝરવા માંડે છે. ।।૨૮।।

**ઝરે કર્મ એવા ક્રમે, અજીંવ-નિર્જરા એ જ;**
**સર્વ કર્મ ક્ષય થાય તે અજીંવ-મોક્ષ ગણી લે જ. ૨૯**

**અર્થ :—** ઉપર પ્રમાણે આત્મભાવના ભાવતાં કર્મો ઝરવાનો અર્થાત્ પુદ્ગલના બનેલા કર્મોની નિર્જરાનો ક્રમ શરૂ થાય છે, તેને અજીવ-નિર્જરા કહેવામાં આવે છે. જ્યારે ઉપરોક્ત ક્રમવડે સર્વ કર્મોનો સર્વથા ક્ષય થાય છે, તેને અજીવ-મોક્ષ ગણવામાં આવે છે. ।।૨૯।।

**શુદ્ધ સ્વરૂપે સ્થિરતા ટકતી કાળ અનંત,**
**જીવ મોક્ષ[૭] સમજો, જનો; ભજે સિદ્ધ ભગવંત. ૩૦**

**અર્થ :—** સર્વ કર્મોના સંપૂર્ણ ક્ષય વડે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં અનંતકાળ સુધી જે સ્થિરતા ટકી રહે છે તેને સાતમું જીવ-મોક્ષ નામનું તત્ત્વ કહેવામાં આવે છે. તે સંપૂર્ણ શુદ્ધ આત્મસ્વભાવની સ્થિરતાને સિદ્ધ ભગવંતો સદા ભજી રહ્યા છે અર્થાત્ અનુભવી રહ્યા છે. ।।૩૦।।

**શુભભાવક જીંવ, [૮]પુણ્ય જો; અશુભભાવી જીંવ [૯]પાપ,**
**દ્રવ્યકર્મરૂપ અજીંવ બે; ફળ ગણ સુખ-સંતાપ. ૩૧**

**અર્થ :—** જીવના શુભભાવને આઠમું તત્ત્વ જીવ-પુણ્ય નામે અને જીવના અશુભભાવને નવમું તત્ત્વ જીવ-પાપ નામે ઓળખવામાં આવે છે. શુભ અશુભ ભાવોના કારણે દ્રવ્યકર્મનું આવવું, તે બેયને અજીવ-પુણ્ય અને અજીવ-પાપ કહેવામાં આવે છે. એ પુણ્ય પાપના ફળો ક્રમશઃ શાતા સુખરૂપે અને અશાતાના સંતાપરૂપે આવે છે. ।।૩૧।।

**નવે તત્ત્વની વાત આ કહી સંક્ષેપે સાવ,**
**વિચારજો વિસ્તારથી કરવા સમ્યક્ ભાવ. ૩૨**

**અર્થ :—** પ્રયોજનભૂત આ નવેય તત્ત્વની વાત અહીં સાવ સંક્ષેપમાં કહેવામાં આવી છે. તેને જ્ઞાનીપુરુષોના બીજા ઉપદેશવડે કે સત્શાસ્ત્રો દ્વારા વિસ્તારથી વિચારજો. જેથી જીવની, મિથ્યા માન્યતાઓ ટળી જશે અને સમ્યક્ભાવો ઉત્પન્ન થઈ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થશે.

**'સર્વ ક્લેશથી અને સર્વદુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.'** (વ.પૃ.૪૫૧)

---

જે જીવ, નવ તત્ત્વના સ્વરૂપને યથાર્થ જાણે છે, તે જીવ સાર્વજનિક એટલે જગત જનતાનું વાસ્તવિક શ્રેય અર્થાત્ હિત કરી શકે. આ પાઠમાં સંસારી જીવોનું હિત શામાં રહેલું છે તે શ્રેય અને પ્રેયના સંવાદરૂપે સમજાવે છે, કે જેથી જીવ સંસારના રંગબેરંગી ભૌતિકસુખમાં ભૂલો નહીં પડીને, પોતાના આત્માનું કલ્યાણ કરે.

(૩૫)

## સાર્વજનિક શ્રેય

(રાગ-હાંરે મારે ધર્મ જિણંદશુ લાગી પૂરણ પ્રીત જો, જીવલડો લલચાણો જિનજીની ઓળગે રે લો)

*





**હાંરે વ્હાલા રાજચંદ્ર ગુરુ જ્ઞાનીમાં મન જાય જો,**
**ત્રિભુવન-જનનું શ્રેય ઉરે જે ધારતા રે લો.**
**હાંરે તેને ચરણે નમતાં કળિમળ પાપ કપાય જો,**
**શરણાગતનાં કારજ સઘળાં સારતા રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** હાંરે વ્હાલા રાજચંદ્ર ગુરુ જ્ઞાની ભગવંત પ્રત્યે મારું મન આકર્ષાય છે, કેમકે ત્રણેય લોકના જીવોનું શ્રેય એટલે કલ્યાણ કરવાનો ભાવ જેના હૃદયમાં સદાય વિદ્યમાન છે. એ વિષે એક પત્રમાં તેઓશ્રી જણાવે છે કે–

**"જૈનમાર્ગમાં પ્રજા પણ ઘણી થોડી રહી છે, અને તેમાં સેંકડો ભેદ વર્તે છે, એટલુ જ નહીં પણ 'મૂળમાર્ગ'ની સન્મુખની વાત પણ તેમને કાને નથી પડતી, અને ઉપદેશકના લક્ષમાં નથી, એવી સ્થિતિ વર્તે છે. તેથી ચિત્તમાં એમ આવ્યા કરે છે કે જો તે માર્ગ વધારે પ્રચાર પામે તો તેમ કરવું, નહીં તો તેમાં વર્તતી પ્રજાને મૂળલક્ષપણે દોરવી. આ કામ ઘણું વિકટ છે. વળી જૈનમાર્ગ પોતે જ સમજવો તથા સમજાવવો કઠણ છે. સમજાવતાં આડાં કારણો આવીને ઘણા ઊભા રહે તેવી સ્થિતિ છે. એટલે તેવી પ્રવૃત્તિ કરતાં ડર લાગે છે. તેની સાથે એમ પણ રહે છે કે જો આ કાર્ય આ કાળમાં અમારાથી કંઈ પણ બને તો બની શકે; નહીં તો હાલ તો મૂળમાર્ગ સન્મુખ થવા માટે બીજાનું પ્રયત્ન કામ આવે તેવું દેખાતું નથી. ઘણું કરીને મૂળમાર્ગ બીજાના લક્ષમાં નથી, તેમ તે હેતુ દૃષ્ટાંતે ઉપદેશવામાં પરમશ્રુત આદિ ગુણો જોઈએ છે, તેમ જ અંતરંગ કેટલાક ગુણો જોઈએ છે, તે અત્ર છે એવું દૃઢ ભાસે છે."** (વ.પૃ.૫૧૭)

પરમકૃપાળુદેવના ચરણકમળમાં ભાવપૂર્વક પ્રણામ કરતા અર્થાત્ તેમની આજ્ઞાને ઉપાસતાં કળિમળ એટલે વિષયકષાયરૂપ મળ જે પાપરૂપ છે તેને ધોઈ શકાય છે. તથા જેણે એમનું શરણ ગ્રહણ કર્યું છે તેના સઘળા કાર્ય ભક્તિના બળે સિદ્ધ થાય છે. **"જ્ઞાનીપુરુષના વચનનો દૃઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે."** (વ.પૃ.૪૪૭) ।।૧।।

**હાંરે સુણો : શ્રેય, પ્રેય બે હોડે ચઢ્યાં સંભળાય જો,**
**તુમ વિણ ન્યાય કરે કહો, કોણ એ બેયનો રે લો.**
**હાંરે જાુઓ રાજસભામાં સૌ સજ્જન સન્મુખ જો**
**શ્રેય, પ્રેય નિજ પક્ષ-ગુણો કહી દેય, જો રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** શ્રેય એટલે આત્મકલ્યાણને ઇચ્છવાવાળો આત્માર્થી જીવ અને પ્રેય એટલે સંસારસુખને ઇચ્છવાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ, આ બેય હોડે ચઢ્યા છે એમ વાયકા સંભળાય છે. પણ હે નાથ! તમારા વિના એ બેયનો ન્યાય કોણ કરી શકે. હવે રાજસભામાં આવી સર્વ સજ્જનોની સન્મુખ શ્રેય અને પ્રેય બન્ને પોતાના પક્ષના ગુણો કહેવા લાગ્યા. ।।૨।।

**હાંરે ત્યાં પ્રેય પ્રથમ કહે : ''મુજ વિસ્તાર વિશેષ જો;**
**જગનાયક પ્રભુ, જોજો સૌના ભાવને રે લો.**
**હાંરે જુઓ, કર્ણ ચહે છે પ્રિય વચન, સંગીત જો;**
**નેત્ર ચહે પ્રિય ચકમકતા દેખાવને રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** સંસારના ભૌતિક સુખની પ્રીતિવાળો પ્રેય પ્રથમ કહેવા લાગ્યો કે આ જગતમાં મારો ફેલાવ વિશેષ છે. હે જગનાયક પ્રભુ! આપ સૌના ભાવને જુઓ, સૌ મને જ ઇચ્છે છે. કાન છે તે પ્રિય વચન કે સંગીત સાંભળવાને ઇચ્છે છે, નેત્રેન્દ્રિય છે તે જગતમાં રહેલા ભૌતિક જડ પદાર્થોના ચકમકતા દેખાવને ઇચ્છે છે, અર્થાત્ વસ્તુઓના રૂપ, રંગ, કપડાં, અલંકાર, ઘર આદિને જોઈ બધા મોહ પામે છે. ।।૩।।

**હાંરે કોણ સુગંધ સૂંઘી નહિ થાતા પ્રસન્ન જો?**
**રસોઈના રસ રસિક જનો સૌ જાણતા રે લો;**
**હાંરે ગુહ્ય સ્પર્શ-સુખોને ક્હેતાં આવે લાજ જો,**
**એ જ મનોહર ભાવ જગત-જીવ માણતા રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** નાસિકા સુગંધીને ચાહે છે. અત્તર, ફુલ વગેરેની સુગંધને સૂંઘી કોણ પ્રસન્ન થતા નથી? સ્વાદિષ્ટ રસોઈના રસ ભોજન રસિકો સૌ જાણે છે અને તે વાનગીઓને આરોગી આનંદ માણે છે.

**''શાંતરસમય ધર્મ–કષાયરહિત આત્માની પરિણતિ એ ખરો અમૃત જેવો રસ છે. બીજા રસથી ઉદાસ થાય તો એ રસ મળે.''** -મોક્ષમાળા વિવેચન (પૃ.૨૩૫)

તથા ગુપ્ત સ્પર્શેન્દ્રિયના કહેવાતા સુખોને તો ઉચ્ચારતાં પણ લાજ આવે છે. એમ પાંચે ઇન્દ્રિયોના વિષયભાવોને જ મનોહર માની જગતના જીવો આનંદમાં ગરકાવ થઈને રહે છે. ।।૪।।

**હાંરે જુઓ, વન ઉપવનને રાજવિલાસ અનેક જો;**
**પુર પાટણ કે દેવ-દેવી-દરબારમાં રે લો;**
**હાંરે જુઓ, ખૂણેખાંચરે વર્તે મારી આણ જો,**
**મારે માટે મથતાં સૌ સંસારમાં રે લો.'' હાંરે વ્હાલા૦**

**અર્થ :–** વનમાં રહેલા પ્રાણીઓની પણ એ જ ઇચ્છા છે. ઉપવન એટલે બગીચાઓમાં નેત્રેન્દ્રિય આદિ વિષયોને પોષવા માટે લોકો જાય છે. તેમજ સર્વ સંસારી જીવો રાજા જેવા વિલાસને ઇચ્છે છે. અથવા સર્વ રાજા મહારાજાઓ પણ તેમાં મશગુલ છે. નગરમાં જાુઓ કે ગામમાં જાુઓ, કે વળી દેવદેવીઓના દરબારમાં જાુઓ ત્યાં પણ લોકો ઇન્દ્રિયસુખની ઇચ્છાથી ધન, સ્ત્રી, પુત્રાદિ મેળવવાની કામના બુદ્ધિથી આવે છે. અથવા દેવ દેવીઓના વિમાનમાં પણ ઇન્દ્રિયસુખની જ ભરમાર છે.

એમ જગતમાં સર્વત્ર ખુણે ખાંચરે મારી જ આજ્ઞા વર્તે છે. તથા પાંચ ઇન્દ્રિયોના સુખો મેળવવા માટે જગતમાં સર્વ જીવો મહેનત મજૂરી કરી રહ્યા છે. એમ ભૌતિક સુખના રસિક એવા પ્રેયે પોતાની વાત રાજસભા સમક્ષ પ્રગટ કરી. ।।૫।।

**હાંરે હવે શ્રેય કહે : ''બહુ લોક ગરીબ જગમાંહિ જો,**
**તેથી શું ગરીબાઈ વિશેષ વધી જતી રે લો?**

**હાંરે ભલે અંધારી રાતે બહુ તારા હોય જો,**
**તેથી શું તારા-તેજ રવિથી ચઢે અતિ રે લો? હાંરે વ્હાલા૦**

**અર્થ :—** હવે આત્મકલ્યાણનો ઇચ્છુક એવો શ્રેય પોતાની વાત રાજસભામાં રજુ કરે છે :—

જગતમાં ગરીબ લોકો ઘણા છે. તેથી શું ગરીબાઈની વિશેષતા ગણાય છે? અર્થાત્ તે આદરવા યોગ્ય મનાય છે? જેમ જગતમાં મુસલમાન કે ખ્રિસ્તી કે સ્વામીનારાયણ ધર્મને માનનારા લોકો ઘણા હોય તેથી તે જ ધર્મ સાચો અને બીજા ખોટા એક કેમ કહી શકાય. અંધારી રાત્રિએ ઘણા તારા દેખાય તેથી શું તેનું તેજ સૂર્ય કરતાં વધી જાય છે? નહીં. તેમ ભલે થોડા હોય પણ સત્ય તે સત્ય જ છે. ।।૬।।

**હાંરે પ્રભુ, પ્રેય સમો ઠગ જગમાં નહિ દેખાય જો,**
**મૃગજળ સમ તે હરણ-મરણને સાધતો રે લો;**
**હાંરે જુઓ, સંગીતની પ્રિયતાથી મૃગ લોભાય જો,**
**શિકારીના શરથી પ્રાણ ગુમાવતો રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** હે નાથ! આ સંસારમાં સુખ છે એમ ઉપરથી બતાવનાર આ પ્રેય સમાન બીજો કોઈ ઠગ આ જગતમાં દેખાતો નથી. જેમ મૃગજળને લેવા દોડી હરણ મરણને શરણ થાય છે. તેમ ઇન્દ્રિયોના ભોગોમાં બહુ સુખ છે એમ માનીને સંસારી પ્રાણી પણ તેમાં જ ફસાઈ જઈ આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ ત્રિવિધ તાપાગ્નિને જ ભોગવે છે. જેમકે કાનને સંગીત પ્રિય છે. પણ હરણ સંગીતની પ્રિયતાને કારણે લોભાય છે અને શિકારીના સર એટલે બાણથી પોતાના પ્રાણ પણ ગુમાવી દે છે. ।।૭।।

**હાંરે કેવું દીપક દેખી પતંગ-મન ખેંચાય જો,**
**ઝગમગતી જ્યોતિમાં પડી બળી મરે, અરે! રે લો;**
**હાંરે કોરે કાષ્ઠ ભ્રમર પણ કમળ-સુગંધે લીન જો,**
**કમળ બિડાતાં કેદ સહી ગજમુખે મરે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** દીપકને જોઈ પતંગીયાનું મન પણ તે તરફ આકર્ષાય છે અને આશ્ચર્ય છે કે તેની ઝગમગતી જ્યોતમાં વારંવાર પડી તે મરી જાય છે. વળી ભમરો જે કાષ્ઠ એટલે લાકડાને પણ કોતરી શકે તેવો હોવા છતાં, કમળપુષ્પની સુગંધીમાં લીન થઈ જવાથી કમળ બિડાતા તેમાં જ કેદી સમાન બની બીડાઈને રહે છે. પછી હાથી આવીને કમળને તોડી ખાય ત્યારે હાથીના મુખમાં મરણ પામે છે.

**"પતંગિયું, માછલી આદિ એક એક વિષયને આધીન તીવ્રતાને લીધે મરણને પામે છે, તો આપણે પાંચ ઇન્દ્રિયો છે તેનો તીવ્રપણે ઉપયોગ થાય તો શી દશા થાય? માટે ઇન્દ્રિયોના પ્રવર્તન વખતે વિચારપૂર્વક રહેવું. આ જીવનું ભૂંડુ કરનાર ઇન્દ્રિયો છે."** -બોધામૃત ભાગ-૧ (પૃ.૩) ।।૮।।

**હાંરે ભલા એકલશૃંગી મુનિ રસવશ લપટાય જો,**
**તપસી લપસી રામબનેવી બની ગયા રે લો;**
**હાંરે સ્ત્રી-રત્નની લટ સ્પર્શી સંભૂતિ-પાય જો,**
**મોક્ષમાર્ગ ભૂલી નરકગામી ચક્રી થયા રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** એકલશૃંગી મુનિ રસને વશ થવાથી વાસનામાં લપટાઈ ગયા. તપશ્ચર્યા કરનારા તપસી પણ જિહ્વા ઇન્દ્રિયને વશ થવાથી લપસી જઈને રામના બનેવી બની ગયા.

**મંગૂસૂરિ** પણ રસનાની લંપટતાના કારણે મરીને ગામના ગટરની પાસેના મંદિરમાં યક્ષ બન્યા.

**અષાડાભૂતિ મુનિ** પણ સુગંધી મોદકના રસમાં આસક્ત થવાથી નટડીના મોહમાં ફસાઈ ગયા અને ગામે ગામ નાટક કરવા લાગ્યા.

**સંભૂતિમુનિનું દૃષ્ટાંત :–** ચક્રવર્તીની પટરાણી જે સ્ત્રીરત્ન કહેવાય છે. તેણે સંભૂતિ વિજય મુનિના ચરણમાં નમસ્કાર કર્યા. તે વખતે તેના કોમળ ચોટલાના વાળનો સ્પર્શ થતાં મોક્ષમાર્ગને ભૂલી જઈ મુનિએ ચક્રવર્તીપદનું નિયાણું કરી લીધું. તેથી બ્રહ્મદત્ત ચક્રવર્તી બનીને સાત સો વર્ષનું આયુષ્ય ભોગવી અંતકાળે કુરુમતિ જે તેની પટરાણી હતી, તેના નામનું રટણ કરતો કરતો મરીને સાતમી નરકે ગયો. ત્યાં ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળો તે નારકી થયો. બ્રહ્મદત્ત ચક્રવર્તીને પોતાના મનુષ્યજન્મના સાતસો વર્ષનું વિષયસુખ શું ભાવ પડ્યું તેનો હિસાબ જણાવે છે. તે સ્થિર ચિત્તથી વિચારી ઇન્દ્રિયસુખોથી વૈરાગ્ય પામી આ સંસારથી શીઘ્ર નિવર્તવા યોગ્ય છે.

એક અંતર્મુહૂર્તના ૩૭૦૦ થી કંઈક અધિક શ્વાસોચ્છ્વાસ થાય છે. તેવા એક શ્વાસોચ્છ્વાસમાં જેટલું ઇન્દ્રિયસુખ ભોગવ્યું તેના બદલામાં ૧૧ લાખ ૫૮ હજાર પલ્યોપમનું લગભગ દુઃખ તેને ભોગવવાનું આવ્યું. તે પણ સાતમી નરકનું. હવે એક પલ્યોપમનો કાળ કેટલો? તો કે ચાર ગાઉ પહોળો, તેટલો જ લાંબો અને ઊંડો એવા ખાડામાં જુગલીઆના વાળના કટકા કરીને નાખે કે જે વાળનો બીજો કટકો થઈ શકે નહીં. એવા વાળથી ઠાંસી ઠાંસીને તે કુઆને ભરે. પછી દર સો સો વર્ષે તેમાંનો એક એક વાળ બહાર કાઢે. એમ કરતાં જ્યારે એ ખાડો ખાલી થાય તેટલા સમયને એક પલ્યોપમ કહેવામાં આવે છે. એવા દશ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ કહેવાય. એવા તેત્રીશ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય બ્રહ્મદત્ત ચક્રવર્તીને સાતમી નરકમાં ભોગવવાનું આવ્યું. આ બધા દુઃખનું કારણ પ્રેયની જ ઠગાઈ છે એમ શ્રેયે રાજસભામાં જણાવ્યું.

**"સપરસ રસના ઘ્રાનનકો, ચખ કાન વિષય સેવનકો;**
**બહુ કરમ કિયે મન માને, કછુ ન્યાય અન્યાય ન જાને."**

સ્પર્શન, રસના (જિહ્વા), ઘ્રાણ (નાસિકા), ચક્ષુ અને કાન એ પાંચ ઇન્દ્રિયોના વિષયોને મધુર માની મેં સેવ્યા, તેમ કરતાં મનમાન્યાં એટલે અત્યંત અનંત કર્મો મેં બાંધ્યા, ને ન્યાય કે અન્યાય, ખરું કે ખોટું કંઈ મેં જાણ્યું નહીં, કશાયની મેં પરવા કરી નહીં. -નિત્યનિયમાદિ પાઠ (પૃ.૨૮૨) ।।૯।।

**હાંરે કોઈ સદાચરણથી જીવ કમાયો હોય જો,**
**તેને પ્રેય ઠગ ભોળવી લૂંટી લે, ખરે! રે લો.**
**હાંરે 'વધુ જરૂરિયાતે થાય કમાણી વિશેષ' જો,**
**જગને જૂઠાં સત્યો શીખવી છેતરે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** કોઈ જીવે સદાચરણ સેવીને ઉત્તમ આત્મહિતની કમાણી કરી હોય તેને પણ આ પ્રેય ઠગ ભોળવીને તેનું જીવન બરબાદ કરી દે છે. ધમ્મિલ નામે શેઠ પુત્ર સદાચારી હતો, વૈરાગી હતો પણ વેશ્યાના સંગમાં આવવાથી ધર્મ, કર્મ, ઘરબાર બધું ભૂલી ગયો.

**"પાંચ ઇન્દ્રિયોને પોષવી નથી. આંખ મળી છે તે ભગવાનના દર્શન માટે છે. કાન મળ્યા છે તે ભગવાનનાં વચન શ્રવણ કરવા માટે. એમ દરેક ઇન્દ્રિયોને સવળી કરી નાખવી. ઇન્દ્રિયો છે તે જ્ઞાનદશાને રોકનારી છે. જ્ઞાનદશા થયા પછી એ જ ઇન્દ્રિયો મોક્ષના કામમાં આવે છે."** -બોધામૃત ભાગ-૧ (પૃ.૨૧૪)

જીવનમાં વધુ જરૂરિયાતો ઊભી કરીએ તો તે મેળવવા માટે જીવ વધારે પુરુષાર્થ કરે અને તેથી તેને વધારે કમાણી થાય છે. એવી જૂઠી દલીલોને સત્ય ઠરાવવા મથી જગતના જીવોને આ પ્રેય ઠગ છેતરી જાય છે. ।।૧૦।।

**હાંરે દઈ ઇન્દ્રિય-સુખની સામગ્રી સ-વિશેષ જો,**
**મોહરાયના જુલમની જડ પોષતો રે લો;**
**હાંરે ભલા લોક અજાણ્યા મોહ-મદિરા-મત્ત જો,**
**ઉંદર ફૂંકી જીવન-રુધિર તે ચૂસતો રે લો.'' હાંરે વ્હાલા૦**

**અર્થ :–** સંસારી જીવોને પાંચેય ઇન્દ્રિયસુખની વિશેષ વિશેષ સામગ્રી આપીને આ પ્રેય મોહરાજાના જુલમની જડને પોષી રહ્યો છે. બિચારા ભલા લોકો તો સાચા સુખના માર્ગથી અજાણ છે તથા મોહરૂપી દારૂના નશાથી ઉન્મત્ત થયેલા છે, તેથી તેમના જીવનરૂપી રુધિરને, વિષય લાલસારૂપી ઉંદર વડે ફૂંકી ફૂંકીને એ ચૂસી રહ્યો છે. ।।૧૧।।

**''હાંરે મારી નિંદા મૂકી, ગણાવ તારા ગુણ જો,''**
**પ્રેય કહે, ''નિર્ગુણ નિંદા વિણ શું બકે રે લો?**
**હાંરે તારી નજરે જો જરી સાર્વજનિક સુખ મુજ જો,**
**ઘુવડ સમ નહિ રવિ-કિરણો તું ગણી શકે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** હવે પ્રેય ગુસ્સે થઈ પોતાની ફરી દલીલો મૂકી શ્રેયને સભા સમક્ષ જવાબ આપે છે કે :–

હવે મારી નિંદા મૂકીને તારા જે ગુણ હોય તે ગણાવ. તું પોતે નિર્ગુણ હોવાથી પારકી નિંદા કર્યા વગર બીજું શું બકવાનો હતો? હું જે સર્વ લોકોને સુખ આપું છું તે જરા સ્થિર નજર કરીને નિહાળી જો. પણ તું તો ઘુવડ જેવો છું. તેથી સૂર્યના કિરણો કેટલા છે તે તું શું ગણી શકે? ।।૧૨।।

**હાંરે કેવી સુખ-સગવડ હું દિન દિન દઉં છું, દેખ જો;**
**સુંદર કપડાં મયૂર-કળા સમ દીપતાં રે લો.**
**હાંરે મારાં યંત્રો જાણે આણે સુરતરુ-યુગ જો,**
**રાય, રંક સૌને સરખાં સુખ આપતાં રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** હું બધાને કેવી કેવી સુખ સગવડો દિન પ્રતિદિન આપતો જાઉં છું. સુંદર રંગબેરંગી કપડાં જે હાલમાં હું આપું છું તે તો જાણે મયૂર-કળા સમાન શોભા પામે છે, અર્થાત્ મોરના પીંછાની જેમ લોકોને આકર્ષક નીવડે છે. વર્તમાનમાં મારા યંત્રોના આવિષ્કારોએ તો જાણે કલ્પવૃક્ષનો યુગ અર્થાત્ દેવતાઈ યુગ આણી દીધો છે. લોકો જે વસ્તુ માગે તે હું અનેક વિવિધ પ્રકારમાં તેમના સમક્ષ ધરું છું. રાજા હો કે રંક હો, મારી સર્વ વસ્તુઓ બધાને એક સરખું સુખ આપે છે. ।।૧૩।।

**હાંરે મારી વીજળી કરતી ઊજળી દુનિયા સર્વ જો,**
**રાજવી વૈભવ દીન જન પામે રેડિયે રે લો;**
**હાંરે મારી દવા વિવિધ શોધોથી, દેતી સુખ જો,**
**મોટર, રેલથી પશુનાં દુખ પણ ફેડિયે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** મારી વિજળીના આવિષ્કારે તો આખી દુનિયાને રાત્રે પણ ઊજળી કરી દીધી છે. જે

રાજવી એટલે રાજાશાહી વૈભવ હતો તે આજે ગરીબ લોકો પણ રેડીઓ અને ટેલીવિઝન ઘરમાં રાખીને કર્ણેન્દ્રિય અને નેત્રેન્દ્રિયનું સુખ માણી શકે છે. દવાઓની વિવિધ શોધોથી કે ઈંજેકશન કે ગ્લુકોઝના બાટલાઓ વગેરેથી જનતાનું દુઃખ મટાડીને શીઘ્ર સુખ આપું છું. મોટર અને રેલગાડીના આવિષ્કાર વડે તો મેં પશુના દુઃખ પણ ફેડી નાખ્યા છે. ।।૧૪।।

**હાંરે ઊડી વિમાને માનવ સુર સમ જાય જો;**
**તાર કે તાર વિના સંદેશા સાંભળે રે લો;**
**હાંરે વળી નભ, જળ, સ્થળના અકસ્માત્-ઉપાય જો,**
**શોધી જગ-જનતાને સાચવું કળે કળે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** વિમાનમાં બેસીને આ કાળમાં દેવતાઓની સમાન ઊડીને મનુષ્યો એક સ્થળેથી બીજે સ્થળે જાય છે. તાર કે તારના જોડાણ વિના જ દેશ વિદેશના સમાચારો ઘર બેઠા લોકો સાંભળી શકે છે, હવે તો ચલચિત્રો પણ ઘરબેઠાં ટેલીવિઝન વડે જોઈ શકાય છે.

વિમાનોને ઊડવા માટે આકાશનું હવામાન કેવું છે તે પહેલેથી યંત્રોવડે જાણી શકાય છે, કે જળના ઉપદ્રવોને ટાળવા બાંધ બાંધીને કે ધરતીકંપ કે વાવાઝોડાંના અકસ્માતથી નુકશાન થવાનું છે તો તેના ઉપાય શોધી જગતની જનતાને જણાવી સમયે સમયે તેમને કળપૂર્વક સાચવું છું. ।।૧૫।।

**હાંરે મારી છાપકળા આદિથી તું પણ પુષ્ટ જો,**
**તુજ મંદિર પણ શોભે મારી સહાયથી રે લો;**
**હાંરે ભલા, કંઈક વિચાર કરેલા મુજ ઉપકાર જો,**
**સુખ ઇચ્છે તો સેવ મને ઉપાયથી રે લો.'' હાંરે વ્હાલા૦**

**અર્થ :—** મારી છાપકળાના આવિષ્કારે તો તને પણ પુષ્ટિ આપી છે. તારું ધાર્મિક સાહિત્ય પણ મારા વડે જ છપાઈને વિશેષ પ્રચાર પામ્યું છે. તારા મંદિરો પણ મારી છાપકળાની સહાયથી દીપી ઊઠે છે. અનેક પ્રકારના છપાયેલા ચિત્રો મંદિરોમાં કે ઘરમાં લગાડવાથી તે પણ શોભાને પામે છે. પ્રેય શ્રેયને કહે છે કે ભલા કંઈક તો મારા કરેલા ઉપકારનો વિચાર કર; અને જો તું પણ સુખ ઇચ્છતો હોય તો અનેક ઉપાય કરીને મારી આપેલી ભૌતિક સામગ્રીને સેવ. જેમકે સુંદર ભોજનોથી તૃપ્ત રહેવું હોય તો જાતજાતની અનેક સામગ્રી લાવીને રસોઈ બનાવ. હવે તો ચૂલા ફૂંકવાને બદલે ગેસના ચૂલા વિદ્યમાન છે. તથા નેત્રેન્દ્રિયનું અને કર્ણેન્દ્રિયનું સુખ માણવું હોય તો ટેલીવિઝન વગેરે ઘરમાં વસાવી સુખી થા. ।।૧૬।।

**હાંરે હવે શ્રેય કહે : ''તુજ સમય વિષે મહાદોષ જો,**
**તાત્કાલિક પરિણામ વિષે તું રાચતો રે લો;**
**હાંરે જેમ ચોર ચોરીથી બને બહુ ધનવાન જો,**
**વળી વખાણે ચોર-કળા, યશ યાચતો રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** હવે શ્રેય પ્રત્યુત્તરમાં જણાવે છે કે હે પ્રેય! તારી સમજમાં મહાદોષ છે. તું માત્ર તાત્કાલિક લાભ જોઈને તેમાં જ રાચી રહે છે. જેમ કિંપાકનું ફળ દેખાવે સુંદર હોય, ખાવામાં પણ મીઠું હોય પણ ખાધા પછી તે આંતરડાને તોડી નાખશે એ તું જાણતો નથી. જેમ કોઈ ચોર ચોરી કરીને ઘણો ધનવાન બની જાય અને પોતાની ચોર કળાને વખાણી યશ ઇચ્છે તે યોગ્ય નથી; તેમ તું પણ કરે છે. ।।૧૭।।

**હાંરે તેમ કરી કમાણી પૂર્વ ભવે આ જીવ જો,**
**ધર્મ-માર્ગ આરાધી આ ભવ પામીઓ રે લો;**
**હાંરે તે ધર્મનું ફળ ભોગવતાં ભૂલે ધર્મ જો,**
**જાણે નહિ જીૅવ વિષય-ચોરની ખામીઓ રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** પૂર્વભવે ધર્મ-માર્ગ આરાધી શુભકર્મની કમાણી કરી આ જીવ મનુષ્યભવને પામ્યો છે. તથા ધર્મનું ફળ શાતા સુખ પામ્યો છે. પણ તેને ભોગવતાં સુખના મૂળ કારણ એવા ધર્મને તે ભૂલી જાય છે. એની બુદ્ધિને બગાડનાર આ પાંચ ઇન્દ્રિયના વિષયરૂપી ચોરો છે. પણ તે પોતાની ખામીઓને મોહવશ જાણી શકતો નથી.

**''મોહ નીંદકે જોર, જગવાસી ઘૂમે સદા;**
**કર્મ ચોર ચીહું ઓર, સર્વસ્વ લૂંટે સુધ નહીં.''** ।।૧૮।।

**હાંરે આ ઇન્દ્રજાળ સમ ક્ષણિક સુખોનું મૂળ જો,**
**પુણ્ય ખવાતું ક્ષણ ક્ષણ તે નહિ દેખતો રે લો;**
**હાંરે જીવ સુંદર વિષયો ભોગવી વાવે પાપ જો,**
**ફળ તેનું દુઃખ મળવાનું ઉવેખતો રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** પાંચ ઇન્દ્રિયના વિષયો ઇન્દ્રજાળ જેવા છે. ક્ષણિક સુખોનું મૂળ છે. તેમાં લીન થવાથી ક્ષણે ક્ષણે જીવનું પુણ્ય ખવાતું જાય છે. પણ તેને તે જોતો નથી. આ અનાદિનો અજ્ઞાની જીવ સુંદર આકર્ષક વિષયોને ભોગવી, તે નિમિત્તે રાગદ્વેષ કરી પાપના બીજ વાવે છે. તેનું ફળ દુઃખ આવવાનું છે છતાં તેની ઉપેક્ષા કરે છે; અર્થાત્ તેને ગણતો નથી, તેના ઉપર પગ દઈ ચાલ્યો જાય છે. ।।૧૯।।

**હાંરે જો, ઝાડ મૂળથી કાપી ફળ કોઈ ખાય જો,**
**સજ્જન બીજો મૂૅળ પોષી ફળ મેળવે રે લો;**
**હાંરે એક તાત્કાલિક-સુખ-દૃષ્ટિ દુઃખની ખાણ જો,**
**દીર્ઘદૃષ્ટિ સજ્જન ઉપકાર ન ઓળવે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** જેમ કોઈ આંબા વગેરેના ઝાડને ફળ ખાવા માટે, તેને મૂળથી જ ઉખેડી નાખે તો બીજા વર્ષે તે ફળને પામે નહીં. માટે સજ્જન પુરુષો તો મૂળને પોષણ આપી પ્રતિ વર્ષ તેના ફળ મેળવે છે. એમ તાત્કાલિક સુખ મેળવવાની દૃષ્ટિ એ દુઃખની ખાણ છે. જ્યારે સજ્જન પુરુષોની દીર્ઘદૃષ્ટિ એ સુખની ખાણ છે. તાત્પર્ય કે જે ધર્મવડે જીવને લાભ થયો છે તે ધર્મને સદા પોષણ આપી સજ્જન પુરુષો તેના પુણ્યરૂપ ફળોને ભવોભવ મેળવે છે અને જેણે તે ધર્મ બતાવ્યો એવા સત્પુરુષોને તે કદી ભૂલતા નથી. ।।૨૦।।

**હાંરે અતિ વાદ-વિવાદે પાર ન પામે કોય જો,**
**સર્વ જીૅવોને હિતકર શું તે યાચીએ રે લો;**
**હાંરે પ્રભુ, આપ કહો તે સર્વમાન્ય જ હોય જો,**
**તેથી ન્યાય સુણાવો, સમજી રાચીએ રે લો.'' હાંરે વ્હાલા૦**

**અર્થ :—** આમ અતિ વાદવિવાદ કરવાથી કોઈ પાર પામે એમ નથી. માટે સર્વ જીવોને કલ્યાણકારક શું છે? એ જ ભગવન્ પાસે આપણે યાચીએ. હે પ્રભુ! આપ સર્વજ્ઞ છો માટે આપ જે કહો તે સર્વને માન્ય

જ હોય. અમારી આ દલીલો બધી આપે સાંભળી છે. હવે તેનો ન્યાયપૂર્વક જે નિર્ણય હોય તે અમને સંભળાવો. તે જાણીને અમે પણ તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરીએ. ।।૨૧।।

**"હાંરે બહુ રીતે જીવો ચહે લોકકલ્યાણ જો,**
**હિતકર ને કર્તવ્ય ભલા તે ભાવ હો રે લો,**
**હાંરે ભવી સર્વે ઉરમાં ઊંડો લેજો લક્ષ જો,**
**કરી બેસો અપકાર ન લેતાં લ્હાવ, જો રે લો. હાંરે વ્હાલા૦**

હવે ભગવાન ન્યાય કરે છે તે નીચે પ્રમાણે છે :–

**અર્થ :–** જીવો ઘણી રીતે લોકોના કલ્યાણને ઇચ્છે છે. પણ તે કલ્યાણની ભાવના ખરેખર સહુને હિતકારક હોવી જોઈએ અને ભલા કર્તવ્યને કરાવનારી હોવી જોઈએ. માટે હે ભવ્યો! સૌથી પ્રથમ હૃદયમાં ઊંડો આ લક્ષ રાખજો કે જીવનું કલ્યાણ શામાં છે? અને તે કેમ પ્રાપ્ત કરી શકાય? તેનો પૂરો વિચાર કરીને પછી પગલું ભરજો. નહીં તો ઉપકાર કરવાનો લ્હાવો લેવા જતાં અપકાર કરી ન બેસીએ તેનો પૂરેપૂરો ખ્યાલ રાખજો. ।।૨૨।।

**હાંરે જો નિજ યોગ્યતાની ખામી રહીં જાય જો,**
**જોખમદારી જો જીવ ના સમજી શકે રે લો;**
**હાંરે તો તે જીવ નિજ મતમાં બની ઉન્મત્ત જો,**
**કરે જરૂર અપકાર, ભલે હિત મુખે બકે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** જીવોનું કલ્યાણ કરવામાં જો પોતાની યોગ્યતાની ખામી હોય તેમજ બીજા જીવોનું કલ્યાણ કરવાની જવાબદારી ઉઠાવવામાં કેટલું ભારે જોખમ રહેલું છે તે પણ તે જાણતો નહીં હોય; તો તે જીવ પોતાના માનેલા મતમાં કે પક્ષના આગ્રહમાં ઉન્મત્ત બનીને બીજા જીવોનું જરૂર અહિત કરે છે. પછી ભલે તે મુખથી બક્યા કરે કે હું તો જીવોનું કલ્યાણ કરું છું. પણ માનવા માત્રથી જીવોનું કલ્યાણ થતું નથી. પણ પોતાનું કે પરનું અકલ્યાણ થાય છે. ।।૨૩।।

**હાંરે જન સર્વે મૂકી મારો તારો પક્ષ જો,**
**નિર્મળ દૃષ્ટિ કરવા સદ્‌ગુણ સેવજો રે લો;**
**હાંરે સ્વાર્થ હશે ત્યાં સત્ય નહીં પોષાય જો,**
**સત્ય નહીં તે હોય ન સૌનું શ્રેય જો રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** ભગવંતે ન્યાયમાં કહ્યું કે હે ભવ્યો! હવે સર્વેએ મારો તારો પક્ષ મૂકી દઈ અર્થાત્ મારું તે સારું નહીં પણ સારું તે મારું એમ કરી પોતાની દૃષ્ટિને નિર્મળ કરવા સદા સદ્‌ગુણની ઉપાસના કરજો. જ્યાં સ્વાર્થ હશે અર્થાત્ હું કહું તે જ સાચું એમ જ્યાં સુધી હશે ત્યાં સુધી સત્ય વાતને પોષણ મળશે નહીં; અને જ્યાં સત્ય જ ન હોય ત્યાં સર્વ જીવનું શ્રેય એટલે કલ્યાણ થવું સંભવીત નથી. ।।૨૪।।

**હાંરે શરીર-સુખ-દુખ પૂર્વકૃત-આધીન જો,**
**પૂર્વ-કૃત-બીજ સહજ પુરુષાર્થે ફળે રે લો,**
**હાંરે જેમ વાવેલું ખેતર માગે સંભાળ જો,**
**પણ બહુ ફિકર કર્યે નહિ ફળ ઝાઝું મળે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :–** વળી ભગવંતે કહ્યું કે શરીરના સુખ દુઃખ તો પૂર્વકૃત કર્મને આધીન છે. પૂર્વકૃત કર્મરૂપ બીજ તો સહજ પુરુષાર્થે ફળે છે. જેમ વાવેલું ખેતર હોય તે માત્ર સંભાળ માગે છે પણ તેના માટે કંઈ બહુ ફિકર કરવાથી કંઈ ઝાઝું ફળ મળતું નથી, અર્થાત્ ખેતરનો પાક કંઈ વધી જતો નથી. ।।૨૫।।

**હાંરે તોયે કાળ જીવનનો તેવી ફિકરમાં જાય જો,**
**કેમ ચતુર નર કરી વિચાર ન ચેતતા રે લો?**
**હાંરે શું સુખ પરવસ્તુઓનો સંગ્રહ દેય જો,**
**સ્વરૂપ-વિચાર વિના નહિ જન સુખ સમજતા રે લો. હાંરે વ્હાલા૰**

**અર્થ :–** તો પણ અજ્ઞાની જીવનો સર્વ સમય શરીરની સુખાકારી માટે, ભૌતિક સુખની સામગ્રી મેળવવાની ફિકરમાં જ વહ્યો જાય છે. હે ચતુર પુરુષો! કેમ હવે તેનો વિચાર કરીને ચેતતા નથી.

પરવસ્તુઓનો સંગ્રહ હે ભવ્યો! તમારા આત્માને શું સુખ આપશે. માત્ર ઉપાધિ જ વધારશે. આત્મસ્વરૂપના વિચાર વિના લોકો સાચા સુખના સ્વરૂપને સમજી શકતા નથી. **"સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે; અને મેળવવામાં સુખ માને છે; પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્‌માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે."** (વ.પૃ.૬૨૦) ।।૨૬।।

**હાંરે જો હવા, અજવાળું, પાણી ને ખોરાક જો,**
**સર્વ જનોને શરીર ટકાવા જોઈએ રે લો;**
**હાંરે તેમ જ સર્વ જનોનું સાચું શ્રેય જો,**
**ઇચ્છો તો વિપરીત બુદ્ધિને ધોઈએ રે લો. હાંરે વ્હાલા૰**

**અર્થ :–** સર્વ લોકોને શરીર ટકાવવા માટે તો માત્ર હવા, અજવાળું, પાણી અને ખોરાકની જરૂર છે. કેમકે એના વિના એ જીવી શકતો નથી. માટે સર્વ લોકોના સાચા શ્રેયને એટલે કલ્યાણને ઇચ્છતા હો તો સંસારમાં સુખ છે, ઇન્દ્રિયોના વિષયો ભોગવવામાં સુખ છે એવી વિપરીત બુદ્ધિને સૌથી પહેલા ધોઈ નાખવી જોઈએ. ।।૨૭।।

**હાંરે 'મારું-તારું' તો અવળી ખેંચાતાણ જો**
**'સાચું તે મારું' નક્કી કરી, આદરો રે લો;**
**હાંરે મતાર્થ મૂકી વિચારવો આત્માર્થ જો,**
**સત્પુરુષોની સેવા, વચન ઉરે ધરો રે લો. હાંરે વ્હાલા૰**

**અર્થ :–** 'મારું-તારું' કરવું એ અવળી ખેંચતાણ છે. 'સાચું તે મારું' એમ મનમાં પહેલાં નક્કી કરી પછી તેને આદરવું જોઈએ; અર્થાત્ તે પ્રમાણે વર્તવું જોઈએ.

મારી માન્યતા છે એ જ સાચી છે એમ માનવું તે મતાર્થ છે. તેને હવે મૂકી દઈ આપણા આત્માનું હિત શામાં છે તે વિચારવું જોઈએ. પછી તેને અમલમાં મૂકવા સત્પુરુષોની સેવા એટલે આજ્ઞા ઉઠાવવી જોઈએ. આ વચનને સદા હૃદયમાં ધારી રાખવું એવો ભગવંતનો આપણા માટે ઉપદેશ છે. ।।૨૮।।

**હાંરે અભણ ન વાંચી શકે, નહિ તે મહા દોષ જો,**
**દોષિત અતિ જે વાંચી વિપરીત આચરે રે લો;**

**હાંરે તેમ કીડી-મકોડી કરી શકે ન વિચાર જો,**
**નરભવમાં જીંવ હિત-અહિત ચિત્તે ધરે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** કોઈ અભણ હોય, વાંચી શકતો ન હોય, તે કંઈ મહાદોષ કહેવાય નહીં. પણ મહાદોષી તો તે એ છે કે જે વાંચીને પણ વિપરીત આચરણ કરે છે. જેમ મનહીન એવા કીડી મકોડા કંઈ વિચાર કરવાને સમર્થ નથી, પણ મનુષ્યભવ પામીને જીવ હિત અહિતનો વિચાર કરી શકે છે; છતાં જે જીવ પોતાના હિતાહિતનો વિચાર કરતો નથી તે મહાદોષી છે. ।।૨૯।।

**હાંરે મોક્ષમાર્ગ આરાધો તો લહો સુખ જો,**
**મનુષ્યમાત્રની પ્રથમ ફરજ એ માનવી રે લો;**
**હાંરે તે ચૂકીને કરી શરીર-સુખની શોધ જો,**
**ભૂલ ઘણા ભવની આ ભવમાં ટાળવી રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** મનુષ્યભવ પામીને મોક્ષમાર્ગની આરાધના કરી તમે શાશ્વત સુખશાંતિને પામો. મનુષ્યમાત્રની આ પ્રાથમિક ફરજ છે. એમ પ્રત્યેકે માનવું જોઈએ.

પણ આ ભવમાં આત્મકલ્યાણ કરવાનું મૂકી દઈ માત્ર આ નાશવંત શરીરને શાતા પહોંચાડવાના અનેક સાધનોની શોધ કરી તે મેળવવામાં જ જીવ રચ્યો પચ્યો રહેશે તો આત્માનું અહિત થશે; કેમકે જેટલી દેહને સગવડ તેટલી આત્માને અગવડ છે. જેમ જેમ દેહાધ્યાસ વધે છે તેમ તેમ આત્માર્થ નાશ પામે છે. જ્ઞાનીઓ કહે છે કે –'દેહ દુઃખં મહા ફલં' દેહને શાતા પહોંચાડવા કરતાં તેને અશાતાનો અભ્યાસ કરાવવાથી સમાધિમરણમાં તે પરમ સહાયરૂપ નિવડશે. આ દેહાધ્યાસની ભૂલ ઘણા ભવથી ચાલી આવે છે. માટે હવે તેને આ ભવમાં અવશ્ય ટાળવી છે એવો નિર્ણય થવો જોઈએ. ।।૩૦।।

**હાંરે સાચા દિલે સત્ય ગ્રહણ જો થાય જો,**
**સર્વ કોઈનું આત્મશ્રેય આ ભવે થશે રે લો;**
**હાંરે સત્સંગ જેવું હિતકર નહિ કોઈ કાજ જો,**
**તેથી જ સર્વે સારી વાતો ઊગશે રે લો. હાંરે વ્હાલા૦**

**અર્થ :—** આ ભવમાં સાચા હૃદયે 'આત્મા સત્ જગત્ મિથ્યા' એ સત્ય વાત જો ગ્રહણ થાય તો કોઈ પણ જાતિમાં ઉત્પન્ન થયેલા જીવોનું આત્મકલ્યાણ આ ભવમાં થવા સંભવ છે.

હવે સત્યવસ્તુને જેમ છે તેમ સમજવા માટે સત્સંગ જેવું ઉત્તમ બીજું કોઈ સાધન નથી. સત્સંગથી જ બધી સારી વાતોનો ઉદય થશે, અર્થાત્ આત્માનું હિત શામાં છે? જન્મ જરા મરણના દુઃખોથી કેમ છૂટી શકાય અથવા આત્મા પોતાની શાશ્વત સુખ શાંતિને કેમ પામી શકે વગેરે સર્વ વાતો સત્સંગમાં જ સુલભ હોય છે. માટે આત્માર્થે સદા સત્સંગ કર્તવ્ય છે. ।।૩૧।।

**હાંરે આ કળિકાળે તો ભક્તિ-માર્ગ જ શ્રેષ્ઠ જો,**
**સર્વ સંતની શિખામણ આ ઉરે ધરો રે લો;**
**હાંરે સદાચરણ પણ સેવો કરી વિચાર જો,**
**એક લક્ષથી અકામ ભક્તિ આદરો રે લો.'' હાંરે વ્હાલા૦**

**અર્થ :—** આ ભયંકર કળિયુગમાં એક ભક્તિમાર્ગ જ શ્રેષ્ઠ છે. સાચી સમજ સાથે પ્રભુ પ્રત્યે ભક્તિ

હોવી જોઈએ, તો જ તે જ્ઞાન સફળ છે. પરમપ્રેમરૂપ ભક્તિ વિનાનું જ્ઞાન શૂન્યવત્ છે. આ સર્વ સંતપુરુષોની શિખામણ છે. તેને હૃદયમાં કોતરી રાખવી. તથા પોતપોતાની ભૂમિકા અનુસાર વિચાર કરીને હમેશાં સદાચરણને જ સેવવા. તેમજ માત્ર એક આત્માર્થના જ લક્ષપૂર્વક નિષ્કામભાવે પ્રભુ ભક્તિમાં તન્મય રહેવું. એ આત્મકલ્યાણનો સુગમ ઉપાય છે. જગતના સર્વ જીવોનું હિત પણ આમાં જ સમાયેલું છે. **''મહાત્મા કબીરજી તથા નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્ભુત અને સર્વોત્કૃષ્ટ હતી, તેમ છતાં તે નિઃસ્પૃહ હતી.''** (વ.પૃ.૨૭૯)

**''પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે.''** (વ.પૃ.૩૩૫)

**''ભક્તિપ્રધાન દશાએ વર્તવાથી જીવના સ્વચ્છંદાદિ દોષ સુગમપણે વિલય થાય છે; એવો પ્રધાન આશય જ્ઞાની પુરુષોનો છે.''** (વ.પૃ.૩૪૦)

**''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!''** (વ.પૃ.૩૯૫)

---

જે ભવ્યાત્મા પોતાના આત્માનું શ્રેય અર્થાત્ કલ્યાણ શામાં છે, એ જે જાણે છે તે જરૂર પોતાના આત્માને વિષયકષાયના ભાવોથી નિવારવા માટેનો પ્રયત્ન કરે છે. તેના ફળસ્વરૂપ પોતામાંજ રહેલા અનંત સદ્ગુણોને ક્રમે કરી તે પામે છે. તે સદ્ગુણો કેવી રીતે પ્રાપ્ત કરવા અને તેથી વિપરીત જે દુર્ગુણો છે તેને કેમ નિવારવા વગેરેનો બોધ આ 'સદ્ગુણ' નામના પાઠમાં આપવામાં આવે છે. તે નીચે પ્રમાણે છે :—

(૩૬)



## સદ્ગુણ



(વિમલ જિણંદશું જ્ઞાનવિનોદી મુખ છબી શશી અવહેલેજી—એ રાગ)

*

**વિનય સહિત વંદું સદ્ગુરુ શ્રી રાજચંદ્ર સદ્ગુણીજી,**
**દુર્લભ આત્મગુણો પ્રગટાવ્યા, શક્તિ કોઈ ન ઊણીજી. વિનય૦**

**અર્થ :—** વિનયપૂર્વક શ્રીમદ્ રાજચંદ્ર સદ્ગુરુ ભગવંતને હું પ્રણામ કરું છું, કે જે સદ્ગુણોથી યુક્ત છે. જેણે શુદ્ધ સમકિત પ્રાપ્ત કરી દુર્લભ એવા આત્મગુણોને પ્રગટ કર્યાં છે. તેથી કોઈ પ્રકારે આત્મશક્તિની જેમાં ઊણપ નથી.

**''મુજ અવગુણ ગુરુરાજ ગુણ માનું અનંત અમાપ;**
**બાળક કર પહોલા કરી દે દરિયાનું માપ.''**।।૧।।

**આત્માના પ્રત્યેક પ્રદેશે સદ્ગુણ સર્વ વિરાજેજી,**
**કર્મ-કલંક ટળે તો સર્વે આપોઆપ પ્રકાશેજી. વિનય૦**

**અર્થ :—** આત્માના પ્રત્યેક પ્રદેશમાં સર્વ સદ્ગુણો બિરાજમાન છે. તે કર્મોથી ઢંકાયેલા છે. તે

કર્મરૂપી કલંક દૂર કરવામાં આવે તો સર્વ સદ્‌ગુણો આપોઆપ પ્રકાશ પામે તેમ છે. ।।૨।।

**પૌષ્ટિક દૂઁધ પણ પ્રાણ તજાવે કડવી તુંબડી સંગેજી,**
**તેમ શમાદિક ગુણ રઝળાવે મિથ્યાત્વ-વિષ જો અંગેજી. વિનય૦**

**અર્થ :–** પૌષ્ટિક દૂધ પણ કડવી તુંબડીના સંગથી ઝેરમય બની જાય છે. તેને જે પીએ તે મરી જાય છે. તેમ શમદમાદિ ગુણ હોવા છતાં પણ મિથ્યાત્વરૂપી વિષ જો આત્મામાં છે, તો તે જીવને ચારગતિમાં જ રઝળાવે છે, અર્થાત્ કષાયોનું શમન અને ઇન્દ્રિયોનું દમન કરવા છતાં પણ જો આત્માર્થનો લક્ષ નથી અને દેવલોકાદિ સુખની જ કામના અંતરમાં છે તો તે મિથ્યા માન્યતારૂપ ઝેર તેને સંસારમાં જ રઝળાવશે પણ જન્મ મરણથી મુક્ત થવા દેશે નહીં. ।।૩।।

**દાન, શીલ, તપ સુંદર ગુણ પણ પથ્થરતુલ્ય પ્રમાણોજી,**
**જો મિથ્યાત્વ વસે ઉરમાં તો, કહે જિનવર, જન જાણોજી. વિનય૦**

**અર્થ :–** દાન, શીલ અને તપ એ સુંદર ગુણો હોવા છતાં, હૃદયમાં જો મિથ્યાત્વનો જ વાસ છે તો તે ગુણોને પણ પત્થર સમાન જાણો એમ જિનવર કહે છે. કેમકે દાન, શીલ અને તપની આરાધના કરીને પણ જો આલોક કે પરલોકમાં દેવાદિકના ઇન્દ્રિય સુખ મેળવવાની જ ઇચ્છા છે તો તે ગુણો તેને દેવલોકમાં લઈ જઈ મોહમાં ફસાવી ફરી હલકી ગતિમાં લઈ જનાર હોવાથી તે મિથ્યાત્વ સહિત ગુણોને પણ પત્થર સમાન ભવસાગરમાં ડૂબાડનાર જ માનવા યોગ્ય છે. ।।૪।।

**સમ્યક્‌દર્શન સાથે તે ગુણ રત્નતુલ્ય અમૂલ્યજી,**
**અવગુણ પણ સઘળા સવળા ત્યાં મહિમા કોઈ અતુલ્યજી. વિનય૦**

**અર્થ :–** દાન, શીલ, તપાદિ ગુણો જો સમ્યક્‌દર્શન સાથે હોય તો તે રત્નતુલ્ય અમૂલ્ય ગણવા યોગ્ય છે. સમ્યક્‌દર્શનની હાજરીમાં તો અવગુણો પણ સઘળા સવળા થઈ જાય છે. એવો સમ્યક્‌દર્શનનો અતુલ્ય મહિમા છે. તેનું કારણ એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને સંસારમાં ઉદયાધીન કાર્ય કરતા છતાં પણ હૃદયમાં કર્ત્તાભાવ હોતો નથી. તે બાહ્યથી કર્ત્તા દેખાય છે પણ અંતરથી માત્ર સાક્ષીરૂપે રહે છે. તેથી જ્ઞાનીપુરુષો ખાતા છતાં ખાતા નથી, પીતા છતાં પીતા નથી, ભોગવતા છતાં ભોગવતા નથી; એવો સમ્યક્‌દર્શનનો મહિમા અપરંપાર છે. ।।૫।।

**અલંકાર લોઢાના સર્વે લોહરૂપ મન આણોજી,**
**સુવર્ણના સૌ આભૂષણ પણ સોનારૂપ પ્રમાણોજી,- વિનય૦**

**અર્થ :–** લોઢાના બનેલા સર્વ આભૂષણો લોઢારૂપ હોય છે. તેમ મિથ્યાત્વસહિતની બધી ક્રિયા મિથ્યાત્વીની લોઢાના આભૂષણરૂપ માનવા યોગ્ય છે. તથા સોનાના બનેલા આભૂષણો સોનારૂપ હોય છે. તેમ સમ્યક્‌દૃષ્ટિની સર્વ ક્રિયા મિથ્યાત્વથી રહિત હોવાથી સોનારૂપ છે. આ વાતને પ્રમાણભૂત માનવી એ જ હિતકર છે. ।।૬।।

**તેમ ક્રિયા જ્ઞાનીની સર્વે જ્ઞાનગુંણ ઝળકાવેજી,**
**અજ્ઞાનીની શુંભ ક્રિયા પણ વિપરીત સ્વાદ ચખાવેજી. વિનય૦**

**અર્થ :–** તેમ જ્ઞાનીપુરુષોની શુભ કે અશુભ સર્વ ક્રિયાઓ માત્ર ઉદયાધીન હોવાથી જ્ઞાનગુણને

વધારનારી છે. જ્યારે અજ્ઞાનીની શુભ ક્રિયા પણ આત્માર્થના લક્ષ વગરની હોય તો તે સંસારના દુઃખરૂપ વિપરીત સ્વાદને ચખાવનારી છે, અર્થાત્ સંસારવૃદ્ધિનું જ તે કારણ થાય છે. ।।૭।।

**કોઈ ઉપાયે પ્રથમ જ ટાળો મિથ્યામતિ દુઃખવેલીજી,**
**સપ્ત વ્યસન ત્યાગી કરી લેવી સત્સંગતિ સૌ પહેલીજી. વિનય૰**

**અર્થ :—** કોઈ પણ સમ્યક્ ઉપાય કરીને દુઃખની વેલરૂપ મિથ્યાત્વવાળી મતિને અર્થાત્ જે બુદ્ધિમાં મિથ્યા માન્યતાઓ રહેલી છે તેને તમે પ્રથમ દૂર કરો. તે મિથ્યા માન્યતાઓને ટાળવા માટે સાત વ્યસનોનો ત્યાગ કરીને સૌથી પહેલા સત્સંગ કરી લેવા યોગ્ય છે.

**‘‘દ્યૂતં ચ માસં ચ સુરા ચ વેશ્યા, પાપર્દ્ધિ ચોર્યં પરદાર સેવા;**
**એતાનિ સપ્ત વ્યસનાનિ લોકે, ઘોરાતિ ઘોરં નરકં નયન્તિ.’’**

અર્થ :— જુગાર (સટ્ટો), માંસ, મદિરા, વેશ્યાગમન, શિકાર, ચોરી, પરદારાસેવન આ સાત કુટેવો જીવને ઘોરથી પણ ઘોર નરકમાં લઈ જાય છે. ।।૮।।

**[૧]જુગાર કુસંગતિનું કારણ, સર્વ વ્યસનમાં પહેલુંજી,**
**દુઃખ-અપકીર્તિ-પાપમૂળ એ, કરે સદા મન મેલુંજી. વિનય૰**

**અર્થ :—** સાત વ્યસનમાં પહેલું વ્યસન જુગાર છે. તે હલ્કી વૃત્તિવાળા જુગારીઓ સાથે કુસંગતિનું કારણ છે. આ વ્યસનથી નલરાજા કે ધર્મરાજાની જેમ સર્વ ખોઈ બેસી જીવનમાં દુઃખ ઊભું કરે છે. અને અપકીર્તિ પામે છે તથા તે પાપનું મૂળ હોવાથી મનને સદા મેલું રાખે છે. એક વ્યસન સેવવાથી સાતે વ્યસન કેવી રીતે વળગે છે તેના ઉપર એક દૃષ્ટાંત છે :—

**વ્યસનોનો રાજા જુગાર :—** કોઈ એક દેશનો રાજા દુષ્ટ પુરુષોની સંગત થવાથી જુગારના વ્યસનમાં લાગી ગયો. તે રાજાના બે ડાહ્યા મંત્રી હતા તે ઘણા વખતથી રાજાની સેવા કરતા હતા. તે મંત્રીઓએ રાજો જુગટુ ન રમવા ઘણો સમજાવ્યો પણ તેણે માન્યું નહીં તેથી તે મંત્રીઓ તેનો દેશ છોડી ગયા. અન્ય દેશમાં જઈને તે મંત્રીઓએ દાઢી મૂછ, જટા વધારીને વેશ પલટો કર્યો, અને તેમાંનો એક મહંત બન્યો ને બીજો તેનો શિષ્ય બન્યો. કેટલોક સમય વીત્યા બાદ તે બન્ને પોતાના દેશના શહેરોમાં ફરવા લાગ્યા. ત્યાં પ્રથમ તેઓ જુદે જુદે સ્થળે ધન દાટતાને પછી તેમની પાસે લોકો આવે તેમાં કોઈ કોઈને ગુપ્તધન બતાવતા. વળી ગામના નામાંકિત તેમજ પોતાને અગાઉ પરિચિત લોકોના નામ તથા બીજી હકીકત જણાવી સર્વને વિસ્મય કરતા. વળી તેઓ આસન માંડી યોગસાધના કરવાનો ડોળ કરતા હતા; આથી તેમને ઘણા શિષ્યો થયા. લોકોમાં તેમની બહુ પ્રસિદ્ધિ થવા લાગી. યોગસાધન કરવા માટે તેઓ માછલાં પકડવાની જાળ ઓઢીને દરરોજ અમુક વખતે ધ્યાનમાં બેસતા. ધીરે ધીરે તેમની મહત્તા ખૂબ વધી ગઈ. એમ કરતાં તેઓ જે શહેરમાં રાજા હતો ત્યાં આવ્યા. આટલા વખતમાં રાજા જુગારમાં ઘણું ધન હારી ગયો હતો. પરંતુ તેનાથી તે વ્યસન મૂકી શકાતું ન હતું. મહંતની ખ્યાતિ સાંભળીને તે પણ તેમની પાસે આવ્યો. થોડી પ્રાસંગિક વાત કર્યા પછી તે રાજાની નજર મહંતે ઓઢેલી જાળ પર પડી. તેથી તેણે સાશ્ચર્યથી પૂછ્યું—મહારાજ આ જાળ જેવું શું છે? આપ તે કેમ ઓઢો છો?

મહંત—આ માછલાં પકડવાની જાળ છે. કોઈ કોઈ વખતે માછલાં પકડવા કામ આવે છે. રાજા—શું મહારાજ આપ માછલીઓનો શિકાર કરો છો? મહંત—નારે ભાઈ! અમારા જેવા તે કંઈ હંમેશ શિકાર

કરે? પરંતુ ક્યારેક માંસ ખાવાની તીવ્ર ઇચ્છા થાય છે ને કોઈ શિષ્ય તે લાવી શકતા નથી ત્યારે માછલાંઓનો શિકાર કરવો પડે છે.

રાજા—(આશ્ચર્ય સાથે) શું મહાશય આપ માંસ પણ ખાઓ છો? મહંત—અરે રાજા તું બહુ ભોળો છે. ક્યાંય અમારા જેવા યોગી માંસ ખાતા હોય? પરંતુ જ્યારે દારૂનો નશો વધારે ચઢે છે ત્યારે માંસ ખાવાની તીવ્ર લાલસા આપોઆપ થઈ આવે છે, તેને વશ થઈને અમારે માંસ ખાવું પડે છે.

રાજા—મહારાજ હું શું સાંભળું છું? આપ મદ્ય પણ પીઓ છો? મહંતે—અરે અમારા જેવા યોગી દારૂ પીએ? દારૂથી તો સર્વ યોગસાધન નાશ પામે. પરંતુ જ્યારે કોઈ વખત કોઈ વેશ્યાને ત્યાં ચાલ્યા જઈએ તો ત્યાં તેને વશ થવાથી મદ્ય પીવો પડે છે.

રાજા—મહારાજ તો શું આપ વેશ્યા સેવન પણ કરો છો? મહંત—ના ના વેશ્યાસેવન માટે દરરોજ જવાનો અમને અભ્યાસ નથી પણ ક્યારેક પરસ્ત્રીની પ્રાપ્તિ ન થાય ત્યારે જવું પડે છે.

રાજા—મહારાજ તો શું આપ પરસ્ત્રીનું પણ સેવન કરો છો? મહંત—અરે ના ના. પરસ્ત્રીસેવન કરવાનો અમને અભ્યાસ નથી પરંતુ કોઈ વખત જ્યારે ચોરીમાં ઘણું વધારે ધન હાથ લાગે ત્યારે તેને એવા જ કાર્યમાં ખર્ચવાની ભાવના થાય છે.

રાજા—(મોટા આશ્ચર્યપૂર્વક) મહારાજ, આપ ચોરી કરો છો? મહંત—અરે મૂર્ખ, અમારા જેવા યોગી તે વળી ચોરી કરતા હશે? પરંતુ ક્યારેક જુગારમાં બધું ધન હારી જવાય અને જુગારની લત છૂટે નહિ ત્યારે લાચાર બનીને ચોરી કરવી પડે છે.

રાજા—આપ જુગાર પણ રમો છો? મહંત—હા, એમાં શું વાંધો છે? યથા રાજા તથા પ્રજા.

એ સાંભળી રાજા ચોંકી ઉઠ્યો. પછી તે મસ્તક નમાવીને બોલ્યો કે—મહારાજ હું જુગાર રમું છું, પણ આ બધાં વ્યસનો એક જુગારમાંથી ઉદ્‌ભવે છે એમ હું જાણતો નહોતો. માટે હવે હું આજથી એ જુગારનો ત્યાગ કરું છું. પછી રાજાએ મહંતને કહ્યું કે—હે મહારાજ! આપ ભવિષ્યવેત્તા છો અને સર્વ કંઈ જાણો છો તો કૃપા કરીને એટલું બતાવો કે મારા જુના બે મંત્રી દેશ છોડીને ક્યાં ચાલ્યા ગયા છે? તેઓ અત્યારે ક્યાં છે? તેમના વગર મારા રાજ્યની દુર્દશા થઈ ગઈ છે. ત્યારે મહંતે કહ્યું કે આવતી કાલે તે તને મળશે. પછી મળ્યાથી રાજાએ તેમને તેઓના પદ પર ફરી નિયુક્ત કર્યા. અને દુષ્ટ જુગારી મિત્રોની સંગત છોડી દીધી. પછી રાજ્યની વ્યવસ્થા ઉત્તમ રીતે થવા લાગી. આથી સિદ્ધ થાય છે કે જુગાર સર્વ વ્યસનોનો રાજા છે તેથી સાત વ્યસનમાં તેનું સ્થાન પ્રથમ છે. ।।૯।।

**નિરંતર જંતુ જ્યાં ઊપજે પ્રાણી હર્ણી જન લાવેજી,**
**જોતાં, અડતાં ચઢે ચીતરી, કોણ[૨]માંસ મુખ ચાવેજી? વિનય૦**

**અર્થ :—** બીજું વ્યસન માંસ છે. જેમાં નિરંતર જંતુઓની ઉત્પત્તિ થયા કરે છે. પ્રાણીઓને મારી જે લાવે છે. એવા માંસને જોતાં કે અડતાં જ ચીતરી ચઢે, તો એવો કોણ મૂર્ખ હોય કે જે એને મુખવડે ચાવે. નિર્દયી માણસો આવા કામ કરી દુર્ગતિને પામે છે.।।૧૦।।

**[૩]દારૂડિયો માતાને કાન્તા ગણી, કુચેષ્ટા કરતોજી,**
**શેરીમાં મુખ ફાડી સૂવે, શ્વાન-મૂત્ર પણ પીતોજી. વિનય૦**

**અર્થ :—** ત્રીજું વ્યસન દારૂ છે. દારૂડીયો ભાન ભૂલી પોતાની માતાને, પોતાની સ્ત્રી ગણીને કુચેષ્ટા

કરવા લાગી જાય છે. દારૂના નશામાં ગરકાવ થઈ શેરીમાં મુખ ફાડીને સૂઈ જાય છે. તેના મોઢાંમાં કૂતરા પણ મૂતરી જાય છે. એવી દુર્દશામાં ત્યાં પડ્યો રહે છે. ।।૧૧।।

**ધર્મ, અર્થ ને કામ ગુમાવે આ ભવમાં પણ દારૂજી,**
**પરભવમાં બહુ દુઃખો દેશે; કામ કરે શું સારુંજી? વિનય૦**

**અર્થ :–** દારૂના વ્યસનને લઈ પ્રાણી આ ભવમાં ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થને ખોવે છે, અર્થાત્ કોઈ પણ કાર્યમાં એનું ચિત્ત ચોંટતું નથી. તથા દારૂમાં રહેલ અસંખ્યાત જીવોની તે હિંસા કરે છે તેથી આવા વ્યસન પરભવમાં પણ તેને બહુ દુઃખ આપનાર થાય છે. આવા વ્યસનો સેવી મનુષ્યભવ પામીને તે પ્રાણી શું સારું કામ કરે છે; કંઈ જ નહીં. માત્ર સંસાર વધારીને અહીંથી જાય છે. ।।૧૨।।

**માંસ-મદિરાથી ગંધાતી, નરકભૂમિ સમ [*]વેશ્યાજી,**
**ધન કાજે નીચ સંગ કરે જે, ખોટી નિશદિન લેશ્યાજી. વિનય૦**

**અર્થ :–** જેના ઘરમાં માંસ મદીરાનો વ્યવહાર છે, એવી માંસ મદિરાથી ગંધાતી નરકભૂમિ સમાન વેશ્યા છે. જે ધનને માટે નીચ પુરુષોનો પણ સંગ કરે છે. કામ વાસનાની તીવ્રતાને લીધે જેની હમેશાં ખરાબ લેશ્યા છે એવી આ વેશ્યા તે પાપના ઘર સમાન છે. ।।૧૩।।

**મલિન વસ્ત્ર ધોવાની શિલા, શ્વાન હાડકાં ચાવેજી,**
**તેવી વેશ્યા-સંગતિ ગંદી ભુલભુલામણી લાવેજી. વિનય૦**

**અર્થ :–** વાસનારૂપ મેલા વસ્ત્ર ધોવા માટે વેશ્યા તે પત્થર સમાન છે. કૂતરો હાડકાં ચાવે ત્યારે પોતાનું તાળવું છોલાઈ જતાં તેમાંથી લોહી નીકળે છે ત્યારે કૂતરો એમ માને છે કે આ લોહી હાડકામાંથી નીકળે છે, તેમ વેશ્યાની ગંદી સંગતિ પણ એવી ભુલભુલામણી લાવે છે કે હું આ વેશ્યાથી સુખ પામું છું; પણ ખરેખર તો પોતાની જ વીર્યશક્તિનો વ્યય કરી જીવ સુખ કલ્પી લે છે. ।।૧૪।।

**મુખમાં તૃણ સહ નિરપરાધી હરણ અશરણ ભય-મૂર્તિજી,**
**હણે શિકારી ગર્ણો બહાદુરી કરે પાપમાં પૂર્તિજી. વિનય૦**

**અર્થ :–** મોઢામાં તૃણ ગ્રહણ કરે તેને રાજા પણ છોડી મૂકે છે. એવા તૃણ એટલે ઘાસના ખાનારા બિચારા નિરપરાધી હરણો જેને કોઈ જંગલમાં શરણ આપનાર નથી એવા ભયની મૂર્તિ સમાન અર્થાત્ ઘણા જ ભયભીત સ્વભાવવાળા હરણોને દુષ્ટ એવો શિકારી હણી નાખે છે. તેને હણીને વળી બહાદુરી માની હિંસાનંદી રૌદ્રધ્યાન સેવી પાપમાં પૂર્તિ કરીને નરકગતિને સાધે છે.

**શ્રેણિકરાજાનું દૃષ્ટાંત :–**શ્રેણિક મહારાજાએ શિકાર વખતે હરણીના પેટને વિંધીને મારેલ બાણ તાકેલ નિશાન પર બરાબર લાગી જવાથી ખૂબ રાજી થયો કે હું કેવો બહાદુર અને હોશિયાર કે હરણીના પેટને વિંધીને પણ ધારેલ નિશાન તાકી શક્યો. એમ હિંસાનંદી રૌદ્રધ્યાન કરવાથી મરીને નરકે ગયો. ।।૧૫।।

**કીડી ડંખે તોપણ કૂદે તેવા જન શિકારેજી,**
**તીક્ષ્ણ તીરે નિર્દોષી મૃગને હણી કેમ સુખ ધારેજી! વિનય૦**

**અર્થ :–** કીડી ચટકો મારે તોપણ કૂદે તેવા શિકારીઓ તીક્ષ્ણ બાણવડે નિર્દોષી મૃગને હણીને કેમ સુખ માનતા હશે? એવાઓને સુખ પણ કેમ મળશે કેમકે—

**"સુખ દીધા સુખ હોત હૈ, દુઃખ દીધા દુઃખ હોત;**
**આપ હણે નહીં અવરકું, તો અપને હણે ન કોય."** -બૃહદ્ આલોચના ।।૧૬।।

**જે તુજ સ્વજન હતાં પરભવમાં, તુજ મુખ જોવા ઝૂરતાંજી,**
**વગર ઓળખ્યે હણે તેમને; ધિક્ક! શિકારી-ક્રૂરતાજી. વિનય૦**

**અર્થ :–** જે પૂર્વભવમાં તારા જ સ્વજનો હતા. તારું મુખ જોવાને માટે જે ઝૂરતા હતા. તેને જ તું વગર ઓળખ્યે હણી નાખે છે. માટે હે શિકારી! તારી એવી દુષ્ટ ક્રૂરતાને સદા ધિક્કાર છે.

**દૃષ્ટાંત :–** એક પુત્રની માતા મરીને કૂતરી થઈ. પિતાના શ્રાદ્ધના દિવસે પુત્રે ખાવા માટે ખીરની રસોઈ બનાવરાવી. તેમાં તે જ કૂતરીએ આવીને મોઢું ઘાલ્યું તો માથે લાકડીઓના માર પડ્યા. એમ પૂર્વભવના પોતાના જ સ્વજનોને જીવ અજ્ઞાનવશ હણે છે. ।।૧૭।।

**એક વાર હણે જે જીંવ તું, વેર ધરી તે મરશેજી,**
**પરભવમાં બહુ વાર મારશે; વેર વધારી ફરશેજી. વિનય૦**

**અર્થ :–** એકવાર તું જે જીવને હણે છે, તે જીવ તારા પ્રત્યે વેર ધારણ કરીને મરશે. તેથી પરભવમાં તે તને બહુ વાર મારશે. તારા પ્રત્યે વેર રાખી તને મારવા માટે તે ફર્યા કરશે, એમ ભવોભવ તે વેરના સંસ્કારો ચાલ્યા કરશે. ।।૧૮।।

**એક વાર ઠગનારો જીંવ પણ વારંવાર ઠગાશેજી,**
**દાન સમાન સહસ્રગણું ફળ ચોરીનું ય ચખાશેજી. વિનય૦**

હવે છઠ્ઠું વ્યસન ચોરી છે તે વિષે જણાવે છે :–

**અર્થ :–** એકવાર કોઈ જીવને ઠગશે તેના ફળમાં વારંવાર તે પોતે ઠગાશે. કોઈને દાન આપવાનું હજાર ગણું ફળ મળે તેમ ચોરી કરવાના ફળમાં તેને હજારગણું દુઃખ ભોગવવું પડશે.

**ચોરનું દૃષ્ટાંત :–** એક છોકરાને ચોરીના અપરાધમાં ફાંસીની શિક્ષા કરવામાં આવી, ત્યારે તેણે માને મળવાની ઇચ્છા દર્શાવી. મા મળવા આવી ત્યારે તેના કાન કરડી ખાધા. તે વખતે લોકોએ પૂછ્યું કે કેમ આમ કર્યું. ત્યારે તેણે કહ્યું કે નાનપણમાં હું નાહીને ભીને શરીરે બીજાના તલના ઢગલા પાસે જઈ ત્યાં આળોટીને તલ શરીરે ચોંટાડી લઈ આવતો, ત્યારે મારી આ મા રાજી થતી હતી. તેના પરિણામે હું આટલો મોટો ચોર થયો. તેનું કારણ મારી આ મા છે, માટે મેં એમ કર્યું. ।।૧૯।।

**'વાવે તેવું લણે' ભણે જન, શાસ્ત્ર વળી પોકારેજી-**
**ચતુર બની ચોરી કરતાં જીવ, પર-ભવ-ડર વિસારેજી. વિનય૦**

**અર્થ :–** 'જેવું વાવે તેવું લણે' એવી લોક કહેવત છે તથા શાસ્ત્રો પણ આ વાતને પોકાર કરીને જણાવે છે કે ચોરી કરવી તે દુઃખનું કારણ છે. છતાં ચતુર બનીને ચોરી કરતાં જીવ આ ભવ પરભવના ડરને ભૂલી જાય છે. ।।૨૦।।

**જે મૂડીથી બહુ જન જીવે તે જ ચોર પણ ચોરેજી,**
**દુઃખ કેટલું ધરે કુટુંબી? મરણ-દુઃખ એક કોરેજી. વિનય૦**

**અર્થ :–** જે ધનની મૂડી વડે ઘણા જન જીવે તેને ચોર ચોરી જાય છે. તેથી તેના કુટુંબીઓ કેટલું

દુ:ખ પામે કે તેના આગળ મરણનું દુઃખ પણ એક કોરે મૂકાઈ જાય છે. કેમકે મરણનું દુ:ખ તો એકવાર ભોગવાય પણ નિર્ધનતાનું દુ:ખ તો પ્રતિદિન ભોગવવું પડે છે.

દશ પ્રાણથી માણસ જીવે છે. તેને ધન પણ એક અગ્યારમા પ્રાણ સમાન છે. પર ધન લેતાં જાણે તેના પ્રાણ જ લીધા. કારણ નિર્ધન બનીને તે બહુ દુ:ખ પામે છે. ॥૨૧॥

**ચિંતા, વ્યાકુળતા, દુર્બુદ્ધિ, રોગ, દુ:ખ, વધ આપેજી,**
**નરકે બાળે લોહ-પૂતળી,[૭] પરનારી-રતિ-પાપેજી. વિનય૦**

હવે સાતમું વ્યસન પરસ્ત્રીગમન છે. તે વિષે સ્પષ્ટતા કરે છે :—

**અર્થ :—** પરનારીનો સંગ કરવાથી તેને ચિંતા ઊપજે કે જાણે કોઈ મને દેખી ન લે તથા વિષયની તીવ્ર ઇચ્છાને લીધે મનમાં ઘણી વ્યાકુળતા થાય છે. પરસ્ત્રીઓ પ્રત્યે નજર રહેવાથી તેની બુદ્ધિ દુર્બુદ્ધિ બની જાય છે. ભોગો તેના શરીરને ભોગવી જઈ રોગ ઉપજાવે છે. હમેશાં તેની સ્મૃતિ રહેવાથી મનમાં સદા દુઃખ રહ્યાં કરે છે. તથા પરસ્ત્રી સંગ કરતાં પકડાઈ જાય તો વધને પણ પાત્ર બની જાય છે, અર્થાત્ લોકો તેને મારી પણ નાખે છે. આ બધા દુઃખ તો આ ભવના છે. તેમજ પરભવમાં પણ પરસ્ત્રીગમનના પાપે તેને નરકમાં ગરમાગરમ લાલચોળ લોખંડની પૂતળીને આલિંગન કરાવીને બાળે છે.

***"જૈસી પ્રીતિ હરામકી, તૈસી હર પર હોય;***
***ચલ્યો જાય વૈંકુઠમેં, પલ્લો ન પકડે કોય."*** ॥૨૨॥

**ધિક્ક ! પરાક્રમ, ધિક્ ગુણ, બુદ્ધિ, સત્તા, વગ,સંપત્તિજી,**
**વૃથા જીવન, જો સ્વપ્ને પણ છે, પર-સ્ત્રી-ધન-આસક્તિજી. વિનય૦**

**અર્થ :—** તારા પરાક્રમને ધિક્કાર છે, તારા ગુણને ધિક્કાર છે, તારી બુદ્ધિ, સત્તા કે વગ એટલે લાગવગ કે સંપત્તિને પણ ધિક્કાર છે તથા તારું જીવન પણ વ્યર્થ છે કે જો તને સ્વપ્ને પણ પરસ્ત્રી કે પરધન પ્રત્યે આસક્તિ છે.

**ધવળશેઠનું દૃષ્ટાંત :–** ધવળશેઠને શ્રીપાળ રાજાની સ્ત્રીઓ પ્રત્યે તેમજ તેના ધન પ્રત્યે આસક્તિ હોવાથી મરીને સાતમી નરકે ગયો. શ્રીપાળ પોતાના મહેલમાં સૂતા હતા. તેને મારવા માટે કટાર લઈ ઉપર ચઢતાં પડી ગયો અને તેજ કટાર વડે મરીને તે ધવલશેઠ નરકગતિને દુર્ગતિને પામ્યો. ॥૨૩॥

**સપ્ત વ્યસન સદ્ધર્મ ભુલાવે : યુધિષ્ઠિર ધર્માત્માજી,**
**જુગાર શરતે દ્રૌપદી મૂકી! કેવા થયા મહાત્માજી? વિનય૦**

**અર્થ :—** સાતેય વ્યસન આત્મધર્મને ભુલાવે છે. યુધિષ્ઠિર જે ધર્મરાજા નામે પ્રખ્યાત હતા, તેમણે જુગાર રમતાં શરતમાં પોતાની સ્ત્રી દ્રૌપદીને પણ મૂકી દીધી. અહો! મહાત્મા હોવા છતાં વ્યસનને આધીન તેમની પણ કેવી મતિ થઈ ગઈ. ॥૨૪॥

**કૃષ્ણ કુળના કુલીન પુત્રો મદિરાથી મદમાતાજી,**
**દાહ દ્વારિકાનો વિચારો; વ્યસન બધાં દુખદાતાજી. વિનય૦**

**અર્થ :— પ્રદ્યુમ્ન અને સાંબનું દૃષ્ટાંત :—** ઉત્તમ કુળમાં જન્મેલા કુલીન એવા શ્રીકૃષ્ણના મોક્ષગામી સાંબ અને પ્રદ્યુમ્ન પુત્રો દારૂ પીને મદમાતા થઈ ગયા. ભગવાન નેમિનાથે જણાવેલ કે દ્વારિકાનો દાહ દ્વીપાયન દ્વારા થશે. તેથી આ બેય જણા દારૂના નશામાં દ્વીપાયન ઋષિ પાસે જઈ તેમને ખૂબ હેરાન કર્યા.

તે વખતે તેણે નિયાણું કર્યું કે મારા તપનો પ્રભાવ હોય તો હું આખી દ્વારિકાનો દાહ કરનાર થાઉં. એવા નિયાણાથી તે મરીને અગ્નિકુમાર દેવ થયો. અને આખી દ્વારિકા નગરીને બાળી નાખી. આમ દારૂના વ્યસનથી કેટલું મોટું અનર્થ થયું. વ્યસનો બધાં જ આવી રીતે દુઃખના જ આપનાર છે. ।।૨૫।।

**વિદ્યાધર મહારાજા રાવણ પરસ્ત્રીવશ શીશ ખોવેજી,**
**એક વ્યસન પણ પ્રાણ હરે તો સપ્ત સેવી શું દો'વેજી? વિનય૦**

**અર્થ :–** વિદ્યાધરોના મહારાજા હોવા છતાં સતી સીતા જેવી પરસ્ત્રીને વશ થતાં રાવણે પોતાનું મસ્તક ખોયું. એક વ્યસન પણ તેના પ્રાણ હરણનું કારણ થયું તો સાતે વ્યસન સેવનારની કેવી ભયંકર સ્થિતિ થશે? **"એક પાઈની ચાર બીડી આવે. હજાર રૂપિયા રોજ કમાતા બૅરિસ્ટરને બીડીનું વ્યસન હોય અને તેની તલપ થતાં, બીડી ના હોય તો એક ચતુર્થાંશ પાઈની કિંમતની નજીવી વસ્તુ માટે વલખાં મારે. હજાર રૂપિયા રોજ કમાનાર, અનંત શક્તિવંત આત્મા છે જેનો એવો બૅરિસ્ટર મૂર્છાયોગે નજીવી ચીજ માટે વલખાં મારે! જીવને, આત્માની અને એની શક્તિની વિભાવ આડે ખબર નથી."** (વ.પૃ.૬૬૨)

**"એક પાઈની ચાર બીડી મળે છે; અર્થાત્ પા પાઈની એક બીડી છે. તેવી બીડીનું જો તને વ્યસન હોય તો તું અપૂર્વ જ્ઞાનીના વચનો સાંભળતો હોય તોપણ જો ત્યાં ક્યાંયથી બીડીનો ધુમાડો આવ્યો કે તારા આત્મામાંથી વૃત્તિનો ધુમાડો નીકળે છે, અને જ્ઞાનીનાં વચનો ઉપરથી પ્રેમ જતો રહે છે. બીડી જેવા પદાર્થમાં, તેની ક્રિયામાં વૃત્તિ ખેંચાવાથી વૃત્તિક્ષોભ નિવૃત્ત થતો નથી! પા પાઈની બીડીથી જો એમ થઈ જાય છે, તો વ્યસનીની કિંમત તેથી પણ તુચ્છ થઈ; એક પાઈના ચાર આત્મા થયા, માટે દરેક પદાર્થમાં તુચ્છપણું વિચારી વૃત્તિ બહાર જતી અટકાવવી; અને ક્ષય કરવી."** (વ.પૃ.૬૮૯) ।।૨૬।।

**વ્યસન-ત્યાગ રૂપ નીક કરી લે સદ્ગુણ-જળને કાજેજી,**
**ચારે પુરુષાર્થો સાધે જો સદ્ગુણ અંગ વિરાજેજી. વિનય૦**

**અર્થ :–** વ્યસનોને ત્યાગવારૂપ નીક એટલે પાણી જવાનો રસ્તો કરી લે જેથી સદ્ગુણરૂપી પાણી તારા અંદર પ્રવેશ પામે. જો સદ્ગુણ તારા હૃદયમાં બિરાજમાન થાય તો તું ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થને સાધી શકીશ.

**ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા ચાર પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો સત્પુરુષોનો ઉપદેશ છે. એ ચાર પુરુષાર્થ નીચેના બે પ્રકારથી સમજવામાં આવ્યા છે.**

**(૧) વસ્તુના સ્વભાવને ધર્મ કહેવામાં આવ્યો છે. (૨) જડચૈતન્ય સંબંધીના વિચારોને અર્થ કહ્યો છે. (૩) ચિત્તનિરોધને કામ. (૪) સર્વ બંધનથી મુક્ત થવું તે મોક્ષ.**

**એ પ્રકારે સર્વસંગપરિત્યાગીની અપેક્ષાથી ઠરી શકે છે. સામાન્ય રીતે નીચે પ્રમાણે :–**

**ધર્મ–સંસારમાં અધોગતિમાં પડતો અટકાવી ધરી રાખનાર તે 'ધર્મ'. અર્થ–વૈભવ, લક્ષ્મી, ઉપજીવનમાં સાંસારિક સાધન. કામ–નિયમિત રીતે સ્ત્રી પરિચય. મોક્ષ–સર્વ બંધનથી મુક્તિ તે મોક્ષ."** (વ.પૃ.૨૦૭) ।।૨૭।।

**[૧]દાનગુણે સત્પુરુષ નોતરે, [૨]શીલ યોગ્યતા આપેજી,**
**[૩]તપોબળે નિષ્કામ બને જો [૪]ભાવ સ્વરૂપે સ્થાપેજી. વિનય૦**

**અર્થ :–** હવે પ્રથમ ધર્મ પુરુષાર્થ વિષે જણાવે છે :–

દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારે ધર્મ કહ્યો છે. દાનગુણથી યુક્ત થઈને સત્પુરુષને

આહાર અર્થે ઘરે નોતરું આપે. આપણી કૃપણતા હશે તો તે સાંભળીને મુનિ પણ ઘરે આવશે નહીં. શીલ એટલે સદાચાર, તેમાં મુખ્યત્વે બ્રહ્મચર્ય એ આત્મજ્ઞાન પ્રાપ્તિની યોગ્યતા આપશે. સદાચાર એ ધર્મનું પહેલું પગથીયું છે. **'યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે અને અસત્સંગ એ મોટું વિઘ્ન છે.'** -શ્રીમદ્ રાજચંદ્ર

ઇચ્છાઓને રોકવારૂપ અંતરંગ તપ છે. જો ભાવ સ્વરૂપ પ્રાપ્તિ કરવાના હશે તો તે જરૂર ઇચ્છાઓને રોકી બાહ્ય તપાદિને આદરી નિષ્કામ બનશે. ।।૨૮।।

**એમ [1]ધર્મ-પુરુષાર્થ જગાડી, [2]અર્થ-પ્રયોજન દેખેજી,**
**સ્વાર્થ અને પરમાર્થ સાંકળી નરભવ આણે લેખેજી. વિનય૦**

**અર્થ :–** એમ ધર્મ-પુરુષાર્થને જગાડી આજીવિકા અર્થે કેટલા ધનનું પ્રયોજન છે તેટલું ધન કમાવાનો પુરુષાર્થ કરે છે. એમ સ્વાર્થ સાથે પરમાર્થને જોડી નરભવ લેખે લગાડે છે, અર્થાત્ શરીર કુટુંબાદિ પૂરતો ધનાદિનો સ્વાર્થ સાધી આત્માર્થ કરવાનું જે ચૂકતા નથી; તે જ સાચા સદ્ગુણી છે. ।।૨૯।।

**પ્રમાણિકતા, વચન-અચલતા, પરોપકાર ને મૈત્રીજી,**
**વિનય, દયાને સહનશીલતા, સાર્વજનિક સુખ-તંત્રીજી. વિનય૦**

**અર્થ :–** અર્થ પુરુષાર્થને સાધતા નીચેના ગુણોને ધ્યાનમાં રાખે છે :–

જે પ્રામાણિકપણાને છોડતા નથી, આપેલ વચનથી ફરી જતા નથી, પરોપકાર કરવાનું જે ભૂલતા નથી. તથા સહુથી મૈત્રીભાવ રાખવાનું કે વિનય, દયા અને સહનશીલતાને ધારણ કરવાનું ચૂકતા નથી. આ બધા ગુણો સાર્વજનિક એટલે સર્વ જીવોના સુખનું તંત્ર ચલાવવામાં તંત્રી સમાન છે. તંત્રી એટલે સારી રીતે સુખની વ્યવસ્થા કરનાર છે. ।।૩૦।।

**ક્ષમા, સંપ ને કર-કસર ગુણ, દીર્ઘદૃષ્ટિ ગુણગ્રાહીજી,**
**નિયમિતપણું, ઉદ્યોગ, સરળતા પ્રજ્ઞા સહ, ઉત્સાહીજી. વિનય૦**

**અર્થ :–** નીચેના સદ્ગુણો પણ અર્થ પુરુષાર્થ સાધવામાં જીવને મદદરૂપ છે. ક્ષમા રાખવી, સંપ જાળવવો, કરકસર કરવી, અર્થાત્ કારણ વિના પૈસાનો દુર્વ્યય ન કરવો. દીર્ઘદૃષ્ટિથી વિચારીને કામ કરવું, બીજાના ગુણો જોઈને ગ્રહણ કરવાનો ભાવ રાખવો. સમયસર કામ કરી નિયમિતપણું જાળવવું, ઉદ્યોગ એટલે પુરુષાર્થી થવું-પ્રમાદી ન થવું, પ્રજ્ઞા સહિત સરળતા રાખવી તથા પ્રત્યેક કામમાં ઉત્સાહવાળા થવું; એ ગુણો મેળવવાથી આત્માર્થના લક્ષ સાથે અર્થ પુરુષાર્થની પણ સિદ્ધિ થાય છે. ।।૩૧।।

**[3]કામ-પ્રયોજન પૂૅરતા ગુણ સૌ સંસારી જન શીખેજી**
**કળા-કુશળતા, પ્રેમ-પ્રતિજ્ઞા-પાલનથી તે દીપેજી. વિનય૦**

**અર્થ :–** કામ પુરુષાર્થને સંસારમાં રહેનારા આત્માર્થી જીવો માત્ર પ્રયોજન પૂરતા જ ન છૂટકે સાધે છે. તેમાં કળા કુશળતા વાપરીને મનને અલિપ્ત રાખવાનો પુરુષાર્થ કરે છે. જેની સાથે લૌકિક પ્રેમની પ્રતિજ્ઞા કરી છે, તેની સાથે સ્વદારા સંતોષવ્રતના પાલનથી તેનું જીવન જગતમાં દીપે છે અર્થાત્ શોભા પામે છે. ।।૩૨।।

**આહાર, જળ કાયાને કાજે ભૂખ-તૃષા-દુઃખ ખોવાજી,**
**અર્થ, કામ, પુરુષાર્થો તેવા પૂર્વકૃત સમ જોવાજી. વિનય૦**

**અર્થ :—** આહાર અને જળનો પ્રયોગ માત્ર કાયાના ભૂખ અને તરસના દુઃખો ખોવા માટે છે તેમ અર્થ અને કામનો પ્રયોગ પણ માત્ર સંસાર તંત્ર ચલાવવા કે મનની તાત્કાલિક વાસનાઓના શમન અર્થે છે. પૂર્વે જેવાં કર્મો ઉપાર્જન કર્યા હોય તે પ્રમાણે તેની પ્રાપ્તિ થાય છે. ।।૩૩।।

**[૪]મોક્ષ-પુરુષાર્થ જ ગણ સાચો, જન્મ કૃતાર્થ ગણાશેજી,**
**સમ્યક્ દૃષ્ટિ સહ સૌ સૃષ્ટિ મોક્ષાર્થે જ જણાશેજી. વિનય૰**

**અર્થ :—** આ ચારે પુરુષાર્થોમાં મોક્ષ પુરુષાર્થને જ સાચો જાણો. તે આદરવાથી આ મનુષ્ય જન્મ કૃતાર્થ અર્થાત્ સફળ થયો ગણાશે. **"આ પુરુષાર્થમાં પ્રથમના ત્રણ પુરુષાર્થ નાશસહિત અને સંસારરોગથી દૂષિત છે એમ જાણીને તત્ત્વોના જાણનાર જ્ઞાનીપુરુષ અંતનો પરમપુરુષાર્થ અર્થાત્ મોક્ષનાં સાધન કરવામાં જ યત્ન કરે છે. કારણ કે મોક્ષ નાશરહિત અવિનાશી છે."** (વ.પૃ.૨૦૯)

આત્માની દૃષ્ટિ જો સમ્યક્ થાય તો તેને સર્વ સૃષ્ટિ મોક્ષ મેળવવામાં મદદરૂપ થશે. કેમકે જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ છે. જેની દૃષ્ટિ નિર્મળ છે તેને સર્વ પદાર્થમાંથી ઉત્તમ બોધ મળી રહેશે. ।।૩૪।।

**સપ્ત વ્યસન પણ એ દૃષ્ટિથી બોધ અપૂર્વ જણાવેજી,**
**શુભ-અશુભ કર્મોદય [૧]દ્યુત સમ જીત-હાર સમજાવેજી. વિનય૰**

હવે સાતે ભાવ વ્યસન સમજાવે છે :—

**અર્થ :—** સાતે ભાવ વ્યસન પણ ઉપરોક્ત સમ્યક્દૃષ્ટિ થયે અપૂર્વબોધના આપનાર થાય છે. જેમ શુભ અશુભ કર્મના ઉદયો એ જ દ્યુત એટલે જુગાર સમાન છે કે જે જીવને જીત હાર સમજાવે છે. શુભ કર્મના ઉદયમાં રાજા આદિની પદવી મળવાથી હર્ષ પામવો તે જીત સમાન છે અને અશુભ કર્મના ઉદયમાં નિર્ધનતાની પ્રાપ્તિ થયે ખેદ માનવો તે હાર સમાન છે. ।।૩૫।।

**જુગાર સમ જે હર્ષ-શોકનો ધંધો જીંવ લઈ બેઠાજી,**
**તે ત્યાગ્યા વિણ અનંતકાળે કોઈ ન શિવપુર પેઠાજી. વિનય૰**

**અર્થ :—** જુગાર સમાન શુભના ઉદયમાં હર્ષ માનવો કે અશુભના ઉદયમાં શોક કરવો એ જ હર્ષ શોકનો ધંધો જીવ અનાદિથી લઈ બેઠો છે. તે શુભાશુભભાવને ત્યાગ્યા વિના તો અનંતકાળમાં કોઈ પણ જીવ શિવપુર એટલે મોક્ષનગરમાં પ્રવેશ પામ્યા નથી. ।।૩૬।।

**"તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ."** -શ્રીમદ્ રાજચંદ્ર

**સ્વ-પર દેહમાં મગ્ન બને મન [૨]માંસ-રુચિ જ પ્રમાણોજી,**
**ચામડી સુંદર દેખે મોહે, ચામડિયા તે જાણોજી. વિનય૰**

**અર્થ :—** સ્વ કે પરના દેહમાં જે મન મોહ કરી મગ્ન બને તે માંસની રૂચિ રૂપ બીજું ભાવ વ્યસન છે, એમ પ્રમાણભૂત માનો. તથા સુંદર ચામડીને દેખી જે મોહ પામે તેને ચામડીયા એટલે ચમાર જાણો. કેમ કે ચમારની દૃષ્ટિ ચામડા ઉપર હોય છે.

**અષ્ટાવક્રનું દૃષ્ટાંત :—** અષ્ટાવક્ર કે જેના આઠેય અંગ વાંકા છે તેણે જનકરાજાની સભામાં પ્રવેશ કરતાં જ સભામાં બેઠેલા પંડિતો વગેરે તેમને જોઈ હસી પડ્યા. ત્યારે જ્ઞાની એવા અષ્ટાવક્ર બોલી ઊઠ્યા કે હું આ ચમારોની સભામાં ક્યાં આવી ચઢ્યો. આ તો બધા શરીરનું ચામડું જોનાર છે, આત્માના ગુણો નહીં. જે આત્માના ગુણો ન જોતાં ચામડું જ જુએ તેને ચમાર જાણવા.

**"શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિને મૂકીને બહાર દૃષ્ટિએ એટલે ચર્મચક્ષુવડે ચામડાને નહીં જોઉં, તે તો ચમારની દૃષ્ટિ ગણાય. જે ચમાર હોય તે જ ચામડાને વિષે રંજન થાય. હું તો દિવ્ય નેત્રવાળો દેવ છું. એટલે જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્યને જોઈશ-ગુરુગમે."** -પ.પૂ.પ્રભુશ્રીજી દ્વારા લખાવેલ પત્રમાંથી ।।૩૭।।

**દેહાધ્યાસ અનાદિ પોષે માંસ-વ્યસન ભયકારીજી,**
**માંસ વધે તેવા આહારે રુચિ પણ માંસાહારીજી. વિનય૦**

**અર્થ :—** અનાદિકાળથી જીવ દેહાધ્યાસને પોષે છે. તે ભાવથી ભયંકર એવા માંસ-વ્યસનને સેવનાર જાણવો. શરીરનું માંસ વધે તેવા ભાવથી આહારમાં જે રુચિ છે તે પણ માંસાહાર જાણવો.

**"જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું તો તો એક ફૂટી બદામની કિંમતનું નથી."** (વ.પૃ.૫૬૧)

**સ્વરૂપ-ભેદ-વિજ્ઞાન વિનાનો [૩]મદિરા-પાની માનોજી,**
**મોહમદિરા-વ્યસન તજે તે લહે શિવ-સુખ-ખજાનોજી. વિનય૦**

**અર્થ :—** જેને સ્વ-પરનો ભેદ પડ્યો નથી અર્થાત્ જેને સ્વ એટલે પોતે કોણ છે? અને પોતાથી પર એવા પદાર્થો કયા કયા છે? એમ જે યથાર્થ જાણતો નથી તેને મોહરૂપી મદિરાને પીનાર ભાન ભૂલેલો જાણવો. જે મોહરૂપી દારૂના વ્યસનને તજશે તે જ પ્રાણી મોક્ષસુખના અનંત ખજાનાને પામશે; બીજો નહીં. કહ્યું છે કે —'मोह नींद जब उपशमे, तब कछु बने उपाय, कर्म चोर आवत रुके.' ।।૩૯।।

**વિપરીત બુદ્ધિ [૪]વેશ્યા જાણો, સંગ અનાદિ તેનોજી,**
**કુમતિ કલ્પના-નાચ નચાવે લૌકિક હેતુ જેનોજી. વિનય૦**

**અર્થ :—** ઇન્દ્રિયોમાં સુખ છે એવી વિપરીત બુદ્ધિને ભાવથી વેશ્યાના વ્યસન સમાન જાણો. અનાદિકાળથી જીવને આવી વિપરીત બુદ્ધિરૂપી વેશ્યાનો સંગ ચાલ્યો આવે છે. આવી પરમાં સુખબુદ્ધિની કલ્પનારૂપ કુબુદ્ધિ જીવને ચારે ગતિઓમાં અનેક પ્રકારનાં દુઃખો આપી નાચ નચાવે છે. એવી કુમતિ માત્ર તાત્કાલિક ક્ષણિક એવા આ લોકના ભૌતિક સુખોમાં જ જીવને ગરકાવ કરાવે છે. ।।૪૦।।

**સદ્ગુરુ-શરણે બુદ્ધિ રાખે, કદી પરમાર્થ ન ભૂલેજી,**
**તે વેશ્યા-વ્યસને નહિ રાચે એક લક્ષ શિવ-મૂલેજી. વિનય૦**

**અર્થ :—** જે ભવ્ય પ્રાણી સદ્ગુરુના શરણમાં બુદ્ધિ રાખીને જીવે છે તે કદી પરમાર્થ અર્થાત્ આત્માર્થને ભૂલશે નહીં. તે પરપદાર્થમાં સુખ માનવારૂપ વેશ્યાના વ્યસનમાં રાચશે નહીં. પણ એક માત્ર શિવમૂલ એટલે મોક્ષનું મૂલ ગુરુકૃપા છે એમ જાણીને તેને મેળવવાના જ પુરુષાર્થમાં રહેશે. ।।૪૧।।

**દયા ન હૃદયે ધરતા તે જન ભાવ-[૫]શિકારી જાણોજી,**
**કામ, ક્રોધ રૂપ વનમાં મ્હાલે, પરભવ-ભય-ભુલાણોજી. વિનય૦**

**અર્થ :—** જેના હૃદયમાં સ્વઆત્મા પ્રત્યે દયાભાવ નથી અને રાગદ્વેષ કર્યા કરે છે. તે જીવોને ભાવથી શિકારી જાણો. જે નિશદિન કામ, ક્રોધાદિ ભાવરૂપ વનમાં વિચરણ કરીને આનંદ માણી રહ્યા છે, તેમને પરભવનો ભય ભુલાઈ ગયો છે. પરભવમાં તે કેટલું દુઃખ પામશે તેનું તેમને ભાન નથી.

**'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો.'** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૪૨।।

**દયા, ક્ષમા, સંતોષ હણે તે ક્રુર જીવો અવિચારીજી,**
**આત્મઘાત-શિકાર તજે તે મોક્ષ-માર્ગ-અનુસારીજી. વિનય૦**

**અર્થ :—** આત્માના ગુણો જે દયા, ક્ષમા, સંતોષ વગેરે છે તેને જે હણે તે જીવો ક્રુર અને અવિચારી છે. કેમકે આત્મઘાતી મહાપાપી કહેવાય છે. પણ આત્માના ગુણોને ઘાતવારૂપ શિકારનો જે ત્યાગ કરશે તે જ મોક્ષમાર્ગને અનુસરનાર થશે. ।।૪૩।।

**આત્મબુદ્ધિ દેહાદિકમાં જે તે [૬]પરસ્ત્રી-રતિ જાણોજી,**
**એ જ અનાદિ ભૂલે ભમિયો, કાયા ધરી ન ધરાણોજી. વિનય૦**

**અર્થ :—** દેહમાં આત્મબુદ્ધિ અને આત્મામાં દેહ બુદ્ધિ આદિ છે તે પરસ્ત્રીમાં રમણતા સમાન જાણો. એ જ અનાદિકાળની ભૂલથી જીવ સંસારમાં ભમ્યા કરે છે. આ દેહમાં આત્મબુદ્ધિના કારણે અનંતકાળથી જીવ નવા નવા દેહ ધારણ કરીને હજી સુધી ધરાયો નથી.

**''બીજા દેહો તણું બીજ, આ દેહે આત્મભાવના;**
**વિદેહ મુક્તિનું બીજ, આત્મામાં આત્મભાવના.''** -સમાધિશતક ।।૪૪।।

**કાયા-પરનારીમાં માયા કેમે કરી નહિ છૂટેજી,**
**બળવંતા જ્ઞાનીનો આશ્રય મળતાં તાંતો તૂટેજી. વિનય૦**

**અર્થ :—** કાયારૂપી પરસ્ત્રી પ્રત્યેનો માયામોહ કેમે કરીને હજી સુધી છૂટતો નથી. પણ બળવાન એવા જ્ઞાનીનો આશ્રય મળતાં જરૂર તે સ્નેહનો તાંતણો તૂટી જાય છે, અર્થાત્ કાયા પ્રત્યેનો માયામોહ હટી જાય છે. આર્દ્રકુમાર પોતાના અનુભવથી કહે છે કે હાથીની સાંકળ તોડવી સહેલી છે પણ સ્નેહના કાચા તાંતણા તોડવા દુષ્કર છે. ।।૪૫।।

**ધન-વૈભવમાં અતિ પ્રીતિ તે ભાવ [૭]ચોરી, મન આણોજી**
**અધિક અધિક ગ્રહવાની આશા, પાપતણું મૂળ જાણોજી. વિનય૦**

**અર્થ :—** ધન એ પરવસ્તુ છે. ધન વૈભવમાં અત્યંત આસક્તિ છે તેને ભાવથી ચોરી જાણો. ધનાદિને અધિક અધિક ગ્રહણ કરવાની જે આશા-તૃષ્ણા છે તેને તમે સર્વ પાપનું મૂળ જાણો.

**''ધનવૃદ્ધિમાં કાળ જાય, નરભવ આયુ ખપાય;**
**ઇચ્છે છે ધનવાન ધન, ભલે મરણ પણ થાય.**
**દાનાદિ પુણ્ય હેતુથી, ધન ઉપાર્જતો દીન;**
**કાદવ ખરડી ન્હાઈશું, કહે તે બુદ્ધિહીન.''**-ઇષ્ટોપદેશ ।।૪૬।।

**સર્વ મૂકતાં મોક્ષ મળે તો સંગ્રહભાવ જ ઊંધોજી,**
**દ્રવ્ય-ભાવથી સર્વ પ્રકારે છૂટવા યોજ પ્રબંધોજી. વિનય૦**

**અર્થ :—** સર્વ પરિગ્રહને મૂકતા જો મોક્ષ મળે અર્થાત્ સર્વ દુઃખથી મુક્ત થવાય તો પરિગ્રહને સંગ્રહ કરવાનો ભાવ તે જરૂર ઊંધો છે, અર્થાત્ સંસાર વધારનાર છે. માટે દ્રવ્ય અને ભાવ સર્વ પ્રકારે બધા વ્યસનોથી છૂટવા માટેના જ પ્રબંધોની યોજના કરો. ।।૪૭।।

**દયા, ક્ષમા, ધીરજ, સમતા ને મરણ-સમાધિ વિચારીજી,**
**અપ્રતિબંધ, અસંગ, પ્રશાંતિ; સદ્‌ગુણ લે ઉર ધારીજી. વિનય૦**

દ્રવ્ય અને ભાવ વ્યસનોથી છૂટવા કેમ કરવું તેનો ઉપાય આ અંતિમ ગાથામાં જણાવે છે :—

**અર્થ :—** દયા એ ધર્મનું મૂળ છે. ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે. ધીરજના ફળ મીઠા છે, સમભાવ એ આત્માનું ઘર છે. અને સમાધિમરણ એ જ આ મનુષ્યભવનું કર્તવ્ય છે. એમ જાણી સર્વ પ્રકારના લોકસંબંધી કે સ્વજન કુટુંબ આદિ બંધનો તોડી અપ્રતિબંધ વિહારી બની, બાહ્ય અને અભ્યંતર સર્વસંગનો પરિત્યાગ કરી, આત્માની પ્રકૃષ્ટ શાશ્વત સુખશાંતિને મેળવવા કટિબદ્ધ થા. આ જ ઉત્તમ સદ્ગુણોને હૃદયમાં ધારણ કરવાનો પુરુષાર્થ તે જીવન સફળ કરવાનો સાચો ઉપાય છે. ।।૪૮।।

---

જેને આત્માના સદ્ગુણો પ્રત્યે આકર્ષણ થયું છે તે ભવ્યાત્મા જરૂર દેશધર્મ એટલે અંશે આચરી શકાય એવા શ્રાવક ધર્મનો વિચાર કરીને પોતાના આત્મકલ્યાણનો માર્ગ શોધે છે. તે દેશ ધર્મ કોને કહેવો? અને તે કેવી રીતે પાળી શકાય? વગેરેનો વિચાર નીચેના પાઠમાં સવિસ્તર આપવામાં આવે છે.

(૩૭)

## દેશ ધર્મ વિષે વિચાર





(દોહરા)

*

**જેના જ્ઞાને ન્યૂનતા દેશે પણ નહિ હોય;**
**રાજચંદ્ર ગુરુ તે નમું સંશય સર્વે ખોય. ૧**

**અર્થ :—** જેના જ્ઞાનમાં દેશે એટલે અંશે પણ ન્યૂનતા અર્થાત્ ઉણપ હોય નહીં એવા શ્રીમદ્ રાજચંદ્ર સદ્ગુરુદેવના ચરણકમળમાં સર્વ પ્રકારના સંશયનો નાશ કરીને હું પ્રણામ કરું છું. ।।૧।।

**કળિયુગમાં આયુષ્ય તો અલ્પ, બુદ્ધિ પણ અલ્પ,**
**શ્રુતવારિધિ તરવા નથી સામગ્રી, સંકલ્પ. ૨**

**અર્થ :—** આ હુંડા અવસર્પિણી કળિયુગમાં જીવોના આયુષ્ય અલ્પ છે, બુદ્ધિ પણ અલ્પ છે, એવા સમયમાં ભગવાનની કહેલી સ્યાદ્વાદવાણીરૂપ શ્રુતવારિધિ એટલે શાસ્ત્ર સમુદ્રને તરવા અર્થાત્ સમજવા માટે જોઈતી બુદ્ધિરૂપ સામગ્રી મારી પાસે નથી તથા એવું સંકલ્પબળ પણ નથી કે મારે ભગવાનનું કહેલું તત્ત્વ આ ભવે સમજવું જ છે.

**''આયુષ્ય અલ્પ અને અનિયત પ્રવૃત્તિ, અસીમ બળવાન અસત્સંગ, પૂર્વનું ઘણું કરીને અનારાધકપણું, બળવીર્યની હીનતા, એવા કારણોથી રહિત કોઈક જ જીવ હશે, એવા આ કાળને વિષે પૂર્વે ક્યારે પણ નહીં જાણેલો, નહીં પ્રતીત કરેલો, નહીં આરાધેલો તથા નહીં સ્વભાવસિદ્ધ થયેલો એવો ''માર્ગ'' પ્રાપ્ત કરવો દુષ્કર હોય એમાં આશ્ચર્ય નથી; તથાપિ જેણે તે પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઈ લક્ષ રાખ્યો જ નથી તે આ કાળને વિષે પણ અવશ્ય તે માર્ગને પામે છે.''** (વ.પૃ.૫૬૧)

**''શાસ્ત્ર ઘણાં મતિ થોડલી મનમોહન મેરે, શિષ્ટ કહે તે પ્રમાણ રે મનમોહન મેરે.''** ।।૨।।

**મુક્તિદાયક બીજરૂપ આત્મહિતનું ધામ;**
**તુજ આજ્ઞા ઉઠાવતાં, સરશે મારાં કામ. ૩**

**અર્થ :—** પણ મુક્તિ આપવામાં સમર્થ એવા સમકિતના બીજરૂપ તથા આત્મકલ્યાણના ઘરરૂપ

એવી તારી આજ્ઞા ઉપાસતાં મારા સઘળા કાર્ય સિદ્ધ થશે એવી મને પૂર્ણ ખાત્રી છે. ।।૩।।

**સર્વજ્ઞ પ્રભુએ કહ્યો ધર્મ વસ્તુસ્વભાવ,**
**તે 'સહજાત્મસ્વરૂપ' મૂળ, બીજો સર્વ વિભાવ. ૪**

**અર્થ :–** હવે ભગવાનની મુખ્ય આજ્ઞા **'વિભાવથી મુકાવું અને સ્વભાવમાં આવવું'** એ છે. તે સ્વભાવ પ્રાપ્તિને અર્થે જ્ઞાનીઓએ ધર્મ બે પ્રકારે કહ્યો છે. એક નિશ્ચય ધર્મ અને બીજો વ્યવહાર ધર્મ.

નિશ્ચયધર્મમાં સર્વજ્ઞ પ્રભુએ વસ્તુના સ્વભાવને ધર્મ કહ્યો છે. **''આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર ધર્મ કહે છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર આત્મારૂપ વસ્તુનો મૂળ સ્વભાવ 'સહજાત્મસ્વરૂપ' છે. તે સિવાય આત્મા માટે બીજી બધી વસ્તુઓના ધર્મો વિભાવરૂપ છે. ।।૪।।

**કહો અહિંસા, જીવ-દયા, શાંતિ, પૂર્ણ સ્વરૂપ;**
**સહજાનંદ, સમાધિ કે 'આત્મા આત્મારૂપ.' ૫**

**અર્થ :–** બીજા વ્યવહાર ધર્મની અનેક વ્યાખ્યા છે. જેમકે અહિંસા પરમોધર્મ, દયામૂળ ધર્મ, આત્માની પરમશાંતિ પામવારૂપ ધર્મ, આત્માનું પૂર્ણ સ્વરૂપ પામવું તે ધર્મ, આત્માનો સહજ આનંદ પામવો તે ધર્મ, આત્મામાં સ્થિરતા કરવારૂપ સમાધિ કે આત્મા આત્મસ્વરૂપને પામે એ રૂપ ધર્મ જ્ઞાની-પુરુષોએ કહ્યો છે. ।।૫।।

**આરાધકના ભેદથી દેશવિરતિ, યતિ ધર્મ,**
**ગૃહસ્થ કે મુનિયોગ્ય તે સમ્યક્ત્વ-મૂળ મર્મ. ૬**

**અર્થ :–** આરાધના કરનારના ભેદથી તે વ્યવહાર ધર્મ બે પ્રકારે છે. એક દેશવિરતિ એટલે ગૃહસ્થધર્મ અને બીજો યતિધર્મ અર્થાત્ મુનિધર્મ. તે ગૃહસ્થધર્મ અને મુનિધર્મ સમકિત સહિત હોય તો જ કલ્યાણકારક છે; આ એનું રહસ્ય છે. ।।૬।।

**સમ્યક્ દર્શન જ્ઞાન ને ચારિત્રે ત્રણ રૂપ,**
**ક્ષમાદિ દશ યતિ-ધર્મ છે; એમ અનેક સ્વરૂપ. ૭**

**અર્થ :–** સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રમય રત્નત્રયધર્મ એ મોક્ષ પ્રાપ્તિનો સાચો ઉપાય છે. તેમજ ઉત્તમ ક્ષમા, આર્જવ, માર્દવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો યતિધર્મ એટલે મુનિધર્મ જગત પ્રસિદ્ધ છે. એમ ધર્મના અનેક સ્વરૂપ ભગવંતે વર્ણવેલ છે. ।।૭।।

**ધર્મ-તરુ-મૂળ જીવ-દયા મોક્ષમાર્ગ-સોપાન,**
**વ્રત-સુખ-સંપત્તિ તણી જનની દયા પ્રમાણ. ૮**

**અર્થ :–** ધર્મરૂપી વૃક્ષનું મૂળ જીવદયા છે. એ મોક્ષમાર્ગે જવા માટે સોપાન એટલે પગથિયાં સમાન છે. તથા વ્રતને, સુખને કે સંપત્તિને પણ જન્મ આપનારી માતા દયા જ છે, અને દયાવડે જ ધર્મ સધાય છે. ''આ સંસારમાં ઇન્દ્રપણું, અહમિન્દ્રપણું, તીર્થંકરપણું, ચક્રવર્તીપણું તથા બળભદ્રપણું કે નારાયણપણું પ્રાપ્ત થાય છે તે સર્વ ધર્મના પ્રતાપે થાય છે. ઉત્તમ કુળ, રૂપ, બળ, ઐશ્વર્ય, રાજ્ય, સંપદા, આજ્ઞા, સુપુત્ર, સુભાગ્યવંતી સ્ત્રી, હિતકારી મિત્ર, વાંછિત કાર્યસિદ્ધિ, કાર્યકુશળ સેવક, નીરોગતા, ઉત્તમ ભોગ ઉપભોગ, રહેવાને દેવવિમાન સમાન મહેલો, સુંદર સંગતિમાં પ્રવૃત્તિ, ક્ષમા, વિનયાદિક, મંદકષાયીપણું, પંડિતપણું,

કવિપણું, ચતુરાઈ, હસ્તકળા, પૂજ્યપણું, લોકમાન્યતા, પ્રખ્યાતિ, દાતારપણું, ભોગીપણું, ઉદારતા, શૂરવીરતા ઇત્યાદિ ઉત્તમ સામગ્રી, ઉત્તમ ગુણ, ઉત્તમ સંગતિ, ઉત્તમ બુદ્ધિ, ઉત્તમ પ્રવૃત્તિ જે કંઈ દેખવામાં, સાંભળવામાં આવે છે તે બધો ધર્મનો પ્રભાવ છે.'' -સમાધિસોપાન (પૃ.૧૨૬) ।।૮।।

**પ્રથમ પ્રાણી-દયા ધરે આત્માર્થી ઉરમાં ય;**
**દયા વિના ધાર્મિક ક્રિયા જળમાં વાદળછાંય. ૯**

**અર્થ :—** ધર્મ પાળનાર આત્માર્થી, પ્રથમ પ્રાણીદયાને હૃદયમાં ધારણ કરે. કેમકે દયા વિનાની ધાર્મિક ક્રિયા જળમાં પડેલ વાદળની છાયા સમાન નિરર્થક છે. જળમાં પડેલ વાદળની છાયા કોઈને સુખનું કારણ થતી નથી તેમ દયા વગરનો ધર્મ કોઈને સુખ આપનાર થતો નથી. ।।૯।।

**પૂર્વ ભવે પિતાદિ જે સગાં થયાં બહુ વાર,**
**તે પ્રાણી હણતાં અરે! કરે ન કેમ વિચાર? ૧૦**

**અર્થ :—** પૂર્વભવમાં જે પિતા, માતા વગેરે ઘણીવાર થયા છે. એક એક જીવ સાથે અનંતી સગાઈ થઈ ચૂકી છે. એવા પ્રાણીઓને હણતાં અરે! હવે તું કેમ કંઈ વિચારતો નથી. ।।૧૦।।

**કરુણાવંત મુનિવરો તજીને તન-દરકાર,**
**નિશદિન નિજહિત સાધતાં, કરતા પરોપકાર. ૧૧**

**અર્થ :—** હવે પ્રથમ મુનિધર્મનું વર્ણન કરે છે :—

કરુણાના ભંડાર એવા મુનિવરો પોતાના શરીરની દરકાર અર્થાત્ સાર સંભાળ તજી દઈને નિશદિન પોતાના આત્માનું હિત સાધતા બીજા જીવોની રક્ષા કરવારૂપ પરોપકાર કરતા રહે છે. 'परोपकाराय सतां विभूतयः' પરોપકાર કરવો એ જ મહાત્માઓની વિભૂતિ છે. ।।૧૧।।

**સર્વ જીવનું હિત કરે, દૂભવે જીવ નહિ કોય,**
**સર્વ-વિરતિધર યોગી તે; દેશ-વિરતિ ગૃહી હોય. ૧૨**

**અર્થ :—** એવા આત્મજ્ઞાની મુનિ મહાત્માઓ છ કાય જીવની રક્ષા કરીને સર્વ જીવોનું હિત કરે છે. કોઈ પણ જીવને દુભવતા નથી. **''સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય.''** -શ્રીમદ્ રાજચંદ્ર

તે સર્વ વિરતિને ધારણ કરનાર યોગી પુરુષો છે. તે બાર પ્રકારે, તેર પ્રકારે અથવા સત્તર પ્રકારે સંયમના પાળનાર હોય છે. પાંચ ઇન્દ્રિયો તથા છઠ્ઠું મન તથા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ તથા ત્રસકાય એમ છ કાયની રક્ષા મળીને બાર પ્રકારે સંયમ થાય છે. અથવા પાંચ મહાવ્રત, પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ મળીને તેર પ્રકારે સંયમ કહેવાય છે. અથવા પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા ચાર કષાયનો નિગ્રહ મળીને સત્તર પ્રકારનો સંયમ જગતમાં પ્રસિદ્ધ છે. તે સંયમને પાલનહાર સર્વ વિરતિધર યોગીપુરુષો છે, તથા દેશ-વિરતિ એટલે જેને અંશે ત્યાગ કરેલો છે એવા ગૃહસ્થ તે દેશવ્રતને ધારણ કરનાર શ્રાવક કહેવાય છે. ।।૧૨।।

**ત્રસ જીવને ગૃહી ના હણે વિના પ્રયોજન ક્યાંય;**
**સંકલ્પી હિંસા તજે, દેશે સંયમ ત્યાંય. ૧૩**

હવે બીજા ગૃહસ્થધર્મ વિષે જણાવે છે :—

**અર્થ :—** ત્રસ એટલે હાલતાચાલતા જીવોને જે ગૃહી એટલે ગૃહસ્થ વિના પ્રયોજન કદી હણે નહીં.

સંકલ્પ કરીને કોઈને મારે નહીં. કારણ શ્રાવક ધર્મ અંગીકાર કરનારને સંકલ્પી હિંસાનો ત્યાગ હોય છે, વિરોધી હિંસાનો નહીં. કોઈ તેને મારવા આવે તો સામનો કરે; તે વખતે તે મરી જાય તો શ્રાવકવ્રતનો ભંગ થતો નથી. કેમકે તેણે દેશે અર્થાત્ અંશે સંયમ એટલે ત્યાગને અંગીકાર કર્યો છે, સર્વથા નહીં. ।।૧૩।।

**શોભારૂપ સંસારમાં વર્તન શુભ સદાય;**
**મુનિ બનવાના ભાવને ભૂલે નહીં જરાય. ૧૪**

**અર્થ :–** દેશ સંયમી શ્રાવકનું વર્તન સંસારમાં સદા શુભ છે, તેથી શોભારૂપ છે. તે મુનિ બનવાના ભાવને કદી ભૂલતા નથી. **''જેણે પોતાનાં ઉપજીવિકા જેટલાં સાધનમાત્ર અલ્પારંભથી રાખ્યાં છે, શુદ્ધ એકપત્નીવ્રત, સંતોષ, પરાત્માની રક્ષા, યમ, નિયમ, પરોપકાર, અલ્પરાગ, અલ્પદ્રવ્યમાયા અને સત્ય તેમજ શાસ્ત્રાધ્યયન રાખ્યું છે, જે સત્પુરુષોને સેવે છે, જેણે નિર્ગ્રંથતાનો મનોરથ રાખ્યો છે, બહુ પ્રકારે કરીને સંસારથી જે ત્યાગી જેવો છે, જેના વૈરાગ્ય અને વિવેક ઉત્કૃષ્ટ છે તે પવિત્રતામાં સુખપૂર્વક કાળ નિર્ગમન કરે છે.''** (વ.પૃ.૧૦૬) ।।૧૪।।

**વીર્ય પ્રગટ તેવું નથી, તેથી રહે ઘરમાંય,**
**ઉપાસના મુનિ તણી કરે દેવ-ભક્તિ સહ ત્યાંય. ૧૫**

**અર્થ :–** મુનિપણું અંગીકાર કરવાનું વીર્ય હજુ પ્રગટ થયું નથી તેથી તે હજુ ઘરમાં રહે છે. ત્યાં ઘરમાં રહ્યા છતાં પણ દેવ-ગુરુની ભક્તિ કરતા સાથે મુનિ બનવા માટેની યોગ્યતા મેળવવાની ઉપાસના સદા કરતો રહે છે. ।।૧૫।।

**ધાર્મિક બંધુ પ્રતિ પ્રીતિ, પાત્રે દેતા દાન,**
**દયા લાવી દીન દુઃખીને મદદ કરે, તજી માન. ૧૬**

**અર્થ :–** સાધર્મિક ભાઈઓ પ્રત્યે વાત્સલ્યભાવના રાખે છે. પાત્ર જીવોને આહારદાન, ઔષધદાન, જ્ઞાનદાન, અભયદાન વગેરે આપે છે. તથા દયા લાવીને દીન દુઃખી જીવો ઉપર પણ અનુકંપાદાનવડે પોતાનું માન મૂકીને મદદ કરે છે. ''આ જીવ કોને ભજે છે? એ જોવું. કૃપાળુદેવને ભજે છે, તો એના ઉપર વાત્સલ્યભાવ રાખવો. જે જીવનું કલ્યાણ થવાનું હોય તે જ જીવ કૃપાળુદેવને શરણે આવે છે. વાત્સલ્યભાવ રાખે તોય તીર્થંકર ગોત્ર બાંધે.'' -બો. ભા.-૧ (પૃ.૩૩૧) શ્રી સંભવનાથ ભગવાને વાત્સલ્યભાવથી તીર્થંકરનામ કર્મ બાંધ્યું હતું. ।।૧૬।।

**તત્ત્વ-વિચાર સદા કરે, દેશવ્રતે ઉલ્લાસ;**
**પ્રસિદ્ધ નીતિમાર્ગ સહ સમ્યગ્દર્શન-વાસ. ૧૭**

**અર્થ :–** જે હમેશાં છ દ્રવ્ય, છ પદ કે સાત તત્ત્વનો વિચાર કરે છે. જેને દેશવ્રત એટલે શ્રાવકના વ્રત પાળવામાં ઉલ્લાસ વર્તે છે. જગત પ્રસિદ્ધ નીતિમાર્ગમાં જે પ્રયાણ કરે છે તથા જેનો સમ્યગ્દર્શનમાં વાસ છે, અર્થાત્ જેને વ્યવહાર કે નિશ્ચય સમકિત પ્રાપ્ત છે. તે જ ખરા શ્રાવક ગણવા યોગ્ય છે.

**''દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે.''**

(વ.પૃ.૩૯૮) ।।૧૭।।

**પૂજ્ય ગૃહસ્થપણું ગણ્યું, આવું ભક્તિ-ધામ,**
**સદ્ગુણ-ગણ વિના નહીં શોભે શ્રાવક નામ. ૧૮**

**અર્થ :–** જેને સત્પુરુષ પ્રત્યે ભક્તિ જાગી છે, જેના ઘરના બધા ભક્તિ કરતા હોવાથી ઘર પણ ભક્તિનું ધામ બન્યું છે, તેનું ગૃહસ્થપણું વખણાય છે, પૂજ્ય ગણાય છે. પણ સદ્ગુણના સમૂહ વગર ગૃહસ્થનું શ્રાવક એવું નામ શોભા પામતું નથી.

**"શ્રાવક કોને કહેવા? જેને સંતોષ આવ્યો હોય; કષાય પાતળા પડ્યા હોય; માંહીથી ગુણ આવ્યો હોય; સાચો સંગ મળ્યો હોય તેને શ્રાવક કહેવા."** (વ.પૃ.૭૨૯)

**કળિકાળે તો કોઈક જ સાચા સાધુ ભાળ;**
**નિર્દય, ક્ષુદ્ર જનો પીડે, ટકે કેટલો કાળ? ૧૯**

**અર્થ :–** આ કળિકાળમાં તો કોઈક જ સાચા સાધુ દેખાય છે. પ.પૂ.પ્રભુશ્રીજી તથા પૂ.શ્રી દેવકરણજી મહારાજ વિષે પરમકૃપાળુદેવે જણાવેલું કે આ ચોથા આરાની વાનગી છે.

આ પાપના યુગમાં નિર્દય અને ક્ષુદ્ર એટલે હલકી વૃત્તિના લોકો આવા મહાત્માઓને પણ પીડા આપે, તો તે કેટલો કાળ તેમની પાસે ટકી શકે? જેમકે પ.પૂ.પ્રભુશ્રીજી, લોકોની કનડગતને લઈને જુનાગઢ જેવા એકાંત સ્થાનોમાં રહેવા લાગ્યા. તેમજ પૂ.શ્રી આનંદઘનજી મહારાજ પણ લોકોના અયુક્ત દબાણને લઈને જન સહવાસ છોડી વનવાસ સ્વીકાર્યો. અથવા શ્રી યશોવિજયજી મહાારજનું પણ ઉદયાધીન વર્તન થવાથી બાહ્ય ક્રિયાનો આગ્રહ મૂકી વિશેષ સ્વરૂપ ધ્યાનમાં સ્થિર રહેવા લાગ્યા. તેથી લોકો તેમને ઓળખી શક્યા નહીં. એવું ભયંકર કળિકાળનું સ્વરૂપ છે. ।।૧૯।।

**જેમ સુકાતા સર વિષે માછલીઓ ગભરાય,**
**ફેરવતા બક ચંચુ બહુ; ક્યાં નાસી સંતાય? ૨૦**

**અર્થ :–** જેમ સર એટલે તળાવ સુકાતા માછલીઓ બિચારી ગભરાવા લાગે છે. કેમ કે ત્યાં બક એટલે બગલાઓ લાંબી ચાંચ ફેરવતા ઘણા ઊભા હોય છે. ત્યાંથી બિચારી માછલીઓ નાસીને ક્યાં સંતાય. તેમ આ કળિયુગમાં મોક્ષમાર્ગના જિજ્ઞાસુ જીવોને કુગુરુરૂપી બગલાઓ પોતાના મતરૂપી ચાંચમાં પકડી લે તો તે બિચારા ત્યાંથી છૂટીને કોને શરણે જાય? એ જોઈને કૃપાળુદેવને બહુ દયા આવે છે. ।।૨૦।।

**માત-પિતા સમ સાધુની શ્રાવક લે સંભાળ,**
**સાધુ-સમાધિ સાધતાં બને ધર્મ-રખવાળ. ૨૧**

**અર્થ :–** માતા પિતા સમાન શ્રાવકો આત્મજ્ઞાની સાધુ પુરુષોની સંભાળ લે છે. સાધુ પુરુષો આત્માની સ્વસ્થતાને સાધી ધર્મની રક્ષા કરે છે.

**"આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર સમાધિ કહે છે."** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨૧।।

**સાધુ સાધે આત્મહિત, ચંદનતરુ સમ માન,**
**સમીપ-વાસીને વાસથી કરતા આપ સમાન. ૨૨**

**અર્થ :–** આત્મજ્ઞાની સાધુપુરુષો આત્મહિતને સાધે છે, તેમને ચંદનના વૃક્ષ સમાન જાણો. જે પુરુષો તે સાધુ મહાત્માઓનો સંગ કરે તેને પણ સદાચારથી સુવાસિત કરીને પોતા સમાન બનાવે છે.

ઋષભદેવ ભગવાનને તેમના અઠ્ઠાણું પુત્રો ભરત મહારાજાની શિકાયત કરવા ગયા હતા. તેમને પણ ઉપદેશ આપી પોતા સમાન બનાવી દીધા.

શ્રી ગૌતમસ્વામી ભગવાન મહાવીર પાસે ગયા તો તેમને હે ગૌતમ! તને આત્મા વિષેની શંકા છે. એમ અંતરની વાત જણાવી, ઉપદેશ આપી મોક્ષમાર્ગે ચઢાવી દીધા. ।।૨૨।।

**ગૃહ-જંજાળી જીવની ધર્મ-ક્રિયા ગજ-સ્નાન,**
**પ્રવૃત્તિ અતિ પાપની સંત-કૃપા સુખ-સ્થાન. ૨૩**

**અર્થ :–** હવે ગૃહસ્થની ધર્મક્રિયા વિષે જણાવે છે :–

ગૃહ જંજાલમાં વસનારા જીવની ધર્મક્રિયા ગજ-સ્નાન જેવી છે. જેમ હાથી સ્નાન કરીને પાછી ધૂળ નાખે. તેમ ગૃહસ્થની પાપની પ્રવૃત્તિ વિશેષ છે અને ધર્મક્રિયાનો અવસર અલ્પ માત્ર મળે છે.

છતાં ત્યાં પણ સંતપુરુષોની કૃપા થયે આત્મજાગૃતિનો ઉપાય મળી જાય તો તે ગૃહસ્થ અવસ્થા પણ સુખપૂર્વક નિર્ગમન કરે છે.

જેમ ભગવાન મહાવીરના ઉપદેશથી કે કૃપાથી ગૃહસ્થ હોવા છતાં આનંદ શ્રાવક કે કામદેવ શ્રાવક કે પુણિયા શ્રાવકની દશા વૃદ્ધિ પામી તેમ આપણે પણ પરમકૃપાળુદેવ, પ.પૂ.પ્રભુશ્રીજી તથા પ.પૂ.બ્રહ્મચારીજીની કૃપાથી આત્મસુખ મેળવવાનું સ્થાન પામ્યા તથા આરાધનાનો ક્રમ પણ પામ્યા; એ સંતપુરુષોની કૃપાનું જ ફળ છે. ।।૨૩।।

**કુટુંબ કાજળ-કોટડી, ક્યાંય જરી અડી જાય,**
**ડાઘ પડે તે ભૂંસતાં, કાળે કાળું થાય. ૨૪**

**અર્થ :–** કુટુંબરૂપી કાજળની કોટડી છે. તેમાં જરીક વાસ કરે તો પણ કાળો ડાઘ લાગે. તે ડાઘને ભૂંસતા કષાયરૂપી કાળાશથી આત્માની કાળાશ વધે છે, પણ સ્વચ્છતા થતી નથી.

**"કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે; મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે. પ્રત્યેક અંતરગુફામાં તે જાજ્વલ્યમાન છે."** (વ.પૃ.૨૧૦) ।।૨૪।।

**ગણ સેવા સત્પુરુષની સાબુ, બોધ જળ જાણ;**
**સદાચાર પથ્થર ઉપર, આત્મા વસ્ત્ર વખાણ. ૨૫**

**અર્થ :–** સત્પુરુષની સેવાને સાબુ સમાન જાણ, તથા તેમના વૈરાગ્યમય બોધને જળ સમાન જાણીને સદાચારરૂપી પત્થર ઉપર આત્મારૂપી વસ્ત્રને ધોઈ અનાદિનો વિષયાદિક કર્મમેલ હવે દૂર કરો. ।।૨૫।।

**જેમ નોળિયો, સાપની સાથે લડવા જાય,**
**સર્પમુખમાં વિષ પણ નકુલ નહીં ગભરાય. ૨૬**

**અર્થ :–** જેમ નોળિયો સાપની સાથે લડવા જાય ત્યારે સાપના મુખમાં વિષ હોવા છતાં પણ નકુલ એટલે નોળિયો પોતાના દરમાં નોરવેલ નામની જડીબુટ્ટી હોવાથી ગભરાતો નથી. ।।૨૬।।

**સર્પ ડરે, નાસે વળી કરડે જોઈ લાગ,**
**નકુલ દોડી જડીબૂટી સૂંઘી પકડે નાગ. ૨૭**

**અર્થ :–** સાપ નોળિયાને જોઈ ડરે છે, નાસે છે, તથા લાગ જોઈને વળી નોળિયાને કરડે પણ છે.

ત્યારે નોળિયો તરત દોડીને પોતાના દરમાં રહેલ જડીબુટ્ટીને સૂંઘી ઝેરને ઉતારી ફરી પાછો નાગને પકડે છે. ।।૨૭।।

**એમ અનેક પ્રસંગમાં ચૂકે નહીં ઉપાય,**
**અંતે જીતે નોળિયો, મરણ સાપનું થાય. ૨૮**

**અર્થ :—** એમ અનેકવાર કરડવાના પ્રસંગ થતાં જડીબુટ્ટી સૂંઘવાના ઉપાયને તે ચૂકતો નથી. તેથી જેના અંગમાં ઝેર નથી છતાં પણ તે નોળિયો લડાઈમાં અંતે જીતી જાય છે અને ઝેરવાળા સાપને મારી નાખે છે. ।।૨૮।।

**તેમ મુમુક્ષુ પણ ગણે વિષમય આ સંસાર,**
**સદ્ગુરુ-આજ્ઞા જડીબૂટી ગણે પરમ આધાર. ૨૯**

**અર્થ :—** તેમ મુમુક્ષુ પણ આ સંસારને ઝેરમય જાણી સદ્ગુરુ આજ્ઞારૂપી જડીબુટ્ટીને પરમ આધાર ગણી વારંવાર સૂંઘ્યા કરે છે. વારંવાર સંસારનું ઝેર ચઢે કે સત્સંગની ઉપાસના કરી કે 'સહજાત્મસ્વરૂપ'નું ધ્યાન ધરી સંસારના ઝેરને વમી નાખે છે. ।।૨૯।।

**નિર્વિષ રહી ગભરાય નહિ, વિકટ કરે પુરુષાર્થ,**
**વિષમ ઉદયમાં ચેતતો રહી સાધે આત્માર્થ. ૩૦**

**અર્થ :—** એમ સંસારમાં રહેવા છતાં સત્સંગ ભક્તિ સ્વાધ્યાયના બળે કરી વિષયકષાયભાવોના ઝેરથી રહિત રહીને તે મુમુક્ષુ ગભરાતો નથી; પણ સત્પુરુષની આજ્ઞા આરાધવાનો વિકટ પુરુષાર્થ કર્યા કરે છે. વિષમ એવા કર્મના ઉદયમાં પણ તે ચેતતો રહે છે અને આત્માર્થને સાધે છે. ।।૩૦।।

**'સદ્ગુરુ-આજ્ઞા, જિનદશા' ભૂલે નહીં લગાર,**
**તો અંતે તે તરી જશે વિષમય આ સંસાર. ૩૧**

**અર્થ :—** એમ જે મુમુક્ષુ, સદ્ગુરુની આજ્ઞા ઉઠાવવાનો કે જિનદશા પ્રાપ્ત કરવાનો લક્ષ લગાર માત્ર પણ ભુલતો નથી તે અંતે ભયંકર એવા વિષમય સંસારને જરૂર તરી જશે, એમાં શંકાને સ્થાન નથી. ।।૩૧।।

**સાંસારિક સુખ વિષ સમ, સમજે વિચારવાન;**
**સત્સંગે સુવિચારણા પોષ્યે આતમજ્ઞાન. ૩૨**

**અર્થ :—** સંસારનું સુખ ઝેર સમાન છે. એમ જે વિચારવાન જાણે છે તે તો સત્સંગમાં આત્મા સંબંધીની સુવિચારણાને પોષણ આપી આત્મજ્ઞાનને પામે છે. આત્મજ્ઞાનને પામી ક્રમે કરી તે ભવ્યાત્મા સર્વદુઃખથી મુક્ત થાય છે.

**"સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે."** (વ.પૃ.૪૫૧) ।।૩૨।।

---

જે દેશધર્મ એટલે શ્રાવકધર્મ આરાધતાં, મુનિપણાની ભાવના ભાવતા હતા, તે હવે મૌનપણું આરાધે છે. કેમકે મૌનપણું એ જ મુનિપણું છે. મુનિઓ પ્રયોજન વિના બોલે નહીં. એ મૌનપણાની મહાનતાને સમજાવવા નીચેના પાઠમાં તેનો વિસ્તાર કરવામાં આવે છે :—

(૩૮)

## મૌન



(ચંદ્રબાહુ જિન સેવના ભવનાશિની તેહ—એ રાગ)

*



**રાજચંદ્ર ગુરુ-વંદના, વંદ્ય-વંદક-ભાવ;**
**પરમાર્થે પરમાત્મમાં એકતા, મૌન સાવ. રાજ૦ ૧**

**અર્થ :—** શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ ભગવંતને હું વંદ્ય-વંદક-ભાવે વંદના કરું છું. પરમકૃપાળુદેવ તે વંદ્ય એટલે વંદન કરવા લાયક છે. અને હું તેમને વંદન કરવા લાયક છું. માટે ભાવપૂર્વક તેમના ચરણકમળમાં મારા આત્માના હિતને અર્થે પ્રણામ કરું છું.

પરમાર્થે એટલે નિશ્ચયનયથી જોતાં પરમકૃપાળુદેવની પરમાત્મસ્વરૂપમાં એકતા થઈ છે. જેથી સાવ મૌનપણાને ભજે છે, અર્થાત્ જેને બોલવાની ઇચ્છા નથી. માત્ર ઉદયાધીન વચન પ્રવૃત્તિ થાય છે. બોલવા માત્રની જેને ઇચ્છા નથી માટે તે મૌનપણું છે. ।।૧।।

**જાણે જે જગતત્ત્વને, મુનિ તે જ મહાન,**
**મુનિપણું તે મૌન છે, કહે શ્રી ભગવાન. રાજ૦ ૨**

**અર્થ :—** જે જગતમાં રહેલા છ દ્રવ્ય કે સાત તત્ત્વને યથાર્થ જાણે છે તે જ મહાન મુનિ છે. **'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું'** એ નિર્ગ્રંથ પ્રવચન અનુસાર ત્રણે લોક જેનો વિષય છે એવા આત્માને જેણે જાણ્યો તે જ સાચા મુનિ છે. મુનિપણું એ મૌનપણું છે, અર્થાત્ મુનિઓ સ્વભાવમાં રમનારા હોવાથી વિભાવ-ભાવથી મૌન છે. આત્માર્થના પ્રયોજન વગર બોલતા નથી, એમ શ્રી તીર્થંકર ભગવંત કહે છે. ।।૨।।

**'સમકિત તે મુનિપણું, મૌન તે સમકિત,'**
**આચારાંગ વિષે કહ્યું; વીરવચન પ્રસિદ્ધ. રાજ૦ ૩**

**અર્થ :—** જ્યાં સમકિત છે ત્યાં મુનિપણું છે. અથવા જ્યાં સમકિત છે ત્યાં જ ખરું મૌનપણું છે, કેમકે અંતરથી તેને કંઈ પણ બોલવાનો ભાવ નથી.

આચારાંગ સૂત્રમાં આ વાત શ્રી મહાવીર ભગવાને જણાવી છે; જે જગત પ્રસિદ્ધ છે.

''जं सम्मंति पासहा तं मोणंति पासहा
जं मोणंति पासहा तं सम्मति पासहा.'' -આચારાંગ સૂત્ર

**અર્થ :—** જે સમકિતને ઉપાસે છે તે મુનિપણાને ઉપાસે છે અને જે મુનિપણાની ઉપાસના કરે છે તે સમકિતને ઉપાસે છે. ।।૩।।

**શિથિલ, ધૈર્યરહિત જે નિર્બળ મનવાળા,**
**વિષયાસક્ત, પ્રમાદી ને ઘર-મમતાવાળા. રાજ૦ ૪**

**અર્થ :—** જે શિથિલાચારી છે, જેનામાં ધૈર્યતા ગુણ નથી પણ ઉતાવળે વિચાર વગર કામ કરનારા છે, જેનું મનોબળ નિર્બળ છે, જે વિષયાસક્ત, પ્રમાદી અને ઘરમાં ઘણી મમતા રાખવાવાળા છે તે જીવો કેવી રીતે મૌનવ્રત પાળી શકે? ।।૪।।

**માયાવી જગ-ઠગ સમા સમ્યક્ત્વ ન ધારે,**
**મૌન મહા તેવા વડે પળે કેવા પ્રકારે? રાજ૦ ૫**

**અર્થ :–** જે માયાવી લોકો જગતમાં ઠગ સમાન છે, તેની મતિ વિપરીત હોવાથી સમ્યક્ત્વ એટલે સાચી સમજણને ધારણ કરી શકે નહીં. તેવા લોકો મહાન એવા મૌનપણાને કેવી રીતે પાળી શકે? ।।૫।।

**સમ્યગ્દર્શની મુનિ તે શૂરવીર જ સાચા,**
**લૂખુંસૂકું ખાઈને વશ રાખે વાચા. રાજ૦ ૬**

**અર્થ :–** આત્મજ્ઞાનને પામેલા એવા મુનિ જ સાચા શૂરવીર છે કે જે સંયમને માટે લૂખું સૂકું ખાઈને પોતાની વાચા એટલે વચનને વશ રાખે છે, અર્થાત્ વાણીનું પણ સંયમન કરે છે. **'મુનિ તો આત્મ-વિચારે કરી નિરંતર જાગૃત રહે. પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી.'** -શ્રીમદ્ રાજચંદ્ર

**ભારવાહકનું દૃષ્ટાંત :–** એક જણ દીક્ષા લીધા છતાં મુનિપણાનો ભાર નહીં ઉપાડવાથી તેને છોડી મજૂર બન્યો. તે પાંચ કલશી ધાન ઉપાડી શકતો. એક કલશી એટલે ૧૬ કાચા મણ. ૨૦ કિલોનો એક કાચો મણ થાય. રાજાએ તેનું બળ જોઈ પોતે આવે તો પણ તારે માલની હેરાફેરી કરતાં ખસવું નહીં એવી આજ્ઞા કરી. છતાં એકવાર મુનિ મહાત્માને રસ્તામાં આવતા જોઈ તે ખસી ગયો. રાજા પાસે તે વાત પહોંચી. રાજાએ પૂછ્યું કે મુનિને જોઈ તું કેમ ખસી ગયો. ત્યારે તેણે કહ્યું કે મહારાજ! હું પણ પહેલાં મુનિ હતો પણ મુનિપણાનો ભાર મારાથી સહન નહીં થઈ શકવાથી હું આ અનાજનો ભાર ઉપાડતો થયો છું. ખરેખર શૂરવીર તો આ મુનિ મહારાજ છે. માટે તેમની મહાનતાને જોઈ આદરભાવ આવવાથી તેમને મેં માર્ગ આપ્યો હતો. ।।૬।।

**છોડી દેહાધ્યાસને કૃશ કાયા કસે જે,**
**'દેહ-દુઃખ એ ફળ મહા' જેને ઉર વસે છે. રાજ૦ ૭**

**અર્થ :–** તે મહાત્માઓ દેહાધ્યાસને છોડી કાયાને કૃશ કરી પોતાની કસોટી કરે છે. 'દેહને દુઃખ આપવું એ મહાન ફળ છે' એમ જેના હૃદયમાં સદા વસેલું છે.

**ધન્ના અણગારનું દૃષ્ટાંત :–** કાકંદીપુરીમાં ધન્ના નામે શેઠનો ધન્ય નામે પુત્ર હતો. તેની માતા ભદ્રાએ બત્રીસ મહેલ કરાવીને બત્રીસ શેઠની કન્યાઓ તેને પરણાવી હતી. તે દોગુંદુકદેવની સમાન તેમની સાથે રહેતો હતો. એકવાર ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લેવા તત્પર થયો. માતાએ દીક્ષાની ભયંકર કઠીનતાઓ સમજાવી. તો પણ વિષ્ટાની જેમ વિષયભોગનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી, નિરંતર ભગવાનની આજ્ઞાથી છઠ્ઠ તપ કરવા લાગ્યા. એ પ્રમાણે તપ કરતા મુનિનું શરીર અતિ કૃશ થઈ ગયું. માંસરહિત શરીર ચાલે ત્યારે હાડકાં ખડખડ શબ્દ કરે. છતાં મનમાં તેનો કોઈ ખેદ નથી પણ આનંદ છે. અંતે ભગવાનની આજ્ઞા લઈ વિપુલગિરી પર્વત ઉપર જઈ એક માસની સંલેખનાવડે શરીરનું શોષણ કરી સમભાવે સમાધિમરણ સાધી સર્વાર્થસિદ્ધિ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં ઉચ્ચકૂળમાં જન્મી દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે પધારશે. એમ દેહને દુઃખ આપવું એ મહાફળ છે. એમ જે મહાત્માઓના હૃદયમાં વસેલ છે તે શીઘ્ર આત્મસિદ્ધિને પામશે. ।।૭।।

**મરણાંતિક કષ્ટો સહે મહા ધીરજ ધારી,**
**એ જ મહોત્સવ માણતા, લેતા મૃત્યુ સુધારી. રાજ૦ ૮**

**અર્થ :–** મહાન એવા ધૈર્યને ધારણ કરી જે મરણની છેલ્લી ઘડી સુધી કષ્ટોને સહન કરે છે. જે મૃત્યુને મહોત્સવ માની ઉત્તમ ભાવ રાખી મરણને સુધારી લે છે તે જ સાચા મુનિ છે. ।।૮।।

**ક્રોધાદિ દોષો શમ્યે બને માર્ગાનુસારી,**
**તત્ત્વજિજ્ઞાસા જાગતાં સદ્ગુરુ ઉપકારી. રાજ૦ ૯**

હવે ખરું અંતરંગ મૌન પ્રાપ્ત કરવા આપણે શું કરવું જોઈએ તેનો ક્રમ જણાવે છે :–

**અર્થ :–** પ્રથમ જીવે ક્રોધ, માન, માયા, લોભાદિક દોષોનું શમન કરવું જોઈએ. તે થતાં જીવ માર્ગાનુસારી બને છે. તે યોગ્યતા આવ્યે આત્માદિ તત્ત્વોને જાણવાની જીવને જિજ્ઞાસા પ્રગટે છે. પછી સદ્ ગુરુ ભગવંતનો બોધ તેને ઉપકારી થાય છે. ।।૯।।

**સદ્ગુરુ-સેવાથી બને સત્શ્રુતરસ-ધારી,**
**જીવ-અજીવના ભેદ બે, ગુરુ-ગમે વિચારી. રાજ૦ ૧૦**

**અર્થ :–** સદ્ગુરુ ભગવંતના બોધવડે માર્ગનું ભાન થતાં તેમની આજ્ઞા ઉપાસવાનો જીવને ભાવ ઊપજે છે. પછી ક્રમે કરી સત્શ્રુતમાં તે રસ લેતો થાય છે. તેના ફળ સ્વરૂપ, ગુરુગમે અર્થાત્ ગુરુની સમજ પ્રમાણે તે જીવ અને અજીવ બેય જુદા દ્રવ્ય છે એમ વિચારતો થાય છે. ।।૧૦।।

**ભેદજ્ઞાની બની જાણતો : જીવ, પુદ્ગલ ભિન્ન;**
**પરભાવો સૌ ત્યાગીને રહે સ્વરૂપે લીન. રાજ૦ ૧૧**

**અર્થ :–** જડ ચેતનનો વિચાર કરતાં તે ભેદજ્ઞાની બને છે. જેથી જીવ અને શરીરાદિ પુદ્ગલને ભિન્ન જાણી, સર્વ પરભાવોને ત્યાગી સ્વસ્વરૂપમાં લીન રહે છે, તે જ ખરું મૌનપણું છે. ।।૧૧।।

**નિત્ય ગણે તે જીવને પુદ્ગલ-પિંડ અનિત્ય,**
**જીવ અમૂર્તિક જાણતો, મૂર્તિક પુદ્ગલ-કૃત્ય. રાજ૦ ૧૨**

**અર્થ :–** તે જીવ દ્રવ્યને નિત્ય ગણે છે તથા પુદ્ગલના પિંડ એવા શરીરાદિને અનિત્ય એટલે નાશવંત માને છે તથા જીવ દ્રવ્યને અમૂર્તિક એટલે અરૂપી માને છે તથા પુદ્ગલ એવા શરીર, ઘર, કુટુંબાદિકને તે મૂર્તિક એટલે રૂપી જાણે છે. ।।૧૨।।

**અચળ જીવ-સ્વરૂપ ને પુદ્ગલ-પિંડ ફરતાં,**
**ચેતન-લક્ષણ જીવ છે, જડ પુદ્ગલ તરતાં. રાજ૦ ૧૩**

**અર્થ :–** મૂળ સ્વરૂપે જોતાં જીવનું સ્વરૂપ અચળ અર્થાત્ સ્થિર સ્વભાવી છે, જ્યારે પુદ્ગલના પરમાણુઓ ફરતા રહે છે. જીવનું લક્ષણ ચૈતન્યપણું છે જ્યારે જડ એવા કર્મ પુદ્ગલો અચેતન હોવાથી જીવદ્રવ્યની ઉપર જ તરતા રહે છે, અર્થાત્ આત્મા સાથે તે એકમેક થઈ શકતા નથી. ।।૧૩।।

**સ્વભાવનો કર્તા બને, વળી ભોક્તા જીવ;**
**કર્તા-ભોક્તા ભાવનાં બને નહીં અજીવ. રાજ૦ ૧૪**

**અર્થ :–** કર્મ ક્ષય થયે આત્મા સ્વભાવનો કર્તા બને છે અને તેનો જ તે ભોક્તા થાય છે. પણ આત્મભાવનાના કર્તા ભોક્તા અજીવ એવા પુદ્ગલો થતાં નથી. ।।૧૪।।

**દેહાદિ સંયોગમાં ભેદજ્ઞાની ઉદાસી,**
**ઉર વૈરાગ્યજળે ઝીલે સદા આત્મ-ઉપાસી. રાજ૦ ૧૫**

**અર્થ :–** જેને ભેદજ્ઞાન થયું છે એવા જ્ઞાનીપુરુષો દેહ, ધન, કુટુંબાદિના સંયોગમાં સદા ઉદાસ રહે છે. તેમનું હૃદય વૈરાગ્યજળમાં ઝીલે છે અને જે સદા આત્માની ઉપાસનામાં સંલગ્ન રહે છે. ।।૧૫।।

**સ્વ-પર-આત્મહિતાર્થનું આત્મ-લક્ષ્યે જ બોલે,**
**શબ્દોચ્ચાર થયા છતાં ગણ મૌનને તોલે. રાજ૦ ૧૬**

**અર્થ :–** જ્ઞાનીપુરુષો સ્વ-પરના આત્મહિતને અર્થે આત્માના લક્ષપૂર્વક જ બોલે. તેથી તેમના શબ્દોચ્ચાર થયા છતાં તેઓ મૌનને તોલે આવે છે અર્થાત્ તેમને મૌન જ છે એમ તું જાણ. ।।૧૬।।

**વર્ષો સાડા બાર જે વીર મૌન રહ્યા તે**
**શબ્દ વૃથા નહિ ઉચ્ચરે, કર્મભાવ ગયા છે. રાજ૦ ૧૭**

**અર્થ :–** સાડા બાર વર્ષો સુધી પ્રભુ મહાવીર મૌન રહ્યા. પરમાર્થ પ્રયોજન સિવાય વૃથા શબ્દ જેઓ ઉચ્ચારતા નથી. કારણ કે જેના રાગદ્વેષ અજ્ઞાનરૂપ કર્મ ભાવ નાશ પામ્યા છે. ।।૧૭।।

**અહંભાવ નહિ ઉદયે રહ્યા સાક્ષી-ભાવે,**
**પુદ્ગલમય શબ્દો વિષે નહિ મમતા લાવે. રાજ૦ ૧૮**

**અર્થ :–** જેને અહંભાવ મમત્વભાવ નથી. જે માત્ર ઉદયને આધીન સાક્ષીભાવે રહેલા છે તથા પુદ્ગલમય શબ્દો બોલવામાં જેને મોહ નથી, એવા ભગવાન તો માત્ર મૌનને જ આરાધે છે. ।।૧૮।।

**બોલે પણ નહિ બોલતા કેમે ન બંધાતા,**
**આહાર અર્થે જાય તે ખાય તોય ન ખાતા. રાજ૦ ૧૯**

**અર્થ :–** પ્રભુ બોલે તો પણ બોલતા નથી. કેમકે બોલવાનો ભાવ નથી તેથી તે કર્મોથી કેમે બંધાતા નથી. પ.પૂ.પ્રભુશ્રીજીએ એકવાર કલાક સુધી બોધ આપ્યો અને વાતમાં કહ્યું કે અમે આજે બોલ્યા નથી. મુમુક્ષુ કહે પ્રભુ આપ બોલ્યા છો. તો પ્રભુશ્રી કહે અમે નથી બોલ્યા. ફરી મુમુક્ષુ કહે પ્રભુ આપ બોલ્યા છો. ત્યારે જવાબમાં ફરી પ્રભુશ્રીજીએ કહ્યું : શું અમે જૂઠું બોલતા હોઈશું?

**"બોલે પણ નહીં બોલતા, ચાલે તોય અચાલ;**
**સ્થિર આત્મસ્થિતપ્રજ્ઞ તે, જાુએ ન રાખે ખ્યાલ."** -ઇષ્ટોપદેશ

મુનિ આહાર માટે ગોચરી લેવા જાય, આહાર લાવી ખાય તો પણ તે ખાતા નથી. કેમકે તેમને ખાવાનો ભાવ નથી. માત્ર કર્માધીન શરીરને ટકાવવા પૂરતી તેમની પ્રવૃત્તિ થઈ રહી છે. તે તો માત્ર તેના સાક્ષી છે.

**સોમ અને સૂરનું દૃષ્ટાંત :–** સોમ અને સૂર બેય રાજ પુત્રો હતા. સોમે દીક્ષા લીધી. સૂર રાજા થયો. એકવાર સોમ મુનિ વિહાર કરતા તે જ ગામમાં પધાર્યા. નદીની પેલી પાર નિવાસ હતો. રાજા વગેરે સર્વ દર્શન કરી આવ્યા. રાત્રે નદીમાં પૂર આવી ગયું. બીજે દિવસે રાણીઓને ફરી દર્શન કરવાના ભાવ થતાં સૂર રાજાએ કહ્યું કે જાઓ નદીદેવીને કહેજો કે સૂર રાજા બ્રહ્મચારી હોય તો નદી દેવી માર્ગ આપો. તેમ કહેવાથી નદીએ માર્ગ આપ્યો. પછી ત્યાં બગીચામાં રસોઈ બનાવી મુનિને આહારદાન આપી જમાડ્યા. પછી મુનિને પૂછ્યું : રાજાની અમે આટલી રાણીઓ છતાં રાજા બ્રહ્મચારી કેવી રીતે? મુનિ કહેઃ

તેને રાજ્ય કરવામાં કે સંસાર ભોગવવામાં આસક્તિ નથી માટે. નદીનું પૂર પાછું ફરી વળ્યું. મુનિને જવાનો માર્ગ પૂછતાં કહ્યું કે નદીને કહેજો કે આ મુનિ અણાહરી હોય તો નદીદેવી માર્ગ આપો. તેમ થયું. રાજમહેલમાં આવી રાણીઓએ પૂછતાં રાજાએ કહ્યું કે મહાત્માને ભોજન કરવાનો ભાવ નથી માટે ખાતા છતાં પણ તે ખાતાં નથી. ।।૧૯।।

**એ આશ્ચર્યકારી કલા વિરલા કોઈ જાણે;**
**વીર સમાન એ મૌનથી અહીં શિવસુખ માણે. રાજ૦ ૨૦**

**અર્થ :—** ખાતા છતાં કે બોલતા છતાં પણ બોલતા નથી એવી આશ્ચર્યકારી મહાપુરુષોની કલાને કોઈ વિરલા પુરુષ જ જાણી શકે છે. મહાવીર ભગવાનની જેમ આત્માર્થે અંતરંગ મૌન ધારણ કરવાથી અહીં જ મોક્ષસુખને અનુભવી શકાય છે. ।।૨૦।।

**આગમ-આધારે કહ્યું; હવે જો વ્યવહારે :**
**હલકા જન બહુ બોલતા, મૌન મોટા ધારે. રાજ૦ ૨૧**

ઉપરોક્ત વાતો આગમના આધારે જણાવી. હવે વ્યવહારમાં પણ મૌનથી શું શું ફાયદા થાય છે તે જણાવે છે :—

**અર્થ :—** હલકા પ્રકારના લોકો બહુ બોલ બોલ કરે છે; જ્યારે મોટા પુરુષો મૌનને ધારણ કરી માત્ર પ્રયોજન પૂરતું જ બોલે છે. **"વાણીનું સંયમન શ્રેયરૂપ છે, તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવું સંયમન રાખ્યે પ્રસંગમાં આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરી સપ્રયોજન સિવાયમાં સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઈ પ્રકારે શ્રેયરૂપ થવું સંભવે છે."** (વ.પૃ.૩૮૯) ।।૨૫।।

**'નન્નો નવ દુઃખો હણે' ટળે સહજ ઉપાધિ,**
**જન જન સાથે બોલતાં વધે મનની આધિ. રાજ૦ ૨૨**

**અર્થ :—** 'નહિ બોલવામાં નવ ગુણ' એમ કહેવાય છે. વિશેષ નહીં બોલવાથી સહજે ઘણી ઉપાધિઓ ટળી જાય છે.

**'સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.'** (વ.પૃ.૨૦૧)

નહીં બોલવામાં નવ ગુણ તે નીચે પ્રમાણે છે :—

(૧) કોઈને ખોટું લાગવાનો વખત ન આવે, (૨) કોઈથી વેર વધે નહીં, (૩) કર્મનો આશ્રવ અલ્પ થાય, (૪) વિકલ્પો વધે નહીં, (૫) મન શાંત રહે, (૬) વિચારને અવકાશ મળે (૭) સ્મરણ કરવાની ટેવ પાડી શકાય, (૮) શક્તિનો દુર્વ્યય અટકે, (૯) ગંભીરતાનો અભ્યાસ થાય. અનેક લોકો સાથે વાર્તાલાપ કરતાં મનની આધિ એટલે ચિંતાઓ વધે છે; પણ ઘટતી નથી. ।।૨૨।।

**વધે પ્રતિબંધ, વેર ને ટળે ચિત્તની શાંતિ;**
**જન-સંસર્ગ તજી ચહે યોગી ભાગવા ભ્રાંતિ. રાજ૦ ૨૩**

**અર્થ :—** લોકોના સંગ પ્રસંગથી પ્રતિબંધ વધે, વેર પણ બંધાઈ જાય અથવા ચિત્તની શાંતિનો ભંગ થાય છે. માટે યોગી પુરુષો લોકોનો સંગ તજી, આત્માની અનાદિની ભ્રાંતિને ભાંગવા માટે પુરુષાર્થ કરે છે.

**"લોક યોગે વહે વાણી, તેથી ચિત્ત ચળે ભ્રમે;**
**લોક સંસર્ગને આવો જાણી, યોગી ભલે વમે."** -સમાધિશતક ।।૨૩।।

**વળી વિચારે યોગીઓ : ધ્યેય મુખ્ય અયોગી,**
**વચન યોગથી બંધ છે, મૌન બહુ ઉપયોગી. રાજ૦ ૨૪**

**અર્થ :–** વળી યોગીપુરુષો વિચારે છે કે મુખ્ય તો મન વચન કાયાથી રહિત અયોગી એવી સિદ્ધ દશા પ્રાપ્ત કરવી છે. તો પછી વચનયોગની પ્રવૃત્તિ બંધ કરવી એ જ યોગ્ય છે. કેમકે તેથી જીવને માત્ર કર્મનો બંધ થાય છે. જ્યારે મૌન રહેવું એ જીવને બહુ ઉપયોગી છે. પ.પૂ.પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવે સમાધિશતક નામનો ગ્રંથ વાંચન વિચાર કરવા માટે મુંબઈમાં આપ્યો. સુરત આવ્યા પછી ત્રણ વર્ષ સુધી મૌન રહી એ ગ્રંથનું પ.પૂ.પ્રભુશ્રીજીએ અવગાહન કરી આત્મભાવને દૃઢ કર્યો. ।।૨૪।।

**સજ્જન સંસારે રહ્યા મૌન સારું માને,**
**મૈથુન-મુંડન-ભોજને, મળ-મૂત્રને સ્થાને. રાજ૦ ૨૫**

**અર્થ :–** સજ્જન પુરુષો સંસારમાં રહેલા હોવા છતાં પણ મૌનને સારું માને છે. મૈથુન સમયે, કે મુંડન કરાવતી વખતે કે ભોજન જમતાં કે મળમૂત્ર ત્યાગતાં મૌન રહે છે.

**"ભોગમાં યોગ સાંભરે એ હલુ કર્મીનું લક્ષણ છે."** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨૫।।

**દીપક પરમાત્મા રૂપી પ્રગટે ઝટ પોતે,**
**બાહ્ય-અભ્યંતર વાણી જો તજી, અંતર ગોતે. રાજ૦ ૨૬**

**અર્થ :–** પરમાત્મસ્વરૂપ દીપકની જ્યોત ઝટ પ્રગટે. પણ ક્યારે? તો કે જીવ જો બાહ્ય અને અભ્યંતર વાણીના વ્યાપારને મૂકી દઈ અંતરમાં આત્માની શોધમાં લાગી જાય તો. ।।૨૬।।

**ક્ષોભ ટળ્યે મન-વાણીનો નિજ રૂપ જણાયે,**
**સ્થિર જળે મુખ દેખિયે, દૃષ્ટાંતે ભણાયે. રાજ૦ ૨૭**

**અર્થ :–** મન અને વાણીનો ક્ષોભ મટવાથી પોતાના આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. જેમકે સ્થિર જળમાં જોવાથી પોતાનું મોઢું જોઈ શકાય છે તેમ સ્થિર ચિત્તમાં આત્માના દર્શન થાય છે. ।।૨૭।।

**સમજાવે યોગીજનો નિજ મનને નિત્યે :**
**'ઇંદ્રિયના વિષયો વિષે ભટકે કેમ પ્રીતે? રાજ૦ ૨૮**

**અર્થ :–** માટે યોગીપુરુષો હમેશાં પોતાના મનને સમજાવે છે કે હે જીવ ઇન્દ્રિયના વિષયોમાં પ્રેમપૂર્વક હજી કેમ ભટકે છે? ।।૨૮।।

**કહે, કદી હિતકારી જો નિજ આત્માને અલ્પ,**
**શ્રમ વૃથા શાને કરે?(તજ)ભૂલ સંકલ્પ-વિકલ્પ. રાજ૦ ૨૯**

**અર્થ :–** હે જીવ! તું કહે કે આ પાંચ ઇન્દ્રિયના વિષયો તને કદી અલ્પ પણ આત્માને હિતકારી થયા છે? તો કે ના. તો પછી ઇન્દ્રિયોને પોષણ આપવા માટેનો શ્રમ તું શા કામ વૃથા કરે છે? માટે શીઘ્ર તેને તજ. અને હૃદયમાં ઊઠતા સંકલ્પ વિકલ્પને પણ ભૂલી જઈ ગુરુ આજ્ઞાએ સ્વરૂપને ભજ. કેમકે :–

**"જહાં કલ્પના જલ્પના, તહાં માનું દુઃખ છાંહી;**
**મિટે કલ્પના જલ્પના, તબ વસ્તુ તિન પાઈ."** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨૯।।

**રોષ, તોષ, સંકલ્પ સૌ મૂકવાથી મુક્તિ,**
**શી બાધા તજતાં તને?' એવી યોજે યુક્તિ. રાજ૦ ૩૦**

**અર્થ :—** રોષ એટલે દ્વેષ અને તોષ એટલે રાગ તથા મનના સંકલ્પ વિકલ્પ મૂકવાથી જીવનો મોક્ષ થાય છે. તો મનને પૂછવું કે તારા આ બધા દુઃખના કારણોને મૂકતા તને કંઈ બાધા આવે છે? એવી યુક્તિ યોજીને મનને સમજાવતા તે સમજી જાય છે. **''આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને મૂક અને તે મૂકવામાં તને કંઈ બાધા હોય તો તે કહે. તે તેની મેળે માની જશે અને તે તેની મેળે મૂકી દેશે.''** (વ.પૃ.૧૭૦) ॥૩૦॥

**'ઉપદેશું હું અન્યને' 'મને કોઈક બોધે,'**
**બાહ્ય વિકલ્પો એ તજી, કેમ શાંતિ ન શોધે? રાજ૦ ૩૧**

**અર્થ :—** હું બીજાને ઉપદેશ આપી તેનું અજ્ઞાન દૂર કરું અથવા મને કોઈ બોધ કરે આવા બાહ્ય વિકલ્પો મૂકીને આત્માની નિર્વિકલ્પ શાંતિને કેમ શોધતો નથી?

**'સ્વરૂપ સમજાવું હું', 'મને હો ઉપદેશક',**
**ઉન્મત્ત મત એ મારો, આત્મા તો નિર્વિકલ્પ.** -સમાધિશતક ॥૩૧॥

**અસંગ ભાવ ન ઊપજે, કરો કલ્પના કોટિ,**
**સત્સંગથી જ પમાય છે, બીજે થશો ન ખોટી. રાજ૦ ૩૨**

**અર્થ :—** મૌનવ્રત ધારણ કરીને પણ કોટિ કલ્પનાઓ મનવડે કરીએ, તો અસંગ ભાવ ક્યાંથી ઉત્પન્ન થશે? તે તો સત્સંગથી જ પ્રાપ્ત થાય છે. માટે બીજે ક્યાંય ખોટી થશો નહીં. પણ સત્સંગમાં મૌન ધારણ કરીને માત્ર આત્મભાવને જ પોષજો, જેથી આત્માની અસંગદશા પ્રગટ થશે.

**''સત્સંગના યોગે સહજ સ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર

**''સત્સંગતિ ગંગાજળે, સ્નાન કરે જે ભવ્ય; તેને તીર્થ તપાદિનું, રહે નહીં કર્ત્તવ્ય.''**

---

મૌનપણું એટલે મુનિપણું ધારણ કરીને સદૈવ આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે છે; અને શરીર જે સપ્ત દુર્ગંધમય ધાતુનું બનેલ છે તેવો ભાવ સદા જાગૃત રાખી તે તરફ લક્ષ આપતા નથી. તે શરીરનું ખરેખર સ્વરૂપ કેવું છે તે આ શરીર નામના પાઠમાં સ્પષ્ટ જણાવે છે :—

(૩૯)



## શરીર



(રાગ—જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો, તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો.)

*

**જીવ્યા જીવન રાજચંદ્ર ભગવાન જો, અશરીરી ભાવે દુષમ આ કળિકાળમાં રે લો;**
**રહે ન જેને દેહધારી રૂપ ભાન જો, અવિષમ ઉપયોગી એ ગુરુ રહો ખ્યાલમાં રે લો. ૧**

**અર્થ :—** પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ આ ભયંકર દુષમ કળિકાળમાં પણ અશરીરીભાવે

જીવન જીવ્યા. તે વિષે એક પત્રમાં પોતાની દશા જણાવે છે :—

**"ચરમશરીરીપણું જાણીએ કે આ કાળમાં નથી, તથાપિ અશરીરીભાવપણે આત્મસ્થિતિ છે તો તે ભાવનયે ચરમશરીરીપણું નહીં, પણ સિદ્ધપણું છે; અને તે અશરીરીભાવ આ કાળને વિષે નથી એમ અત્રે કહીએ, તો આ કાળમાં અમે પોતે નથી, એમ કહેવા તુલ્ય છે. વિશેષ શું કહીએ?"** (વ.પૃ.૩૫૪)

પરમકૃપાળુદેવને આ દેહ ધારણ કરેલ હોવા છતાં તેનું પણ ભાન નથી. પોતા વિષે લખે છે કે — **"અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ."** (વ.પૃ.૨૯૦)

તથા હમેશાં અવિષમ ઉપયોગે આત્મસ્વભાવમાં રહેનારા એવા આ ગુરુ છે. જેના આત્માનો ઉપયોગ સદા સમ રહે છે પણ વિષમ થતો નથી. એ વિષે એક પત્રમાં સ્વયં જણાવે છે કે :— **"અવિષમભાવ વિના અમને પણ અબંધપણા માટે બીજો કોઈ અધિકાર નથી. મૌનપણું ભજવા યોગ્ય માર્ગ છે."** (વ.પૃ.૬૧૭)

એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે ગુરુ કરવા હોય તો આવા સમભાવમાં રમનારા મહાત્માને જ ગુરુ કરવા જોઈએ; કે જેથી આપણો આત્મા પણ સમભાવને પામી સર્વકર્મથી મુક્ત થાય. ।।૧।।

**શરીર શું? તે શી શી ચીજનું સ્થાન, જો, મૂળ તપાસીને નિર્ણય કરવો ઘટે રે લો;**
**કાયા-માયામાં જીંવ તો ગુલતાન જો, કાયાની ચિંતા શાને હજી ના મટે રે લો? ૨**

**અર્થ :—** આ શરીર શું છે? તે કયા પ્રકારની વસ્તુઓનું બનેલું છે? તેની મૂળથી તપાસ કરીને નિર્ણય કરવો યોગ્ય છે.

**"ખાણ મૂત્રને મળની, રોગ જરાને નિવાસનું ધામ;**
**કાયા એવી ગણીને, માન તજીને કર સાર્થક આમ."** —શ્રીમદ્ રાજચંદ્ર 'ભાવનાબોધ'

કાયાની મોહમાયામાં જ જીવ હમેશાં ગુલતાન એટલે મસ્તાન થઈને ફરે છે. આ કાયાને કંઈ પણ દુઃખ ન ઊપજે તેની ચિંતામાં રહ્યા કરે છે; પણ તે દુઃખ કેમ મટતું નથી. મરણ ભય, અકસ્માત ભય, વેદના ભય, અરક્ષા ભય, અગુપ્તિ ભય કે આલોક, પરલોકનો ભય સદા રહે છે તેનું શું કારણ હશે? તે જાણવું જોઈએ. ।।૨।।

**જનની-રુધિર સહ વીર્ય પિતાનું બીજ જો, ગર્ભ વિષે આહાર પ્રથમ આ જીવનો રે લો;**
**ગંદા સ્થાને શરીર રચે એ ચીજ જો, પ્રવાહી પરપોટો પહેલો ત્યાં બન્યો રે લો. ૩**

હવે આ કાયાને સુખી રાખવાની ચિંતા કે ભય કેમ મટે તેનો ઉપાય બતાવવા પહેલા આ કાયા કેવી રીતે બને છે તેના સ્વરૂપનું વર્ણન કરે છે :—

**અર્થ :—** આ કાયાની રચના ગર્ભમાં પ્રથમ માતાના રૂધિર સાથે પિતાનું વીર્યરૂપ બીજ મળવાથી થાય છે. માતાના ગર્ભમાં જીવનો પ્રથમ આહાર પણ એ જ છે. ગર્ભ જેવા ગંદા સ્થાનમાં આ જીવ પ્રથમ વીર્ય અને રૂધિર જેવી ચીજોથી શરીરની રચના કરે છે. ત્યાં પ્રથમ પ્રવાહીરૂપે પરપોટાનો આકાર બને છે.

"હે આત્મા! આ દેહના સ્વરૂપનું ચિંતવન કર. મહા મલિન માતાના લોહીથી અને પિતાના વીર્યથી આ તારું શરીર ઊપજ્યું છે. મહા મલિન ગર્ભમાં, લોહી અને માંસથી ભરેલી ઓરના પરપોટામાં નવ માસ પૂરા કરીને મહા દુર્ગંધવાળી મલિન યોનિમાં થઈને નીકળતાં તેં ઘોર સંકટ સહન કર્યાં છે. લોહી, માંસ, હાડકાં, ચામડી, વીર્ય, ચરબી અને નસો એ સાત ધાતુની જાલરૂપ દેહ તેં ધર્યો છે તે મળ-મૂત્ર, કીડા-કરમિયાથી ભરેલો મહા અશુચિ છે. શરીરના નવે દ્વારમાંથી નિરંતર દુર્ગંધ, મળ ઝરે છે. મળનો

બનાવેલો ઘડો મળથી ભરેલો હોય, કાણાંવાળો હોય, ચારે તરફથી મળ ઝરતો હોય, તેને પાણીથી ધોઈએ તો પણ પવિત્ર શી રીતે થાય?'' -સમાધિસોપાન (પૃ.૧૧૩)

**કાળ જતાં તે માંસ-પેશી રૂપ થાય જો, શિર, કર, ચરણ તણા અંકુર ત્યાં ફૂટતા રે લો;**
**ઇન્દ્રિય-રચના આપોઆપ રચાય જો, આંખ, કાન, નાકાદિ અવયવ ઊગતા રે લો. ૪**

**અર્થ :—** સમય જતાં તે ગર્ભમાં પરપોટો માંસના લોચારૂપ થાય છે. પછી માથું, હાથ, પગના અંકુર ફૂટે છે. ત્યારબાદ ઇન્દ્રિયની રચના આપોઆપ રચાઈ આંખ, કાન, નાક, આદિના અવયવ ઊગવા લાગે છે. એક અંતર્મુહૂર્તની અંદર જેટલી પર્યાપ્તિઓ પ્રાપ્ત થવાની હોય તે પૂર્ણ થઈ જાય છે. તે પર્યાપ્તિઓ આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એમ કુલ છ પ્રકારની છે. ।।૪।।

**જનની-જઠરે રસ ઝરતો પિવાય જો, કૃમિગણ સહ એ કેદ-દશા લ્યો ચિંતવી રે લો;**
**અતિ અંધારે જીવ ઘણો પીડાય જો, દશા પરાધીન નવ મહિના સુધી ભોગવી રે લો. ૫**

**અર્થ :—** માતાના પેટમાં જે રસ ઝરે છે તે દૂટી દ્વારા લઈને તે જીવ પોષણ પામે છે. પેટમાં ચારે બાજુ કૃમિઓના સમૂહ સાથે રહેલા આ જીવની કેદ સમાન દુર્દશાની સ્થિતિનો જરા વિચાર કરીએ તો તે ભયંકર ભાસશે. ત્યાં અત્યંત અંધારી કોટડી સમાન જઠરમાં જીવ ઘણી પીડા પામે છે. તથા દુઃખમય એવી પરાધીનદશાને જીવ નવ મહિના સુધી ત્યાં નિરંતર ભોગવે છે.

''पुनरपि जननम् पुनरपि मरणं, पुनरपि जननी जठरे शयनम्;
इति संसारे स्फुटतर दोषः, कथमिह मानव तव संतोषः'' -મોહમુદ્ગર

**અર્થ :—** આ સંસારમાં વારંવાર જન્મવું તથા મરવું તેમજ માતાના ઉદરમાં વારંવાર સૂવું એ દેખીતો પ્રગટ દોષ છે, તો હે માનવ! તું તેમાં કેમ સંતોષ માને છે. ।।૫।।

**પ્રસવ-કાલ પણ નિજ-પર-પીડા રૂપ જો, માતાની પણ ઘાત ગઈ જન માનતા રે લો;**
**સંકુચિત દ્વારે નીકળતાં દુઃખ જો, ગર્ભ-કેદથી અનંતગુણું બુધ જાણતા રે લો. ૬**

**અર્થ :—** લગભગ નવ મહિના પૂરા થતાં જ્યારે પ્રસવ-કાલ એટલે જન્મવાનો સમય આવે છે ત્યારે પોતાને અને પોતાની માતાને પણ તે પીડારૂપ થાય છે. બાળકનો જન્મ સુખે થતાં માતાની ઘાત ગઈ એમ લોકો માને છે. તેમજ જન્મ થતાં સમયે સંકુચિત દ્વારથી બહાર નીકળતાં બાળકને અને માતાને ઘણું દુઃખ થાય છે. જન્મ થતી વેળાએ બાળક, ગર્ભની કેદ કરતાં પણ અનંતગણું દુઃખ પામે છે એમ બુધ એટલે જ્ઞાનીપુરુષો કેવળજ્ઞાન વડે જોઈને જણાવે છે.

**''એક તરુણ સુકુમારને રોમે રોમે લાલચોળ સોયા ઘોંચવાથી જે અસહ્ય વેદના ઊપજે છે તે કરતાં આઠગુણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહે છે ત્યારે પામે છે. મળ, મૂત્ર, લોહી, પરુમાં લગભગ નવ મહિના અહોરાત્ર મૂર્છાગત સ્થિતિમાં વેદના ભોગવી ભોગવીને જન્મ પામે છે. જન્મ સમયે ગર્ભસ્થાનની વેદનાથી અનંતગુણી વેદના ઉત્પન્ન થાય છે.''** (વ.પૃ.૭૦) ।।૬।।

**બાળ-અવસ્થાનાં દુઃખ તો પ્રત્યક્ષ જો, ભૂખ, તરસ કે દરદ કંઈ કહીં ના શકે રે લો;**
**રોવું, જોવું, રમવું ધૂળમાં, લક્ષ જો, વિવેક વિના એ બાળવયે શુભ શું ટકે રે લો? ૭**

**અર્થ :—** બાલ્યાવસ્થાના દુઃખ તો આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. બાળકને ભૂખ કે તરસ લાગી હોય

કે શરીરમાં કંઈ પીડા થતી હોય તો પણ તે બોલીને જણાવી શકે નહીં. માત્ર રડે કે જોયા કરે અથવા ધૂળમાં રમ્યા કરે એ જ તેનો લક્ષ છે. કેમકે વિવેકબુદ્ધિ હજુ ઉદય પામી નથી, તેથી તે બાળવયમાં શુભભાવ કેવી રીતે ટકી શકે? **"ત્યારપછી બાલાવસ્થા પમાય છે. મળ, મૂત્ર, ધૂળ અને નગ્નાવસ્થામાં અણસમજણથી રઝળી, રડીને તે બાલાવસ્થા પૂર્ણ થાય છે."** (વ.પૃ.૭૦) ।।૭।।

**રોગ જવા, ન થવાની દવા દરરોજ જો, પાય પરાણે બાળકને કકળાવીને રે લો;**
**મોત તણી અણી જાણી ઘણી કરી ખોજ જો, દેતા ડામ; ઊંઘાડે અફીણ ગળાવીને રે લો. ૮**

**અર્થ :—** બાળકને થયેલ રોગ જવા માટે કે નવા રોગ ન થવા માટે બાલઘૂટી કે હરડે જેવી દવા દરરોજ પરાણે કકળાવીને માતાને પાવી પડે છે. વળી વિશેષ બિમારી આવી જાય તો બાળકને મોતની નજીક આવેલો જાણી અનેક ઉપાયો કરીને પણ ન ફાવતાં અંતે કોઈના કહેવાથી સળીયો તપાવીને ડામ પણ આપે છે કે જેથી તેને સારું થાય. તથા બાળકને દુઃખમાં શાંતિ પમાડવા અફીણ જેવી નશાની ગોળીઓ આપીને પણ ઊંઘાડે છે. ।।૮।।

**શિક્ષક, વડીલ, સગાં, સરખાંનો તાપ જો, સહન કરી યુવાવસ્થાએ પહોંચતો રે લો;**
**ધન-ઉપાર્જન, વિષય, વ્યસનનાં પાપ જો, નિંદ્ય દૃષ્ટિ, ઉન્માદ, ફિકરમાં ખૂંચતો રે લો. ૯**

**અર્થ :—** બાળવયમાં ભણતા સમયે શિક્ષક, વડીલ, સગાં કે પોતાની સરખી ઉંમરના બળવાન સાથીદારોનો તાપ એટલે દાબ સહન કરીને તે યુવાવસ્થાએ પહોંચે છે. તે સમયમાં ધન ઉપાર્જન કરવામાં, વિષયની વૃત્તિઓમાં કે વ્યસનના પાપોમાં ભરાઈ જવાથી તેની દૃષ્ટિ નિંદવા લાયક મલીન થઈ જાય છે. તથા ઉન્માદ એટલે મોહના ગાંડપણને લઈને તે ઇન્દ્રિયોમાં સુખ શોધવા જતાં ત્રિવિધ તાપની બળતરામાં પડી જઈ અનેક પ્રકારની ધંધાની, વ્યવહારની કે કુટુંબની ફિકરમાં ખૂંચી જઈ દુઃખી થયા કરે છે. એમ સુખ લેવા જતાં દુઃખ આવી પડે છે. પછી **"યુવાવસ્થા આવે છે. ધન ઉપાર્જન કરવા માટે નાના પ્રકારના પાપમાં પડવું પડે છે. જ્યાંથી ઉત્પન્ન થયો છે ત્યાં એટલે વિષયવિકારમાં વૃત્તિ જાય છે. ઉન્માદ, આળસ, અભિમાન, નિંદ્યદૃષ્ટિ, સંયોગ, વિયોગ એમ ઘટમાળમાં યુવાવય ચાલી જાય છે."** (વ.પૃ.૭૦) ।।૯।।

**સફળ, અફળ ગડમથલ તણી ઘટમાળ જો, ફેરવતાં જુવાની અચાનક વહી ગઈ રે લો;**
**જરા મરણની દૂતી સરખી ભાળ જો, શ્વેત કેશ રૂપ મરણ-ધ્વજા, રોપી રહી રે લો. ૧૦**

**અર્થ :—** કર્મને આધીન વ્યાપારમાં કે વ્યવહારમાં સફળતા મળતા રાજી થાય છે. અસફળતા મળતાં દુઃખી થયા કરે છે. એ રૂપ ગડમથલની આ ઘટમાળામાં આ યુવાન અવસ્થા અચાનક પૂરી થઈ જાય છે. અને પછી મરણની દૂતી સમાન વૃદ્ધાવસ્થા આવે છે. ત્યારે વાળ સફેદ થઈ જાય છે. તે સફેદવાળ જાણે મરણરૂપી યમરાજાને આવવાની જાણ માટે ધજાઓ રોપી રહ્યા હોય એમ જણાય છે. ।।૧૦।।

**કર્ણ સહે નહિ થાતું તુજ અપમાન જો, દુષ્ટ દશા તુજ નયન નહીં દેખી ખમે રે લો;**
**કંપે કાયા મરણ-ભય અનુમાની જો, લડથડિયાં ખાતો દુઃખમાં દિન નિર્ગમે રે લો. ૧૧**

**અર્થ :—** વૃદ્ધાવસ્થામાં કહેવામાં આવતા અપમાનના શબ્દોને નહીં સહન કરવાથી જાણે કાન પણ બહેરા થઈ જાય છે. તે સમયની દુષ્ટ દશાને આંખ પણ જોઈને ખમી નહીં શકવાથી તેની દૃષ્ટિ મંદ પડી જાય છે.

''यावत् वित्तोपार्जन सक्तः, तावत् निज परिवारो रक्तः,
तद्नुच जरीआ जरजर देहे, वार्ता पृच्छति कोऽपि न गेहे.'' -મોહમુદ્ગર

અર્થ :— જ્યાં સુધી પ્રાણી ઘર માટે ધન ઉપાર્જન કરવામાં શક્તિશાળી હોય ત્યાં સુધી પોતાનો પરિવાર તેના ઉપર આસક્ત હોય છે. પણ જ્યારે તેનો દેહ જર્જરિત થઈ જાય છે, ત્યારે ઘરમાં તેને કોઈ વાત પણ પૂછતું નથી. વૃદ્ધાવસ્થામાં કાયા પણ પોતાની શક્તિ ઘટી જવાથી મરણનો ભય નજીક જાણી કંપવા લાગે છે. અને લડથડિયા ખાતા હવે તે દુઃખમાં દિવસો નિર્ગમન કરે છે. ઊઠવા જતાં લાકડીનો ટેકો લેવો પડે છે. એવી સ્થિતિ થઈ જાય છે.

'अंगम् गलितं पलितं मूडम् दशविहिनम् जातम् तुंडम्,
करद्रुत कंपित शोभित दंडम् तदपि न मुच्यत आशा पिंडम्' -મોહમુદ્ગર

**''ત્યાં વૃદ્ધાવસ્થા આવે છે. શરીર કંપે છે, મુખે લાળ ઝરે છે; ત્વચા પર કરોચળી પડી જાય છે; સૂંઘવું, સાંભળવું અને દેખવું એ શક્તિઓ કેવળ મંદ થઈ જાય છે; કેશ ધવળ થઈ ખરવા મંડે છે. ચાલવાની આય રહેતી નથી. હાથમાં લાકડી લઈ લડથડિયાં ખાતાં ચાલવું પડે છે.''** (વ.પૃ.૭૦) ।।૧૧।।

**ઘણા રોગનો દુર્બળ દેહે વાસ જો, પછી પથારીવશ પણ પડી રહેવું પડે રે લો;**
**નાનાં મોટાં સૌને દેતો ત્રાસ જો, દિન દિન દેહે દુઃખ અતિશય સાંપડે રે લો. ૧૨**

**અર્થ :—** વૃદ્ધાવસ્થામાં દેહ દુર્બળ થઈ જવાથી ઘણા રોગનો તેમાં વાસ થઈ જાય છે. પછી દુર્બળતાના કારણે પથારીવશ પણ પડી રહેવું પડે છે. તે સમયે ઘરના સૌ નાના મોટાને તે ત્રાસરૂપ જણાય છે. તેમજ દિવસે દિવસે શક્તિઓ ઘટતાં દેહમાં તે અતિશય પીડાને પામે છે.

**''કાં તો જીવનપર્યંત ખાટલે પડ્યા રહેવું પડે છે. શ્વાસ, ખાંસી ઇત્યાદિક રોગ આવીને વળગે છે, અને થોડા કાળમાં કાળ આવીને કોળિયો કરી જાય છે. આ દેહમાંથી જીવ ચાલી નીકળે છે. કાયા હતી ન હતી થઈ જાય છે.''** (વ.પૃ.૭૧) ।।૧૨।।

**જન્મ થકી પણ મરણ વખતનાં દુઃખ જો, કહે અનંતગુણાં જ્ઞાની જન જોઈને રે લો;**
**ભલભલા ભૂલે ભાન બને ય વિમુખ જો, શુદ્ધ સ્વરૂપે ટકતી સ્થિરતા કોઈને રે લો. ૧૩**

**અર્થ :—** હવે જન્મ કરતાં પણ મરણ વખતનું દુઃખ અનંતગણું છે. એમ જ્ઞાનીપુરુષો કેવળજ્ઞાનવડે જોઈને કહે છે. મરણ વખતની વેદનામાં ભલભલા જીવો આત્માનું ભાન ભૂલી જાય છે. તે સમયે શરીરને શાતા ઉપજાવવાના વિચારમાં કે ધનાદિ પરિગ્રહના વિચારમાં પડી જઈ ધર્મ વિમુખ પણ બની જાય છે. કોઈક આરાધક જીવની જ તે સમયે શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે કે સહજાત્મસ્વરૂપના મંત્રમાં સ્થિરતા ટકી રહે છે; બાકી બધા વિચલિત થઈ જાય છે.

''बाळस्तावत् क्रिडा सक्तः तरुणस्तावत् तरुणी रक्तः,
वृद्धस्तावत् चिंता मग्नः परे ब्रह्मणि कोऽपि न लग्नः'' -મોહમુદ્ગર

અર્થ :— બાળક હોય ત્યાં સુધી રમવામાં આસક્ત હોય. યુવાન થતાં સ્ત્રીમાં આસક્ત હોય અને વૃદ્ધાવસ્થા આવ્યે ચિંતામાં મગ્ન રહે છે પણ આત્માને ઓળખવાની કોઈને લગની લાગતી નથી. ।।૧૩।।

**શેરડીના રાડા સમ જીવન જાણ જો, થડિયું ભોગ-અયોગ્ય કઠણ ગાંઠો ઘણી રે લો;**
**ટોચ તરફનો સાંઠો મોળો છાણ જો, વચમાં રાતો રોગે જો છિદ્રો ભણી રે લો. ૧૪**

**અર્થ :—** શેરડીના રાડા એટલે સડેલા સાંઠા સમાન આ આપણું જીવન છે. જેમકે શેરડીનું થડીયું એટલે મૂળિયું સખત હોવાથી તેમાંથી રસ નીકળે નહીં; તેમ બાળવય ભોગને અયોગ્ય છે. વળી સાંઠામાં ગાંઠો ઘણી હોય છે, તેમ જીવનમાં અનેક પ્રકારની ઉપરાઉપર આપત્તિઓ આવે છે, તથા સાંઠાનો ટોચ ઉપરનો ભાગ મોળો છાણ એટલે ફિક્કો સાર વગરનો હોય છે, તેમ જીવનનો અંતિમ વૃદ્ધાવસ્થાનો ભાગ તે પણ અનેક પ્રકારની વ્યાધિઓને લઈને સાવ નીરસ ફીક્કો હોય છે. તથા સાંઠાના વચલા ભાગના છિદ્રોમાં જે રતાશ એટલે લાલાશ દેખાય છે તે તેનો સડેલો ભાગ છે. તેથી તે વચલો ભાગ પણ ખાવા યોગ્ય નથી. તેમ જીવનની વચલી યૌવન અવસ્થા પણ અનેક પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિઓની ચિંતાથી ગ્રસિત છે. તેમજ 'ભોગે રોગ ભયં...' તે અનુસાર યૌવન અવસ્થાના ભોગ પણ રોગાદિથી વણેલા છે. માટે તે પણ ભોગવવા યોગ્ય નથી. ।।૧૪।।

**તે પણ બાળ ચીરીને ચૂસી ખાય જો, મીઠાશની આશાથી દાંત દુખાડતો રે લો;**
**મોળા રસથી મુખ પણ બગડી જાય જો, તેમ વિષય-શ્રમ જીવને દુખમાં પાડતો રે લો. ૧૫**

**અર્થ :—** તેવી સડેલી શેરડીને પણ બાળક ચીરીને ચૂસી ખાય છે કે તેની મિઠાસથી સુખ મળશે. પણ એવી આશાથી તે માત્ર દાંત જ દુઃખાડે છે. વળી તે શેરડીના મોળા ફિક્કા રસથી તેનું મુખ પણ બગડી જાય છે. તેમ સંસારી જીવ સુખ મેળવવાની આશામાં પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં અનેક પ્રકારે શ્રમ કરીને માત્ર જીવને દુઃખમાં જ પાડે છે. જેમ કૂતરું હાડકાં ચાવી પોતાનું જ તાળવું વિંધીને રૂધિરનો સ્વાદ ચાખી આનંદ માને છે તેમ અજ્ઞાની જીવ પણ કરે છે.

**"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો;**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો."** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૧૫।।

**અસાર એવી શેરડી સમ આ દેહ જો, બાળ વયે આપદ ઉપરાઉપરી ઘણી રે લો;**
**જરા અવસ્થા નીરસ નિઃસંદેહ જો, યૌવન વય ચિંતા રોગાદિથી વણી રે લો. ૧૬**

**અર્થ :—** સડેલી શેરડી સમાન આ દેહ પણ અસાર છે. બાલ્યવસ્થા રઝળી રડીને પૂર્ણ થાય છે. તેમજ કિશોર અવસ્થામાં પણ વડીલ, શિક્ષક વગેરેના દાબમાં તેમજ ભણવામાં અનેક પ્રકારના કષ્ટ સહન કરી પૂરી કરે છે. તથા વૃદ્ધાવસ્થા તો નિઃસંદેહ નીરસ જ છે. હવે એક યુવાવય રહી. તે પણ અનેક પ્રકારના વ્યાપાર કે વ્યવહારની ઉપાધિના કારણે જીવને દુઃખ જ આપે છે. તે અવસ્થામાં ચિંતાઓના કારણે કે ભોગાદિના કારણે શરીર રોગાદિનું ઘર પણ થઈ જાય છે. ।।૧૬।।

**એ સાંઠાની ગાંઠો જો રોપાય તો, નવી શેરડી સળા વગરની ઊપજે રે લો,**
**તેમ જીવન જો પરમાર્થે વપરાય તો, સ્વર્ગ-મોક્ષ-સુખ સુંદર ફળ પણ સંપજે રે લો. ૧૭**

**અર્થ :—** હવે એ સડેલા સાંઠાની ગાંઠોની પણ જો રોપણી થઈ જાય તો બીજા વર્ષે નવી શેરડી સળા વગરની ઉત્પન્ન થાય. તેમ આ જીવન જો આત્માના અર્થે ગળાય તો પરભવમાં સ્વર્ગના સુખ પામી અંતે મોક્ષના શાશ્વતસુખરૂપ સુંદર ફળની પ્રાપ્તિ થાય. ।।૧૭।।

**ઊંડા ઊતરી સૂક્ષ્મ કરો સુવિચાર જો, સ્વ-પર-દેહ વિષે વસ્તુ કેવી ભરી રે લો;**
**નવે દ્વારમાં મલિનતા-સંચાર જો, કફ, મળ, મૂત્ર, રુધિર ને લીંટ રહી સંઘરી રે લો. ૧૮**

**અર્થ :—** તમે ઊંડા ઊતરીને સૂક્ષ્મપણે સુવિચાર કરો કે પોતાના અને પરના શરીરમાં કેવી કેવી

વસ્તુઓ ભરેલી છે. આંખના બે દ્વાર, કાનના બે દ્વાર, નાકના બે દ્વાર, મોઢું અને મળમૂત્રના બે દ્વાર મળી શરીરના નવે દ્વારમાંથી માત્ર મેલ જ નીકળ્યા કરે છે. તેમાં કફ, મળ, મૂત્ર, રૂધિર, લીંટ વગેરે દુર્ગંધમય વસ્તુઓ ભરેલી છે. ।।૧૮।।

**ચમાર કુંડનાં કોણ કરે ય વખાણ જો? ગંદકી કેવી અણગમતી નજરે ચડે રે લો;**
**માંસ, રુધિર ને હાડ, ચામડાં, છાણ જો, આંતરડાં ને વાળ વગેરે ત્યાં સડે રે લો. ૧૯**

**અર્થ :—** શરીરની અંદર શું શું ભરેલું છે તેનું પ્રત્યક્ષ દર્શન ચમારને ત્યાં થાય છે તે જણાવે છે :—

ચમારને ત્યાં શરીરના જાુદા જાુદા ભાગો કાઢીને રાખેલ કુંડને જોઈ તેના વખાણ કોણ કરે? ત્યાં ચીતરી ચઢે એવી અણગમતી ગંદકી નજરે પડે છે. તે કુંડોમાં માંસ, લોહી, હાડકાં, ચામડાં, છાણ, આંતરડા અને વાળ વગેરે પડ્યા પડ્યા ત્યાં સડ્યા કરે છે.

**"એક ભાજનમાં લોહી, માંસ, હાડકાં, ચામડું, વીર્ય, મળ, મૂત્ર એ સાત ધાતુ પડી હોય; અને તેના પ્રત્યે કોઈ જોવાનું કહે તો તેના ઉપર અરુચિ થાય, ને થૂંકવા પણ જાય નહીં. તેવી જ રીતે સ્ત્રી પુરુષનાં શરીરની રચના છે, પણ ઉપરની રમણીયતા જોઈ જીવ મોહ પામે છે અને તેમાં તૃષ્ણાપૂર્વક દોરાય છે. અજ્ઞાનથી જીવ ભૂલે છે એમ વિચારી, તુચ્છ જાણીને પદાર્થ ઉપર અરુચિભાવ લાવવો. આ રીતે દરેક વસ્તુનું તુચ્છપણું જાણવું. આ રીતે જાણીને મનનો નિરોધ કરવો."** (વ.પૃ.૭૦૦) ।।૧૯।।

**તેવી જ વસ્તુ સુંદર ચામડી હેઠ જો, દરેક દેહ વિષે છે; જો વિચારીએ રે લો,**
**તો કાયા સમજાય જગતની એંઠ જો; દેહ-મોહ એવા વિચારે વારીએ રે લો. ૨૦**

**અર્થ :—** તેવી જ વસ્તુઓ માંસ, હાડકાં આદિ દરેક શરીરની સુંદર દેખાતી ચામડીની નીચે રહેલ છે. આ વાતને સ્થિર ચિત્તથી જો વિચારીએ તો આ કાયા જગતના એંઠવાડા સમાન ભાસશે. કારણ કે જે અન્ન લઈએ છીએ તેની વિષ્ટા થાય છે. વિષ્ટા ખાતરરૂપે પરિણમી ફરી અન્નરૂપે બની જાય છે. તેથી એંઠવાડા સમાન છે. એ અન્ન વડે શરીર પોષણ પામે છે. તે જોતાં આ કાયા જગતનો એંઠવાડો છે. એવા વાસ્તવિક દેહના સ્વરૂપને વિચારી દેહ પર રહેલા મોહ, મમત્વને નિવારવો જોઈએ.

**શ્રી મલ્લિનાથ ભગવાનનું દૃષ્ટાંત :—** શ્રી મલ્લિનાથ ભગવાન જ્યારે ઘરમાં હતા ત્યારે પૂર્વભવના પોતાના છ મિત્રોને બોધ પમાડવા માટે, પોતાના શરીરાકારે સોનાની પૂતળી બનાવી, તેમાં રાંધેલ અન્નનો એક કોળિયો છ મહિના સુધી રોજ નાખતા હતા. તે અન્ન સડી જઈ ભયંકર દુર્ગંધમય બની ગયું; ત્યારે છ મિત્રોને બતાવી જણાવ્યું કે પ્રત્યેક શરીરમાં આમ જ દુર્ગંધમય સપ્ત ધાતુ ભરેલ છે. તેથી આ શરીર મોહ કરવા યોગ્ય નથી. એવા ઉપદેશથી તેઓ વૈરાગ્ય પામ્યા હતા. ।।૨૦।।

**વળી વદનમાં દાંત તણાં છે હાડ જો, વમન, વિષ્ટા, વાળ જરી જુદાં જુઓ રે લો;**
**રોગ-ભરી વળી રોમ-કંટકની વાડ જો, દેહ વેદનામૂર્તિ ત્યાં શું સુખે સૂઓ રે લો? ૨૧**

**અર્થ :—** વળી વદન એટલે મુખમાં દાંતના હાડકાં છે. આ શરીરમાં જઈ બહાર આવેલ પદાર્થો વમન એટલે ઊલટી કે વિષ્ટા કેવા દુર્ગંધમય છે. તથા વાળ પણ શરીરમાંથી છૂટા પડ્યે તેને કોઈ સંઘરતું નથી. શરીરમાં રોમરૂપી કાંટાઓની જાણે વાડ કરેલી છે. તે રોમ સાડા ત્રણ કરોડ છે. પ્રત્યેક રોમમાં પોણા બબ્બે રોગનો નિવાસ છે. એમ આ દેહ છ કરોડ સાડા બાર લાખ રોગોને રહેવાનું ઘર છે. એવી વેદનાની મૂર્તિ સમા આ દેહમાં રહીને તમે શું સુખે સૂઈ રહો છો?

**"યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે. સમયે સમયે જીવ તે દ્વારાએ વેદના જ વેદે છે. ક્વચિત્ શાતા અને પ્રાયે અશાતા જ વેદે છે."** (વ.પૃ.૬૫૦) ।।૨૧।।

**એક શ્વાસ લેતાં લાગે જે કાળ જો, તેમાં સત્તર વાર જનમ-મરણો કરે રે લો,**
**ધરી ધરી દેહ તજે, દુઃખની ઘટમાળ જો, એમ અનંત સહ્યાં દુખ તે જીંવ ના સ્મરે રે લો. ૨૨**

**અર્થ :–** એક શ્વાસ લેતાં આપણને જે સમય લાગે છે તેટલા સમયમાં નિગોદના જીવો સત્તરવાર જન્મ મરણ કરે છે. દેહ ધારણ કરી કરીને મરણ પામે છે. ત્યાં દુઃખની જ ઘટમાળ છે. એવા અનંત દુઃખો આપણા જીવે અનેકવાર સહન કર્યાં છે પણ તે ભૂલી ગયો છે. હવે જ્ઞાનીપુરુષના વચન દ્વારા તે દુઃખોને સ્મૃતિમાં લઈ તેને નિવારવાનો ઉપાય કરવો જોઈએ. "નિગોદમાં જીવ એક શ્વાસોચ્છ્વાસમાં સાડ સત્તર ભવ કરે છે. એક સોયની અણી જેટલી જગ્યામાં અસંખ્યાત ગોળા છે. એક એક ગોળામાં અસંખ્યાત્ નિગોદ છે. નિગોદ એટલે અનંત જીવોના પિંડનું એક શરીર. એક એક નિગોદમાં અનંત અનંત જીવ છે. જેટલા સિદ્ધ થયા તેના કરતાં અનંત ગુણા જીવ એક નિગોદમાં છે.....

શરીરમાં સાડા ત્રણ કરોડ રોમ છે. તેમાં રોમે રોમે સોય તપાવીને કોઈ જીવને ઘોંચવામાં આવે તેથી જેટલું દુઃખ થાય છે, તે કરતાં અનંતગણું દુઃખ નિગોદના જીવને એક સમયમાં થાય છે.

આ જીવે અનંતકાળ સુધી નિગોદમાં રહીને આ દુઃખ ભોગવ્યું છે. અને હવે આત્મસ્વરૂપને ન ઓળખ્યું તો પાછું તે દુઃખ ભોગવશે. માટે આ મનુષ્યદેહ કોઈ મહત્ પુણ્ય યોગે મળ્યો છે. તેનો એક સમય પણ વ્યર્થ જવા દેવા યોગ્ય નથી. એક સમય રત્નચિંતામણિ જેવો છે. માટે જેમ બને તેમ આત્મહિત કરી લેવું, જેથી પાછું નિગોદમાં ન જવું પડે. જ્ઞાનીપુરુષ કૃપાળુદેવે જે કહ્યું છે, તે પ્રકારે વર્તવાથી આ નિગોદ ટળશે." -પૂ.શ્રી બ્રહ્મચારીજી જન્મ શતાબ્દી સ્મારક ગ્રંથ (પૃ.૧૨૬) ।।૨૨।।

**દેવ, નરક કે પશુ, નર ગતિની કાય જો, અપરાધી જીંવને પૂંરવાની કેદ છે રે લો;**
**નજરકેદ સમ દેવગતિ સમજાય જો, નૃપ આદિના મનમાં બેહદ દુઃખ છે રે લો. ૨૩**

**અર્થ :–** દેવ, નરક, પશુ કે મનુષ્યગતિની કાયા છે તે અપરાધી જીવને પૂરવાની કેદ સમાન છે. તેમાં દેવગતિ છે તે નજરકેદ સમાન સમજાય છે. જેમ રાજા આદિને નજરકેદ કરવામાં આવ્યો હોય તો મનમાં તે બેહદ દુઃખ પામે છે. તેમ મિથ્યાદૃષ્ટિ દેવો વિશેષ મેળવવાની તૃષ્ણાને લઈને દેવલોકમાં રહ્યા છતાં પણ દુઃખ પામે છે. તેમજ સમ્યગ્દૃષ્ટિ દેવો પણ દેવલોકમાં વ્રતો અંગીકાર કરીને સંસારરૂપી કેદથી છૂટી શકતા નથી. દેવોનું આયુષ્ય નિકાચિત હોય છે. તેમજ ગતિઆશ્રિત ત્યાં કોઈ પણ દેવ વ્રત અંગીકાર કરી શકતા નથી. તે નજરકેદ સમાન છે. ।।૨૩।।

**શાહુકારની કેદ સમી નર-કાય જો, સરખે-સરખા ઘણા મળે, મન ત્યાં ઠરે રે લો;**
**લાગ મળે તો છુટકારો પણ થાય જો, છૂંટવાનો ઉદ્યમ કરતાં કારજ સરે રે લો. ૨૪**

**અર્થ :–** મનુષ્યોની કાયા તે શાહુકારની કેદ સમાન છે. ત્યાં સરખે સરખા ઘણા અપરાધીઓ મળવાથી મન ઠરે છે. આ મનુષ્ય જન્મમાં સદ્ગુરુના યોગનો લાગ મળી આવે તો જન્મમરણથી સર્વથા છૂટી શકાય છે. પણ તે માટે સદ્ગુરુ દ્વારા ઉપદિષ્ટ મોક્ષમાર્ગ પ્રમાણે જ છૂટવાનો પુરુષાર્થ કરતાં આત્મકલ્યાણનું કાર્ય સિદ્ધ થઈ શકે છે, બીજી રીતે નહીં. ।।૨૪।।

**ગાંડા જનની જેલ સમી પશુ-કાય જો, કોઈક સમજુ દવા વડે થઈ જાય છે રે લો;**
**ઘણાં બિચારાં દુઃખ વિષે રિબાય જો, નિર્દય જનનાં શસ્ત્ર વડે છેદાય છે રે લો. ૨૫**

**અર્થ :—** પશુ જીવોની કાયા તે ગાંડા માણસની જેલ સમાન છે. જેમ કોઈ ગાંડો માણસ દવા વડે સમજુ બની જાય, તેમ કોઈક પશુ સદ્ગુરુના બોધરૂપી ઔષધ વડે સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. ઘણા બિચારા પશુઓ તો દુઃખમાં જ રિબાય છે. તે જીવો નિર્દય લોકોના હાથમાં આવતા શસ્ત્ર વડે છેદાઈ જાય છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જીવ પૂર્વભવમાં હાથીના ભવમાંથી તેમજ શ્રી મહાવીર ભગવાનનો જીવ સિંહના ભવમાંથી સદ્ગુરુના બોધવડે સમ્યગ્દર્શન પામેલ છે. ।।૨૫।।

**નરક ગતિ તો દુખદ સખત અતિ કેદ જો, પે'રો જબરો તેના ઉપર રાખતા રે લો;**
**મહા અપરાધી કરે કાયનો છેદ જો, રાત-દિવસ ક્રૂરતા કરતાં નહિ થાકતા રે લો. ૨૬**

**અર્થ :—** નરકગતિ તે તો અતિ દુઃખ દેવાવાળી સખત કેદ સમાન છે. ત્યાં જબરા પહેરા સમાન અસુરકુમાર દેવો પણ છે. તે નારકીઓને મહા અપરાધી જાણી તેની કાયાનો વારંવાર છેદ કરે છે તથા નારકી જીવો પણ નરકમાં પરસ્પર એક બીજાને દુઃખ દઈ રાતદિવસ ક્રૂરતા કરતાં થાકતાં નથી. ।।૨૬।।

**બહુ પુણ્ય પુંજથી માનવ-કાય પમાય જો, દુખ-દરિયો તરવાની નૌકા તે ગણો રે લો;**
**અનિયત કાળે અચાનક તૂટી જાય જો, તે પહેલાં ચેતી લ્યો કાળ હજી ઘણો રે લો. ૨૭**

**અર્થ :—** ઘણા પુણ્યના ઢગલાવડે આ મનુષ્યજન્મની પ્રાપ્તિ થાય છે. આ માનવદેહને હવે સંસારના દુઃખરૂપી દરિયાને તરવાની નૌકા સમાન જાણો. અનિશ્ચિત કાળે અચાનક આ મનુષ્ય જીવનની આયુષ્યદોરી તૂટી જાય છે. તે તૂટી ન જાય તેના પહેલાં ચેતી લઈ આત્મહિતનું કાર્ય કરી લો, કેમકે ભવિષ્યકાળ હજુ ઘણો પડ્યો છે. નહીં ચેતે તો અનંત એવા ભવિષ્યકાળમાં ચારે ગતિઓમાં જીવને ઘણું દુઃખ ભોગવવું પડશે. ।।૨૭।।

**શરીર-રચના પાંચ પ્રકારે મૂળ જો, સ્થૂલ-શરીર ઔદારિક પશુ, નર ધારતા રે લો;**
**દેવ, નારકીને વૈક્રિય અનુકૂળ જો, અનેક આકારે કાયા પલટાવતા રે લો. ૨૮**

**અર્થ :—** આ શરીર રચનાના મૂળ પાંચ પ્રકાર છે. તેમાં— **(૧) ઔદારિક શરીર** :- તે મનુષ્ય અને પશુઓને હોય છે. તે સ્થૂળ શરીરરૂપે હોય છે. **(૨) વૈક્રિય શરીર** :- તે દેવો અને નારકી જીવોને હોય છે. તે જીવો અનેક આકારે પોતાની કાયાને પલટાવી શકે છે. ।।૨૮।।

**સર્વ શરીરમાં તૈજસ ને કાર્માણ જો, સૂક્ષ્મરૂપે બે શરીર સદા સંસારીને રે લો;**
**તૈજસથી કાંતિ કાયામાં જાણ જો, કર્મ-સમૂહ કાર્માણ શરીર છે, ધારી લે રે લો. ૨૯**

**અર્થ :— (૩) તૈજસ શરીર અને (૪) કાર્માણ શરીર** :- આ બે સૂક્ષ્મ શરીર છે. તે સંસારી જીવોને સદા વિદ્યમાન હોય છે. તૈજસ શરીરથી શરીરમાં કાંતિ એટલે તેજ તેમજ જઠરાગ્નિ વગેરેની ગરમી રહે છે. તથા કર્મોનો સમૂહ તે કાર્મણ શરીર છે. તે કાર્મણ વર્ગણારૂપી સૂક્ષ્મ સ્કંધોનું બનેલું છે. એ પાંચ શરીરોમાં સૌથી વધારે પરમ બળવાન શક્તિ આ કાર્મણ શરીરમાં છે. આત્માના પ્રદેશો સાથે દૂધ અને પાણીની જેમ રહેલ કર્મોનો સમૂહ તે કાર્માણ શરીરથી બનેલ છે. ।।૨૯।।

**"તેજસ અને કાર્મણ શરીર સ્થૂલદેહપ્રમાણ છે. તેજસ શરીર ગરમી કરે છે, તથા આહાર પચાવવાનું કામ કરે છે. શરીરના અમુક અમુક અંગ ઘસવાથી ગરમ જણાય છે, તે તેજસના કારણથી જણાય છે.**

**માથા ઉપર ઘૃતાદિ મૂકી તે શરીરની પરીક્ષા કરવાની રૂઢિ છે. તેનો અર્થ એ કે તે શરીર સ્થૂલ શરીરમાં છે કે શી રીતે? અર્થાત્ સ્થૂલ શરીરમાં જીવની માફક તે આખા શરીરમાં રહે છે.**

**તેમ જ કાર્મણ શરીર પણ છે; જે તેજસ કરતાં સૂક્ષ્મ છે, તે પણ તેજસની માફક રહે છે. સ્થૂલ શરીરની અંદર પીડા થાય છે, અથવા ક્રોધાદિ થાય છે તે જ કાર્મણ શરીર છે. કાર્મણથી ક્રોધાદિ થઈ તેજોલેશ્યાદિ ઉત્પન્ન થાય છે. વેદનાનો અનુભવ જીવ કરે છે, પરંતુ વેદના થવી તે કાર્મણ શરીરને લઈને થાય છે. કાર્મણ શરીર એ જીવનું અવલંબન છે.''** -(વ.પૃ.૭૫૫) ।।૨૯।।

**મુનિ મહાત્મા લબ્ધિધારી હોય જો, સંશય પડતાં શરીર મનોહર મોકલે રે લો,**
**તીર્થંકર કે કેવળી પાસે કોય જો, આહારક કાયા તેને જ્ઞાની કળે રે લો. ૩૦**

**અર્થ :– (૫) આહારક શરીર :-** જે મહામુનિ મહાત્મા તપસ્વી, લબ્ધિધારી હોય છે, તેમને કોઈ તત્ત્વમાં સૂક્ષ્મ શંકા ઉત્પન્ન થતાં, તેના સમાધાન માટે એક પુરુષાકારનું મનોહર શરીર, તેમના મસ્તક દ્વારથી નીકળી; તીર્થંકર, કેવળી કે શ્રુતકેવળીના દર્શને જાય છે. તેમના દર્શનમાત્રથી તેમની શંકાનું સમાધાન થઈ જાય છે. પછી તે શરીર પાછું આવે છે. તેને આહારક શરીર કહે છે. તે સૂક્ષ્મ હોય છે. તે આહારક શરીર એક અંતર્મુહૂર્ત સુધી બનેલું રહે છે. અંતે તે વિલય પામે છે. ।।૩૦।।

**પંચ પ્રકારે બંધન સર્વ શરીર જો, તેથી જુદો જીવ સદાય વિચારવો રે લો;**
**અનિત્ય કાયા, જીવ ટકનારો સ્થિર જો, ગુરુગમથી તે શુદ્ધ, નિરંજન ધારવો રે લો. ૩૧**

**અર્થ :–** આ પાંચે પ્રકારના શરીર જીવને બંધનરૂપ છે. તે સર્વ શરીરથી જીવ સદાય જાૂદો જ છે એમ વિચારવું. આ કાયા તો સદા અનિત્ય છે પણ તેમાં રહેનારો જીવ સદા સ્થિરપણે ટકનારો છે. તે જીવનું મૂળ શુદ્ધ નિરંજન સ્વરૂપ છે. તેને ગુરુગમથી જાણી અવશ્ય અવધારવું જોઈએ. ।।૩૧।।

**પુદ્ગલ પરમાણુનાં પાંચ શરીર જો, ક્ષણે ક્ષણે પલટાતાં પરરૂપ લેખવે રે લો;**
**સૌ સંયોગો ગણી તજે તે વીર જો, જ્ઞાન-શરીર છે નિજનું નિજ રૂપ દેખવે રે લો. ૩૨**

**અર્થ :–** પાંચેય ઉપરોક્ત શરીર પુદ્ગલ પરમાણુના બનેલ છે. તે પુદ્ગલ પરમાણુના પર્યાય સમયે સમયે પલટાય છે. તથા તે પર્યાય આત્માથી સાવ જાુદા હોવાથી તેને પરરૂપ ગણવામાં આવે છે.

એ પાંચેય પ્રકારના શરીરોને આત્મા સાથે સંયોગ માત્ર ગણી તેના પ્રત્યેનો મોહ જે જીવ છોડે તે જ ખરો શૂરવીર છે. અને તે જીવ આત્માના મુખ્ય જ્ઞાનગુણને પોતાનું શરીર માની તેને જ પોતાનું વાસ્તવિક સ્વરૂપ જાણે છે.

**''પરમાણુમાં રહેલા ગુણ સ્વભાવાદિ કાયમ રહે છે, અને પર્યાય તે ફરે છે. દૃષ્ટાંત તરીકે :– પાણીમાં રહેલો શીતગુણ એ ફરતો નથી, પણ પાણીમાં જે તરંગો ઊઠે છે તે ફરે છે, અર્થાત્ તે એક પછી એક ઊઠી તેમાં સમાઈ જાય છે. આ પ્રમાણે પર્યાય, અવસ્થા અવસ્થાંતર થયા કરે છે, તેથી કરી પાણીને વિષે રહેલ જે શીતલતા અથવા પાણીપણું તે ફરી જતાં નથી, પણ કાયમ રહે છે; અને પર્યાયરૂપ તરંગ તે ફર્યા કરે છે. તેમજ તે ગુણની હાનિવૃદ્ધિરૂપ ફેરફાર તે પણ પર્યાય છે. તેના વિચારથી પ્રતીતિ અને પ્રતીતિથી ત્યાગ અને ત્યાગથી જ્ઞાન થાય છે.''** (વ.પૃ.૭૫૫) ।।૩૨।।

શરીર પ્રત્યે જીવને રાગ વિશેષ હોવાથી ફરી ફરી નવા જન્મ ધારણ કરવા પડે છે. જેટલી શરીર પ્રત્યે આસક્તિ વિશેષ તેટલા જન્મ મરણ પણ વધારે કરવા પડે. જો પુનર્જન્મ નહીં લેવો હોય તો શરીરાદિ પ્રત્યેની મોહ મમતા ઘટાડવી જરૂરની છે. હવે પુનર્જન્મ વિષેની વિસ્તારથી હકીકત નીચેના પાઠમાં જણાવવામાં આવે છે.

(૪૦)



## પુનર્જન્મ

(અનુષ્ટુપ)

*



**લેવો નથી પુનર્જન્મ એવી જે દૃઢતા ધરે;**
**રાજચંદ્ર ગુરુ એવા સેવવા મન આદરે. ૧**

**"પુનર્જન્મ છે—જરૂર છે. એ માટે 'હું' અનુભવથી હા કહેવામાં અચળ છું' એ વાક્ય પૂર્વભવના કોઈ જોગનું સ્મરણ થતી વખતે સિદ્ધ થયેલું લખ્યું છે."** (વ.પૃ.૩૬૧)

**અર્થ :—** જેને પુનર્જન્મ લેવો નથી એવી જે હૃદયમાં દૃઢતાને ધારણ કરેલ છે એવા શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ ભગવંતની સેવા એટલે આજ્ઞા ઉઠાવવા મારું મન ઉત્સુક થઈ રહ્યું છે; એમ પૂજ્યશ્રી બ્રહ્મચારીજી જણાવે છે. ।।૧।।

**જાણ્યા પૂર્વ ભવો જેણે જાતિ-સ્મરણ જ્ઞાનથી**
**તેની કૃપા વડે બોલું, સંત-દર્શિત સાનથી. ૨**

**અર્થ :—** જેણે જાતિસ્મરણજ્ઞાનથી પૂર્વ ભવો જાણ્યા છે એવા પરમકૃપાળુદેવની કૃપાવડે તથા સંત એવા પ.પૂ. પ્રભુશ્રીજી દ્વારા દર્શાવેલ આત્મા ઓળખવાની સાનવડે અર્થાત્ સમજવડે હું આ પુનર્જન્મ વિષે હવે જણાવું છું તે આ પ્રમાણે છે. પરમકૃપાળુદેવને સાત વર્ષની વયે જાતિસ્મરણજ્ઞાન થયેલ. આગળ જતાં જુનાગઢનો ગઢ જોતાં તે જ્ઞાનમાં વૃદ્ધિ થઈ. મુંબઈમાં પદમશીભાઈએ પૂછેલ કે આપને નવ સો ભવનું જ્ઞાન છે તે વાત સાચી છે? ત્યારે પરમકૃપાળુદેવે જણાવેલ કે તેના આધારે કહેવાણું છું. પછી તે વિષે વિશેષ ખુલાસો કર્યો નહોતો. ।।૨।।

**સંત શ્રી લઘુરાજે ય જાણી પૂર્વ ભવો કહ્યું :**
**'વર્તે આનંદ, આનંદ; સત્શ્રદ્ધા થકી એ લહ્યું.' ૩**

**અર્થ :—** સંત એવા લઘુરાજસ્વામીએ પણ પોતાના પૂર્વભવો જાણીને જુનાગઢથી લખેલ પત્રમાં જણાવ્યું કે—પૂર્વભવ જણાય છે, આનંદ આનંદ વર્તે છે. એ બધું થવાનું કારણ પરમકૃપાળુદેવ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા છે. એમ પ.પૂ.પ્રભુશ્રીજીએ જે પત્રમાં જણાવેલ તે નીચે મુજબ છે :—

**"અત્રે કોઈ અદ્ભુત વિચારો અને આત્મિક સુખ અનુભવમાં આવે છે તે કહી શકાતું નથી. અનંત શક્તિ છે, સિદ્ધિઓ છે, પૂર્વ ભવ પણ જણાય છે, આનંદ આનંદ વર્તે છે, એક જ શ્રદ્ધાથી! કહ્યું-લખ્યું જતું નથી. આપના ચિત્તને શાંતિ થવાનો હેતુ જાણી જણાવ્યું છે. કોઈને જણાવવાની જરૂર નથી.** (ઉ.પૃ.૧૬) ।।૩।।

**ધરે ઉત્કૃષ્ટ સંવેગ તેને તે જ્ઞાન સંભવે,**
**પ્રત્યક્ષ જ્ઞાન યોગે તે જાતિ-સ્મૃતિ અનુભવે. ૪**

**અર્થ :–** જેના હૃદયમાં ઉત્કૃષ્ટ સંવેગ એટલે તીવ્ર વૈરાગ્ય હોય તેને તે જાતિસ્મૃતિજ્ઞાન હોઈ શકે છે. **"મુક્ત થવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઇચ્છા નહીં, અભિલાષા નહીં તે સંવેગ."** (વ.પૃ.૨૨૬)

અથવા પ્રત્યક્ષ આત્મજ્ઞાન થયું હોય તે પણ જાતિસ્મૃતિજ્ઞાનને પામી શકે છે. ।।૪।।

**સત્સંગે સત્ય સુણી કો ભૂત ભવાદિ ભાળતાં,**
**પૂર્વ પરિચયાદિથી ઓળખી લે નિહાળતાં. ૫**

**અર્થ :–** સત્સંગમાં પણ સત્પુરુષો દ્વારા પોતાના પૂર્વભવની સત્યવાત જાણીને ભૂતકાળના ભવનું જાતિસ્મરણજ્ઞાન વરદત્ત અને ગુણમંજરીની જેમ થઈ શકે છે.

**"પુનર્જન્મ સંબંધી મારા વિચાર દર્શાવવા આપે સૂચવ્યું તે માટે અહીં પ્રસંગ પૂરતું સંક્ષેપમાત્ર દર્શાવું છું. (અ) મારું કેટલાક નિર્ણય પરથી આમ માનવું થયું છે કે, આ કાળમાં પણ કોઈ કોઈ મહાત્માઓ ગતભવને જાતિસ્મરણજ્ઞાન વડે જાણી શકે છે; જે જાણવું કલ્પિત નહીં પણ સમ્યક્ હોય છે. ઉત્કૃષ્ટ સંવેગ–જ્ઞાનયોગ–અને સત્સંગથી પણ એ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે શું કે ભૂતભવ પ્રત્યક્ષાનુભવરૂપ થાય છે."** (વ.પૃ.૧૯૦) ઉપરોક્ત પ્રમાણે જાતિસ્મરણજ્ઞાન થયે પૂર્વભવોમાં થયેલ પરિચય આદિના કારણે તે તે વ્યક્તિને જોતાં જ તે ઓળખી લે છે. જેમકે–

**સંપ્રતિરાજાનું દૃષ્ટાંત :–** સંપ્રતિ રાજા પૂર્વભવમાં ભિખારી હતો. ખાવાને ભોજન પણ મળતું નહીં, તેથી મુનિ બન્યો. પણ મરણાંતે સમાધિમરણ સાધી સંપ્રતિ રાજા થયો. તે રાજા ગોખમાં બેઠો હતો. ત્યારે પૂર્વભવના ગુરુ તે રોડ ઉપરથી પસાર થયા. તેને જોઈ રાજાના મનમાં પૂર્વ પરિચયથી થયું કે એમને ક્યાંય મેં જોયા છે, એમ ઉહાપોહ કરતાં જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું.

**મૃગાપુત્રનું દૃષ્ટાંત :–** મૃગાપુત્ર રાજકુમારને પણ ચાર રસ્તા પર ઊભેલા મુનિને જોઈ પૂર્વે પાળેલ દીક્ષાના કારણે જાતિસ્મરણજ્ઞાન થયું. આમ અનેક દૃષ્ટાંતો જાતિસ્મરણજ્ઞાનના મળી આવે છે. ।।૫।।

**વર્તમાને વળી વાંચ્યું પત્રોમાં, કો કુમારિકા**
**જાતિ-સ્મૃતિવતી જીવે, દિલ્લીની એ કથનિકા. ૬**

**અર્થ :–** વર્તમાન પત્રોમાં પણ વળી વાંચ્યું છે કે દિલ્લીમાં એક કુમારીને જાતિસ્મૃતિજ્ઞાન થયેલ છે. તે હાલ જીવિત છે. આ કથનિકા એટલે આ વાત પ્રત્યક્ષ સત્ય જણાય છે. ।।૬।।

**મથુરામાં પતિ તેનો પૂર્વનો દેખી ઓળખે,**
**ગુપ્ત વાતો સુણી સાચી; પુનર્જન્મ જનો લખે. ૭**

**અર્થ :–** મથુરામાં તેનો પૂર્વભવનો પતિ છે. તેને દેખીને તેણે ઓળખી લીધો. તેની પૂર્વભવની ગુપ્ત વાતો સાંભળીને તે સાચી નીકળવાથી લોકો પણ પુનર્જન્મ છે એમ માનવા લાગ્યા. ।।૭।।

**અવધિજ્ઞાની જાણે છે ભાવિ ભવો બીજા તણા,**
**મનઃપર્યયવંતો ય ભવ-ભાવો ભણે ઘણા. ૮**

બીજા પણ કયા કયા પ્રકારે પૂર્વ ભવ જાણી શકાય તે હવે કહે છે :–

**અર્થ :—** અવધિજ્ઞાનના ધારક બીજાના ભવિષ્યમાં કયા કયા ભવ થવાના છે તે જાણી શકે છે તથા મનઃપર્યવજ્ઞાની પણ બીજા જીવોના ભવ તેમજ તેના વર્તતા ભાવોને પણ જાણી શકે છે. ।।૮।।

**કેવલજ્ઞાની તો સર્વ વિશ્વ ત્રિકાળ દેખતા,**
**ભવો જાણે અનંતા તે વિશ્વ નાટક લેખતા. ૯**

**અર્થ :—** જ્યારે કેવળજ્ઞાની તો વિશ્વમાં રહેલા સર્વ પદાર્થોના ત્રિકાળ સ્વરૂપને એક સાથે જુએ છે, અર્થાત્ જીવોના સર્વ ભૂત ભાવી અનંતાભવોને તે એક સાથે જુએ છે અને જાણે છે. વિશ્વમાં રહેલ સર્વ જીવોના કર્મનું તે નાટક માને છે. ।।૯।।

**પૂર્વે જીવ હતો તે છે, ભવિષ્યે પણ જીવશે,**
**પ્રતીતિ જ્યાં સુધી આ'વી આવી ના ત્યાં સુધી થશે- ૧૦**

**અર્થ :—** પૂર્વભવમાં જે જીવ હતો તે જ આ છે અને હવે ભવિષ્યમાં પણ જીવતો જ રહેશે. એવી પ્રતીતિ જ્યાં સુધી આવી નથી ત્યાં સુધી તે જીવ શંકામાં જ ગળકા ખાતો રહેશે. ।।૧૦।।

**પ્રયત્નો ધર્મ માટે તે, લૂલા, શંકાભર્યા સદા,**
**કર્યા કરે છતાં જીવો પામે ના સિદ્ધિસંપદા. ૧૧**

**અર્થ :—** તેના ધર્મ માટેના પ્રયત્નો સદા લૂલા તથા શંકાભર્યા થયા કરશે. તેથી પુરુષાર્થ કરવા છતાં પણ આત્મસિદ્ધિની સંપત્તિને તે પામી શકશે નહીં.

**"જ્યાં સુધી ભૂતભવ અનુભવગમ્ય ન થાય ત્યાં સુધી ભવિષ્યકાળનું ધર્મપ્રયત્ન શંકાસહ આત્મા કર્યા કરે છે; અને શંકાસહ પ્રયત્ન તે યોગ્ય સિદ્ધિ આપતું નથી."** (વ.પૃ.૧૯૦) ।।૧૧।।

**છે પુનર્જન્મ નિઃશંક, એવું જેણે નથી લહ્યું,**
**પ્રત્યક્ષે કે પરોક્ષે તો આત્મજ્ઞાન નથી થયું. ૧૨**

**અર્થ :—** 'પુનર્જન્મ છે' એવું નિઃશંકપણું જેને પ્રત્યક્ષે કે પરોક્ષે પણ નથી થયું તેને આત્મજ્ઞાન થયું નથી એમ સત્પુરુષો કહે છે. **"(આ) 'પુનર્જન્મ છે'; આટલું પરોક્ષે - પ્રત્યક્ષે નિઃશંકત્વ જે પુરુષને પ્રાપ્ત થયું નથી, તે પુરુષને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હોય એમ શાસ્ત્રશૈલી કહેતી નથી."** (વ.પૃ.૧૯૦) ।।૧૨।।

**પૂર્વની સ્મૃતિ પામીને જેને પ્રત્યક્ષ આ થયું,**
**તે શ્રીમદ્ રાજચંદ્રે આ શ્રુત-જ્ઞાનાશ્રિત કહ્યું. ૧૩**

**અર્થ :—** પૂર્વભવોની સ્મૃતિ આવવાથી જેને અમે ભગવાન મહાવીરના શિષ્ય હતા કે ભગવાન મહાવીર એમ કહેતા હતા એ બધું જેને પ્રત્યક્ષ થયું છે એવા શ્રીમદ્ રાજચંદ્રે આપણને શ્રુતજ્ઞાનને આધારે આ બધું જણાવ્યું છે. **"પુનર્જન્મને માટે શ્રુતજ્ઞાનથી મેળવેલો આશય મને જે અનુભવગમ્ય થયો છે તે કંઈક અહીં દર્શાવી જઉં છું."** (વ.પૃ.૧૯૦) ।।૧૩।।

**પરોક્ષે પણ માને જે પુરુષ-પ્રતીતિ-બળે,**
**પ્રત્યક્ષ જ્ઞાન પામે તે, સત્સાધનની સાંકળે. ૧૪**

**અર્થ :—** જે પરમકૃપાળુદેવે કહ્યું છે તેને પરોક્ષે પણ જે જીવ માનશે, તે જીવ સત્પુરુષની શ્રદ્ધાના બળે એક પછી એક સાંકળની જેમ સત્સાધનને આરાધવાથી પ્રત્યક્ષ આત્માના અનુભવને પામશે. પ.પૂ.પ્રભુશ્રીજીએ પણ કહ્યું છે કે પરોક્ષમાંથી પ્રત્યક્ષ થશે. ।।૧૪।।

**દીઠો નથી ય સન્માર્ગ, તેને જો દેખતો મળે,**
**સુણી, શ્રદ્ધા કરી, ચાલે, તેની દુર્ગમતા ટળે. ૧૫**

**અર્થ :–** જેણે આત્મપ્રાપ્તિનો સન્માર્ગ દીઠો નથી, તેને જો માર્ગના જાણકાર એવા સત્પુરુષની પ્રાપ્તિ થઈ જાય અને તેની વાત સાંભળીને શ્રદ્ધા રાખી, તે પ્રમાણે ચાલવા લાગે તો મોક્ષમાર્ગની બધી મુશ્કેલીઓ તેની દૂર થઈ જાય. ।।૧૫।।

**તેમ જ તે મહાત્માનાં વચનામૃતથી થશે–**
**પુનર્જન્મ-પ્રતીતિ, તો અનાદિ અંધતા જશે. ૧૬**

**અર્થ :–** તેમજ જ્ઞાનીપુરુષના વચનામૃતથી જેને પુનર્જન્મની પ્રતીતિ થઈ જશે કે મારો આત્મા જે પહેલા હતો તે જ આ છે અને ભવિષ્યમાં પણ તે જ રહેશે; તો પણ તેનું અનાદિકાળનું અજ્ઞાનરૂપી અંધપણું નાશ પામશે. ।।૧૬।।

**કહે કોઈ : "હતો પૂર્વે, તો તેને યાદ તો નથી;**
**હતો એવું ય ના જાણે, મનાયે કેવી રીતથી?" ૧૭**

**અર્થ :–** કોઈ એમ કહે કે તું પૂર્વભવમાં હતો, તો તેની મને યાદી કેમ નથી? પૂર્વે હું હતો એવું ય જો હું ના જાણું તો પુનર્જન્મની વાત મારાથી કેવી રીતે મનાય? ।।૧૭।।

**કહે જ્ઞાની :"હતો ગર્ભે, જન્મ્યો તે કેવી રીતથી,**
**બાળક્રીડા વિના-વાચા કરી તેની સ્મૃતિ થતી?" ૧૮**

હવે જ્ઞાનીપુરુષો ઉપરની વાતનો ખુલાસો કરે છે :–

**અર્થ :–** તું આ ભવમાં જ ગર્ભમાં હતો, પછી કેવી રીતે જન્મ્યો તેમજ વાચા વગર તેં અનેક બાળક્રીડાઓ કરી તેની તને સ્મૃતિ આવે છે? ।।૧૮।।

**કોઈને અલ્પ છે યાદ, કોઈને જરીયે નથી,**
**તેમ પૂર્વ ભવો યાદ રહે કે વિસ્મૃતિ થતી. ૧૯**

**અર્થ :–** કોઈકને તે અલ્પ માત્ર યાદ આવે છે અને વળી કોઈને તો જરીક પણ યાદ આવતું નથી. તેમ પૂર્વભવો પણ કોઈકને યાદ રહે છે, અને મોટે ભાગે તો તેની વિસ્મૃતિ થઈ જાય છે. ।।૧૯।।

**છોડતાં પૂર્વનો દેહ આસક્તિ બાહ્ય વાતમાં,**
**અંત સુધી રહે જેને વળી નૂતન ગાત્રમાં- ૨૦**

પૂર્વભવનું યાદ કેમ રહેતું નથી, તેના મુખ્ય શું શું કારણો છે તે હવે જણાવે છે :–

**અર્થ :–** પૂર્વભવમાં દેહ છોડતાં બાહ્ય પદાર્થમાં જીવને અંત સુધી આસક્તિ રહે છે. તથા વળી નૂતન ગાત્ર એટલે નવું શરીર ધારણ કરે તેમાં પણ જીવને ઘણો મોહ રહે છે. ।।૨૦।।

**આસક્તિ ગાઢ છે તેથી વિસ્મૃતિ પણ તેવી છે;**
**મૃત્યુની વેદના ભારે, સૌને ભાન ભુલાવી દે. ૨૧**

**અર્થ :–** નવીન શરીર ધારણ કરીને તેના પર ગાઢ આસક્તિના કારણે તેને પૂર્વભવની વિસ્મૃતિ પણ ગાઢ છે. તેમજ સૌને ભાન ભુલાવી દે તેવી પૂર્વે મૃત્યુની વેદના ભોગવીને આ ભવમાં આવ્યો છે, તેથી પણ પૂર્વભવની સ્મૃતિ રહેતી નથી.

**“ ‘જાતિસ્મરણજ્ઞાન’ વિષે જે શંકા રહે છે તેનું સમાધાન આ ઉપરથી થશે :—જેમ બાલ્યાવસ્થાને વિષે જે કાંઈ જોયું હોય અથવા અનુભવ્યું હોય તેનું સ્મરણ વૃદ્ધાવસ્થામાં કેટલાકને થાય ને કેટલાકને ન થાય, તેમ પૂર્વભવનું ભાન કેટલાકને રહે, ને કેટલાકને ન રહે. ન રહેવાનું કારણ એ છે કે પૂર્વદેહ છોડતાં બાહ્ય પદાર્થોને વિષે જીવ વળગી રહી મરણ કરે છે અને નવો દેહ પામી તેમાં જ આસક્ત રહે છે, તેને પૂર્વપર્યાયનું ભાન રહે નહીં; આથી ઊલટી રીતે પ્રવર્તનારને એટલે અવકાશ રાખ્યો હોય તેને પૂર્વનો ભવ અનુભવવામાં આવે છે.”** (વ.પૃ.૭૬૭) ।।૨૧।।

**ગર્ભાવાસ વળી તેવો દુઃખદાયક જાણવો,**
**મૂઢતા વય નાનીમાં, સ્નેહ દેહ વિષે નવો. ૨૨**

**અર્થ :—** વળી ગર્ભાવાસની સ્થિતિ પણ તેવી જ દુઃખદાયક જાણવી કે જ્યાં પૂર્વસ્મૃતિને અવકાશ નથી. તથા જન્મ્યા પછી નાની બાળવય પણ મૂઢતાથી જ યુક્ત છે. તથા નવો દેહ ધારણ કર્યો તેમાં પણ જીવને ઘણો સ્નેહ રહે છે. ।।૨૨।।

**પૂર્વ પર્યાયની સ્મૃતિ કરવા અવકાશ ક્યાં?**
**તેથી પૂર્વ ભવો ભૂલ્યો, રહ્યો રાચી વિનાશ જ્યાં. ૨૩**

**અર્થ :—** એમ પૂર્વ પર્યાય એટલે પૂર્વજન્મોમાં થયેલ દુઃખદ અવસ્થાઓ યાદ રહેવાનો તેને અવકાશ ક્યાં રહ્યો? જેથી પૂર્વભવની સ્મૃતિને સાવ ભૂલી જઈ નાશવંત એવા નવીન દેહમાં રાચી માચીને આ જીવ અજ્ઞાનવશ માનવદેહના અમૂલ્ય સમયને નકામા કર્મ બંધનના કારણોમાં જ વ્યતીત કરે છે.

**“એક માણસ વીશ વર્ષનો અને બીજો માણસ સો વર્ષનો થઈ મરી જાય તે બેઉ જણે પાંચ વર્ષની ઉંમરે જે જોયું અથવા અનુભવ્યું હોય તે જો અમુક વર્ષ સુધી સ્મૃતિમાં રહે, એવી સ્થિતિ હોય તો વીશ વર્ષે મરી જાય તેને એકવીસમે વર્ષે ફરીથી જન્મ્યા પછી સ્મૃતિ થાય, પણ તેમ થતું નથી. કારણ કે પૂર્વપર્યાયમાં તેને પૂરતા સ્મૃતિનાં સાધનો નહીં હોવાથી પૂર્વપર્યાય છોડતાં મૃત્યુ આદિ વેદનાના કારણને લઈને, નવો દેહ ધારણ કરતાં ગર્ભાવાસને લઈને, બાલપણામાં મૂઢપણાને લઈને, અને વર્તમાન દેહમાં અતિ લીનતાને લઈને પૂર્વપર્યાયની સ્મૃતિ કરવાનો અવકાશ જ મળતો નથી; તથાપિ જેમ ગર્ભાવાસ તથા બાલપણું સ્મૃતિમાં રહે નહીં તેથી કરી તે નહોતાં એમ નથી, તેમ ઉપરનાં કારણોને લઈને પૂર્વપર્યાય સ્મૃતિમાં રહે નહીં તેથી કરી તે નહોતા એમ કહેવાય નહીં.”** (વ.પૃ.૭૬૭) ।।૨૩।।

**યોગથી, શાસ્ત્રથી કોઈ, કોઈ સે’જ સ્વભાવથી,**
**‘છે પુનર્જન્મ’ એ સિદ્ધિ પામે આત્મ-પ્રભાવથી. ૨૪**

**અર્થ :—** ‘પુનર્જન્મ’ ની સિદ્ધિ કોઈકને યોગસાધનાથી થાય છે. કોઈકને વળી શાસ્ત્રના વચનો સાંભળવાથી પૂર્વજન્મની સ્મૃતિ થઈ આવે છે. જેમકે અવંતિસુકુમારને નલીનીગુલ્મ વિમાનનું વર્ણન શાસ્ત્ર દ્વારા સાંભળતા પૂર્વભવમાં પોતે તે વિમાનમાં હતો તે સાંભરી આવ્યું અને જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું. અથવા કોઈકને પૂર્વભવમાં કરેલ આરાધનથી સહજ સ્વભાવે જ પૂર્વભવની સ્મૃતિ થઈ આવે છે. જેમકે વજ્રકુમારને જન્મતા જ જાતિસ્મરણજ્ઞાન ઊપજ્યું. એમ પૂર્વે આત્મામાં આવા સંસ્કાર પડેલા હોય તો તેના પ્રભાવથી આમ બને છે એમ જાણી પુનર્જન્મની સિદ્ધિ થાય છે.

**“ ‘પુનર્જન્મ છે’ તે યોગથી, શાસ્ત્રથી અને સહજરૂપે અનેક સત્પુરુષોને સિદ્ધ થયેલ છે. આ કાળમાં એ વિષે અનેક પુરુષોને નિઃશંકતા નથી થતી તેનાં કારણો માત્ર સાત્ત્વિકતાની ન્યૂનતા, ત્રિવિધતાપની**

**મૂર્છાના, 'શ્રી ગોકુળચરિત્ર'માં આપે દર્શાવેલી નિર્જનાવસ્થા તેની ખામી, સત્સંગ વિનાનો વાસ, સ્વમાન અને અયથાર્થ દૃષ્ટિ એ છે.''** (વ.પૃ.૧૯૧)

જ્યાં સુધી આત્મા કાર્મણ શરીર સાથે સંબંધ ધરાવે છે ત્યાં સુધી તેને ફરી ફરી ઔદારિક કે વૈક્રિયક શરીર ધારણ કરવારૂપ પુનર્જન્મ લેવા પડે છે. પૂર્વ આયુના પૂર્ણ થવાને મરણ કહે છે અને પુનઃ એટલે ફરીથી નવીન આયુના ઉદયને જન્મ કહે છે. જ્યાં સુધી જીવની સકર્મ અવસ્થા છે ત્યાં સુધી જીવ જૂનું વસ્ત્ર બદલાવી કોઈ નવું વસ્ત્ર પહેરે તેમ આ જીવ જુનું ખોળિયું બદલાવી નવું ખોળિયું ધારણ કરીને પુનર્જન્મ પામે છે; અને નાટકના પાત્રની જેમ નવા નવા વેષમાં તે દેખાવ દે છે. આ પુનર્જન્મનો સિદ્ધાંત આગમથી, અનુમાનથી કે અનુભવથી જાણી શકાય છે. ।।૨૪।।

**જડ, ચૈતન્ય બે જુદાં; ચૈતન્ય ઉપયોગી છે,**
**જડ જાણે નહીં કાંઈ; દ્રવ્યો સૌ અવિનાશી છે. ૨૫**

**અર્થ :–** પુનર્જન્મની શ્રદ્ધા થવાથી આ આત્મા આ દેહથી ભિન્ન છે એમ અનુમાની શકાય છે; કેમકે તે આ દેહ છોડી બીજા દેહને ધારણ કરે છે માટે. તેથી આ બેય દ્રવ્યના જુદાપણા વિષે હવે વિશેષ સ્પષ્ટતા કરે છે :– જડ અને ચૈતન્ય એ બેય દ્રવ્ય જુદા છે. ચૈતન્ય એવો આત્મા તેનું લક્ષણ 'ઉપયોગ' છે. જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ એ આત્માના મુખ્ય ગુણ છે. જ્યારે જડ દ્રવ્ય કંઈ જાણતું નથી. છતાં જગતમાં રહેલા જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ સર્વ દ્રવ્યો અવિનાશી છે, અર્થાત્ ત્રણેય કાળમાં તેનો વિનાશ નથી. તેના પર્યાયો સમયે સમયે પલટાય છે. પણ મૂળ દ્રવ્ય સદા અવિનાશી સ્વભાવવાળું છે.

**''જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;**
**એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ.''** -શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

**''છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ,**
**એમ જાણો સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.''** -શ્રીમદ્ રાજચંદ્ર

**'' 'ચૈતન્ય' અને 'જડ' એ બે ઓળખવાને માટે તે બન્ને વચ્ચે જે ભિન્ન ધર્મ છે તે પ્રથમ ઓળખાવો જોઈએ; અને તે ભિન્ન ધર્મમાં પણ મુખ્ય ભિન્ન ધર્મ જે ઓળખવાનો છે તે આ છે કે, 'ચૈતન્ય'માં 'ઉપયોગ' (કોઈ પણ વસ્તુનો જે વડે બોધ થાય તે વસ્તુ) રહ્યો છે અને 'જડ'માં તે નથી.''** (વ.પૃ.૧૯૦) ।।૨૫।।

**અશુદ્ધ ઉપયોગી જે જીવ કર્મ ગ્રહી રહ્યો,**
**અપૂર્ણ પદમાં તે છે, છદ્મસ્થ પણ તે કહ્યો. ૨૬**

**અર્થ :–** આત્માના વિભાવમય અશુદ્ધ ઉપયોગથી જીવ નવીન કર્મને ગ્રહણ કરી રહ્યો છે. અને તેથી જ જીવનો પુનર્જન્મ છે. જ્યાં સુધી જીવ પોતાના સ્વરૂપને યથાર્થ સમજતો નથી ત્યાં સુધી તે અશુદ્ધ અથવા અપૂર્ણ પદમાં સ્થિતિ કરેલ કહેવાય છે અર્થાત્ પોતાનું શુદ્ધ ઉપયોગમય સ્વરૂપ હોવા છતાં વ્યવહારનયે તે અશુદ્ધ, અપૂર્ણ અથવા છદ્મસ્થ કહેવાય છે.

**''જીવનો મુખ્ય ગુણ વા લક્ષણ છે તે 'ઉપયોગ' (કોઈ પણ વસ્તુસંબંધી લાગણી, બોધ, જ્ઞાન) અશુદ્ધ અને અપૂર્ણ ઉપયોગ જેને રહ્યો છે તે જીવ– 'વ્યવહારની અપેક્ષાએ'–આત્મા સ્વસ્વરૂપે પરમાત્મા**

**જ છે, પણ જ્યાં સુધી સ્વસ્વરૂપ યથાર્થ સમજ્યો નથી ત્યાં સુધી (આત્મા) છદ્મસ્થ જીવ છે—પરમાત્મદશામાં આવ્યો નથી.''** (વ.પૃ.૧૯૦) ।।૨૬।।

**શુદ્ધ, પૂર્ણ ઉપયોગી, પરમાત્મા સ્વભોગી છે;**
**કલ્પનાયુક્ત અજ્ઞાની અશુદ્ધ ઉપયોગી તે. ૨૭**

**અર્થ :—** જે આત્મા પોતાની શુદ્ધ અવસ્થાને પામી સંપૂર્ણ યથાર્થ આત્મઉપયોગમાં સ્થિત છે તે પરમાત્મા કહેવાય છે. તે પોતાના અનંતસુખના સદૈવ ભોગી છે. પર પદાર્થમાં કદી રમણતા કરતા નથી. જ્યારે અનેક વિપરીત કલ્પનાથી યુક્ત અજ્ઞાની જીવ પરમાં સુખબુદ્ધિ કરીને પોતાના આત્માને અશુદ્ધ ઉપયોગમય બનાવી મલિન કરી રહ્યો છે. **''શુદ્ધ અને સંપૂર્ણ યથાર્થ ઉપયોગ જેને રહ્યો છે તે પરમાત્મદશાને પ્રાપ્ત થયેલો આત્મા ગણાય.''** (વ.પૃ.૧૯૦) ।।૨૭।।

**અશુદ્ધ ઉપયોગીનાં પરિણામ વિપર્યય;**
**સમ્યક્ જ્ઞાન વિના ક્યાંથી પુનર્જન્મ-સુનિશ્ચય? ૨૮**

**અર્થ :—** અશુદ્ધ ઉપયોગમય આત્માના કલ્પિતભાવ તે વિપર્યય એટલે સમ્યક્જ્ઞાનથી વિપરીત પરિણામ છે. તેથી સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ વિના પુનર્જન્મનો સમ્યક્પ્રકારે નિશ્ચય ક્યાંથી હોઈ શકે?

**''અશુદ્ધ ઉપયોગી હોવાથી જ આત્મા કલ્પિતજ્ઞાન (અજ્ઞાન)ને સમ્યક્જ્ઞાન માની રહ્યો છે; અને સમ્યક્જ્ઞાન વિના પુનર્જન્મનો નિશ્ચય કોઈ અંશે પણ યથાર્થ થતો નથી.''** (વ.પૃ.૧૯૦)

**''જ્ઞાનીએ નિરૂપણ કરેલાં તત્ત્વોનો યથાર્થ બોધ થવો તે 'સમ્યગ્જ્ઞાન.''** (વ.પૃ.૭૬૭) ।।૨૮।।

**વિપર્યયપણું શાથી? વિચારી ભૂત કાળ જો—**
**પળે પળ હઠી પાછો, મૂળ કારણ ભાળતો. ૨૯**

**અર્થ :—** હવે આત્માના ભાવોનું વિપર્યયપણું અર્થાત્ વિપરીતતા હોવાનું શું કારણ હશે? તે વિચારી ભૂતકાળમાં અશુદ્ધ ઉપયોગવડે કરેલા કર્મો જણાશે. તે કર્મો થવાનું મૂળ કારણ જીવના વિભાવભાવે થયેલા રાગદ્વેષ પરિણામ છે. તેથી હવે પળે પળ પાછો હઠીને અનુપૂર્વીએ એટલે અનુક્રમબંધે અર્થાત્ દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી ફરી દ્રવ્યકર્મ થતાં જાણી, તે હવે મૂળ કર્મબંધનના કારણોને શોધે છે. **''અશુદ્ધ ઉપયોગ થવાનું કંઈ પણ નિમિત્ત હોવું જોઈએ. તે નિમિત્ત અનુપૂર્વીએ ચાલ્યાં આવતાં બાહ્યભાવે ગ્રહેલા કર્મપુદ્ગલ છે.''** (વ.પૃ.૧૯૧) ।।૨૯।।

**દૃઢ સંકલ્પ કીધો કે સ્ત્રી ચિંતવવી આજ ના;**
**પળો પાંચ પૂરી થાતાં ઊઠી સ્ત્રીની જ કલ્પના. ૩૦**

**અર્થ :—** એવો દૃઢ સંકલ્પ કર્યો કે આજે મારે સ્ત્રીનું ચિંતવન પણ કરવું નહીં. છતાં પાંચ પળો પૂરી થઈ કે સ્ત્રીની જ કલ્પના ઊઠી. તો તેનું કંઈ કારણ હોવું જોઈએ.

**''એક માણસે એવો દૃઢ સંકલ્પ કર્યો કે, યાવત્જીવનકાળ સ્ત્રીનું ચિંતવન પણ મારે ન કરવું; છતાં પાંચ પળ ન જાય, અને ચિંતવન થયું તો પછી તેનું કારણ જોઈએ.''** (વ.પૃ.૧૯૧) ।।૩૦।।

**પૂર્વ કર્મો તણું જોર, પુરુષ વેદ તે ગણો;**
**ભૂતકાળે કર્યું કર્મ, ગણો વિપાક તે તણો. ૩૧**

**અર્થ :–** તે પૂર્વ જન્મમાં કરેલા કર્મોનું જ જોર હોવું જોઈએ. તે કયા કર્મનું? તો કે મોહનીય કર્મનું, અને તે પણ પુરુષવેદ પ્રકૃતિનું. ભૂતકાળમાં પૂર્વ જન્મમાં એવા કર્મો એટલે કાર્યો કરેલા, તેથી પુરુષવેદ પ્રકૃતિનો બંધ પડ્યો હતો. તે પ્રકૃતિનું આ ભવમાં વિપાક એટલે ફળ આવ્યું. તેથી આવા ભાવો રોકવા છતાં પણ રોકી શકાયા નહીં.

**"મને જે શાસ્ત્રસંબંધી અલ્પ બોધ થયો છે તેથી એમ કહી શકું છું કે, તે પૂર્વકર્મનો કોઈ પણ અંશે ઉદય જોઈએ. કેવા કર્મનો? તો કહી શકીશ કે, મોહનીય કર્મનો; કઈ તેની પ્રકૃતિનો? તો કહી શકીશ કે, પુરુષવેદનો. (પુરુષવેદની પંદર પ્રકૃતિ છે.) પુરુષવેદનો ઉદય દૃઢ સંકલ્પે રોક્યો છતાં થયો તેનું કારણ હવે કહી શકાશે કે, કંઈ ભૂતકાળનું હોવું જોઈએ; અને અનુપૂર્વીએ તેનું સ્વરૂપ વિચારતાં પુનર્જન્મ સિદ્ધ થશે."** (વ.પૃ.૧૯૧) ।।૩૧।।

**કર્મને અનુપૂર્વીએ વિચાર્યે ભૂલ નાસશે;**
**પુનર્જન્મ અનુમાને સત્ય સિદ્ધાન્ત ભાસશે. ૩૨**

**અર્થ :–** આ કર્મના સ્વરૂપને અનુપૂર્વીએ વિચારતા આ અનાદિની ભૂલ નાશ પામશે. અનુપૂર્વીએ એટલે અનુક્રમપૂર્વક કર્મોના બંધન થયા જ કરે છે. જેમકે રાગદ્વેષ એ ભાવકર્મ છે. તે કરવાથી જીવને જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મનો બંધ થાય છે. તે કર્મો અબાધાકાળ પૂરો થયે ઉદયમાં આવે છે, ત્યારે શરીર, ધનાદિ, નોકર્મરૂપ ફળ આપે છે. આમ ભાવકર્મથી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી નોકર્મરૂપ ઘટમાળ અનાદિથી ચાલ્યા જ કરે છે. આ ભાવોને સ્થિર ચિત્તથી વિચારતાં અનુમાનજ્ઞાનથી પુનર્જન્મનો સિદ્ધાંત જીવને સત્ય દૃષ્ટિગોચર થશે. કેમકે એક ભવમાં કરેલા કર્મોને ભોગવવા જીવે બીજો જન્મ ધારણ કર્યો. વળી બીજા જન્મમાં ફરી નવા કર્મો બાંધી ફરી પુનર્જન્મ ધારણ કર્યો. એમ અનાદિકાળથી ચાલ્યા કરે છે. ।।૩૨।।

**ભૂખે, દુઃખે રડે બાળ, ધાવતાં પણ આવડે,**
**પૂર્વના સર્વ સંસ્કારો, શીખવું તેથી ના પડે. ૩૩**

**અર્થ :–** બાળક જન્મતાં જ ભૂખના દુઃખથી રડવા લાગે છે. તેમજ જન્મતાં જ તેને ધાવતાં આવડે છે. એ બધી પૂર્વ જન્મની સંજ્ઞા એટલે સંસ્કાર છે. પૂર્વજન્મનો તે અભ્યાસ છે. તેથી તેને કંઈ તે શીખવવું પડતું નથી. **"બાલકને ધાવતાં ખટખટાવવાનું કોઈ શીખવે છે? તે પૂર્વાભ્યાસ છે."** (વ.પૃ.૭૬૮)

**"ક્રોધાદિ પ્રકૃતિઓનું વિશેષપણું સર્પ વગેરે પ્રાણીમાં જન્મથી જ જોવામાં આવે છે, વર્તમાન દેહે તો તે અભ્યાસ કર્યો નથી; જન્મની સાથે જ તે છે; એટલે એ પૂર્વજન્મનો જ સંસ્કાર છે, જે પૂર્વજન્મ જીવની નિત્યતા સિદ્ધ કરે છે.**

**સર્પમાં જન્મથી ક્રોધનું વિશેષપણું જોવામાં આવે છે, પારેવાને વિષે જન્મથી જ નિર્હિંસકપણું જોવામાં આવે છે. માંકડ આદિ જંતુઓને પકડતાં તેને પકડવાથી દુઃખ થાય છે એવી ભયસંજ્ઞા પ્રથમથી તેના અનુભવમાં રહી છે, તેથી તે નાસી જવાનું પ્રયત્ન કરે છે, કંઈક પ્રાણીમાં જન્મથી પ્રીતિનું, કંઈકમાં સમતાનું, કંઈકમાં વિશેષ નિર્ભયતાનું, કંઈકમાં ગંભીરતાનું, કંઈકમાં વિશેષ ભયસંજ્ઞાનું, કંઈકમાં કામાદિ પ્રત્યે અસંગતાનું, અને કંઈકને આહારાદિ વિષે અધિક અધિક લુબ્ધપણાનું વિશેષપણું જોવામાં આવે છે; એ આદિ ભેદ એટલે ક્રોધાદિ સંજ્ઞાના ન્યૂનાધિકપણા આદિથી તેમ જ તે તે પ્રકૃતિઓ જન્મથી સહચારીપણે રહી જોવામાં આવે છે તેથી તેનું કારણ પૂર્વના સંસ્કારો જ સંભવે છે."** (વ.પૃ.૫૪૨) ।।૩૩।।

**સર્પને મોર મારે છે, કેસરી હસ્તિને હરે,**
**બિલાડી ઉંદરો મારે; જાતિ-વૈર ન વીસરે. ૩૪**

**અર્થ :—** મોરને સર્પ પ્રત્યે જન્મથી જ વેર હોવાથી તેને જ્યાં જાુએ ત્યાં મારે છે. તેમજ કેસરી સિંહ પણ હાથીને જોઈ હણે છે કે બિલાડી જન્મતાં જ ઉંદરોને મારવા લાગે છે. તે પ્રાણીઓ જાતિવેરને કદી ભૂલતા નથી. કારણ કે તે તે જીવો પ્રત્યે વૈરભાવના સંસ્કારો તે પૂર્વભવથી જ સાથે લઈને આવ્યા છે.

**''સર્પ અને મોરને; હાથી અને સિંહને; ઉંદર અને બિલાડીને સ્વાભાવિક વૈર છે. તે કોઈ શિખવાડતું નથી. પૂર્વભવના વૈરની સ્વાભાવિક સંજ્ઞા છે, પૂર્વજ્ઞાન છે.''** (વ.પૃ.૭૬૮) ।।૩૪।।

**વિદ્યા શીખે વિના ગોખ્યે, સંસ્કારી પૂર્વના સહુ;**
**પુનર્જન્મ પ્રતીતિનાં દૃષ્ટાંતો મળતાં બહુ. ૩૫**

**અર્થ :—** કેટલાકને ગોખ્યા વિના પણ વિદ્યા આવડી જાય છે. તે સર્વ પૂર્વના સંસ્કારી જીવો છે. પૂર્વ જન્મમાં જેણે જે વિદ્યાનો ઘણો અભ્યાસ કરેલ છે તેમને અહીં વગર શીખ્યે પણ આવડી જાય છે. જેથી પૂર્વ જન્મ છે એમ સિદ્ધ થાય છે. પુનર્જન્મ છે એવી પ્રતીતિના બીજા પણ અનેક દૃષ્ટાંતો અહીં મળી આવે છે. જેમકે પરમકૃપાળુદેવ લખે છે કે :—

**''લઘુ વયથી અદ્ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;**
**એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ?**
**જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;**
**વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય?''** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૧૯૫)

શ્રી યશોવિજયજી મહારાજને પાંચ વર્ષની ઉંમરમાં ભક્તામર શ્રવણ માત્રથી આવડી ગયું હતું.

શ્રી હેમચંદ્રાચાર્ય પણ નવ વર્ષની નાની વયમાં જ દીક્ષા લઈને પ્રખર વિદ્વાન બની 'કલિકાલ સર્વજ્ઞ'ના બિરુદને પામ્યા હતા. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રે પણ સોળ વર્ષ સુધીમાં સર્વ ધર્મના શાસ્ત્રોનો અભ્યાસ કરી જૈનદર્શનના સારરૂપ મોક્ષમાળાની રચના કરી. તેઓ શાસ્ત્રો ભણવા માટે ક્યાંય ગયા નહોતા. આ બધો ક્ષયોપશમ પૂર્વભવની સાધનાના આધારે ઊગી નીકળ્યો હતો. ।।૩૫।।

**પુનર્જન્મ તણી શ્રદ્ધા કરે નિર્ભય જીવને;**
**મૃત્યુથી યે ડરે ના તે, ઇચ્છે શિવ સદૈવ તે. ૩૬**

હવે પુનર્જન્મની શ્રદ્ધાથી જીવને શો લાભ થાય છે તે જણાવે છે :—

**અર્થ :—** પુનર્જન્મની શ્રદ્ધા જીવને મરણના ભયથી મુક્ત કરે છે.

શ્રી આનંદઘનજીએ કહ્યું તેમ —**''અબ હમ અમર ભય ન મરેંગે,**

**યા કારણ મિથ્યાત્વ દીયો તજ, ક્યું કર દેહ ધરેંગે; અબ હમ અમર ભયે ન મરેંગે.''** -શ્રી આનંદઘનજી

પુનર્જન્મ નિશ્ચિત છે એવો દૃઢ નિર્ણય થયે તે પ્રાણી મૃત્યુથી ડરતો નથી પણ સદૈવ શિવ એટલે મુક્તિને ઇચ્છે છે. કહ્યું છે કે :—

''न मे मृत्यु : कुतो भितिः, नमे व्याधि कुतो व्यथा;
ना हं बालो ना वृद्धोहं, न युवैतानि पुद्‌गलेः''

**અર્થ :—** મારું મરણ જ નથી તો મને ભય શાનો? મને વ્યાધિ નથી તો પીડા શાની? નથી હું

બાળક કે વૃદ્ધ કે નથી યુવાન. એ બધી પુદ્‌ગલની અવસ્થાઓ છે, એમાં મારું કંઈ જ નથી. ।।૩૬।।

**ધર્યા દેહો ઘણા, છોડ્યા તોયે જીવ નથી મર્યો;**
**તો આ દેહ છૂટે ત્યારે મરે ના, નિશ્ચય કર્યો. ૩૭**

**અર્થ :–** એવા દેહો તો પૂર્વે મેં ઘણા ધારણ કર્યા અને છોડ્યા, તો પણ આ જીવ મર્યો નથી. માટે આ દેહ છૂટે ત્યારે પણ તે મરવાનો નથી એમ મેં નિશ્ચય કર્યો છે. ।।૩૭।।

**જીવ નિત્યસ્વભાવી છે, જન્મ-મૃત્યુ ન તેહને,**
**જરા, વ્યાધિ, પીડા, પાક, છેદ-ભેદાદિ દેહને. ૩૮**

**અર્થ :–** જીવ તો સદા જીવવાના જ સ્વભાવવાળો છે. તે નિત્ય છે. તે કદી મરતો નથી. જન્મવું કે મરવું તે આત્માને સંભવતું નથી. કેમકે તે મૂળ દ્રવ્ય છે. દ્રવ્યનો ત્રિકાળમાં નાશ નથી.

વૃદ્ધાવસ્થા, રોગ, પીડા કે ગૂમડાં વગેરેનું પાકવું કે છેદન, ભેદન થવું એ બધા દેહના ધર્મો છે, આત્માના નહીં; એમ જાણીને મુનિ સુકૌશલ કે ગજસુકુમાર કે અવંતિસુકુમાર કે ભગવાન મહાવીર સ્વામી વગેરે ધ્યાનમાં ઊભા રહી અનેક પ્રકારના ઉપસર્ગોને સમતાથી સહન કરી કર્મોને નિર્જરાવી મુક્તિને પામ્યા છે. તેમાં મૂળભૂત કારણ આત્મા સદૈવ નિત્ય સ્વભાવી છે એવો તેમનો દૃઢ નિશ્ચય છે. ।।૩૮।।

**પુણ્ય-પાપ કરેલાં જે પૂર્વનાં આજ ભોગવે;**
**આ ભવે જે કરે તેનાં ફળો ભોગવશે હવે. ૩૯**

**અર્થ :–** પૂર્વભવોમાં કરેલા પુણ્ય કે પાપના ફળો આ જીવ આ ભવમાં ભોગવે છે, અને આ ભવમાં જેવા કર્મો કરશે તેના ફળ આગળ ભોગવશે. તીર્થંકરની પદવી કે ચક્રવર્તી અથવા બળભદ્ર, નારાયણ કે પ્રતિનારાયણની પદવીઓ પુણ્યકર્મથી જીવ પામે છે. જ્યારે પાપથી આ ભવમાં કે પરભવમાં પણ જીવ રોગી કે નિર્ધન વગેરે બનીને દુઃખી થયા કરે છે. ।।૩૯।।

**પાયો સદ્‌વર્તન કેરો પુનર્જન્મ-પ્રતીતિ છે,**
**દાન, ધર્મ ટકે તેથી દીર્ઘદૃષ્ટિ, સુનીતિ તે. ૪૦**

**અર્થ :–** પુનર્જન્મની જીવને શ્રદ્ધા થાય તો સદ્‌વર્તનનો પાયો મજબૂત બને છે. કરેલા કર્મોનું ફળ બીજા જન્મમાં કે આ જન્મમાં અવશ્ય ભોગવવું પડે છે, એવો નિર્ણય થવાથી તે જીવ અસદાચારમાં પ્રવૃતિ કરતો નથી. પુનર્જન્મની શ્રદ્ધા વડે જીવ અભયદાન, જ્ઞાનદાન, આહારદાન, ઔષધદાનમાં પ્રવૃત્તે છે. તેમજ ધર્મધ્યાન કરવાથી આત્મા શાશ્વત મુક્તિના સુખને પામશે, એવો વિશ્વાસ હોવાથી તે દીર્ઘદૃષ્ટિએ વર્તન કરે છે, અને તે જ વર્તન સમ્યક્-નીતિપૂર્વકનું હોવાથી તેના જીવનને ધન્ય બનાવી સર્વકાળને માટે સુખી કરે છે. ।।૪૦।।

---

જેને પુનર્જન્મની શ્રદ્ધા છે તે ભવ્ય પ્રાણી, આત્મજ્ઞાન પામી સદ્‌ગુરુ આશ્રયે પંચ મહાવ્રત ધારણ કરીને સર્વ કર્મોનો શીઘ્ર નાશ કરી શકે છે. તે પંચ મહાવ્રત વિષે વિસ્તારથી અત્રે આ પાઠમાં જણાવવામાં આવે છે :–

(૪૧)

## પંચ મહાવ્રત વિષે વિચાર

(હરિગીત)

*



**વિનય સહિત મુજ શીર્ષ શ્રી ગુરુ રાજના ચરણે નમે,**
**સૌ કર્મ કાપે જે મહાવ્રત ત્યાં સદા વૃત્તિ રમે;**
**એ સફળ દિનને દેખવા પરમેષ્ઠીપદને સ્પર્શવા,**
**સદ્ગુરુ-ચરણ ઉપાસવા ભાવો ઊઠે ઉર અવનવા. ૧**



**અર્થ :—** પૂ.શ્રી બ્રહ્મચારીજી કહે છે કે વિનયપૂર્વક મારું મસ્તક શ્રી ગુરુરાજના ચરણકમળમાં નમસ્કાર કરે છે. તથા સર્વ કર્મને કાપવામાં સમર્થ એવા જે પંચ મહાવ્રત છે ત્યાં મારી વૃત્તિ સદા રમ્યા કરે છે. એ પંચ મહાવ્રતને ધારણ કરી જીવન સફળ થયેલ એવા દિવસોને જોવા તથા પરમેષ્ઠીપદ અર્થાત્ શુદ્ધ આત્મપદને સ્પર્શવા માટે સદ્ગુરુ ભગવંતની આજ્ઞા ઉપાસવા મારા હૃદયમાં સદા નવા નવા ભાવોની ઊર્મિઓ ઊઠ્યા કરે છે. કેમકે ગુરુથી જ્ઞાન થાય અને જ્ઞાનથી જ જિનદશાની પ્રાપ્તિ થાય છે માટે.

**"સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય."** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૧।।

**નિશદિન સહજાત્મસ્વરૂપ-વિચારના વ્યાપારમાં;**
**સુજ્ઞાન-સુધ્યાને રમે મુનિવર પરમ આચારમાં;**
**જે દેહદૃષ્ટિ દૂર કરીને પરમ તત્ત્વે લીન છે,**
**વળી શુદ્ધ ભાવે સિદ્ધ સમ ગણી સર્વને, રહે દીન તે. ૨**

હવે આ પાંચ મહાવ્રતને ધારણ કરનાર મુનિવર કેવા વિચારમાં રહે છે, તે જણાવે છે :—

**અર્થ :—** જે નિશદિન સહજાત્મસ્વરૂપના વિચાર કરવાના વ્યાપારમાં જોડાયેલા છે. જે સમ્યક્ જ્ઞાનરૂપ સ્વાધ્યાયમાં કે ઉપદેશ આપવામાં કે શાસ્ત્ર લખવામાં પ્રવર્તે છે અથવા સમ્યક્ આત્મધ્યાનમાં જે રમે છે અથવા મુનિવરોના પરમ પ્રસિદ્ધ પંચ આચાર જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર છે તેમાં પ્રવર્તે છે. જે સદા દેહદૃષ્ટિ દૂર કરીને પરમ આત્મતત્ત્વમાં લયલીન છે. વળી નિશ્ચયનયથી સર્વ જીવોને સિદ્ધ સમાન ગણી પોતે લઘુતા ધારણ કરીને રહે છે કે સર્વ જીવો મારા જેવા જ છે; મારામાં તેમનાથી કંઈ વિશેષતા નથી. એવા પ.પૂ.પ્રભુશ્રીજી હતા કે જે સર્વમાં પ્રભુ જોતા હતા. તેવા સર્વ મહાત્માઓને હું ભાવપૂર્વક વિનયસહિત પ્રણામ કરું છું. ।।૨।।

**શ્રદ્ધા છ પદ, નવ તત્ત્વની વા સર્વ દ્રવ્ય સ્વભાવની,**
**ને જ્ઞાન નિજ-પર-રૂપનું સત્શ્રુત-પ્રાપ્તિ પાવની;**
**યમરૂપ પાંચ મહાવ્રતો, આચારરૂપ ચારિત્ર જ્યાં,**
**વ્યવહાર-રત્નત્રય ગણો ભેદોપચારે વાત ત્યાં. ૩**

હવે પંચ મહાવ્રતધારી મુનિવરોમાં શું શું વિશેષતાઓ છે તે જણાવે છે :-

**અર્થ :—** જેને છ પદની કે જીવાદિ નવ તત્ત્વની અથવા છએ દ્રવ્યના સર્વ ગુણધર્મની શ્રદ્ધા છે. તથા જેને નિજ શું અને પર શું? તેના સ્વરૂપની સમજ છે. તેમજ પવિત્ર એવા સત્શાસ્ત્રો સંબંધીનું જેને જ્ઞાન

પ્રાપ્ત છે. જે યમરૂપે પાંચ મહાવ્રતોના આચારરૂપ સમ્યક્ચારિત્રના ધારક છે. જીવન પર્યંત લેવામાં આવતી પ્રતિજ્ઞાને યમ કહેવાય છે. આ બધા વ્યવહાર રત્નત્રયના ભેદ જાણો. જે નિશ્ચય રત્નત્રયની પ્રાપ્તિ માટે ઉપચારરૂપ અર્થાત્ ઉપાયરૂપ સાધન છે. ।।૩।।

**સ્વસ્વરૂપ-શ્રદ્ધા-જ્ઞાન-ચરણે ભાવના શુભકારિણી,**
**નિરુપચારે રમણતા નિજ ભાવમાં હિતકારિણી;**
**કારણ વડે જ્યાં કાર્ય સાધ્યું સ્વ-સ્વરૂપનું સહજ જ્યાં,**
**ચારિત્ર ઉત્તમ, આત્મરૂપની એકતા ને સમજ ત્યાં. ૪**

હવે નિશ્ચય રત્નત્રય વિષે જણાવે છે :—

**અર્થ :—** પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની શ્રદ્ધા, તેનું જ જ્ઞાન, તેમાં જ રમણતા કરવાની ભાવના કરવી તે આત્માનું શુભ કરનારી અર્થાત્ ભલું કરનારી ભાવના છે. તથા ઉપચાર રહિતપણે અર્થાત્ ખરેખર પોતાના આત્મામાં રમણતા કરવી તે જ આત્માને પરમ કલ્યાણકારી છે.

વ્યવહાર-ભેદ રત્નત્રયના કારણવડે જ્યાં નિશ્ચય રત્નત્રયરૂપ પોતાના સહજાત્મસ્વરૂપનું કાર્ય સાધ્યું અર્થાત્ સહજાત્મસ્વરૂપમાં રમણતા કરી તે જ ઉત્તમ ચારિત્ર છે, તે જ આત્મસ્વરૂપની અભેદતા છે; અને ખરી સમજ પણ તેને જ ગણવામાં આવી છે. ।।૪।।

**વ્યવહારથી પાંચે મહાવ્રત આત્મ-ઉપકારી કહ્યાં,**
**સમકિત સહ આરાધતાં શિવ-સૌખ્ય-હેતુ તે લહ્યાં;**
**કુલ, યોનિ, જીવ-સમાસ આદિ સ્થાન જાણી લ્હાવ લે,**
**આદિ-મહાવ્રત આદરે, આરંભ ત્યાગી સર્વ તે. ૫**

**અર્થ :—** જ્ઞાનીપુરુષના આશ્રયમાં ભગવાને જેમ કહ્યું તેમ પંચ મહાવ્રતરૂપ બાહ્ય ચારિત્ર નિશ્ચય ચારિત્રના લક્ષપૂર્વક પાળવામાં આવે તો તેને પણ આત્મહિતકારી કહ્યું છે. તથા આત્મજ્ઞાન સાથે તે પંચ મહાવ્રતને આરાધતા તો તે સાક્ષાત્ મોક્ષસુખના કારણ ગણવામાં આવ્યા છે.

**''બુદ્ધિ ક્રિયા ભવફલ દિયેજી, જ્ઞાનક્રિયા શિવઅંગ;**
**અસંમોહ કિરિયા દિયેજી, શીઘ્ર મુક્તિફલ ચંગ. મનમોહન જિનજી૦''**

આપણો આત્મા, કુલ, યોનિ, જીવ-સમાસ આદિ સ્થાનોમાં ક્યાં ક્યાં કેવી રીતે ભટક્યો છે તે જાણવાથી-તેથી ત્રાસ પામી, સર્વ પ્રકારનાં આરંભને ત્યાગી અહિંસા આદિ પંચ મહાવ્રતને આદરી જીવ પોતાનું કલ્યાણ સાધે છે. તે કુલ, યોનિ વગેરે કેવા પ્રકારે છે તે નીચે જણાવે છે :—

**કુલ :–** શરીરના ભેદોના કારણરૂપ નોકર્મ વર્ગણાઓના ભેદને કુલ કહે છે.

**યોનિ :–** યોનિ એટલે જન્મવાનું સ્થાન. કંદમૂળ, અંડા, ગર્ભ, રસ, સ્વેદ એટલે પરસેવો આદિ ઉત્પત્તિના આધારને યોનિ કહે છે. તે જીવયોનિ ચોરાશી લાખ પ્રકારની છે.

**જીવ-સમાસ :–** ચૌદ જીવ-સમાસ છે. સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, દ્વિ ઇન્દ્રિય, ત્રિ ઇન્દ્રિય, ચતુરેન્દ્રિય, પંચેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય. એ સાત સમૂહ કે સમાસના પર્યાપ્ત અને અપર્યાપ્ત મળીને કુલ ચૌદ ભેદ થાય છે.

**સ્થાન :–** સ્થાન એટલે અવગાહના. નિગોદીયા જીવ વગેરે કેટલી જગા રોકે તેને અવગાહના કહે છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલ મહામત્સ્યની અવગાહના સૌથી મોટી છે. તે હજાર યોજન લાંબો, પાંચસો યોજન પહોળો અને અઢીસો યોજન જાડો છે.

ઉપરોક્ત પ્રકાર જાણીને વૈરાગ્ય પામી પંચ મહાવ્રતને આદરી જીવ સર્વ દુઃખોથી મુક્ત થાય છે. ।।૫।।

**ત્યાં પૂર્ણરૂપે છે અહિંસા પરમ ધર્મ બધા ગણે,**
**આરંભ અણુ પણ ત્યાં નહીં, આશ્રમ પરમજ્ઞાની ભણે;**
**નિર્ગ્રંથતા ધરતા મુનિવર પરમ કરુણારસ ભર્યા,**
**ના ધર્મસાધનમાં ય મમતા, મૃગસમી ચર્યા વર્યા. ૬**

**અર્થ :–** પંચ મહાવ્રતમાં પૂર્ણરૂપે અહિંસાનું પાલન છે. અહિંસાને સર્વોત્કૃષ્ટ પરમ ધર્મ બધા ગણે છે. કેમકે ત્યાં અણુમાત્ર પાપનો આરંભ નથી. તેને સંન્યસ્થ આશ્રમ પરમજ્ઞાની એવા ભગવાન કહે છે. એ પંચમહાવ્રતને ધરનાર મુનિવર નિર્ગંથતાને ધારણ કરેલ છે, અર્થાત્ રાગદ્વેષ અજ્ઞાનની ગાંઠ જેની ગળી ગઈ છે એવા મુનિવર પરમ કરુણાના સાગર છે. જેને ધર્મના સાધન એવા પુસ્તકો કે ઉપકરણમાં પણ મમતાભાવ નથી. પુસ્તકનું પ્રયોજન પૂરું થયે ઝાડના બખોલમાં પણ મૂકી દે. તથા મૃગ એટલે હરણની જેમ જેની ચર્યા છે, અર્થાત્ જેને રહેવા કરવાનું કોઈ નિશ્ચિત સ્થાન નથી; તેઓ અપ્રતિબદ્ધ વિહારી છે. ।।૬।।

**સ્થાવર અને ત્રસ જીવને ત્રણ લોકમાં જીંવતા સુધી,**
**હણવા પ્રમાદે ના કદી ત્રિકરણ-યોગ-પ્રયોગથી;**
**આવું મહાવ્રત છે અહિંસા; મુખ્ય એ મતિ લાવવી,**
**આદિ-મહાવ્રત સ્થિર કરવા ભાવના આ ભાવવી : ૭**

**અર્થ :–** પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ કે વનસ્પતિકાય એ પંચ સ્થાવર અને બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયોવાળા ત્રસકાય એવા ત્રણે લોકમાં રહેલા સર્વ છ કાય જીવોને જીવતા સુધી પ્રમાદવડે, મન વચન કાયાના યોગનો પ્રયોગ કરીને કદી હણવા નહીં, આવો અહિંસા મહાવ્રતનો મુખ્ય ઉદ્દેશ્ય છે. મુખ્ય આદિ મહાવ્રત એટલે પ્રથમ અહિંસા મહાવ્રતને હૃદયમાં સ્થિર કરવા નીચે પ્રમાણે ભાવના ભાવવી. ।।૭।।

**[૧]વાણી અને [૨]મન-ગુપ્તિ, સમિતિ [૩]ચાલવે, [૪]લેવે-મૂંક્યે,**
**[૫]આહાર-પાન વિલોકી લે - એ પાંચ રીતિ ના ચૂંકે.**
**જીંવતાં સુધી નવ લેશ જૂઠું કદી પ્રમાદે બોલવું,**
**મૃષા-વિરતિ બીજું મહાવ્રત પૂર્ણતાથી પાલવું. ૮**

હવે અહિંસા મહાવ્રતને સહાયકારી એવી પાંચ ભાવનાઓ જણાવે છે :–

**અર્થ :–** (૧) વાણી એટલે વચનગુપ્તિ અર્થાત્ મૌન રહેવું, અથવા શાસ્ત્રોક્ત વચન કહેવું (૨) મનગુપ્તિ (૩) ઈર્યા સમિતિ (૪) આદાન નિક્ષેપણ સમિતિ અર્થાત્ લેવું મૂકવું. અને (૫) આહાર-પાન વિલોકી એટલે દેખી તપાસીને બેંતાલીસ દોષરહિત આહાર લેવો. એ પાંચ સમિતિની રીતને અહિંસા મહાવ્રતવાળા કદી ચૂકે નહીં. જીવતા સુધી પ્રમાદવશ પણ લેશ માત્ર જૂઠું કદી બોલવું નહીં. એ મૃષાવિરતિ એટલે સત્ય મહાવ્રત નામનું બીજું મહાવ્રત છે. તેનું પૂર્ણરૂપે પાલન કરવું. ઉપયોગ શૂન્ય ક્રિયા એ બધો પ્રમાદ છે. ।।૮।।

**[1]અવિરુદ્ધ વચનો વદ વિચારી, વિવેકી ના સહસા વદે,**
**જીત તું [2]ક્ષમાથી ક્રોધ, નહિ તો સત્ય હણશે સાવ તે;**
**વળી [3]લોભવશ વેચાઈ જાશે સત્ય, સંતોષી થજે,**
**ગણી [4]હાસ્ય-ભય[5] દ્વય સત્ય-શત્રુ જીત શાંતિ-ધીરજે. ૯**

હવે બીજા સત્ય મહાવ્રતની પાંચ ભાવનાઓ જણાવે છે :—

**અર્થ :—** (૧) શાસ્ત્રોક્ત અનુસાર અવિરુદ્ધ વચનો વિચારીને બોલવા. વિવેકી પુરુષો વિચાર્યા વગર ગમે તેમ બોલે નહીં. (૨) ક્ષમા વડે તું ક્રોધને જીત, નહીં તો ક્રોધ વડે જૂઠું બોલીને સત્યને તું સાવ હણી નાખીશ. (૩) વળી લોભને વશ થઈ તું સત્યને જૂઠ બોલીને વેચી નાખીશ. માટે સંતોષી થવાનો પ્રયત્ન કરજે. તથા હાસ્ય અને ભય એ પણ સત્યના શત્રુ છે. માટે શાંતિ અને ધીરજ રાખી, હાસ્યને ગંભીરતાથી તથા ભયને નિર્ભયતા કેળવી જીતી લેજે, તો સત્ય મહાવ્રતની રક્ષા થશે. ।।૯।।

**બીજું મહાવ્રત સત્ય પોષે પાંચ આવી ભાવના!**
**પરમાર્થ સત્ય ચુકાય ના, વા પામવાની કામના;**
**વ્યવહાર સત્ય સદાય વદ, વ્યવહાર વિણ પરમાર્થ ક્યાં?**
**નિઃશલ્ય ને નિશ્ચિંત ચિત્તે વર્તી, વસ આત્માર્થમાં. ૧૦**

**અર્થ :—** બીજા સત્ય મહાવ્રતને પોષણ આપે એવી ઉપરોક્ત આ પાંચ ભાવનાઓ જાણવી.

હવે પરમાર્થ સત્ય ચૂકાય નહીં અથવા તે પામવાની કામના રાખી વ્યવહાર સત્યને સદાય વદ અર્થાત્ બોલ. કેમકે વ્યવહાર સત્ય વગર પરમાર્થ સત્ય વચન બોલાય તેમ નથી. નિઃશલ્ય એટલે માયા, મિથ્યાત્વ અને નિદાન શલ્યથી રહિત થઈ મનને નિશ્ચિંત કરી હવે માત્ર આત્માર્થમાં જ નિવાસ કરીને રહે જેથી પરમાર્થ સત્યની તને પ્રાપ્તિ થાય.

**'' 'પરમાર્થસત્ય' એટલે આત્મા સિવાય બીજો કોઈ પદાર્થ આત્માનો થઈ શકતો નથી, એમ નિશ્ચય જાણી, ભાષા બોલવામાં વ્યવહારથી દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ આદિ વસ્તુઓના પ્રસંગમાં બોલતાં પહેલાં એક આત્મા સિવાય બીજું કાંઈ મારું નથી. એ ઉપયોગ રહેવો જોઈએ.**

**દૃષ્ટાંત :— જેમ કોઈ ગ્રંથકાર શ્રેણિકરાજા અને ચેલણારાણીનું વર્ણન કરતા હોય; તો તેઓ બન્ને આત્મા હતા અને માત્ર શ્રેણિકના ભવ આશ્રયી તેમનો સંબંધ, અગર સ્ત્રી, પુત્ર, ધન, રાજ્ય વગેરેનો સંબંધ હતો; તે વાત લક્ષમાં રાખ્યા પછી બોલવાની પ્રવૃત્તિ કરે એ જ પરમાર્થસત્ય.**

**જેવા પ્રકારે વસ્તુનું સ્વરૂપ જોવાથી, અનુભવવાથી, શ્રવણથી અથવા વાંચવાથી આપણને અનુભવવામાં આવ્યું હોય તેવા જ પ્રકારે યથાતથ્યપણે વસ્તુનું સ્વરૂપ કહેવું અને તે પ્રસંગે વચન બોલવું તેનું નામ વ્યવહારસત્ય.**

**દૃષ્ટાંત :— જેમ કે અમુક માણસનો લાલ અશ્વ જંગલમાં દિવસે બાર વાગ્યે દીઠો હોય, અને કોઈના પૂછવાથી તે જ પ્રમાણે યથાતથ્ય વચન બોલવું તે વ્યવહારસત્ય.''** (વ.પૃ.૬૭૫) ।।૧૦।।

**પરમાર્થ સમ્યક્ દર્શને પરમાર્થ સત્ય વદાય છે,**
**આત્માર્થી અન્ય પદાર્થ વદતાં ભિન્ન ભાન રખાય છે;**
**ઉપયોગ નિશ્ચય સત્ય પર ધરીને વદે મુનિ વચન જે**
**પ્રિયકારી ને હિતકારી, વૃત્તિ-શમન-પૂરતું સૂચન તે. ૧૧**

**અર્થ :–** પરમાર્થ સમ્યક્દર્શન એટલે નિશ્ચય આત્મઅનુભવાત્મક સમકિત પ્રાપ્ત થયે પરમાર્થ સત્ય ભાષા બોલાય છે. ત્યારે આત્માથી સર્વ અન્ય પદાર્થ સંબંધી બોલતાં તે બધા પદાર્થો મારા આત્મસ્વરૂપથી સાવ ભિન્ન છે એમ ભિન્નભાવ જાગૃત રાખી શકાય છે. આત્માનો ઉપયોગ પરમાર્થ સત્ય ઉપર રાખીને સાચા આત્મજ્ઞાની મુનિઓ વચન બોલે છે. તે વચન પણ પ્રિય લાગે તેવું તથા આત્માને હિતકારી હોય તે જ બોલે છે. તે પણ પોતાની દયાની વૃત્તિ ઊઠવાથી, તેના શમન પૂરતું બીજાને સૂચન માત્ર કરે છે. અથવા કોઈ આત્માર્થે પ્રશ્ન પૂછે તો તેનું સમાધાન કરે છે. બાકી તો મુનિઓ મૌન રહે છે. ।।૧૧।।

**બોલે પ્રયોજન વગર ના તે મૌન અથવા મુનિપણું,**
**વસ્તુસ્વરૂપ વદે મુનિ, તજી રાગ-રોષાદિ ઘણું,–**
**તો યે ગણો તે મૌન; તીર્થંકર સમાએ આદર્યું,**
**જો વર્ષ સાડા બાર સુધી વીરનાથે પણ ધર્યું. ૧૨**

**અર્થ :–** જેને સાચું મુનિપણું છે તે પ્રયોજન વગર એક અક્ષર પણ બોલતા નથી. તે જ ખરું મૌન છે. રાગદ્વેષ રહિતપણે મુનિઓ વસ્તુના સ્વરૂપનું ઘણું વર્ણન કરે છતાં તેને મૌન જાણો. તીર્થંકર જેવાએ પણ એવું મૌનપણું આદર્યું છે. સાડા બાર વર્ષ સુધી વીરનાથ એટલે ભગવાન મહાવીરે પણ આવું મૌનવ્રત ધારણ કરેલ હતું. ।।૧૨।।

**તૃણ, માટી સરખી કોઈ ચીજ આપ્યા વિના લેવી નહીં,**
**ના લેવરાવવી અન્ય પાસે, લીધી ઠીક ગણવી નહીં;**
**જીવતા લગી ત્રણ લોકમાં, ઉપયોગથી ત્રિયોગથી,**
**ત્રીજું મહાવ્રત આ અદત્તાદાન કેરા ત્યાગથી. ૧૩**

હવે ત્રીજા અચૌર્ય મહાવ્રત વિષે જણાવે છે :–

**અર્થ :–** જેમાં તૃણ કે માટી સરખી પણ કોઈ ચીજ જે આપ્યા વિના લેવી નહીં, બીજા પાસે લેવરાવવી નહીં કે કોઈ આપ્યા વિના મુનિ લે તો તેને પણ મનથી ઠીક ગણવી નહીં; એમ જીવતા સુધી ત્રણે લોકમાં રહેલ સર્વ પદાર્થોને મન, વચન, કાયાના ઉપયોગપૂર્વક લેવા નહીં તે ત્રીજું અદત્તાદાન. જે આપેલ નથી એવા પદાર્થોનો ત્યાગ કરવો, તે અચૌર્ય નામનું ત્રીજું મહાવ્રત કહેવાય છે. ।।૧૩।।

**[1]કલ્પે ન સ્થાન અદત્ત તેથી શૂન્ય ઘર શોધી રહે,**
**[2]ઉજ્જડ જગા કે તૃણ પણ આપ્યા વિનાનું ના ગ્રહે;**
**[3]યાચેલ ઘરમાં અન્ય મુનિને આવતાં ના રોકવો,**
**કે કાઢી મુકે કોઈ તો માલિકીભાવ ન રાખવો. ૧૪**

**અર્થ :–** હવે અચૌર્ય મહાવ્રતને સહાયકારી એવી પાંચ ભાવનાઓ જણાવે છે :–

(૧) મુનિને અદત્ત એટલે નહીં આપેલ સ્થાન રહેવા માટે કલ્પે નહીં, તેથી શૂન્ય ઘર કે એકાન્ત જગ્યા શોધી પૂછીને તેમાં રહે. (૨) ઉજ્જડ જગ્યા હોય તો પણ અથવા તૃણ પણ આપ્યા વિના મુનિ ગ્રહણ કરે નહીં. પુણિયો શ્રાવક હતો છતાં તેની ધર્મપત્નીએ બાજુના ઘરમાંથી દેવતા લાવતા પૂછ્યા વગર છાણનો ભૂકો નાખી દીધો તેથી સામાયિકમાં સ્થિરતા આવી નહીં. માટે મુનિને તો પૂછ્યા વગર કંઈ પણ

લેવાનો સર્વથા નિષેધ છે. (૩) પોતે માંગીને રહેલ ઘરમાં બીજા મુનિ આવે તો તેમને રોકવા નહીં કે કોઈ પોતાને રહેલ ઘરમાંથી કાઢી મૂકે તો તેમાં માલિકીભાવ રાખવો નહીં.

**મહાવીર ભગવાનનું દૃષ્ટાંત :–** ભગવાન મહાવીર છદ્મસ્થ અવસ્થામાં તપ અર્થે મોરાક પ્રદેશમાં તાપસોના આશ્રમમાં રહ્યા હતા. આશ્રમના સર્વોપરી તાપસ ભગવાન મહાવીરના પિતાશ્રી સિદ્ધાર્થ રાજાના મિત્ર હતા. તેમના કહેવાથી એક ઝૂંપડીમાં તેમણે વાસ કર્યો. તેમાં પોતે ધ્યાનસ્થ રહેતા. તે સમયે દુકાળ પડવાથી ઢોરો ઘાસની ઝૂંપડી પણ ખાવા લાગ્યા. બીજા તાપસોએ આવી સર્વોપરી તાપસને ફરીયાદ કરી કે આ મહાવીર પોતાની ઝૂંપડીની પણ સંભાળ રાખતા નથી. એ જાણી સર્વોપરી તાપસે આવી ભગવાન મહાવીરને કંઈક ઠપકારૂપે કહ્યું. તેથી તાપસોના મનને પોતે કંઈપણ દુઃખનું નિમિત્ત બન્યું એમ જાણવાથી ત્યાંથી વિહાર કરી ગયા. ।।૧૪।।

**[૪]દોષિત ભિક્ષા ચોરી ગણી, દોષો તજી આહાર લે,**
**[૫]સૌ ક્લેશ તજી સાધર્મી સાથે સંપી સેવા-ધન રળે;**
**ત્રીજા મહાવ્રત કેરી પાંચે ભાવના શુભ ભાવતા,**
**સૌ સંતપુરુષો તો સદા નિઃસંગતા રેલાવતા. ૧૫**

**અર્થ :–** દોષવાળી ભિક્ષાને પણ ચોરી ગણી મુનિ બેંતાલીસ દોષ રહિત આહાર ગ્રહણ કરે છે. તેમજ મનમાં સૌ ક્લેશ કે કંકાસનો ત્યાગ કરી સહધર્મી મુનિ સાથે સંપીને રહે છે અને પરસ્પર એક બીજાની સેવા કરી તે રૂપ ધનને રળે છે. જેમ કે નંદીષેણ મુનિ બે-બે ઉપવાસ કરી પારણાના દિવસે પણ સર્વ મુનિઓની સેવા કરી પછી પારણું કરતા હતા. તે દેહત્યાગ કરી શ્રી કૃષ્ણના પિતા વસુદેવરૂપે અવતર્યા. ત્રીજા અચૌર્ય મહાવ્રતની આ પાંચેય શુભભાવના ભાવતા સૌ સંતપુરુષો સદા અસંગદશામાં મગ્ન રહે છે. ।।૧૫।।

**જે કર્મ બાંધે એ જ પર ચીજ વગર આપ્યે સર્વ લે,**
**એવા વિચારે બંધને અટકાવતા સંવરબળે;**
**ઉપયોગથી જીવતા લગી મૈથુન ક્યાંય ન સેવવું,**
**ને કામભાવ હઠાવી મૈથુનત્યાગ-પરિણામી થવું. ૧૬**

**અર્થ :–** જે મુનિ વગર આપ્યે પરવસ્તુ સર્વ લે તે મુનિ કર્મ બાંધે છે, એમ વિચારી કર્મબંધને સંવરના બળે અટકાવે છે અર્થાત્ આપ્યા વગર કંઈ પણ લેતા નથી. હવે બ્રહ્મચર્ય મહાવ્રત સંબંધી જણાવે છે :–

ઉપયોગ જાગૃત રાખી જીવતાં સુધી મૈથુન ક્યાંય પણ એટલે સ્ત્રી, પશુ કે દેવ સાથે સેવવું નહીં તથા કામભાવને દૂર કરી સદા મૈથુનત્યાગભાવવાળા થવું; એ મુનિનો ચારિત્રધર્મ છે. ।।૧૬।।

**ચોથું મહાવ્રત બ્રહ્મચર્ય બ્રહ્મજ્ઞાની મુનિ ધરે,**
**ત્રિકરણ યોગે પાળતાં તે સિંહવૃત્તિ આદરે;**
**તેમાં થવા સ્થિર ભાવના પાંચે ય ભાવે આદરે;**
**[૧]સ્ત્રી-પશુ-નપુંસક-વાસવાળા સ્થાનમાં ના ઊતરે. ૧૭**

**અર્થ :–** આ ચોથા મહાવ્રત બ્રહ્મચર્યને બ્રહ્મજ્ઞાની એટલે આત્મજ્ઞાની મુનિવરો ખરી રીતે ધારણ કરે છે. તે મન વચન કાયાના યોગથી પાળતાં સિંહવૃત્તિને આદરે છે અર્થાત્ સિંહવૃત્તિથી વ્રત લે છે અને

સિંહવૃત્તિથી તેને પાળે છે. તેમાં સ્થિર થવા માટે બ્રહ્મચર્યને સહાયકારી એવી પાંચેય ભાવનાને ભાવે છે અને તેને આદરે છે અર્થાત્ તે પ્રમાણે વર્તે છે. તે પાંચ ભાવનાઓમાંની પહેલી ભાવના (૧) સ્ત્રી, પશુ કે નપુંસક જ્યાં રહેતા હોય તેવા સ્થાનમાં તે ઊતરતા નથી. ।।૧૭।।

**[૨]સ્વ-શરીર-સંસ્કારે ન રાચે, નારી-અંગ ન નીરખે,**
**[૩]ના પૂર્વ રતિ-સુખને સ્મરે, વિષ વિષયનું વ્યાપે, રખે!**
**[૪]કામોદ્દીપક ને ઇષ્ટપુષ્ટ રસો તજે વૈરાગ્યથી,**
**[૫]સ્ત્રી-રાગ-વર્ધક વાત કદી ભાખે-સુણે ના રાગથી. ૧૮**

**અર્થ :–** (૨) મુનિઓ સ્નાન કરતા નથી તેમજ પોતાના શરીરનો શણગાર કરવામાં રાચતા નથી. સ્ત્રીના અંગોપાંગને જે નીરખતા નથી અર્થાત્ ધારીને જોતા નથી. (૩) પૂર્વ રતિ ક્રીડાની સ્મૃતિ પણ જે કરતા નથી કે જેથી રખેને વિષયનું વિષ ફરી વ્યાપી જાય. (૪) જે કામને ઉત્તેજિત કરવાવાળા એવા ઇષ્ટ એટલે ગમતા અને પુષ્ટ એટલે પૌષ્ટિક રસોને વૈરાગ્યથી ત્યાગી દે છે. જેમકે પ.પૂ.પ્રભુશ્રીજીએ ભાવથી બ્રહ્મચર્યનું પાલન કરવા માટે પરમકૃપાળુદેવને પૂછતાં નીરસ આહાર લેવાની આજ્ઞા થતાં પૌષ્ટિક આહાર છોડી દીધો હતો. (૫) સ્ત્રી પ્રત્યે રાગ વૃદ્ધિ પામે એવી કોઈ પણ વાત રાગથી જેઓ કદી કરતા નથી કે સાંભળતા પણ નથી. ।।૧૮।।

**સુંદર સ્વપર વપુ નીરખતાં વૃત્તિ કુતૂહલવશ ઠરે,**
**કે કામપીડા તીવ્ર ઉદયે જન્મતી ઝટ સંહરે;**
**સંભારી મુનિ નિજ સહજ આત્મા ના નિમિત્તાધીન બને,**
**ને ઊગરે જ્ઞાની ગુરુનાં વચનના આલંબને. ૧૯**

**અર્થ :–** સુંદર પોતાના કે પરના વપુ એટલે શરીરને નીરખતાં જો વૃત્તિ કુતૂહલવશ ત્યાં સ્થિર થાય કે તીવ્ર કર્મના ઉદયે કામપીડા જો જન્મ પામે, તો મુનિ પોતાના આત્માના સહજ શુદ્ધ સ્વરૂપને સંભારી તે રાગદ્વેષનો ઝટ સંહાર કરે છે; પણ નિમિત્તને આધીન થતા નથી.

**'તપસ્વીને કદી મોહે રાગદ્વેષ જણાય જો;**
**ભાવજો સ્વસ્થ આત્મા તો, ક્ષણમાં શાંતિ પામશો.'** -સમાધિશતક

તેમજ જ્ઞાની ગુરુ ભગવંતના વચનનું આલંબન લઈને પોતાનો ઉદ્ધાર કરે છે. ।।૧૯।।

**બન્ને પરિગ્રહને તજી હું નવીન સંગ્રહ ના કરું,**
**કે ના કરાવું, ના અનુમોદું; સદા એ અનુસરું-**
**ઉપયોગથી ત્રિયોગ-શુદ્ધિ નિર્મમત્વે આદરું,**
**પંચમ મહાવ્રત આ પરિગ્રહ-ત્યાગનું અતિ આકરું. ૨૦**

હવે પરિગ્રહત્યાગ મહાવ્રત વિષે જણાવે છે :–

**અર્થ :–** બાહ્ય તેમજ અભ્યંતર બન્ને પ્રકારના પરિગ્રહને તજીને હું નવીન સંગ્રહ કરું નહીં, કરાવું નહીં કે સંગ્રહ કરનારની અનુમોદના કરું નહીં. સદા એ ભાવને અનુસરું. એમ મુનિ ભગવંત વિચારે છે. ઉપયોગ રાખીને નિર્મમત્વભાવ ટકાવવા મન વચન કાયાના ત્રણેય યોગથી શુદ્ધિને આદરું. આ પંચમ

પરિગ્રહત્યાગ મહાવ્રત પાળવું અતિ આકરું છે. કેમકે અનાદિકાળથી જીવને પરિગ્રહના ગ્રહણમાં સુખબુદ્ધિ રહેલ છે માટે. ।।૨૦।।

**તે વ્રત ટકાવે ભાવના પાંચે વિષય-વિરાગતા :**
**[૧]ના દ્વેષ કર કુશબ્દ પર, સુશબ્દ પર કર રાગ ના;**
**[૨]સૌન્દર્ય પર કર રાગ ના, ના દ્વેષ ધર માઠા રૂપે;**
**[૩]દુર્ગંધથી કંટાળ ના, ના થા પ્રસન્ન સુગંધ પે. ૨૧**

હવે પરિગ્રહત્યાગવ્રતને સહાયકારી પાંચ ભાવનાઓ જણાવે છે :—

**અર્થ :—** પાંચમા પરિગ્રહ ત્યાગ વ્રતને ટકાવવા માટે પાંચે ઇન્દ્રિયોના વિષય પ્રત્યેની વૈરાગ્યભાવના હિતકારી છે. કેમકે પાંચે ઇન્દ્રિયના વિષયો માટે જીવ પરિગ્રહને એકઠો કરે છે તેથી (૧) કોઈ કુશબ્દ બોલે તો પણ દ્વેષ કરવો નહીં. જેમકે ગૌતમ બુદ્ધને કોઈએ ગાળો આપી ત્યારે તેમણે કહ્યું કે મેં તો આમાંથી કંઈ લીધું નથી તો તે કોને રહ્યું? તો કે કહેનાર પાસે જ રહ્યું. એમ કુશબ્દથી ખેદ પામવો નહીં.

તેમજ સુશબ્દ એટલે મીઠી વાણીથી પણ મોહ પામવો નહીં. જંબુકુમાર પોતાની સ્ત્રીઓના ગમે તેવા મીઠા વચનોથી પણ રાગ કે મોહ પામ્યા નહીં. એમ રાગદ્વેષના નિમિત્તોમાં પણ જે ચલાયમાન થાય નહીં તે ખરો પરિગ્રહ ત્યાગ કરી શકે.

(૨) રૂપ અથવા સૌંદર્ય પર રાગ કરવો નહીં. જેમકે કોશા વેશ્યાના સૌંદર્ય પર શ્રી સ્થૂલિભદ્રે રાગ કર્યો નહીં. કોઈનું માઠું રૂપ જોઈને પણ તેના પ્રત્યે દ્વેષ કરવો નહીં. કેમકે એ બધું કર્મનું સ્વરૂપ છે.

(૩) નાકનો વિષય સુગંધ, દુર્ગંધ છે. સુગંધથી રાજી થવું નહીં, તેમજ દુર્ગંધથી કંટાળવું નહીં.

**નંદિષેણનું દૃષ્ટાંત :—** નંદિષેણ મુનિ એ રોગી મુનિઓની સેવા કર્યા પછી જ છઠ્ઠનું પારણું કરવું એવો અભિગ્રહ લીધો હતો. તેમની પરીક્ષા કરવા દેવ, મુનિનું રૂપ ધારણ કરી નંદિષેણ મુનિ પાસે આવી કહેવા લાગ્યો કે તમે પારણું કરવા બેઠા છો પણ બગીચામાં મુનિ તો પીડા પામે છે. તે સાંભળી તુરંત ત્યાં જઈ મુનિને ખભા ઉપર બેસાડી ઉપાશ્રયમાં લઈને આવે છે. ત્યાં રસ્તામાં તેમના ઉપર ભયંકર દુર્ગંધમય મળ ત્યાગ કર્યો. છતાં તેમણે દુગંછા કરી નહીં. પણ મુનિનો ગુણ જ જોયો કે અહો! એમને હજુ કેટલી વ્યાધિ ભોગવવી પડે છે. નંદિષેણ મુનિના આવા ભાવ જાણી દેવ પ્રગટ થઈ સ્તુતિ કરી દેવલોકે ગયો.

તેમજ ફુલોની સુગંધથી પણ રાજી થવા જેવું નથી. કેમકે તે પણ અંતે નાશ પામવાની છે. ।।૨૧।।

**[૪]ધર ના રતિ રસમાં અતિ, અરતિ ન નીરસતા પ્રતિ,**
**[૫]ને રાગ કર ના મધુર સ્પર્શે, ખીજ નહિ માઠે અતિ;**
**સમભાવ સર્વે સ્થિતિમાં સાચા મુનિ તો સાચવે,**
**પ્રતિકૂળ ને અનુકૂળ પરિષહમાં ધીરજ ખરી દાખવે. ૨૨**

**અર્થ :—** (૪) કોઈપણ સ્વાદના રસમાં અતિ રાગ કરવો ઉચિત નથી. મંગૂ નામના આચાર્ય રસમાં લુબ્ધ થવાથી મરીને યક્ષ બન્યા. તેમજ નીરસ ભોજનમાં પણ અરતિ એટલે અણગમો કરવો નહીં. શુદ્ધ ભોજન મળી આવે તેમાં સંતોષ માનવો.

(૫) સ્પર્શ ઇન્દ્રિયનો વિષય કોમળતા છે. શરીરના સુવાળાપણામાં મોહ કરવો નહીં. તેમજ કઠણ સ્પર્શ, ભૂમિ કે ચટાઈ વગેરેથી અણગમો લાવવો નહીં. સાચા મુનિ આવી સર્વે સ્થિતિમાં સમભાવને

સાચવે છે. શારીરિક પ્રતિકૂળ ઉપસર્ગ કે સ્ત્રી આદિના અનુકૂળ પરિષહમાં પણ તેઓ ધીરજને ધરી રાખે છે. પ.પૂ.પ્રભુશ્રીજીને સાદડીમાં આહારપાણી માટે ત્રણ દિવસ સુધી પ્રતિકૂળ ઉપસર્ગ આવ્યો, પણ કાયર થયા નહીં; ધીરજને આવા પ્રસંગે તેઓશ્રીએ ધારણ કરી રાખી હતી. ।।૨૨।।

**ના ભવ્ય ભવ-ભીરુ પરિગ્રહ-વ્યંતરીને પોષશે,**
**સદ્‌ગુરુ-બોધ-સુમંત્ર-યોગે વાસના વિનાશશે;**
**જે અચલ નિરુપમ મુક્તિ-સુખમાં લક્ષ સાચો જોડશે,**
**ભવચક્રના આંટા અનાદિ સહજમાં તે તોડશે. ૨૩**

**અર્થ :–** જે સંસારથી ભય પામેલ છે એવો ભવ-ભીરુ ભવ્ય જીવ પરિગ્રહરૂપી વ્યંતરી એટલે ડાકણને પોષણ આપશે નહીં, પણ સદ્‌ગુરુના બોધવડે કે સુમંત્રના બળથી પાંચ ઇન્દ્રિયોની વાસનાનો કે તેને લઈને થતી પરિગ્રહની કામનાનો જ વિનાશ કરશે.

જે સ્થિર, શાશ્વત તથા જેને ઉપમા ન આપી શકાય એવા મોક્ષ સુખની પ્રાપ્તિમાં પોતાનો સાચો લક્ષ જોડશે, તે ભવ્યાત્મા અનાદિ સંસાર ચક્રના આંટાને સહજમાં તોડી નાખશે. ।।૨૩।।

**તે ગાત્ર-માત્ર-પરિગ્રહી કદી રાત્રિ-ભુક્તિ ન પોષશે,**
**પ્રારબ્ધ-આધીન શુદ્ધ ભોજન નીરસ લઈ તન શોષશે;**
**તનયંત્રને ઊંજણ સમો આહાર એક જ વાર લે,**
**એવા નીરાગી જૈની યોગીઓ મહાવ્રત-ભાર લે. ૨૪**

**અર્થ :–** જેને ગાત્ર એટલે શરીર માત્ર જ પરિગ્રહ છે એવા મુનિઓ કદી પણ રાત્રિભોજનને પોષણ આપશે નહીં. તથા પ્રારબ્ધને આધીન શુદ્ધ ભોજન તે પણ નીરસ લઈને શરીરનું શોષણ કરશે. જેમ યંત્રને ઊંજણ એટલે તેલ અથવા ગ્રીજ આપવાથી તે યંત્ર સારી રીતે ચાલી શકે તેમ આ શરીરરૂપી યંત્ર સારી રીતે આરાધનામાં કામ આપી શકે તે માટે ઊંજણ સમાન માત્ર એક જ વાર આહાર લેશે; એવા વીતરાગી જૈન યોગી પુરુષો જ આ મહાવ્રતના ભારને સારી રીતે અંગીકાર કરવા સમર્થ છે. ।।૨૪।।

---

પંચ મહાવ્રતના પાઠ પછી નિર્દોષ નર શ્રી રામના પાઠો મૂકી આપણને જાણે બોધ આપી જ્ઞાનીપુરુષો જણાવે છે કે સર્વસંગપરિત્યાગ કરવાની તમારી યોગ્યતા ન હોય અને પ્રારબ્ધોદયે તમારે સંસારમાં રહેવું પડે તો શ્રી રામની જેમ ઉદાસીનપણે વૈરાગ્યભાવ સંયુક્ત નિર્લેપપણે રહેવું; કે જેથી પ્રારબ્ધકર્મ પૂરું થયે પંચ મહાવ્રત ધારણ કરીને શાશ્વત સુખરૂપ મુક્તિ મેળવી શકાય.

(૪૨)

## નિર્દોષ નર - શ્રી રામ

ભાગ-૧

(રાગ—સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ-પદ-સેવાથી શુદ્ધ જ્ઞાન થશે.)

*



**જે જગમાં લેપાયા નહિ, શૂરવીર બીજા શ્રી રામ સમા,**
**ધૃતિ અચલ ધરી રાજચંદ્ર ગુરુ નિશદિન સેવે સ્વરૂપ રમા;**
**મુજ મન તે શ્રી રાજચંદ્રના ચરણકમળમાં લીન રહો,**
**વારંવાર કરું હું વંદન ગુરુ-ભક્તિ મુજ માંહિ વહો. ૧**



**અર્થ :–** જે જગતની મોહમાયામાં કે વિષયકષાયમાં લેપાયા નહીં એવા શૂરવીર બીજા શ્રી રામ સમાન શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ ભગવંત, અચળ ધૈર્ય ધારણ કરીને નિશદિન પોતાની જ આત્મસ્વરૂપમય રમા એટલે સ્ત્રીમાં રમણતા કરી રહ્યાં છે. તેમ શ્રી રામ પણ જ્યારે રાજ્યકર્તા હતા ત્યારે મોહમાયાથી નિર્લેપ રહ્યા હતા. તેમજ ધ્યાનમાં તન્મય સમયે બારમા અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થયેલ સીતાના જીવ સીતેન્દ્રે આવી અનેક અનુકૂળ ઉપસર્ગ શ્રી રામને ચલિત કરવા માટે કર્યા, છતાં પોતે આત્મસ્વરૂપના ધ્યાનમાં જ અચળ ધૈર્ય ધારણ કરીને સ્થિર રહ્યા હતા.

એવા શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં મારું મન સદાય લીન રહો એમ વારંવાર વંદન કરીને આપની પાસે એ જ યાચના કરું છું કે શ્રી ગુરુ પ્રત્યે ભક્તિનો પ્રવાહ સદૈવ મારા મનમાં વહ્યા કરો. એમ પૂ.શ્રી બ્રહ્મચારીજી પોતાની અંતરંગ ઉર્મિઓ ભાવસહિત અત્રે પ્રદર્શિત કરે છે. ।।૧।।

**શ્રી રામ-લક્ષ્મીધરની સુંદર કથા કહું સંક્ષેપ કરી,**
**મહા પુરુષોએ વિસ્તારે કહી રામાયણ ગ્રંથ ભરી.**
**ભરત ક્ષેત્રમાં મલય દેશના રત્નનગરમાં રાજ્ય કરે,**
**પ્રજાપતિ નામે નૃપતિ; નૃપપુત્ર ચંદ્રચૂલ નામ ધરે. ૨**

**અર્થ :–** હવે શ્રી રામ કે જે આત્મલક્ષ્મીને ધારણ કરનાર છે અને જેનો અવતાર ભગવાન મુનિસુવ્રતના સમયમાં થયેલ છે, એવા મહાપુરુષની સુંદર કથાને અત્રે સંક્ષેપમાં વર્ણવું છું; કે જે કથાને રામાયણ ગ્રંથમાં મહાપુરુષોએ બહુ વિસ્તારથી કહેલ છે.

ભરત ક્ષેત્રમાં મલય દેશના રત્નપુર નગરમાં શ્રી પ્રજાપતિ નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને ગુણકાંતા રાણીથી જન્મેલ એક જ પુત્ર છે. જેનું નામ ચંદ્રચૂલ છે. ।।૨।।

**મંત્રી-પુત્રનું નામ વિજય, યુવરાજ ઉપર બહુ પ્રેમ ધરે,**
**લાડકવાયા બન્ને ઉદ્ધત, સ્વચ્છંદી થઈ ફર્યા કરે.**
**નગરશેઠ કુબેરની કન્યા દત્ત શેઠને વરવાની,**
**રાજકુમારે રૂપ-પ્રશંસા સુણી કરી મતિ હરવાની. ૩**

**અર્થ :–** રાજાના મંત્રીના પુત્રનું નામ વિજય છે. જે યુવરાજ ચંદ્રચૂલ ઉપર બહુ પ્રેમ રાખે છે. બન્ને પુત્રો પોતપોતાના પિતાઓને અત્યંત પ્રિય છે. તેથી લાડકોડથી તેમનું લાલન-પાલન થાય છે. તે લાડકવાયા હોવાથી બન્ને પુત્રો ઉદ્ધત અને સ્વચ્છંદી થઈ જ્યાં ત્યાં ફર્યા કરે છે. તે જ નગરમાં નગરશેઠ કુબેરની પુત્રી કુબેરદત્તા નામે હતી. તેના લગ્ન વૈશ્રવણ શેઠના પુત્ર દત્ત સાથે થવાના હતા. કુબેરદત્તાના રૂપની પ્રશંસા પાપી એવા અનુચરથી સાંભળી રાજકુમાર ચંદ્રચૂલને તેને હરણ કરવાની કુબુદ્ધિ ઊપજી. ।।૩।।

**તૈયારી જાણી કુબેરે પ્રજાપતિને અરજ કરી;**
**કુમારને ફાંસીની આજ્ઞા નૃપે કરી નિજ ફરજ સ્મરી.**

**નગરજનો સાથે મંત્રી નૃપ પાસે જઈ નમી વાત કરે :**
**"બાળપણાથી કૃત્યાકૃત્ય-વિવેક બાળકો કેમ વરે? ૪**

**અર્થ :–** પોતાની પુત્રીને હરણ કરવાની તૈયારી જાણી કુબેરશેઠે પ્રજાપતિ રાજાને અરજ કરી. રાજાએ ન્યાયમાર્ગને અનુસરી પોતાની ફરજ જાણી કુમારને ફાંસીની શિક્ષા આપવાની આજ્ઞા કરી દીધી.

હવે નગરવાસીઓને આગળ કરી મંત્રી રાજા પાસે આવી નમીને વાત કરે છે કે હે દેવ! બાળ અવસ્થામાં શું કરવા યોગ્ય છે? અને શું કરવા યોગ્ય નથી એવો વિવેક આ બાળકોને ક્યાંથી હોય? ।।૪।।

**વિનય, સુનીતિ સુત શીખ્યો ના, વાંક આપણો પણ જાણો,**
**કુમાર નથી દુર્બુદ્ધિ તેમજ બુદ્ધિમાન હજી શાણો;**
**વધ શિક્ષાને યોગ્ય નથી તે, હજી શિખામણ-યોગ્ય ગણો,**
**ન્યાયમાર્ગ ચલાવા ધારો, કાપો કોપ નીતિ-માર્ગ તણો. ૫**

**અર્થ :–** આપણા પુત્રો વિનય, સુનીતિ શીખ્યા નહીં તેમાં વાંક આપણો પણ છે. બાળકને સુશિક્ષિત કે સદાચારી બનાવવાની ફરજ માતાપિતાની છે. આ કુમાર દુર્બુદ્ધિ નથી પણ પાપી એવા અનુચરની શિખામણથી આમ થયું છે, પુત્ર તો હજી બુદ્ધિમાન અને શાણો છે.

તે વધ કરવાની શિક્ષાને યોગ્ય નથી પણ હજી શિખામણ આપવાને યોગ્ય છે. એની દુર્બુદ્ધિને બદલી શકાય છે. મહારાજ! ન્યાયમાર્ગ ચલાવવા ધારતા હો તો આ નીતિમાર્ગના નિમિત્તે થયેલ કોપ એટલે ક્રોધને ત્યાગી શાંતિથી વિચાર કરો. ।।૫।।

**વળી વંશમાં એક જ એ સંતાન હણો નહિ, એ અરજી,**
**પ્રજા સર્વ મળી યાચે છે : 'અમ ભાવિ ભૂપ દ્યો, કરી મરજી.'**
**વળી કલંક સદાને માટે શિર પર એવું ધરો નહીં**
**કે લોકોની ઘણી વિનતિ છતાં ક્રૂરતા ટકી રહી." ૬**

**અર્થ :–** વળી આપના વંશમાં આ એક જ પુત્ર છે. તેને હણો નહીં એ અમારી અરજ છે. પ્રજાજનો પણ બધા મળીને અમારા આ ભાવિ ભૂપ એટલે ભવિષ્યમાં થનાર રાજાને જીવતદાન આપો એ જ અમારી આપને પ્રાર્થના છે. વળી મહારાજ! એવું કલંક સદાને માટે શિર પર ધારણ કરો નહીં કે પ્રજાજનોની ઘણી વિનંતી છતાં પણ મહારાજે ક્રૂરતા મૂકી નહીં. ।।૬।।

**વાત સુણી મંત્રીની નૃપતિ નિજ-ઉર-નિશ્ચય પ્રગટ કરે :**
**"અનુચિત અરજ સ્વીકારી શકું નહિ, રાજફરજ મુજ શિર પરે;**
**સ્નેહ, મોહ, આસક્તિ, ભય વશ ન્યાય-માર્ગ જો નૃપ ચૂકે,**
**રાજ-સેવકો, પ્રજાજનો સૌ સગવડ શોધી, નીતિ મૂકે. ૭**

**અર્થ :–** મંત્રીની વાત સાંભળી રાજા પોતાના હૃદયમાં રહેલ દૃઢ નિશ્ચયને પ્રગટ કરે છે. કે હે મહાજનો! હું તમારી અનુચિત અરજ સ્વીકારી શકું એમ નથી. કારણ કે મારા ઉપર રાજ્યની ફરજ છે. ન્યાયનીતિને અનુસરવી એ મારો ધર્મ છે.

સ્નેહ, મોહ, આસક્તિ કે ભયને વશ બની જો રાજા ન્યાયમાર્ગનું ઉલ્લંઘન કરશે તો પછી રાજાના સેવકો કે પ્રજાજનો સૌ પોતાની સગવડતા શોધી ન્યાયમાર્ગને ઊંચો મૂકી દેશે. ।।૭।।

**દક્ષિણ કર પણ દુષ્ટ હોય નિજ, નૃપ કાપી ફેંકી દેતા,**
**કૃત્યાકૃત્ય-વિવેકરહિત નૃપને સૌ મૂર્ખ ગણી લેતા;**
**સજ્જન-પાલન, દુષ્ટદમન એ નીતિ નૃપની નિત્ય ટકો,**
**મંત્રી, મહાજન, સમજુ છો તો હવે દુરાગ્રહથી અટકો.'' ૮**

**અર્થ :—** આપણો ડાબો હાથ પણ કદિ દુષ્ટ દોષ કરે તો રાજાએ તેને કાપીને ફેંકી દેવો જોઈએ. કરવા યોગ્ય કે નહીં કરવા યોગ્ય એવા વિવેક રહિત રાજાને સૌ પ્રજાજનો પણ મૂર્ખ ગણશે. સજ્જન પુરુષોનું પાલન કરવું અને દુષ્ટ પુરુષોનું દમન કરવું એ નીતિ રાજાની નીતિશાસ્ત્રમાં વર્ણવેલ તે હમેશાં ટકી રહો. માટે મંત્રી કે મહાજન! તમે બધા સમજુ છો તેથી આવા દુરાગ્રહથી વિરામ પામો. ।।૮।।

**પુત્ર-પ્રેમ નહિ પ્રબળ ભૂપમાં સમજી મંત્રી અરજ કરે :**
**''મહારાજા જો હુકમ કરે તો હું શિક્ષા દઉં મુંજ કરે.''**
**નૃપતિની સંમતિ લઈ મંત્રી વિજય-ચંદ્ર સહ પરવરતા,**
**વનગિરિ પર જઈ મંત્રી બોલે : ''મરણ સમીપ છે, નહિ બીતા.'' ૯**

**અર્થ :—** પુત્ર ઉપર રાજાનો પ્રબળ પ્રેમ નથી એમ સમજીને મંત્રીએ રાજાને કહ્યું કે મહારાજ જો હુકમ કરે તો હું મારા હાથે બન્નેને સ્વયં શિક્ષા આપું.

રાજાની સંમતિ લઈને મંત્રી, વિજય અને ચંદ્રચૂલને સાથે લઈ વનગિરિ નામના પવિત્ર પર્વત ઉપર જઈને કહેવા લાગ્યો કે હે કુમાર! હવે મરણ નજીક છે, ડરશો મા. ।।૯।।

**રાજકુમાર કહે : ''નહિ ડરીએ; કરે કામ તે કેમ ડરે?**
**તરસ્યાને શીતળ જળ જેવું મરણ સુણી મુજ ઉર ઠરે.''**
**આ ભવ પરભવ સુધરે તેવા રસ્તા માટે શિખર પરે**
**મંત્રી ચાલ્યો ત્યાં ગણધર શ્રી મહાબલ નીરખી નયન ઠરે. ૧૦**

**અર્થ :—** પ્રત્યુત્તરમાં રાજકુમાર કહે અમે ડરીએ એવા નથી. મૃત્યુથી ડરતા હોઈએ તો એવા કામ કોણ કરે. તરસ્યા માણસને શીતળ જળ સમાન આ મરણની વાત સાંભળીને મારું હૃદય ઠરે છે. શૂરવીરોને વળી ભય શાનો? કુમારની આવી વાત સાંભળી એમનો આ ભવ અને પરભવ બન્ને સુધરે તેવો ઉપાય વિચારી મંત્રી પર્વતના શિખર ઉપર ચાલતા ગયા. ત્યાં મહાબલ નામના ગણધર મુનિવરના દર્શન કરી તેમના નેત્ર પાવન થઈ ગયા. ।।૧૦।।

**વંદન કરી કહે મંત્રી આગમ-કારણ ગણધર મુનિવરને,**
**જ્ઞાની ગણધર કહે : ''ડરો ના, બન્ને બનશે નરવર તે,**
**ભવ ત્રીજે બનશે બન્ને એ કેશવ, રામ સુધર્મ ધરી.''**
**બોલાવી લાવ્યો બન્નેને મંત્રી ઉર ઉલ્લાસ ભરી. ૧૧**

**અર્થ :—** ગણધર મુનિવરને વંદન કરી મંત્રીવર પોતાનું આગમન કારણ જણાવે છે. ત્યારે મનઃપર્યવજ્ઞાનના ધારક એવા ગણધર ભગવંત બોલી ઊઠ્યા : મંત્રીશ્વર! ડરો નહીં, આ બન્ને કુમાર નરોમાં શ્રેષ્ઠ બનશે. બન્ને કુમારો આ ભવમાં સમ્યક્ ધર્મ ધારણ કરીને ત્રીજા ભવે એક કેશવ એટલે લક્ષ્મણ નામે વાસુદેવ થશે અને બીજા શ્રી રામ નામથી બળભદ્ર બનશે. એમ સાંભળી મંત્રી ઉલ્લાસભાવ

સહિત તે બન્ને કુમારોને ગણધર ભગવંત પાસે બોલાવી લાવ્યો. ।।૧૧।।

**ધર્મ શ્રવણ કરી સંયમ ધારે બન્ને વીર, ગણી જન્મ નવો,**
**જ્ઞાન-ધ્યાનમાં લક્ષ એક લે—ગણધરગુણ ના વીસરવો.**
**નૃપ પાસે જઈ મંત્રી વીનવે : "આજ્ઞા આપની પૂર્ણ કરી,**
**ગિરિ ગુફામાં લઈ જઈ સોંપ્યા બાળ, અશ્રુજળ નયન ભરી. ૧૨**

**અર્થ :—** બન્ને શૂરવીર કુમારોએ ગણધર ભગવંત પાસે ધર્મ શ્રવણ કરીને જાણે અમારો નવો જન્મ થયો એમ માની, ભાવપૂર્વક સંયમ ધારણ કર્યો અને ગુરુ આજ્ઞાએ જ્ઞાન-ધ્યાનમાં એક આત્મશુદ્ધિના લક્ષપૂર્વક પ્રવર્તવા લાગ્યા. આવા પરમોપકારી ગણધર ગુરુગુણના ઉપકારને કદી વિસરવો નહીં એવું મનમાં દૃઢ કરવા લાગ્યા.

હવે મંત્રી રાજા પાસે જઈને વિનયપૂર્વક કહેવા લાગ્યો કે મહારાજ! આપની આજ્ઞા પૂર્ણ કરી, પર્વતની ગુફામાં બાળકુમારોને લઈ જઈ આંખમાં અશ્રુજળ સહિત બન્નેને સોંપી દીધા. ।।૧૨।।

**ઉગ્ર સિંહ-વૃત્તિ મેં નીરખી અતિ તીવ્ર નિજ કાર્ય વિષે,**
**ધાર્યું કાર્ય થશે આ સ્થળમાં, ઊગી આશા મન-ગગન દિશે;**
**પછી કહ્યું મેં : 'તજી સુખેચ્છા, ઉર કરો તમ વજ્ર-કઠિન,**
**ઇષ્ટદેવનું સ્મરણ કરી લ્યો, પરભવ કાજે બનો તલ્લીન.' ૧૩**

**અર્થ :—** ત્યાં પર્વતની ગુફામાં પોતાના કાર્ય વિષે ઉગ્ર સિંહવૃત્તિ જોઈને મનમાં થયું કે આ સ્થળમાં ધાર્યું કાર્ય જરૂર થશે, એવા આશાના કિરણ મનરૂપી આકાશમાં ઊગી નીકળ્યા. પછી મંત્રીએ રાજાને જણાવ્યું કે મેં કુમારોને એમ કહ્યું કે હવે તમે સંસાર સુખની ઇચ્છાને તજી દઈ તમારા હૃદયને વજ્ર સમાન કઠિન કરો; અને પરભવમાં જવા માટે ઇષ્ટદેવમાં તલ્લીન થઈ તેનું સ્મરણ કરી લો. ।।૧૩।।

**બન્નેએ ત્યાં ઉત્તર દીધો : 'ફિકર અમારી જરી ન કરો,**
**દંડ-કષ્ટ ભણી ના જોશો, કર્યાં કર્મનો નહિ ખરખરો;'**
**પરલોક જવા તૈયાર થયા તે, કામ એમ મુજ પૂર્ણ થયું,**
**મહારાજ, હું પછી અહીં આવ્યો, થનાર હતું તે થઈ ગયું." ૧૪**

**અર્થ :—** ત્યારે બન્ને કુમારોએ જવાબમાં કહ્યું કે 'અમારી ફિકર તમે જરી પણ કરશો નહીં. દંડના કષ્ટ ભણી જોશો મા, કેમકે કરેલા કર્મના ફળ ભોગવવામાં અમને કોઈ ખેદ નથી, અફસોસ નથી.

એમ સંસારસુખની વાસનાને મારી પરલોક જવા માટે તે તૈયાર થયા, જેથી આપનું સોંપેલું કામ મારા હાથે પૂર્ણ થયું જાણી મહારાજ! હું પછી અહીં આવ્યો છું. જે થનાર હતું તે થઈ ગયું. ।।૧૪।।

**વચન સુણી મંત્રીનાં નૃપ-મન અતિ આકુલિત વ્યથિત થયું,**
**પવન વિનાના સ્થળમાં તરુસમ નિશ્ચળ નૃપતન સ્તબ્ધ થયું;**
**પછી શોક સહ કહે : "કર્યું તેં કામ કારમું કાળ સમું,**
**પુષ્પ મનોહર કરમાવી દે તેમ મને એ નથી ગમ્યું." ૧૫**

**અર્થ :—** આવા મંત્રીના વચન સાંભળીને રાજાનું મન અત્યંત આકુળતાથી દુઃખિત થઈ ગયું. જેમ

કોઈ હવા વગરના સ્થાનમાં વૃક્ષના પાન હાલ્યાચાલ્યા વિના સ્થિર રહે તેમ રાજાનું શરીર સ્તબ્ધ એટલે દિગ્મૂઢ બની ગયું. પછી શોકસહિત રાજા કહેવા લાગ્યા કે તેં આ કામ કાળ સમાન ભયંકર કર્યું છે. મનોહર પુષ્પને કોઈ કરમાવી દે તેમ આ કામ મને નથી ગમ્યું. ।।૧૫।।

**અભિપ્રાય રાજાનો જાણી મંત્રી વાત યથાર્થ કહે,**
**"વનગિરિ પર્વત પર મુનિ-કેસરી નિર્ભય બની વનમાંહિ રહે;**
**તપચેષ્ટામાં ઉગ્રપણે તે વર્તે ગુરુનાં વચન સુણી,**
**દીક્ષિત બન્ને બાળ બનીને સાધે પરભવ-કાર્ય ગુણી." ૧૬**

**અર્થ :–** હવે રાજાનો અભિપ્રાય સ્પષ્ટ જાણીને મંત્રીશ્વર યથાર્થ વાત કહેવા લાગ્યા કે મહારાજ! વનગિરી નામના પર્વત ઉપર સિંહ સમાન ગણધર-મુનિવર નિર્ભયપણે ત્યાં રહેલા છે. તે ઉગ્રપણે તપની ચેષ્ટામાં પ્રયત્નવાન છે. એવા ગણધર ગુરુના વચન સાંભળીને બન્ને બાળકુમાર દીક્ષિત બની જઈ પોતાના પરભવના ઉત્તમ ગુણરૂપ કાર્યને સાધવામાં તત્પર બની ગયા છે. ।।૧૬।।

**પ્રજાપતિ સંતુષ્ટ થયો બહુ, સુણી સ્પષ્ટ વચનો બોલે :**
**"બેય-લોક-હિત-સાધક મંત્રી, મિત્ર ન કોઈ તુજ તોલે.**
**કુપુત્ર સમાન જ વિષય-ભોગ હું ગણું પાપ-નિંદા-દાતા;**
**રાજ્યભાર કોઈ વારસને દઈ, શોધું હું ભવ-ભયત્રાતા." ૧૭**

**અર્થ :–** મંત્રીના આવા વચન સાંભળી પ્રજાપતિ રાજા બહુ સંતુષ્ટ થયા અને સ્પષ્ટ વચન કહેવા લાગ્યા કે હે મંત્રી! આ લોક અને પરલોક બન્ને લોકનું હિત કરનાર તારા સમાન આ જગતમાં કોઈ મિત્ર નથી. કુપુત્ર સમાન જ અનેક પ્રકારે દુઃખ આપનાર એવા આ વિષયભોગને હવે હું ગણું છું, તથા પાપને દેવાવાળા અને માત્ર નિંદા જ કરાવનારા તેમને જાણી હવે હું આ રાજ્યનો ભાર કોઈ વારસદારને સોંપી દઈ, સંસારભયથી બચાવનાર એવા જ્ઞાની ગુરુની શોધ કરવા માગું છું. ।।૧૭।।

**વનગિરિ જઈ ગણધરપદ પૂજી નૃપ નવદીક્ષિત પ્રતિ કહે :**
**"ક્ષમા કરો અપરાધ મહા મુજ, રાજકાજ મુજ ચિત્ત દહે."**
**કુંવર કહે : "ગુરુ આપ અમારા, આ ભવ-પરભવ-હિતકારી**
**સંયમ ધારણ કરાવનારા, લીધા પાપથી ઉગારી." ૧૮**

**અર્થ :–** રાજા હવે વનગિરી નામના એ જ પર્વત પર જઈ ગણધર મુનિવરના ચરણકમળની પૂજના કરી નવીન દીક્ષા ધારણ કરેલ એવા કુમારો પ્રતિ કહેવા લાગ્યા : હે કુમારો! મારો અપરાધ ક્ષમા કરો. આ રાજનીતિના કારણે મારે તમને દંડ દેવો પડ્યો. આવા રાજકાર્ય હવે મારા ચિત્તમાં બળતરા ઉપજાવે છે. રાજાના વચન સાંભળી કુમારો કહેવા લાગ્યા : 'આપ તો અમારા આ ભવ અને પરભવ બન્ને સુધારનાર હોવાથી અમારા ગુરુ છો. આ સંયમ ધારણ કરાવવામાં નિમિત્તરૂપ પણ આપ છો, અને વળી અમારા દુષ્કૃત્યથી થનાર પાપથી ઉગારનાર પણ આપ જ છો. ।।૧૮।।

**પ્રજાપતિ સંયમ ધરી પામ્યા સિદ્ધિ-પદ સૌ કર્મ હણી;**
**કુમારમુનિ બન્ને વિચરતા ગયા ખડ્ગપુર-બાગ ભણી.**

**આતાપન યોગે ઊભા છે તજી કાયા-મમતા બૂરી,**
**પુરુષોત્તમ નામે નારાયણ, અરિ હણી આવ્યો નિજ પુરી. ૧૯**

**અર્થ :–** આવા પ્રકારના કુમારના વચન સાંભળી પ્રજાપતિ રાજાએ સર્વ પરિગ્રહનો ત્યાગ કરી અનેક રાજાઓ સાથે સંયમ ગ્રહણ કર્યો અને આ જ ભવમાં સર્વ કર્મને હણી લઈ સિદ્ધિપદને પામ્યા. બન્ને કુમાર મુનિઓ વિચરતા વિચરતા ખડ્ગપુર નામના નગરના બાગ ભણી ચાલતા ગયા. ત્યાં કાયાની મમતા મૂકી દઈ આતાપન યોગ કરતા ઊભા રહ્યાં. ત્યાં જ તે નગરનો પુરુષોત્તમ નામનો નારાયણ દિગ્વિજય કરી શત્રુઓને હણી પોતાની નગરીમાં પ્રવેશ કરતો તેમના જોવામાં આવ્યો. ।૧૯।।

**અનેક નૃપ, વિદ્યાધર, સુર, નર આયુધ દિવ્ય પ્રભાવભર્યાં**
**નીરખી વૈભવ વાસુદેવનો ચંદ્રચુલમુનિ-નેત્ર ઠર્યાં;**
**નિદાન કરે તે : 'તપ-ફળથી નારાયણ-પદ મુજને મળજો,'**
**બોર મનોહર લેવા બાળક તજે રત્ન અતિ નિર્મળ, જો. ૨૦**

**અર્થ :–** તે નારાયણ અર્થાત્ વાસુદેવ સાથે અનેક રાજાઓ, વિદ્યાધર, દેવતાઓ, મનુષ્યો તથા દિવ્ય પ્રભાવશાળી આયુધનો વૈભવ જોઈ ચંદ્રચૂલમુનિના નેત્ર ઠર્યાં.

જેથી મનમાં આવું નિદાન કર્યું કે મારા તપના ફળમાં મને આવો નારાયણ પદનો વૈભવ મળજો. જેમ બાળક મનોહર બોરને લેવા પોતા પાસે અતિ નિર્મળ રત્ન હોય તો પણ તજી દે છે, તેમ ચંદ્રચૂલમુનિએ પોતાનું ઘોર તપ વેચી અઘટિત કાર્ય વહોરી લીધું. ।।૨૦।।

**આયુ-અંતે આરાધક બની સનત્કુમાર-સુર બેય થયા,**
**સપ્ત સાગર સ્વર્ગ-સુખો લઈ દશરથનંદન બની ગયા;**
**મંત્રી-પુત્ર-જીવ રામ નામ ધરી, સૂર્ય-વંશ-શણગાર થયા,**
**રાજ-પુત્ર-જીવ લક્ષ્મણ નામે બત્રીસ લક્ષણ-યુક્ત કહ્યા. ૨૧**

**અર્થ :–** આયુષ્યના અંતે બન્ને મુનિઓએ ચાર પ્રકારની આરાધના કરી, ચારે પ્રકારના આહારનો ત્યાગ કર્યો અને સનત્કુમાર નામના ત્રીજા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં સાત સાગરોપમ સુધી સ્વર્ગના સુખો ભોગવી આજ ભરતક્ષેત્રમાં દશરથ રાજાના પુત્રરૂપે અવતર્યાં. મંત્રી પુત્રનો જીવ વિજય, અહીં રામ નામ ધારણ કરીને સૂર્યવંશના શણગાર થયા અને રાજાના પુત્રનો જીવ ચંદ્રચૂલ તે લક્ષ્મણ નામ ધારણ કરી બત્રીસ લક્ષણ-યુક્ત થયા. ।।૨૧।।

**આયુષ તેર હજાર વર્ષનું રામ ધરે એ યુગ વિષે,**
**બાર હજાર વર્ષોનું લાંબુ લક્ષ્મણનું આયુષ્ય દીસે;**
**રામ કુમાર રહ્યા પંચાવન વર્ષ લગી વિદ્યા ભણતા,**
**વય પચ્ચાસે લક્ષ્મણને અતિ શક્તિશાળી સૌ ગણતા. ૨૨**

**અર્થ :–** તે યુગમાં શ્રી રામ તેર હજાર વર્ષના આયુષ્યવાળા થયા અને શ્રી લક્ષ્મણ બાર હજાર વર્ષના આયુષ્યવાળા થયા. શ્રી રામ પંચાવન વર્ષ સુધી વિદ્યા ભણતા રહ્યા અને પચાસ વર્ષની વયમાં લક્ષ્મણને લોકો અતિશક્તિશાળી માનવા લાગ્યા. ।।૨૨।।

**મિથિલાપુરીમાં જનક નૃપ હરિવંશ-શિરોમણિરૂપ હતા,**
**આયુર્વેદિક યજ્ઞોત્સવ-અભિલાષા એક દિવસ કરતા;**
**પૂછે મંત્રીને, "સગર આદિએ યજ્ઞ કર્યા પૂર્વે તેવા**
**આ યુગમાં પણ કરવા ધારું, ઉપાય તો કેવા લેવા?" ૨૩**

**અર્થ :–** મિથિલાપુરી નગરીમાં હરિવંશમાં શિરોમણિરૂપ શ્રી જનકરાજા હતા. તેમને એક દિવસ આયુર્વેદિક યજ્ઞોત્સવ કરવાની અભિલાષા થઈ. તેથી મંત્રીને કહ્યું કે પૂર્વે સગર આદિ રાજાઓએ યજ્ઞ કર્યા છે તેવો યજ્ઞ હું પણ કરવા ધારું છું. તો તેના માટે કેવા ઉપાય લેવા? ।।૨૩।।

**કહે મંત્રી : "એ યજ્ઞોમા વિઘ્નો વિદ્યાધર લોક કરે,**
**પરાક્રમી દશરથ-નંદન બે તેડો તો સૌ વિઘ્ન હરે."**
**જનક કહે : "મુજ મિત્ર-પુત્રને મળવા પણ મુજ મન તલસે,**
**પત્ર લખીને દૂત મોકલો; મિત્ર પુત્ર બે મોકલશે." ૨૪**

**અર્થ :–** મંત્રીએ જવાબમાં કહ્યું કે એવા યજ્ઞોમાં વિદ્યાધર લોકો વિઘ્ન કરે છે. પણ પરાક્રમી એવા દશરથ રાજાના બે પુત્રોને તેડો તો તે સહુ વિઘ્નોને હરવા સમર્થ છે.

જનક રાજા કહે : દશરથ રાજા તો મારા મિત્ર છે. એમના પુત્રોને મળવા મારું મન પણ ઉત્સુક છે. માટે પત્ર લખીને દૂત મોકલો. જેથી મિત્ર પોતાના બેય પુત્રોને જરૂર મોકલશે. ।।૨૪।।

**દશરથરાય કને દૂત આવ્યો જનકરાયનો પત્ર લઈ,**
**પત્ર વાંચી નૃપ પૂછે મંત્રી અતિશયમતિને નામ દઈ;**
**સમજુ જનનો માર્ગ કહે તે : "પશુ-યજ્ઞો હિંસાકારી,**
**દાન-પૂજારૂપ યજ્ઞ ધર્મમય; હિંસા દુર્ગતિ દેનારી. ૨૫**

**અર્થ :–** દશરથ રાજા પાસે જનકરાજાનો પત્ર લઈને દૂત આવ્યો. પત્ર વાંચીને રાજાએ અતિશયમતિ નામના મંત્રીને તે વિષે પૂછ્યું. ત્યારે મંત્રી સમજુ પુરુષોનો માર્ગ કહે છે, કે પશુને યજ્ઞોમાં હોમવા એ તો હિંસાકારી યજ્ઞ છે. પણ યજ્ઞ નિમિત્તે દાન પૂજા કરવારૂપ યજ્ઞ કરવો તે ધર્મમય છે. હિંસા તો સદૈવ દુર્ગતિને જ આપનારી છે. ।।૨૫।।

**પશુ-હિંસા કરી, માંસ-પ્રસાદી દે તે નહિ કદી દાન ગણો,**
**ક્રૂર દેવદેવીની પૂજા કદી ય નહિ હિતકારી ભણો.**
**અનાર્યજન જેવી કરણી નૃપ આર્ય-શિરોમણિ કેમ કરે?**
**લૌકિક વેદ નહીં અવિરોધી પ્રમાણરૂપ, ન માન્ય ઠરે. ૨૬**

**અર્થ :–** પશુઓની હિંસા કરી માંસની પ્રસાદી આપવી તેને કદી દાન ગણી શકાય નહીં. ક્રૂર દેવ દેવીની પૂજા કરવી તે કદી પણ આત્માને હિતકારી હોય નહીં.

અનાર્ય લોકો જેવી કરણીને આર્યોમાં શિરોમણિ એવા રાજાઓ કેમ કરે? લૌકિક વેદ અવિરોધી નથી અને પ્રમાણરૂપ પણ નથી. માટે તે માનવા યોગ્ય ઠરતા નથી. ।।૨૬।।

**કર્મભૂમિ-પ્રવર્તક બ્રહ્મા-ઋષભદેવના વેદ વિષે,**
**ષટ્ દ્રવ્યોનું વર્ણન છે; ત્યાં ત્રિવિધ હુતાશન આમ દીસે :**

**ક્રોધ, કામ ને ઉદર-અગ્નિ ત્રણ આહુતિ તેમાં દેતા**
**પરમ દ્વિજ, મુનિ, યતિ વનવાસી આત્મશાંતિ તેથી લેતા. ૨૭**

હવે ખરેખર યજ્ઞ કેવો હોવો જોઈએ તે જણાવે છે :–

**અર્થ :–** કર્મભૂમિ પ્રવર્તાવનાર બ્રહ્માારૂપ શ્રી ઋષભદેવના વેદ એટલે આગમ વિષે જીવાસ્તિકાય, અજીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એવા છ દ્રવ્યોનું વર્ણન છે. ત્યાં ત્રણ પ્રકારે હુતાશન એટલે અગ્નિનું સ્વરૂપ દર્શાવેલ છે. ક્રોધાગ્નિ, કામાગ્નિ અને ઉદરાગ્નિ. તે ત્રણે પ્રકારની અગ્નિમાં પરમ દ્વિજ એટલે બ્રહ્મમાં ચર્યા કરનારા સાચા બ્રાહ્મણ, મુનિ, યતિ અને વનવાસી યોગીઓ ત્રણ પ્રકારની આહુતિ આપીને આત્મશાંતિ પ્રાપ્ત કરતા હતા. ।।૨૭।।

**ક્રોધાગ્નિમાં ક્ષમા-આહુતિ, વિરાગ-બલિ કામાગ્નિમાં;**
**ઉપવાસ આહુતિ હોમે મહામુનિ ઉદરાગ્નિમાં;**
**શરીર વેદી સમ, તપ અગ્નિરૂપ, ક્રોધાદિક પશુઓ ભાળો,**
**જ્ઞાનવ્રત આત્મા યજમાન જ, સત્ય યજ્ઞ-સ્તૂપ રૂપાળો. ૨૮**

**અર્થ :–** હવે તે મહાપુરુષો કેવા પ્રકારની આહુતિ આપતા હતા તે જણાવે છે :–

ક્રોધાગ્નિમાં ક્ષમાની આહુતિ, કામાગ્નિમાં બળવાન વૈરાગ્યની આહુતિ તથા ઉદરાગ્નિમાં તે મહામુનિઓ ઉપવાસની આહુતિ હોમતા હતા. શરીરને યજ્ઞની વેદીકા સમાન જાણો. તપને અગ્નિરૂપ જાણો, ક્રોધાદિકને યજ્ઞમાં હોમવારૂપ પશુઓ જાણો. આત્મા સંબંધી જ્ઞાન મેળવવું તે વ્રત અને યજ્ઞ કરાવનાર યજમાન તે આત્મા જાણો. આ સત્યસ્વરૂપે યજ્ઞ છે અને તેને જ યજ્ઞના રૂપાળા સ્તંભ સમાન માનો. ।।૨૮।।

**જીવરક્ષારૂપ દ્વિજ-દક્ષિણા, કર્મ કાષ્ઠ, ઘી યોગ ગણો,**
**સંયમ-વૃદ્ધિ જ્વાળા ભભૂકે, આવા યજ્ઞથી પાપ હણો.**
**ધર્મ-ગંગ પર પવિત્ર તીરથ બ્રહ્મચર્ય કાશી સમજો,**
**આવા યજ્ઞ કરે ત્યાં યોગી, મનાય સત્ય સમાગમ જો. ૨૯**

**અર્થ :–** યજ્ઞમાં જીવોની રક્ષા કરવી એ જ દ્વિજ એટલે બ્રાહ્મણની દક્ષિણા જાણો. તથા કર્મરૂપ લાકડા અને મન વચન કાયારૂપ યોગથી થતા પાપોને ઘી રૂપ જાણી યજ્ઞમાં હોમવાથી આત્મસંયમની વૃદ્ધિરૂપ જ્વાળા ભભૂકશે. આવા કર્મને કાપવારૂપ યજ્ઞ કરીને સર્વ પાપોને હણી નાખો.

ધર્મરૂપી ગંગા નદીના કિનારે પવિત્ર તીર્થ બ્રહ્મચર્યરૂપ કાશી જાણો. આવા યજ્ઞ કરે તે જ સાચા યોગી પુરુષો કહેવાય અને તેમનો સમાગમ કરવો એ જ સાચો સત્સંગ છે. ।।૨૯।।

**ઋષિ-આશ્રય કહી યજ્ઞવિધિ આ, ગૃહસ્થયોગ્ય પણ વર્ણવી છે,**
**ઉપાસકઅધ્યયને વેદે; અગ્નિ આમ જણાવી છે :**
**તીર્થંકર-ગણધર-કેવલધર-તનના અંતિમ સંસ્કરણે**
**દેવમુકુટથી પ્રદીપ્ત પૂજ્ય જે અગ્નિ ત્રિવિધ તે સુર યજ્ઞે. ૩૦**

**અર્થ :–** ઋષિમુનિઓને અનુલક્ષીને આ યજ્ઞની વિધિ જણાવી છે. ગૃહસ્થધર્મને યોગ્ય પણ યજ્ઞવિધિ વર્ણવી છે. ભગવાને સાતમા અંગ ઉપાસક દશાંગમાં આ પ્રકારે અગ્નિ વિષે કહ્યું છે.

તીર્થંકર, ગણધર અને કેવળી ભગવંતના શરીરનો અંતિમ અગ્નિ સંસ્કાર કરવા માટે દેવ ઉપરોક્ત

આ ત્રણેયના દેહને દેવનું મુકુટ અડતાં તેમાંથી પ્રદીપ થતો જે અગ્નિ તે આમ ત્રણ પ્રકારે સુર-યજ્ઞ અર્થાત્ દેવતાઓનો યજ્ઞ કહેવાય છે. ।।૩૦।।

**યજ્ઞ-કુંડ ત્રણ કરી આહુતિ રૂપ અક્ષત, ફળ, પુષ્પાદિ**
**ભક્તિથી હોમી દાન દેવું તે ગૃહસ્થયજ્ઞે વિધિ સાદી,**
**પિતા, પિતામહ સિદ્ધિ પામ્યા, સ્મૃતિ તેની કરવા કરતા,**
**મંત્રાક્ષર સહ વેદવિધિ, નિર્દોષ આત્મપદ અનુસરતા. ૩૧**

**અર્થ :—** હવે ગૃહસ્થયજ્ઞ વિષે જણાવે છે :—

ભગવાનની પ્રતિમા સમક્ષ યજ્ઞ એટલે પૂજા અર્થે ત્રણ કુંડ અર્થાત્ કુંડાળા કરી તેમાં અક્ષત એટલે ત્રણ વર્ષ જૂના ચોખા અને ફળ તથા પુષ્પાદિકને ભક્તિપૂર્વક પ્રભુને ભાવથી ચઢાવવા અને શુભક્ષેત્રમાં દાન આપવું તે ગૃહસ્થયજ્ઞની સાદી વિધિ છે.

પોતાના પિતા કે પિતામહ અર્થાત્ દાદા સમાધિમરણરૂપ સિદ્ધિને પામ્યા હોય, તેમની સ્મૃતિ નિમિત્તે મંત્રાક્ષર સાથે આગમ અનુસાર પૂજા વગેરેની વિધિ, આપણે નિર્દોષ આત્મપદને પામવા માટે કરીએ છીએ. તે પણ ગૃહસ્થ યજ્ઞ અર્થાત્ ગૃહસ્થની ભગવત પૂજાનો એક પ્રકાર છે. ।।૩૧।।

**દેવયજ્ઞની વળી વિધિ છે દ્રવ્ય, ક્ષેત્ર આદિક ભેદે,**
**તીર્થંકર-કલ્યાણક પાંચે પુનિત વિધિ વર્ણિત વેદે;**
**એમ મુનિવર-ગૃહસ્થ-આશ્રિત-યજ્ઞ-વિધિ-ફળ આમ કહે :**
**સાક્ષાત્ મુક્તિ પ્રથમ વિધિથી, પરંપરાએ અન્ય લહે.'' ૩૨**

**અર્થ :—** દેવયજ્ઞ એટલે દેવોની પૂજા વિધિ. તે વળી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભેદે જુદી છે. તીર્થંકર ભગવાનના પાંચે પવિત્ર કલ્યાણકોની વિધિ દેવો કરે છે. તેમાં ઉત્તમ દ્રવ્ય, ક્ષીર સમુદ્રનું જળ વગેરે લાવી, મેરુપર્વત જેવા ક્ષેત્રમાં કે નંદીશ્વર દ્વીપ ક્ષેત્રે અઠ્ઠાઈ મહોત્સવ કરી, ભગવાનના ગર્ભ અવતરણ કે જન્મ સમય વગેરેનો કાળ જાણી, ભાવભક્તિ સહિત ભગવત્ પૂજા-યજ્ઞ કરીને પોતાના સમકિતને દૃઢ કરે છે; તે સમયે કોઈ નવા દેવો પણ સમકિતને પામે છે. એમ આગમમાં મુનિવરને કરવાયોગ્ય યજ્ઞ કે ગૃહસ્થને કે દેવોને કરવા યોગ્ય યજ્ઞની વિધિનું ફળ આ પ્રમાણે જણાવે છે. ઉપર જણાવેલ મુનિવરને કરવા યોગ્ય પ્રથમ યજ્ઞવિધિથી તો સાક્ષાત્ મોક્ષની પ્રાપ્ત થાય છે અને ગૃહસ્થને કરવા યોગ્ય કે દેવોને કરવા યોગ્ય યજ્ઞ વડે પરંપરાએ તે મુક્તિનું કારણ બને છે. ।।૩૨।।

**મહાબલ સેનાપતિ બોલે ત્યાં : ''પ્રસ્તુત વિષય કૈંક ભણું,**
**પાપ-પુણ્ય ગમે તે હો પણ કુંવર-કસોટી-પ્રસંગ ગણું.''**
**સેનાપતિની વાત સુણી નૃપ વદે : ''વિચાર કરવા જેવી-**
**ઘણી અગત્યની વાત ગણું હું, પુરોહિત-સંમતિ લેવી.'' ૩૩**

**અર્થ :—** રાજા દશરથના સેનાપતિ મહાબલ ત્યાં રાજસભામાં બોલી ઊઠ્યા કે પ્રસ્તુત વિષયમાં હું પણ કંઈક કહેવા ઇચ્છું છું. પાપ કે પુણ્યનો ગમે તે આ પ્રસંગ છે પણ હું તો આ રાજકુમારોની કસોટીનો પ્રસંગ ગણું છું. સેનાપતિની વાત સાંભળીને રાજા બોલ્યા : આ વાતને હું ઘણી વિચાર કરવા જેવી અગત્યની ગણું છું. એમાં રાજપુરોહિતની પણ સંમતિ લેવી જોઈએ. ।।૩૩।।

**હિત-ઉપદેશ કહે પુરોહિત નિપુણ પુરાણ, નિમિત્ત વિષે :**
**"જનકયજ્ઞમાં મદદે થતાં તો કુમાર-મહોદય જરૂર દીસે.**
**સુણ્યા પુરાણે અષ્ટમ કેશવ-રામ કુમારો બેય થશે,**
**રાવણ-વધ કરી ત્રણે ખંડનું અધિપતિપણું તે વરશે." ૩૪**

**અર્થ :—** પુરોહિત જે પુરાણમાં કે નિમત્ત શાસ્ત્રમાં નિપુણ છે તે હિત ઉપદેશ કહેવા લાગ્યા કે 'જનકરાજાના આ યજ્ઞમાં મદદ થતા આ રાજકુમારોના ભાગ્યનો મહાન ઉદય જરૂર જણાય છે.

પુરાણમાં સાંભળ્યું છે કે આઠમા કેશવ એટલે વાસુદેવ અને બળદેવ શ્રીરામ નામે બે કુમારો થશે. તે રાવણનો વધ કરી ત્રણેય ખંડનું આધિપત્ય પામશે. ।।૩૪।।

**પ્રસન્ન થઈ નૃપ દશરથ બોલે : "ઇચ્છું સુણવા એ જ કથા."**
**કહે પુરોહિત : "કહું ક્ષિતિપતિ હે! સુણો, કોણ રાવણ સીતા :**
**ધાતકી ખંડે નાકપુરે નરદેવ નૃપ દીક્ષા ધારે,**
**અનંત ગણધર-બોધ સુણીને તપશ્ચરણ કરતા ભારે. ૩૫**

**અર્થ :—** પ્રસન્ન થઈ દશરથ રાજા બોલ્યા કે હું એ જ કથાને સાંભળવા માંગુ છું. ત્યારે પુરોહિત કહે કે ક્ષિતિપતિ એટલે હે પૃથ્વીપતિ! તે સાંભળો. રાવણ અને સીતા કોણ હતા તે પ્રથમ કહું છું.

ધાતકીખંડના નાકપુર નગરમાં નરદેવ નામના રાજાએ દીક્ષા લીધી. અને અનંત નામના ગણધર ભગવંતનો બોધ સાંભળી તે ભારે તપશ્ચર્યા કરવા લાગ્યા. ।।૩૫।।

**ચપલવેગ વિદ્યાધર-નૃપને દેખી મુનિ નિદાન કરે,**
**કરી સંન્યાસમરણ સૌધર્મે સુરપદ મુનિનો જીવ વરે,**
**લંકાપતિ વિદ્યાધર-રાજા પુલસ્ત્ય-પુત્ર મુનિ-જીવ બને,**
**બાળ જન્મતાં પ્હેરે માળા નવરત્નોની, પડી કને. ૩૬**

**અર્થ :—** નરદેવ રાજા ઘોર તપશ્ચર્યા કરવા છતાં ચપલવેગ નામના વિદ્યાધર રાજાને જોઈને નિદાન કર્યું કે હું પણ તપના પ્રભાવે એના જેવો થાઉં. આયુષ્યના અંતે સંન્યાસમરણ કરીને તે સૌધર્મ નામના પહેલા સ્વર્ગમાં દેવરૂપે અવતર્યા. તે સૌધર્મ દેવલોકમાંથી ચ્યવીને તે મુનિનો જીવ લંકાપતિ-વિદ્યાધર રાજા પુલસ્ત્યના પુત્રરૂપે અવતર્યો. તે બાળકે જન્મતાં જ પોતાની પાસે પડેલ નવરત્નોની માળા પોતાના ગળામાં પહેરી લીધી. ।।૩૬।।

**નવ મુખ તેમાં પ્રતિબિંબિત સૌ દેખી દશાનન નામ ધરે**
**ચૌદ સહસ વર્ષોનું જીવન, પ્રતિનારાયણ-પુણ્ય કરે;**
**વિદ્યા ઘણી સાધી, વિદ્યાધરી મંદોદરી સુંદરી પરણે,**
**એક દિવસ ક્રીડા કરવા તે જાય સતી સહ ગહન વને. ૩૭**

**અર્થ :—** તે નવરત્નોની માળામાં બીજા નવમુખનું પ્રતિબિંબ જોઈને અને દસમું અસલ મુખ; એમ કુલ દસ મુખ જોઈને તેમનું નામ દશાનન રાખવામાં આવ્યું. પણ ભવિષ્યમાં રાવણના નામે તે જગતમાં પ્રસિદ્ધિ પામ્યા. જેનું ચૌદ હજાર વર્ષનું આયુષ્ય હતું. તથા પૂર્વના નિદાનથી પ્રતિનારાયણ એટલે પ્રતિવાસુદેવનું પુણ્ય કમાવીને આવેલ હતા. ઘણી વિદ્યાઓને સાધ્ય કરી સુંદર એવી મંદોદરી વિદ્યાધરીને જે પરણ્યા હતા. એક દિવસ ક્રીડા કરવા માટે મંદોદરી સતી સાથે તે ગહન વનમાં ગયા. ।।૩૭।।

**મણિમતિ કન્યા ચપલવેગની તપ કરતી હતી તે જ વને,**
**વિદ્યા સિદ્ધ થયેલી તેની હરી મોહવશ દશાનને;**
**'બાર વર્ષ ઉપવાસ કર્યા તેનું ફળ મળતાં વિઘ્ન કરે**
**તે નરની પુત્રી થઈ તેને મારીશ' એમ નિદાન ધરે. ૩૮**

**અર્થ :–** તે જ વનમાં રાજા ચપલવેગની કન્યા મણિમતિ વિદ્યા સિદ્ધ કરવા તપ કરતી હતી. તેને જોઈ રાવણ મોહવશ બની ગયો. તેને પોતાને આધીન કરવા મણિમતિની સિદ્ધ થયેલ વિદ્યાને હરી લીધી.

બાર વર્ષ સુધી ઉપવાસના ક્લેશ ઉઠાવતાં પ્રાપ્ત થયેલ વિદ્યાના ફળમાં વિઘ્ન કરનાર આ નરની જ પુત્રી થઈને હું તેને મારીશ એવું મણિમતિએ નિદાન કરી લીધું. ।।૩૮।।

**મરણ કરી મંદોદરી-ઉદરે એ જ જીવ આવી ઊપજે,**
**જન્મ થતાં ભૂકંપન આદિ અતિ ઉપદ્રવ નગરે નીપજે;**
**નિમિત્ત-નિપુણ જનને પૂંછતાં કહે : 'કન્યા રાવણકાળ ગણો,'**
**ભય પામી નૃપ હુકમ કરે : 'કન્યા દાટી, મુજ મોત હણો.' ૩૯**

**અર્થ :–** નિદાન કરવાથી મણિમતિનો જીવ મરણ પછી મંદોદરીના ઉદરે આવી ઉત્પન્ન થયો. તેનો જન્મ થતાં ભૂકંપ આદિ અતિ ઉપદ્રવ નગરમાં થયો.

તે જોઈને નિમિત્ત જ્ઞાનમાં નિપુણ જનને પૂછતાં તેમણે કહ્યું કે આ કન્યાને રાવણના કાળ સમાન જાણો. આથી ભય પામી રાજા રાવણે હુકમ કર્યો કે આ કન્યાને દાટી દઈ મારા મોતને દૂર કરો. ।।૩૯।।

**મારીચને આજ્ઞા મળતાં તે મંદોદરી સતી સમીપ વદે :**
**'મહારાણી, હું ઘૃણારહિત છું, ક્રૂર-કર્મ-આજ્ઞા નૃપ દે–**
**કન્યાને દૂર કરી લઈ જઈ દાટો.' સતી પતિ-આજ્ઞા અનુસરે,**
**પુત્રીને પેટીમાં મૂકી, પત્ર લખી બહુ દ્રવ્ય ધરે. ૪૦**

**અર્થ :–** મારિચ મંત્રીને આજ્ઞા મળતાં તે મંદોદરી સતી સમીપ જઈને કહેવા લાગ્યો : મહારાણી! હું ઘૃણારહિત એટલે દયારહિત નિર્દય છું કે રાજા મને આવા ક્રૂર કર્મ કરવાની આજ્ઞા આપે છે. રાજા રાવણ કહે છે કે જન્મેલ કન્યાને દૂર લઈ જઈ દાટી આવો. સતી એવી મંદોદરીએ પતિની આજ્ઞાને અનુસરી પુત્રીને પેટીમાં મૂકી સાથે ઘણું દ્રવ્ય મૂક્યું અને સાથે એક કાગળ પણ લખીને મૂકી દીધો. ।।૪૦।।

**મારીચને સોંપી પેટી મંદોદરી નયને નીર ભરે,**
**કહે : 'કરુણાળુ ઉર તમારું; પણ મુજ મન નહિ ધૈર્ય ધરે.**
**તેથી ફરી ફરી વીનવી કહું છું, કન્યાનું રક્ષણ કરજો;**
**બાધારહિત જગા જોઈને યોગ્ય ભૂમિ વિષે ધરજો.' ૪૧**

**અર્થ :–** મારિચને તે પેટી સોંપી આંખમાંથી આંસુ ઝરતા તે બોલી : તમારું હૃદય દયાળુ છે, છતાં મારું હૃદય ધૈર્ય ધારણ કરતું નથી. તેથી ફરી ફરી વિનવીને કહું છું કે આ કન્યાનું રક્ષણ કરજો અને કોઈ બાધા રહિત જગા જોઈને યોગ્ય ભૂમિમાં ધરજો. ।।૪૧।।

**મિથિલા નગરી સમીપ જઈ તે ખેડૂતના ઘરની પાસે,**
**પેટી દાટી શોકસહિત, ક્રૂર કર્મે નિર્દય પણ ત્રાસે.**

**દૈવયોગથી તે જ દિને ઘર કરવા હળથી હદ કરતાં,**
**ખેડૂતની નજરે પડી પેટી; જનક કને જઈ તે ધરતાં. ૪૨**

**અર્થ :–** મિથિલા નગરી પાસે જઈ એક ખેડૂતના ઘરની પાસે શોકસહિત તે પેટીને દાટી. આવા ક્રૂર કર્મથી નિર્દય પણ ત્રાસ પામી જાય.

ભાગ્યોદયે તે જ દિવસે ઘર કરવા માટે હળ ખેડીને તે ઘરની હદ નક્કી કરતાં તે ખેડૂતની નજરે આવી ચઢી. ખેડૂતે આશ્ચર્ય પામી તે પેટીને રાજા જનક પાસે જઈને મૂકી દીધી. ।।૪૨।।

**જનક ઉઘાડે પેટી ત્યાં તો ધન સહ કન્યા-રત્ન રમે,**
**પત્ર વાંચી વત્સલતા જાગી, રાણી-મન પણ ત્યાં જ નમે;**
**સીતા નામ ધરી ઉછેરી, નિજ પુત્રી સમ પ્રેમ ધરે,**
**મિથિલા નગરે રામ પધારે તો તે જનક-સુતાને વરે.'' ૪૩**

**અર્થ :–** જનકરાજાએ પેટી ઉઘાડી ત્યાં તો ધન સાથે કન્યારત્નને રમતું જોયું. તેમાં રહેલ પત્ર વાંચતા રાજાને પૂર્વાપર બધી હકીકતની જાણ થઈ ગઈ તેથી વાત્સલ્યભાવ જાગ્યો તેમજ રાણીનું મન પણ ત્યાં જ રમવા લાગ્યું. તેનું નામ સીતા રાખી પોતાની પુત્રી સમાન પ્રેમ ધરી તેને ઉછેરી. મિથિલા નગરીમાં જ્યારે રામ પધારશે ત્યારે તે જનકરાજાની પુત્રીને વરશે. ।।૪૩।।

**એમ પુરોહિત-સંમતિ મળતાં, રામ અને લક્ષ્મણ સામે**
**દેખે દશરથ નૃપ પ્રીતિથી, બાળ ગણી સંશય પામેઃ**
**'રખે! રાય રાવણ ત્યાં આવે, અકસ્માત્ બહુ મ્લેચ્છ મળે,**
**કુમારની હિમ્મત શી ચાલે?' રામ કળે તે તર્ક બળે. ૪૪**

**અર્થ :–** એમ રાજપુરોહિતની સંમતિ મળતાં રામ અને લક્ષ્મણ સામે રાજા દશરથે પ્રેમથી જોયું. ત્યારે મનમાં તેમને બાળ ગણીને શંકા કરવા લાગ્યા.

રખેને ત્યાં રાજા રાવણ આવી જાય અને અકસ્માત ઘણા મ્લેચ્છ મળીને સામા થાય તો આ કુમારોની શી હિંમત ચાલે? એમ વિચારતા હતા ત્યારે શ્રી રામ તર્કબળે પિતા દશરથનો ભાવ કળી ગયા. ।।૪૪।।

**રામ કહે : ''મહારાજ, કરો નહિ બાળ ગણી ફિકર કોઈ,**
**સિંહશિશુ પણ ગજપતિ જીતે, તેમ પુત્ર-જય લ્યો જોઈ.''**
**ઝાડ ઉપર જે ફળ પાકે તે ડીંટાથી દૂર જેમ થતું,**
**તેમ પરાક્રમ કાજે નાચે ઉર બન્નેનું થનગનતું. ૪૫**

**અર્થ :–** શ્રી રામ કહે : મહારાજ! અમને બાળક ગણીને ફિકર કરો મા. સિંહનું બાળક પણ ગજપતિ એવા હાથીને જીતી લે છે. તેમ પુત્રનો જય જોઈ લેજો.

ઝાડ ઉપર જે ફળ પાકે તે એક દિવસ તેના ડીંટાથી દૂર થાય છે તેમ પરાક્રમ બતાવવા ખાતર અમારા બન્નેનું હૃદય થનગનાટ કરી રહ્યું છે. ।।૪૫।।

**નૃપ લશ્કર સહ બન્ને વીરને વિદાય દે મન કઠણ કરી**
**ને સંદેશો દેતા દૂતને મિત્ર જનકનો સ્નેહ સ્મરી :**

**"શૂરવીર છતાં સ્મરી મૈત્રી તમે, અમ સુત-રમત જોજો નીરખી;**
**વિઘ્ન ભયંકર આવી પડ્યે લખજો, તો આવીશ હું હરખી." ૪૬**

**અર્થ :—** રાજા દશરથ હવે મનને કઠણ કરીને લશ્કર સાથે બન્ને વીરને વિદાય આપતાં મિત્ર રાજા જનકના સ્નેહને સ્મરી દૂતને સંદેશો આપે છે. જનકરાજાને દૂત મારફત કહેવરાવે છે. તમે શૂરવીર છતાં અમારી મિત્રતાનું સ્મરણ કર્યું તો અમારા પુત્રોની રમત તમે નીરખી જોજો. અને કોઈ ભયંકર વિઘ્ન આવી પડે તો લખજો, તો હું પણ હર્ષભેર તમારી પડખે આવી ઊભો રહીશ. ।।૪૬।।

**મિથિલાપુર પહોંચ્યા કે સામે આવી નૃપ સત્કાર કરે;**
**નગરજનો બહુ કરે પ્રશંસા : "સીતાયોગ્ય શ્રી રામ ખરે!**
**પૂર્વ પુણ્યથી વીર નર બન્ને રૂપ-ગુણના ભંડાર લહો,**
**ઉત્તમ વર-કન્યાના યોગે યાગ યથાર્થ થનાર, અહો!" ૪૭**

**અર્થ :—** મિથિલાપુરીમાં પહોંચ્યા કે સામે રાજા જનક આવીને સત્કાર કરવા લાગ્યા. નગરજનો પણ બહુ પ્રશંસા કરવા લાગ્યા કે ખરેખર આ શ્રી રામ સીતા સતીને માટે યોગ્ય વર છે.

અહો! આશ્ચર્ય છે કે પૂર્વ પુણ્યના બળે બન્ને વીર નર, રૂપ અને ગુણના ભંડાર છે. ઉત્તમ વર અને કન્યાના યોગે આ યાગ એટલે યજ્ઞ પણ યથાર્થ થનાર જણાય છે. ।।૪૭।।

**થોડા દિનમાં યજ્ઞવિધિ સૌ નિર્વિઘ્ને સંપૂર્ણ થઈ,**
**લગ્ન કરે શ્રી રામની સાથે સીતા તણી સંમતિ લઈ;**
**સમાચાર દશરથને મળતાં તેડે વર-વધૂ નિજ પુરમાં,**
**ઇન્દ્રસમા શ્રી રામ વિરાજે, સ્નેહસહિત સહોદરમાં. ૪૮**

**અર્થ :—** થોડા જ દિવસોમાં યજ્ઞની સર્વ વિધિ નિર્વિઘ્ને સંપૂર્ણ થતાં સીતાના લગ્ન તેની સમ્મતિ લઈને રાજા જનકે શ્રીરામ સાથે કર્યા.

આ સમાચાર દશરથ રાજાને મળતાં વર-વધૂને પોતાના નગરમાં આવવા તેડું મોકલ્યું. ઘેર આવ્યા પછી ઇન્દ્ર સમાન શ્રી રામ પોતાના સર્વ ભાઈઓ સાથે પ્રેમસહિત અયોધ્યા નગરીમાં બિરાજે છે. ।।૪૮।।

---

(૪૩)

## નિર્દોષ નર - શ્રી રામ

ભાગ-૨

*



**માતપિતાને અતિ સંતોષી રામસીતા નિજ નગર વસે;**
**ભ્રમર-કોયલ સ્વરવાદ્યો લઈને વસંત ઋતુ આવી વિલસે;**
**નવીન અંકુરો ધરે વનસ્પતિ, પર્ણ નૂતન રૂપ રંગ ધરે,**
**લતા મુકુલિત સ્મિત કરે, કોઈ પ્રફુલ્લ ફૂલે હાસ્ય કરે. ૧**



**અર્થ :—** માતપિતાને અતિ સંતોષ આપતા શ્રી રામ અને સીતા સતી પોતાના નગરમાં જ નિવાસ કરીને રહ્યાં છે. તેટલામાં ચૈત્ર વૈશાખ મહિનાની વસંતઋતુ આવી પહોંચી. ભમરાઓ અને કોયલો પોતાના સ્વરરૂપ વાદ્યો વડે મનોહર અવાજ કરવા લાગ્યા. વનસ્પતિઓએ પણ નવા અંકુરો ધારણ કર્યા. પર્ણ એટલે પાંદડાઓ પણ જૂના ખરી જઈ નવા આવીને નવીનરૂપ રંગને ધારણ કરવા લાગ્યા. મુકુલિત એટલે અર્ધ ઊઘડેલી કળીવાળી લતા પણ સ્મિત એટલે મનમાં આનંદિત થવા લાગી અને કોઈ લતા ઉપર ફૂલ આવી જવાથી તે જાણે પ્રફુલ્લિત થઈને હાસ્ય કરવા લાગી. ।।૧।।

**નિર્મળ નભથી ચંદ્ર-ચાંદની નયનાનંદ-જનક વર્ષે,**
**દક્ષિણ વાયુ પુષ્પપરાગે સરવર-શૈત્યે ઉર સ્પર્શે;**
**ઋતુરાજ-સુખ દેવા દશરથ લક્ષ્મણ-લગ્ન-વિધિ રચતા,**
**પૃથ્વીદેવી સહ શત કન્યા પરણાવી ઉત્સવ કરતા. ૨**

**અર્થ :—** આવી વસંતઋતુમાં નિર્મળ નભ એટલે આકાશમાંથી ચંદ્રમાની ચાંદની આંખોને આનંદજનક વર્ષવા લાગી. દક્ષિણ દિશાનો પવન પુષ્પપરાગની શ્રેષ્ઠ સુગંધને સ્પર્શી સરોવરના ઠંડા જળની સાથે વહેતો હૃદયને સ્પર્શવા લાગ્યો. આવા ઋતુરાજ એટલે વસંતઋતુના સુખ આપવા રાજા દશરથ લક્ષ્મણના લગ્નવિધિની યોજના કરવા લાગ્યા અને પૃથ્વીદેવીની સાથે એકસો કન્યાઓ શ્રી લક્ષ્મણને પરણાવી ઉત્સવ કરવા લાગ્યા. ।।૨।।

**અવસર દેખી એક દિવસ બન્ને વીર દશરથને વીનવે :**
**"કાશી-દેશમાં નગર બનારસ કુલક્રમગત અવનતિ સૂચવે,**
**સ્વામી વગર સમૃદ્ધિ ન ધરતું, હોય હુકમ તો ત્યાં વસીએ,**
**ધનસંપન્ન સુશોભિત કરીએ, ભુજબળને પણ કંઈ કસીએ." ૩**

**અર્થ :—** અવસર દેખીને એક દિવસ બન્ને વીર શ્રી રામ અને શ્રી લક્ષ્મણ પોતાના પિતાશ્રી દશરથ પ્રત્યે વિનયસહિત કહેવા લાગ્યા કે કાશી દેશમાં આવેલ નગર બનારસ તે કુલ ક્રમાગત એટલે આપણા પૂર્વજોની પરંપરાથી આપણા જ આધીન વર્તે છે, પણ હાલમાં તે દેશ અવનતિ સૂચવે છે.

સ્વામી વગર તે દેશ સમૃદ્ધિને પામતો નથી. માટે આપનો હુકમ હોય તો અમે ત્યાં જઈને વસીએ. તેને ધનસંપત્તિ વડે સુશોભિત કરી તથા અમારા ભુજબળને પણ કંઈક કસી જોઈએ કે તે કેવું છે? ।।૩।।

**નૃપ દશરથ કહે : "સહી શકું નહિ વિયોગ બન્ને વીર તણો,**
**ભરતાદિક પૂર્વજ અહીં વસિયા, આ જ અયોધ્યા પ્રથમ ગણો.**
**એક જ નભમાં સૂર્ય-ચંદ્ર વસી વિસ્તારે નિજ તેજ બધે,**
**તેમ પ્રતાપ તમારો વધશે; અહીં રહેવાથી સર્વ સધે." ૪**

**અર્થ :—** દશરથ રાજા કહે : તમે જવાથી તમારા બન્ને વીરોનો વિયોગ હું સહી શકું એમ નથી. આપણા પૂર્વજો શ્રી ઋષભદેવના પુત્ર ભરત વગેરે રાજાઓ પણ પ્રથમ આ અયોધ્યામાં જ વસ્યા હતા.

એક જ આકાશમાં જેમ સૂર્ય કે ચંદ્ર વસીને પોતાનું તેજ આખી પૃથ્વી ઉપર વિસ્તારે છે તેમ તમારો પ્રતાપ પણ અહીં રહેવા માત્રથી આખી પૃથ્વી પર વૃદ્ધિ પામશે અને સર્વ કાર્યની સિદ્ધિ થશે. ।।૪।।

**દશરથ વારે તોપણ બન્ને કહે : "નિષેધો સ્નેહવશે,**
**તોપણ ઉન્નતિના ઉત્સુક નર નહિ ઉત્સાહ કદી તજશે.**
**શૂરવીરતાનો સંભવ જ્યાં સુધી, પુણ્યસ્થિતિ જ્યાં સુધી દીસે,**
**ત્યાં સુધી શત્રુ પર જય કરવા રાજપુત્રનું મન તલસે. ૫**

**અર્થ :–** પિતાશ્રી દશરથ વારતા છતાં બન્ને પુત્રો કહેવા લાગ્યા, આપ સ્નેહવશ અમને ત્યાં જવાનો નિષેધ કરો છો, તો પણ ઉન્નતિ સાધવાના ઉત્સુક એવા નરો પોતાના ઉત્સાહને કદી છોડતા નથી.

જ્યાં સુધી શૂરવીરતાનો સંભવ છે તેમજ પુણ્યની સ્થિતિ પણ જ્યાં સુધી અનુકૂળ દેખાય છે ત્યાં સુધી શત્રુઓ ઉપર વિજય મેળવવાની કામના રાજપુત્રના અંતરમાં રહ્યા કરે છે. ।।૫।।

**નિષ્ફળ તરુ પક્ષીગણ તજતાં, તેમ નિરુદ્યમીને તજશે -**
**સર્વ સંપદા એકી સાથે, કોઈ કામ નહિ કરી શકશે."**
**શૂરવીર સંતાનોને ઘટતાં વચન સુણી નૃપ હર્ષ ધરે,**
**રાજમુગટ ધરી રામ-શિરે, નૃપ લક્ષ્મણને યુવરાજ કરે. ૬**

**અર્થ :–** ફળ વગરના વૃક્ષને જેમ પક્ષીગણ તજી દે છે તેમ ઉદ્યમ વગરના પુરુષને સર્વ સંપત્તિ એક સાથે તજી દેશે પછી તે કોઈ કામ કરી શકશે નહીં.

શૂરવીર સંતાનોને ઘટતાં એવા વચન સાંભળી રાજા દશરથે હર્ષિત થઈ શ્રી રામના શિર પર રાજમુગટ ધર્યું. અને શ્રી લક્ષ્મણને યુવરાજની પદવી પ્રદાન કરી. ।।૬।।

**ભૂપતિ-વિભૂતિ પ્રગટે તેવી આશિષ દે નૃપ ખરા ઉરે,**
**દશરથ રાય વિદાય દઈ કહે : "વસો બનારસ શુભ નગરે."**
**નગર પ્રવેશ કરે બે ભાઈ, નગરજનો ઉત્સવ કરતા,**
**દાન-માનથી સંતોષી પુરજનનું હિત વીર ઉર ધરતા. ૭**

**અર્થ :–** રાજ-વૈભવ પ્રગટે એવી અંતરની ખરી આશિષ આપતાં રાજા દશરથ તેમને વિદાયની આજ્ઞા સહ કહેવા લાગ્યા કે ભલે તમે શુભનગર એવા બનારસમાં વાસ કરો અને સ્વપરહિતમાં સદૈવ તત્પર રહી મનુષ્યભવને સફળ કરો.

શ્રી રામ અને શ્રી લક્ષ્મણ બન્ને ભાઈઓએ નગર બનારસમાં પ્રવેશ કર્યો ત્યારે નગરજનોએ મોટો ઉત્સવ કર્યો. ત્યાં રહી પ્રજાજનોને સદા દાન તથા માન આપી સંતુષ્ટ કરવા લાગ્યા. નગરજનોનું હિત સદા હૃદયમાં ધારણ કરીને તે વીરનરો રાજ્ય કરતા ત્યાં રહેવા લાગ્યા. ।।૭।।

**પૂર્વ મર્યાદા તોડે નહિ, નીતિ-પુરઃસર રાજ્ય કરે,**
**જન-કલ્યાણક કાર્યે તત્પર નવીન નૃપ બહુ હોંશ ધરે;**
**'રામરાજ્ય' જગમાં પંકાયું, દુષ્ટ ડરે નૃપદંડ થકી,**
**શિષ્ટ તણું સન્માન થતાં તે પંડિતપુર બન્યું નક્કી. ૮**

**અર્થ :–** પૂર્વજોએ નિશ્ચિત કરેલ મર્યાદાનું તે કદી ઉલ્લંઘન કરતા નથી તેમજ પૂરેપૂરી નીતિ સહ રાજ્ય કરવા લાગ્યા. લોકોનું કલ્યાણ અર્થાત્ કેમ ભલું થાય એવા જ સર્વ કાર્યોમાં નવીન રાજાના હૃદયમાં બહુ હોંશ હોવાથી તેમાં જ તે તત્પર રહેવા લાગ્યા.

જેથી 'રામરાજ્ય' જગતમાં બહુ પ્રસિદ્ધિ પામ્યું. દુષ્ટ લોકો શ્રી રામના રાજ્યદંડથી ડરવા લાગ્યા અને શિષ્ટ એટલે સજ્જન પુરુષોનું સન્માન થતાં તે બનારસ પંડિત પુરુષોનું નગર બની ગયું. દુષ્ટોનું દમન કરવું અને સજ્જનોનું પાલન કરવું એ 'રામરાજ્ય'ની અટલ નીતિ બની ગઈ. ।।૮।।

*

**રાજ્ય કરે લંકામાં રાવણ પ્રતિનારાયણ-પદ પામી,**
**એક દિવસ આવે ત્યાં નારદ નભચારી, કુતૂહલકામી;**
**રાવણ દઈ સન્માન કહે : "કંઈ વાત કરો કૌતુકકારી."**
**નારદ વણવિચાર્યું વદતા : "વાત કહું હું હિતકારી- ૯**

**અર્થ :—** હવે રાવણ વિષેની વાત કરે છે :—

લંકા દેશમાં શ્રી રાવણ પ્રતિનારાયણની પદવી પામી રાજ્ય કરે છે. એક દિવસ આકાશમાં ગમન કરનાર અને કુતૂહલ કરવામાં જેને રસ છે એવા નારદ ત્યાં આવી ચઢ્યા.

રાવણે સન્માન આપી કહ્યું કે તમે બધે ફરો છો તો કોઈ કૌતુકકારી વાત કહો. ત્યારે નારદે વગર વિચારે કહ્યું કે એક વાત તમારા હિતની છે તે સાંભળો. ।।૯।।

**નગર બનારસથી હું આવું, રામ નૃપતિ બહુ ગર્વ ધરે.**
**યજ્ઞનિમિત્તે તેડી રામને જનક કન્યાદાન કરે.**
**આમ અનાદર કરી આપનો સર્વોપરી સુંદરી વરતા,**
**રામ મહારાજા બની બેઠા, લક્ષ્મણ પણ યુવરાજ થતા. ૧૦**

**અર્થ :—** હું નગર બનારસથી આવું છું. ત્યાં રામ રાજા બહુ ગર્વ ધરીને રહે છે. યજ્ઞના નિમિત્તે જનક રાજાએ રામને બોલાવી પોતાની પુત્રીનું કન્યાદાન કરી દીધું. આમ આપનો અનાદર કરી તે સર્વોપરી સુંદરી સાથે લગ્ન કરીને રામ મહારાજા બની બેઠા અને લક્ષ્મણ પણ યુવરાજ પદવીને પામી ગયા. ।।૧૦।।

**સહી શકું નહિ ભાગ્યહીનને ઘેર સીતા ગંગા જેવી,**
**રાવણરાય-મહોદધિ શોધી શોભાસ્પદ પામે તેવી.**
**યુદ્ધ વિષે નહિ ફાવી શકશો લક્ષ્મણ બહુ બળવંત ગણો;**
**વિચાર કરી કો કળ વાપરજો, મત લઈ કોઈ મંત્રી તણો." ૧૧**

**અર્થ :—** ભાગ્યહીનને ઘેર ગંગા જેવી સીતા હોય એ હું સહી શકતો નથી. તે ગંગા જેવી સીતા તો ત્રણ ખંડના અધિપતિ રાવણરાજારૂપ મહાસમુદ્રમાં આવીને ભળે તો જ તે શોભાસ્પદ ગણી શકાય.

પણ તેમની સાથે યુદ્ધ કરીને તમે ફાવી શકશો નહીં. કારણકે લક્ષ્મણ બહુ બળવાન પુરુષ છે. વિચાર કરીને કોઈ મંત્રીનો મત લઈ કળ વાપરજો તો જ ફાવી શકશો. ।।૧૧।।

**વાત સુણી કહે રાવણ : "સુણશો શીઘ્ર પ્રતાપ દશાનનનો."**
**વિદાય દઈ નારદને, ચિંતે : 'લેવો મત મંત્રી-જનનો.'**
**મંત્રી-મંડળમાં કહે રાવણ : "દશરથના બે બાળ તણો-**
**મુજ પદ લેવા યત્ન છૂપો છે, તે બન્નેને શીઘ્ર હણો. ૧૨**

**અર્થ :–** આ વાત સાંભળીને રાવણે ગર્વથી નારદને કહ્યું કે આ દશાનનનો કેવો પ્રતાપ છે તે શીઘ્ર તમારા જાણવામાં આવશે. નારદને વિદાય આપી રાવણે ચિંતવ્યું કે મંત્રી જનનો પણ મત આમાં લેવો જોઈએ. મંત્રી મંડળ વચ્ચે રાવણ કહે : દશરથના બે બાળકો રામ અને લક્ષ્મણ નામે છે, તેમનો છૂપો પ્રયત્ન મારું આ રાજ્યપદ લેવાનો છે, માટે તે બન્નેને શીઘ્ર હણી નાખો. ।।૧૨।।

**રામ નામના દુષ્ટ પુરુષની સીતા નામની સ્ત્રી હરવી,**
**બન્નેને હણવા માટે ક્હો યુક્તિ સફળ શી આદરવી?''**
**મારીચ મંત્રી કહે : ''પરસ્ત્રી-હરણ મરણ સમ સજ્જનને,**
**અપયશકારી, સત્કુલલંછન, અઘટિત કામ દીસે અમને. ૧૩**

**અર્થ :–** રામ નામના આ દુષ્ટ પુરુષની સીતા નામની સ્ત્રી છે તેને હરવી છે અને રામ લક્ષ્મણ બન્નેને હણવા માટે સફળ યુક્તિ કંઈ આદરવી તે કહો?

મારીચ નામનો મંત્રી કહે : પરસ્ત્રીનું હરણ કરવું એ તો સજ્જનના મનને મરણ સમાન છે. અપયશકારી, સત્કુલમાં લંછન લગાડનાર એવું અઘટિત કામ અમને તો તે લાગે છે. ।।૧૩।।

**અન્ય ઉપાયો અરિ હણવાના શૂરવીરને ઘટતા લેવા;**
**કલ્પકાળ સુધી જન નિંદે તે દુષ્ટ વિચારો તજી દેવા.''**
**રાવણ કહે : ''બસ રાખ હવે; બહુ ડહાપણમાં નહિ લાભ દીસે,**
**સુગમ ઉપાય સૂઝી આવે તો ભણ સીતા હરવા વિષે.'' ૧૪**

**અર્થ :–** કોઈ બીજા ઘટતા ઉપાય શત્રુને હણવાના શૂરવીરને લેવા જોઈએ. પણ કલ્પકાળ સુધી લોકો જેને નિંદે એવા દુષ્ટ વિચારો પણ તજી દેવા જોઈએ. તે સાંભળી રાવણ કહે : બસ હવે તારા ડહાપણને મૂકી દે, આમાં કંઈ લાભ નથી. સુગમ કોઈ ઉપાય સીતાને હરી લાવવાનો સૂઝી આવે તો કહે. ।।૧૪।।

**મારીચ કહે : ''જો આપે એવું કરવા નિશ્ચય કરી લીધો,**
**દક્ષ દૂતીથી સીતા રીઝવો, માર્ગ બીજો નથી કો સીધો.**
**આપ પ્રતિ અનુરાગ ધરે તો સહજ ઉપાયે તે હરવી,**
**બને નહીં અનુરાગી તો પછી હઠ કે બળજબરી કરવી.'' ૧૫**

**અર્થ :–** મારીચ કહે : જો આપે એવું કરવાનો નિશ્ચય કરી લીધો છે તો દક્ષ દૂતીને મોકલી સીતાને રીઝવો. એના જેવો બીજો કોઈ સીધો માર્ગ તેને મેળવવાનો નથી. આપના પ્રત્યે તે અનુરાગ ધારણ કરે તો સહજ ઉપાયે તે હરી શકાય અને જો અનુરાગી નહીં બને તો જ હઠ કે બળજબરીનો ઉપાય છે. ।।૧૫।।

**સમજાવી સુર્પણખાને નભ-રસ્તે તુર્ત વિદાય કરી;**
**ચિત્રકૂટ પર વસંતલીલા રામ રમે ત્યાં તે ઊતરી.**
**પ્રેમકલહ સીતાનો પતવી રામ ફરે ગિરિ ચૌપાસે;**
**વૃદ્ધ વનિતા-વેષ ધરી સુર્પણખા ગઈ સીતા પાસે. ૧૬**

**અર્થ :–** સૂર્પણખાને રાવણે સમજાવી આકાશમાર્ગે તુર્ત તેને વિદાય કરી. ચિત્રકૂટવન જે નંદનવનથી પણ શ્રેષ્ઠ છે. ત્યાં શ્રી રામ વસંતલીલા કરતા હતા ત્યાં જઈ તે ઊતરી.

સીતા સાથે પ્રેમકલહ પતાવીને શ્રી રામ પર્વતની ચારે બાજુ ફરતા હતા; ત્યારે વૃદ્ધ સ્ત્રીનો વેષ ધરી સુર્પણખા સીતા જ્યાં બધી સખીઓ સાથે વૃક્ષ નીચે બેઠેલ છે ત્યાં આવી પહોંચી. ।।૧૬।।

**ડોસી કહે : "કહો કેવા પુણ્યે તમે રમો નૃપતિ સંગે,**
**હું પણ તેમ કરી આ નૃપની રાણી બની રમું નવરંગે."**
**લક્ષ્મણપત્નીવર્ગ હસી કહે : "ચિત્ત તરુણ આ ડોસી તણું."**
**ડોસી કહે : "મુજ હાંસી કરો નહિ, જીવન તમારું સફળ ગણું." ૧૭**

**અર્થ :—** ડોસીમાનું રૂપ બનાવી સુર્પણખા કહેવા લાગી : અહો કેવા પુણ્યવડે તમે આ રાજા સાથે રમો છો. હું પણ તેવું પુણ્ય કરીને આ રાજાની રાણી બની તેમની સાથે નવરંગે રમું.

ત્યારે લક્ષ્મણના પત્નીવર્ગે હસીને કહ્યું કે આ ડોસીમા થઈ ગયા છતાં હજુ તેમનું મન તો જવાન છે. ત્યારે ડોશીમા કહે : મારી હાંસી કરો નહીં. હું તો તમારું જીવન સફળ ગણું છું. ।।૧૭।।

**કરુણા આણી કહે સીતા : "રે! સ્ત્રીભવમાં શું સુખ માને?**
**જણાય અજાણી આત્મહિતથી, સફળ જીવન માને આને?**
**સ્ત્રીભવ અનુભવતી આ સર્વે અનિષ્ટ ફળ પામી પાપે,**
**વિષય-સુખની ઇચ્છા પાછી પરભવમાં દુર્ગતિ આપે. ૧૮**

**અર્થ :—** તે સમયે દયા લાવીને સતી સીતાએ કહ્યું : માજી! તું આ સ્ત્રીભવમાં શું સુખ માને છે? તું આત્માનું હિત શામાં છે, એથી અજાણ જણાય છે; તેથી આવા સ્ત્રી અવતારને તું સફળ જીવન માને છે. સ્ત્રીભવમાં અનેક દુઃખ અનુભવતી આ સર્વે પાપના અનિષ્ટ ફળને પામી છે. આ સ્ત્રી પર્યાય મહાપાપનું ફળ છે વળી વિષય સુખની વાંછા રાખવાથી ફરી તે પરભવમાં દુર્ગતિ જ આપશે. ।।૧૮।।

**અનિષ્ટ-લક્ષણવંતી કન્યા કોઈ ન પરણે, દુખી રહે;**
**કુટુંબ-કેદ કુલ-રક્ષા કાજે મરણ સુધી સ્ત્રી માત્ર સહે.**
**પિયર સાસરે શોકરૂપ જો વંધ્યા રહે દુર્ભાગ્ય વડે;**
**અપંગ, રોગ થયે પતિ તજતા; કલહકારી પતિ નિત્ય નડે. ૧૯**

**અર્થ :—** સ્ત્રીભવમાં કેવા કેવા દુઃખ છે, તે સીતા સતી હવે સુર્પણખાને સમજાવે છે :—

અનિષ્ટ લક્ષણવાળી કે કુરૂપવાન કન્યા હોય તો તેને કોઈ પરણે નહીં. તેથી શોક સહિત તેને ઘરમાં જ રહેવું પડે છે. કુટુંબમાં કેદ સમાન મરણ પર્યંત રહીને તેને કુલની રક્ષા કરવી પડે છે.

જો દુર્ભાગ્યવશ લગ્ન કરીને વંધ્યા એટલે પુત્ર વગરની રહે તો પિયરમાં અને સાસરે બન્ને ઘરમાં તે શોકનું કારણ થાય છે. અપંગ કે રોગી થઈ જાય તો તેનો પતિ પણ તેને છોડી દે છે. અથવા પતિ કલહ કરનાર મળ્યો તો તેને તે નિત્ય પીડે છે. ।।૧૯।।

**દુખદાવાનલના સંતાપે બળે જેમ વેલી વનની,**
**માસે માસે કોઈ અડે નહિ, સદાય શંકા સ્ત્રીજનની.**
**ચક્રવર્તીની પુત્રીનું પણ પરાધીન જીવન જાણો,**
**શોક્ય તણા સંતાપ સહે બહુ માનભંગ-ભય મન આણો. ૨૦**

**અર્થ :–** આમ અનેક પ્રકારની પીડા પામતી સ્ત્રી દુઃખરૂપી દાવાનલના સંતાપે વનમાં રહેલી વેલ સમાન બળ્યા કરે છે. પ્રતિમાસે ઋતુધર્મ સમયે તેને કોઈ અડતું પણ નથી, એવી અસ્પૃશ્ય બની જાય છે. સ્ત્રીના સ્વભાવમાં સહેજે માયાવીપણું હોવાથી તેના ચારિત્ર્યને વિષે સદા શંકા જ રહ્યા કરે છે.

ચક્રવર્તીની પુત્રી હોય તો પણ તેને બીજાના ચરણોની સેવા કરવી પડે છે. એવું પરાધીન જીવન સ્ત્રીનું હોય છે. પોતાની બીજી શોક્ય હોય તેના સંતાપ સહન કરવા પડે છે. અથવા બીજી શોક્યમાં પતિનો અનુરાગ વિશેષ હોય તો પોતાના માનભંગનો ભય સદા મનમાં રહે છે અને માનભંગ થયે તેને દુઃખ વેઠવું પડે છે. ॥૨૦॥

**ગર્ભ-પ્રસવ-રોગાદિ દુઃખો, પુત્રી-પ્રસવથી શોક ગણો,**
**સંતાન-દુખે કે મરણ-વિયોગે ચિત્ત-ચિતા-સંતાપ ઘણો.**
**વિધવાનાં દુખનો નહિ આરો, ધર્મ-ક્રિયા નહિ સબળ બને,**
**સલાહ-યોગ્ય ગણાય ન નારી મહાકાર્યમાં ચપળ મને. ૨૧**

**અર્થ :–** ગર્ભ ધારણ કરી નવ માસ પુત્રભાર વહન તથા પ્રસવના સમયે અનેક રોગાદિના દુઃખો વેઠવા પડે છે. તેમાં વળી પુત્રીનો જન્મ થયો તો ઘરમાં શોકની છાયા પ્રસરી જાય છે. સંતાન થયા પછી તે દુઃખી થતું હોય કે મરી જાય તો તેના વિયોગથી મનમાં ઘણી ચિંતાનો સંતાપ ચિતાની સમાન બાળે છે.

જો તે દુર્ભાગ્યવશ વિધવા બની ગઈ તો તેના દુઃખનો કંઈ પાર નથી. સ્ત્રીના પર્યાયમાં ધર્મની ક્રિયા બળવાન થઈ શકતી નથી. સ્ત્રીનું મન ચપળ હોવાથી મહાકાર્ય કરવામાં તેની સલાહ પણ યોગ્ય ગણાતી નથી. ॥૨૧॥

**આવી નિંદ્ય અવસ્થામાં સુખ માની ચહે, વિપરીત-મતિ,**
**રે! નિર્લજ્જ, જરાવયમાં પણ આત્મવિચાર નથી કરતી.**
**સ્ત્રીપદ પામી સતીત્વ દીપાવે તો જગવંદ્ય કૃતાર્થ સતી,**
**રૂપરહિત, નિર્ધન, રોગી કે દુષ્ટ પતિ પણ નહિ તજતી. ૨૨**

**અર્થ :–** એ સિવાય બીજા પણ અનેક દોષો સાધારણરૂપથી બીજી સ્ત્રીઓમાં જોવા મળે છે. માટે આવા નિંદ્ય સ્ત્રી પર્યાયમાં સુખ માની તેને તું ઇચ્છે છે તેથી તારી બુદ્ધિજ વિપરીત થઈ ગઈ છે એમ જણાય છે. રે નિર્લજ્જ! વૃદ્ધાવસ્થામાં પણ તું આત્મવિચાર કરતી નથી તેથી તું દુર્ભાગ્યશાળી છે.

સ્ત્રી અવતાર પામીને સતીત્વપણાને દીપાવે તો તે જગતના જીવોને વંદન કરવા લાયક થાય છે. અને તેનું સતીત્વપણું પણ ત્યારે જ કૃતાર્થ ગણાય કે જો તેનો પતિ રૂપરહિત હોય, નિર્ધન હોય, રોગી હોય કે દુષ્ટ હોય તો પણ તે તેને કદી છોડે નહીં તો.

**"બાઈ, રાજપત્ની હો કે દીનજનપત્ની હો, પરંતુ મને તેની કંઈ દરકાર નથી. મર્યાદાથી વર્તતી મેં તો શું પણ પવિત્ર જ્ઞાનીઓએ પ્રશંસી છે. સદ્ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઈ, તમને હું વંદન કરું છું."** (વ.પૃ.૭)

**ચક્રવર્તી કદી કરે યાચના તોય ચહે નહિ પર પતિ જે,**
**કુષ્ટિ કે ચંડાળ સમો ગણી દૂર રહે સુમતિ સતી તે.**
**બલાત્કારથી કોઈ સતાવે તો સતી બાળી ભસ્મ કરે,**
**પતિવ્રતા સતી સ્ત્રીની સામું મરવા ડગલું કોણ ભરે?" ૨૩**

**અર્થ :—** બીજા પુરુષની વાત જવા દઈએ પણ કોઈ ચક્રવર્તી તેની ઇચ્છા કરે તો તેને પરપતિ માની કદી ઇચ્છે નહીં; પણ તેને કોઢી કે ચંડાળ સમાન ગણી તેથી દૂર રહે. તે જ સમ્યક્ મતિવાળી સતી છે એમ હું માનું છું. બલાત્કારથી કોઈ સતાવે તો તેને પણ સતી સ્ત્રી પોતાના સતીત્વના બળથી બાળીને ભસ્મ કરી દે. આવી પતિવ્રતા સતી સ્ત્રીની સામે કોણ મરદ મરવા માટે ડગલું ભરે. ।।૨૩।।

**સીતા-વચન સુણી સુર્પણખા ચિત્ત વિષે ચિંતવતી કે :**
**ચળે અચળ મેરુ, પણ કદી ના ચિત્ત સીતાનું ચળી શકે.**
**''ઘેર કામ છે, વાર ઘણી થઈ'', કહી સતીને નમી દૂતી ગઈ**
**રાવણ પાસે પહોંચી વિનય સહ દૂતી વદે દિલગીર થઈ- ૨૪**

**અર્થ :—** સીતા સતીના આવા વચન સાંભળી સુર્પણખા મનમાં વિચારવા લાગી કે કદાચ અચળ મેરુપર્વત ચલાયમાન થઈ જાય પણ આ સતી સીતાનું મન કદી પણ ચલાયમાન થઈ શકે એમ નથી.

એમ વિચારી સુર્પણખા સતી સીતાને નમીને કહેવા લાગી કે મારે ઘરે કામ છે અને ઘણીવાર થઈ ગઈ છે માટે હું જાઉં છું એમ કહીને દૂતી બનીને આવેલી તે સુર્પણખા રાવણ પાસે જઈ પહોંચી અને વિનયપૂર્વક દિલગીર થઈને રાવણને બધી હકીકત કહેવા લાગી. ।।૨૪।।

**''ઇંદ્રવજ પણ ભેદી શકે નહિ દૃઢ શીલ-નિશ્ચય-સીતા તણો,**
**આપ તણો અભિપ્રાય જણાવી શકી ન, ડર પામી જ ઘણો.''**
**ક્રોધ કરી કહે રાવણ : ''જૂઠી વાત ન માનું જરી ખરી;**
**બાહ્ય ડોળથી ભડકી ભોળી, ચતુર દૂતીપદ ગઈ વીસરી. ૨૫**

**અર્થ :—** સીતા શીલવતી છે. સીતાના શીલ પાળવાના દૃઢ નિશ્ચયને ઇન્દ્રવજ પણ ભેદી શકે એમ નથી. હું શીલવતી સીતાના સતીત્વબળથી ભય પામીને આપનો અભિપ્રાય પણ જણાવી શકી નહીં. ત્યારે ક્રોધ કરીને રાવણ કહે તારી બધી વાત જૂઠી છે. તેમાંથી જરાપણ વાત હું ખરી માની શકું નહીં. સીતાના બાહ્ય ડોળથી તું ભોળી ભડકી ગઈ અને ચતુર એવી તું દૂતી હોવા છતાં, દુતીપદને જ વિસરી ગઈ. ।।૨૫।।

**નાગણફેણ તણા ફુત્કારે ડરી વાદી શું નહિ ઝાલે?**
**નારીની ચંચળ વૃત્તિને કરી-કર્ણ ઉપમા આલે.''**
**બચાવ કરવા કહે સુર્પણખા : ''લલના તે લલચાતી નથી,**
**વૈભવ-ભોગની નહિ ત્યાં ખામી, સુર-સુખ તુચ્છ જણાય અતિ. ૨૬**

**અર્થ :—** કોઈ નાગણ ફેણ કરીને ફૂત્કાર કરે તો શું મંત્રવાદી ડરીને એને ઝાલતો નથી? નારીની ચંચળવૃત્તિને શાસ્ત્રોમાં કરી-કર્ણ એટલે હાથીના કાન સાથે ઉપમા અપાય છે; જે હંમેશાં ચલિત થયા કરે છે. ત્યારે બચાવ કરવા સુર્પણખા કહેવા લાગી કે સીતા જેવી લલના તે કોઈ ભોગોપભોગની વસ્તુઓથી લલચાય એવી નથી. કારણ સીતાને ત્યાં વૈભવ ભોગ સામગ્રીની કોઈ ખામી નથી. તે સામગ્રીની સામે મને તો દેવતાઈ સુખ પણ અતિ તુચ્છ જણાય છે. ।।૨૬।।

**શૂરવીરતાદિક ગુણ-વર્ણન તો રામ સમાન ન કોઈ તણું;**
**સ્વયં કલામૂર્તિ સીતા ત્યાં સર્વ કલાધર હીન ગણું.''**

**મારીચ મંત્રી સહ રાવણ પણ વિમાન લઈ નભમાં ચાલે,**
**ચિત્રકૂટ વનમાં જઈ પહોંચે જ્યાં સીતા સુખમાં મ્હાલે. ૨૭**

**અર્થ :—** વળી સુર્પણખા કહે જો હું તમારા શૂરવીરતાદિક ગુણનું વર્ણન કરી તેને પ્રસન્ન કરું પણ રામ સમાન કોઈ શૂરવીર જણાતો નથી. બીજી કોઈ કળા બતાવીને રંજીત કરું પણ સ્વયં સીતા જ કલાની મૂર્તિ છે; ત્યાં બીજા સર્વ કલાધરને હું હીન ગણું છું. આવા સુર્પણખાના વચન સાંભળી રાવણ પણ મારિચ મંત્રીની સાથે વિમાનમાં બેસી આકાશમાં ચાલવા લાગ્યો. અને જ્યાં સીતા સતી સુખમાં મ્હાલી રહી છે એવા ચિત્રકૂટ નામના વનમાં તે આવી પહોંચ્યો. ।।૨૭।।

**રાવણની આજ્ઞાથી મારીચ મણિમય મૃગ-બચ્ચું બનતો,**
**તે દેખી સીતા કહે : ''સ્વામી, બહુરંગી મૃગ મન-ગમતો!''**
**સીતાના મનરંજન અર્થે હરણ પકડવા રામ જતા,**
**ઘડી નિકટ, ઘડી વિકટ પથે દૂર દેખી રામ ચકિત થતા. ૨૮**

**અર્થ :—** રાવણની આજ્ઞાથી મારિચ મંત્રી મણિરત્નોથી યુક્ત હરણનું બચ્ચું બન્યો. તે દેખીને સીતા શ્રી રામને કહે સ્વામી! આ બહુરંગી હરણ મારા મનને રંજિત કરે છે.

સીતાના મનરંજન માટે તે હરણને પકડવા શ્રીરામ ચાલતા થયા. તે હરણ ઘડીકમાં નિકટ લાગે અને ઘડીકમાં વિકટમાર્ગમાં જતું જોઈને શ્રીરામ ચકિત થતા હતા. ।।૨૮।।

**વિપરીત વિધિથી માયામય મૃગ દૂર દૂર લઈ જાય, અરે!**
**શબ્દ કરે ને ઘાસ ચરે, નિર્ભય થઈ હાથ લગોય ફરે;**
**વળી ઊછળી ય છલંગ લગાવી દોડે, હાંફે દૂર રહ્યો,**
**ગર્દન વાળી પાછળ ભાળે; આખર ગગન અલોપ થયો. ૨૯**

**અર્થ :—** વિપરીત ભાગ્યનો ઉદય થવાથી અરે! એ માયામય મૃગ શ્રી રામને દૂર દૂર લઈ જાય છે. ક્યારેક શબ્દ કરે, ક્યારેક નિર્ભય થઈને ઘાસ ચરવા લાગી જાય, ક્યારેક હાથ માત્ર જ દૂર જણાય કે જાણે પકડી લઈએ. વળી ક્યારેક છલંગ મારી ઊછળીને દોડે, વળી દૂર રહ્યો રહ્યો હાંફે અને ક્યારેક ગરદન વાળીને પાછળ જુવે, એમ કરતાં કરતાં આખરે તે મૃગ આકાશમાં અલોપ થઈ ગયું. ।।૨૯।।

**જેમ ઘડામાં સાપ પુરાયો રહે નિશ્ચેષ્ટ અશક્તિ લહી,**
**તેમ જ રામ ચકિત મને નભમાં નીરખે નિશ્ચેષ્ટ રહી,**
**સ્ત્રીવશ-ચિત્ત થયેલા નર નિજ કાર્ય-વિચાર-વિહીન બને,**
**તેમ મનોહર હરણ-સ્મરણમાં રામ ઊભા અતિ દૂર વને. ૩૦**

**અર્થ :—** જેમ ઘડામાં પુરાયેલો સાપ અશક્તિના કારણે ચેષ્ટા વગરનો જણાય, તેમ શ્રીરામ પણ ચેષ્ટા વગરના થઈને આશ્ચર્યચકિત બની જઈ આકાશમાં જ જોતા રહી ગયા. કહ્યું છે કે સ્ત્રીને વશ બનેલ નરનું ચિત્ત, તે પોતાને કરવા યોગ્ય કાર્યના વિચારથી વિહિન બની જાય છે. તેમ સીતાના મનોરંજન માટે મનોહર હરણના સ્મરણમાં શ્રીરામ અતિ દૂર વનમાં જ નિશ્ચેષ્ટ ઊભા રહી ગયા. ।।૩૦।।

**તેવામાં તો રામવેષ ધરી રાવણ જાનકી પાસ ગયો,**
**કહે : ''હરણને નગર મોકલ્યું; નગર જવાનો વખત થયો.**

**પ્રિયા, પાલખીમાં બેસો, આ અશ્વ ઉપર હું આવું છું.''**
**જાનકી પાલખીરૂપ વિમાને બેઠાં કે ચઢી જાય ઊંચું. ૩૧**

**અર્થ :–** તેટલા સમયમાં તો રાવણ માયાવડે શ્રીરામનો વેષ ધારણ કરીને જાનકી અર્થાત્ સીતાજી પાસે જઈને કહેવા લાગ્યો કે હરણને તો નગરમાં આગળ મોકલી દીધું છે, અને હવે સંધ્યાકાળ થવાથી આપણને પણ નગરમાં જવાનો વખત થઈ ગયો છે.

પ્રિયા! તમે પાલખીમાં બેસો. હું આ અશ્વ ઉપર સવાર થઈને આવું છું. જાનકી-સીતા માયાવડે બનાવેલ પાલખીરૂપ વિમાનમાં બેઠા કે તે ઊંચુ આકાશમાં ચઢી ગયું. ।।૩૧।।

**સતી-શિરોમણિ નાગણ સાથે રાવણ રમવા યત્ન કરે,**
**પ્રગટ થઈ પુષ્કર વિમાને દુષ્ટ વચન આવાં ઊચરે :**
**''ભય, લજ્જા ને રામ-પ્રેમ તજી, બન રાવણની પટરાણી,**
**સુખ ભોગવ ત્રણ ખંડ ધરાનું, વરી મુજને કરુણા આણી.'' ૩૨**

**અર્થ :–** સતીઓમાં શિરોમણિ સીતા સાથે રાવણ રમવા યત્ન કરે તે તો નાગણ સાથે રમવા જેવું છે. સીતારૂપ નાગણને પોતાના મૃત્યુ માટે જ તે લંકામાં લઈ આવ્યો. પછી પોતાનું વાસ્તવિક સ્વરૂપ પુષ્કર વિમાનમાં પ્રગટ કરીને આવા દુષ્ટ વચન સીતા પ્રત્યે કહેવા લાગ્યો :–

ભય, લજ્જા અને રામનો પ્રેમ તજી રાવણની પટરાણી બન. મારા પર કરુણા લાવીને મને વરી ત્રણ ખંડની પૃથ્વીનું સુખ ભોગવ. ।।૩૨।।

**કર્ણ-શૂલ સમ શબ્દો સુણતાં સતી સીતા મૂર્છિત થાતી;**
**ગગન-ગામિની વિદ્યા વિનશે, શીલવતી-સ્પર્શે રૂઠી જાતી;**
**તેથી વિદ્યાધરીઓ દ્વારા શીત ઉપચારો શીઘ્ર કર્યા,**
**થતાં સચેત સીતા ધીરજ ધરી બોલે બોલો રોષભર્યા : ૩૩**

**અર્થ :–** આવા રાવણના કાનને શૂલ સમાન શબ્દો સાંભળી સતી સીતા મૂર્છિત થઈ ગઈ. રાવણે વિચાર કર્યો કે જો આ શીલવતીનો સ્પર્શ થયો તો મારી આકાશગામિની વિદ્યા શીઘ્ર નષ્ટ થઈ જશે અને વળી તે રૂઠી જશે. તેથી વિદ્યાધરીઓ દ્વારા તેના શીઘ્ર શીત ઉપચારો કર્યા. જેથી તે સચેત થઈને ધીરજ ધારણ કરી, રોષભર્યા શબ્દો રાવણ પ્રત્યે બોલવા લાગી. ।।૩૩।।

**''અધમાધમ અડતો નહિ મુજને, બોલ ન કોઈ બોલ હવે,**
**પતિવ્રતાનો પ્રાણ શીલગુણ તૃણ સમ રામ વિના સૌ ભવે.**
**તુચ્છ ગણી આ પ્રાણ તજું પણ શીલખંડન નહિ કદીય થશે,**
**શાશ્વત મેરુ સમ મુજ નિશ્ચય, સમજ; નહીં તો મરી જશે.'' ૩૪**

**અર્થ :–** રે અધમાધમ! મુજને અડતો નહીં. બોલવાનું બંધ કર. એક પણ બોલ હવે બોલ મા. પતિવ્રતાનો પ્રાણ તે શીલગુણ છે. આ ભવમાં રામ વિના મારે મન સૌ તૃણ સમાન છે.

આ પ્રાણોને પણ તુચ્છ ગણીને તજી દઈશ પણ શીલખંડન કોઈકાળે નહીં કરું. શાશ્વત મેરુ સમાન આ મારો નિશ્ચય છે. તેને સમજ; નહીં તો તું મરી જઈશ. ।।૩૪।।

**સમયોચિત ઉત્તર દઈ સીતા વ્રત ધારણ એવું કરતી,**
**"રામચંદ્રના ક્ષેમકુશળની વાત સુણું નહિ સત્યવતી–**
**ત્યાં સુધી મૌન નિરંતર ધારું, ભોજનનો પણ ત્યાગ કરું."**
**તપસ્વિની સમ ભૂષણ-અશન તજી પાળે વ્રત એવું કપરું. ૩૫**

**અર્થ :–** સમયને ઉચિત રાવણને ઉત્તર દઈ સતી સીતાએ એવું વ્રત ધારણ કર્યું કે શ્રીરામચંદ્રના કુશળક્ષેમની વાત સત્યસ્વરૂપે મારા સાંભળવામાં આવે નહીં ત્યાં સુધી નિરંતર મૌન ધારણ કરીને રહીશ અને ભોજનનો પણ ત્યાગ કરું છું. આમ તપસ્વિની સમાન બની આભૂષણ અને ભોજનનો પણ ત્યાગ કરી તે કપરું વ્રત પાળવા લાગી. ।।૩૫।।

**રાવણને પણ લાગ્યું કે નહિ કોઈ રીતે હમણાં પલળે,**
**કાલક્રમે એ રામ વીસરશે, મૂકું ઉદ્યાન અશોક તળે;**
**તજી ઉદ્યાન ગયો લંકા ત્યાં ચક્ર પ્રગટિયું શસ્ત્ર-ગૃહે,**
**લંકામાં ઉત્પાત થયા તે મરણ-સૂચક ગણી, મંત્રી કહે : ૩૬**

**અર્થ :–** રાવણને પણ લાગ્યું કે હમણાં આ કોઈ રીતે પલળે એમ નથી. સમય વીતતાં એ રામને વીસરી જશે. માટે હાલમાં એને બગીચામાં અશોક વૃક્ષ નીચે મૂકી દઉં.

સીતા સતીને બાગમાં મૂકી રાવણ લંકાપુરીમાં ગયો. ત્યાં શસ્ત્રાગારમાં કાલચક્ર સમાન ચક્રરત્ન પ્રગટ થયું અને લંકામાં અનેક મરણ સૂચક ઉત્પાત થવા લાગ્યા તેને જોઈને મંત્રી કહેવા લાગ્યા. ।।૩૬।।

**"રામચંદ્ર બળભદ્ર થવાના, લક્ષ્મણ નારાયણ સમજો,**
**અભ્યુદય બન્નેનો દીસે, સતી સીતાની આશ તજો;**
**અશુભ-સૂચક ઉત્પાદો પુરના સમજી દૂર કલંક કરો,**
**યુગ યુગ નામ વગોવે તેવું કામ નહીં મનથી ય સ્મરો." ૩૭**

**અર્થ :–** મંત્રીઓએ રાવણને જણાવ્યું કે રામચંદ્ર, બળભદ્ર થવાના છે અને તેમના નાનાભાઈ લક્ષ્મણને નારાયણ સમજો. આ બન્નેનો વર્તમાનમાં અભ્યુદય એટલે ચઢતો પુણ્યનો ઉદય છે. માટે તમે સતી સીતાની આશા મૂકી દ્યો.

નગરમાં થતા અનેક અશુભ-સૂચક ઉત્પાદોને સમજી આ સીતા સતી પ્રત્યેનો મોહ મૂકી, કલંકને દૂર કરો. યુગ યુગ સુધી તમારું નામ વગોવે એવા કામની તમે મનથી પણ સ્મૃતિ ન કરો. ।।૩૭।।

**મંત્રીને ઉત્તર દે રાવણ : "વગર વિચાર્યું કેમ કહો?**
**યુક્તિ-વિરુદ્ધ વચન બોલો છો, સીતા હરણ શુભ શુકન લહો :**
**સીતારૂપી સ્ત્રી-રત્ન મળ્યું કે ચક્રરત્ન ઉત્પન્ન થયું,**
**હવે અધિપતિ છયે ખંડનો બનવાનો, દુઃખ સર્વ ગયું." ૩૮**

**અર્થ :–** મંત્રીઓને ઉત્તરમાં રાવણ જણાવે છે કે તમે વિચાર્યા વગર કેમ બોલો છો? યુક્તિ વિરુદ્ધ વચન બોલો છો. સીતાનું હરણ કરવું એ તો શુભ શુકનનું ચિહ્ન છે.

સીતારૂપી સ્ત્રીરત્ન મળ્યું કે શસ્ત્રાગારમાં ચક્રરત્ન પણ ઉત્પન્ન થયું. હવે તો હું છએ ખંડનો અધિપતિ બનીશ. સર્વ દુઃખ હવે નાશ પામી ગયા. ।।૩૮।।

*

**ચિત્રકૂટ પર પરિજન સાંજે રામ-સીતાની શોધ કરે,**
**ખેદભિન્ન ચિત્તે ફરતાં દૂર રામ મળ્યાથી હર્ષ ધરે;**
**વ્યાકુળ બની પરિજનને પૂછે: "સાથે સીતા કેમ નથી?"**
**કહે સેવકો, "છાયા સમ સીતાજી દૂર હશે ન અતિ." ૩૯**

સીતાને રાવણ હરી ગયા પછી શ્રીરામ લક્ષ્મણ વગેરેને કેમ જાણ થાય છે તે જણાવે છે :–

**અર્થ :–** ચિત્રકૂટ વનમાં સાંજે કુટુંબીજનો રામ-સીતાની શોધ કરે છે પણ તે મળતા નથી. ખેદ ખિન્ન ચિત્તે ફરતા જ્યારે શ્રીરામ વનમાં દૂર પણ મળી ગયા ત્યારે સર્વેને હર્ષ થયો. તે સમયે શ્રી રામે વ્યાકુળ બનીને કુટુંબીજનોને પૂછ્યું કે તમારી સાથે સીતા કેમ નથી? ત્યારે સેવકો કહેવા લાગ્યા : છાયાની સમાન આપની સાથે રહેનારાં સીતાજી અતિ દૂર નહીં હોય, અહીં જ હશે. ।।૩૯।।

**સર્વે શોધે ત્વરા કરી ત્યાં વાંસ ઉપરથી વસ્ત્ર જડે,**
**રામ સમીપ આણ્યું, તે દેખી સર્વ અશુભ-શંકાએ ચડે;**
**રામ કહે લક્ષ્મણને માયા-મૃગની વાત કપટકારી,**
**ત્યાં તો દૂત ઉતાવળથી આવી દે પત્ર વિનય ધારી. ૪૦**

**અર્થ :–** હવે સર્વે સીતાજીને શોધવા માટે ઉતાવળ કરી ત્યારે વાંસ ઉપરથી એક વસ્ત્ર મળી આવ્યું. તેને શ્રીરામ પાસે આણ્યું. તે દેખીને સર્વ અશુભ શંકાઓ કરવા લાગ્યા.

શ્રીરામ હવે લક્ષ્મણને માયામય મૃગની બધી કપટભરી વાત કહેવા લાગ્યા. ત્યાં તો ઉતાવળથી એક દૂતે આવીને વિનયપૂર્વક એક પત્ર હાથમાં આપ્યો. ।।૪૦।।

**વળી કહે : "હે! દેવ, પિતાએ દીઠું સ્વપ્ન અશુભ આજે–**
**'રાહુ રોહિણી હરણ કરીને ગગનાંતર જઈને ગાજે;**
**ચંદ્ર ભમે નભ વિષે એકલો શોકાતુર બની અહીંતહીં',**
**જાગી પુરોહિતને પૂછે : ફળ સ્વપ્ન તણું શું શાસ્ત્ર મહીં? ૪૧**

**અર્થ :–** વળી તે દૂત કહેવા લાગ્યો : હે દેવ આપના પિતાશ્રી દશરથ મહારાજે આજે એક અશુભ સ્વપ્ન જોયું. તેમાં રાહુ, રોહિણીને હરણ કરીને દૂર આકાશમાં લઈ જઈ ત્યાં ગાજવા લાગ્યો. અને ચંદ્ર એકલો શોકાતુર બનીને અહીં તહીં આકાશમાં ભમવા લાગ્યો. મહારાજે જાગી ગયા પછી તુરંત પુરોહિતને પૂછ્યું કે આ સ્વપ્નનું શાસ્ત્રમાં ફળ શું કહ્યું છે તે કહો. ।।૪૧।।

**કહે પુરોહિત : 'માયાચારી રાવણ સીતા હરી ગયો,**
**સીતા-વિરહે વને એકલા ભમે રામ' સુણી શોક થયો.**
**દશરથરાયે કર્યો રવાના તુર્ત મને આ પત્ર દઈ,"**
**માહિતી આ મળતાં ચિંતા સીતાની વળી વધી ગઈ. ૪૨**

**અર્થ :–** પુરોહિત કહેવા લાગ્યા કે રાહુ જેવો માયાચારી રાવણ રોહિણી જેવી સીતાને હરી ગયો છે. અને સીતાના વિરહે ચંદ્ર જેવા રામચંદ્ર એકલા વનમાં ભમી રહ્યાં છે. આ વૃત્તાંત સાંભળીને મહારાજ શોકિત થઈ ગયા. જેથી મહારાજ દશરથે આ પત્ર દઈને મને અહીં તુર્ત રવાના કર્યો છે. આ માહિતી

મળતાં સીતાની ચિંતા હવે વળી વધી ગઈ. ।।૪૨।।

**પ્રેમ પિતાનો સ્મરી, પત્ર તે ખોલી વાંચે રામ હવે :**
**"શ્રી અયોધ્યા પુરીપતિ દશરથ પ્રેમાલિંગન સહ સૂચવે.**
**કુમારયુગલની કુશલતા ચહી સમાચાર વિદિત કરે :**
**દક્ષિણમાં લંકાપતિ રાવણ અન્યાયે મદમત્ત ફરે. ૪૩**

**અર્થ :–** પિતાના પ્રેમને સ્મરી, શ્રીરામ પત્ર ખોલીને વાંચે છે. તેમાં લખેલ છે કે અયોધ્યાપુરીપતિ દશરથ, પુત્રોને પ્રેમ આલિંગન સાથે બેયકુમારોની કુશળતા ચાહીને સમાચાર વિદિત કરે છે કે દક્ષિણ દિશામાં લંકાપતિ રાવણ અન્યાયપૂર્વક પ્રવર્તીને મદમત્ત એટલે મારા જેવો કોણ છે એવા અભિમાનથી ઉન્મત્ત થઈને ફરે છે. ।।૪૩।।

**કલહ-પ્રિય નારદ સીતાની રૂપ-પ્રશંસા ખૂબ કરે,**
**સ્ત્રીલંપટ રાવણ તે સુણતાં સતી સીતા પ્રતિ મોહ ધરે;**
**ધરી રામ રૂપ હરી સીતા સતી, લંકામાં લંકેશ ગયો,**
**દુષ્ટ દુષ્ટતા સાધી મરવા માટે તે તૈયાર થયો. ૪૪**

**અર્થ :–** કલહપ્રિય નારદે સીતાના રૂપની પ્રશંસા રાવણ સમક્ષ ખૂબ કરી. તે સાંભળીને સ્ત્રીઓમાં આસક્ત એવો રાવણ સતી સીતા પ્રત્યે મોહિત થઈ ગયો.

જેથી રામનું રૂપ ધારણ કરીને તે લંકાપતિ રાવણ સીતા સતીને લંકામાં લઈ ગયો છે. દુષ્ટ એવો તે પોતાની દુષ્ટતા સાધીને હવે મરવા માટે તૈયાર થયો છે. ।।૪૪।।

**રાવણ હણવાની તૈયારી થતાં સુધી ધીરજ ધારી**
**તન-રક્ષા કરી નિર્ભય રહેવા શિક્ષા ઉર દે ઉતારી**
**એવો દૂત મુદ્રા લઈ સીતા કને રવાના શીઘ્ર કરો,**
**બન્ને બંધુ દીર્ઘદૃષ્ટિથી શોક, ઉતાવળ પરિહરો." ૪૫**

**અર્થ :–** રાવણને હણવાની તૈયારી થતાં સુધી સતી સીતા ધીરજને ધારણ કરીને પોતાના શરીરની રક્ષા કરે તથા નિર્ભય રહે એવી શિક્ષા તેના હૃદયમાં ઉતારી શકે એવા કોઈ દૂતને શ્રી રામચંદ્રની મુદ્રા લઈને શીઘ્ર રવાના કરો. તેમજ બન્ને ભાઈઓ પણ દીર્ઘદૃષ્ટિ રાખીને શોક અને ઉતાવળને પરિહરજો. અને ખૂબ વિચારીને તેનો ઉપાય કરજો. ।।૪૫।।

**શિરછત્રનો પત્ર સુણીને લક્ષ્મણ ક્રોધ ધરી ધડૂકે -**
**"સિંહશિશુ સાથે સસલું શું વિરોધ કરી રહેશે ખડું કે?**
**'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' પાપીને સૂઝે પાપે,**
**સતી સીતારૂપ દાવાનલથી લંકાવન બળશે આપે." ૪૬**

**અર્થ :–** શિરછત્ર એવા પિતાશ્રીના પત્રનો ભાવ સાંભળીને લક્ષ્મણ ક્રોધ કરીને ધડુકી ઊઠ્યા કે સિંહના બચ્ચા સાથે વિરોધ કરીને સસલુ ક્યારેય ઊભું રહી શકશે ખરું?

જેમ વિનાશકાળે પાપીને વિપરીત બુદ્ધિ સૂઝે છે, તેમ સતી સીતારૂપ દાવાનલના તેજ પ્રતાપે લંકાનું વન આપોઆપ બળી જશે. ।।૪૬।।

**સમાચાર સુણી ભાઈ ભરત-શત્રુઘ્નાદિક એકત્ર થયા,**
**જનકરાય પણ આવી મળિયા, વીર રસમાં સૌ ભળી ગયા.**
**સીતા-પ્રાપ્તિના વિવિધ ઉપાયો સર્વ મળી વિચારે જ્યાં,**
**બે વિદ્યાધર રામ સમીપે આવી અનુજ્ઞા યાચે ત્યાં. ૪૭**

**અર્થ :–** સીતા સતીના સમાચાર સાંભળીને ભાઈ ભરત અને શત્રુઘ્ન આદિ બધા એકત્ર થઈ ગયા. જનકરાજા પણ ત્યાં આવી મળ્યા. અને સૌમાં શુરવીરતા આવી ગઈ.

સતી સીતાની પ્રાપ્તિના ઉપાયો બધા મળીને વિચારતા હતા તેટલામાં બે વિદ્યાધર શ્રીરામ સમીપે આવીને આજ્ઞા મેળવવાની યાચના કરવા લાગ્યા. ।।૪૭।।

**રામ કહે : "હે! વીર કુમારો, કોણ આપ? ક્યાંથી આવો?"**
**સુગ્રીવકુમાર કહે : "બળ-રામ તણાં દર્શનનો આ લ્હાવો-**
**પૂર્વ પુણ્યથી આજે પામ્યો; હવે વાત કહું મુજ મનની;**
**દક્ષિણ શ્રેણીની કિષ્કિંધા જન્મભૂમિ છે આ તનની. ૪૮**

**અર્થ :–** શ્રીરામ કહેવા લાગ્યા કે હે વીર કુમારો, આપ કોણ છો? ક્યાંથી આવો છો? ત્યારે સુગ્રીવકુમાર કહે પૂર્વ પુણ્યના પ્રતાપે મને આજે શ્રી બળરામના દર્શન કરવાનો લ્હાવો મળ્યો. હવે હું મારા મનની વાત કહું છું. દક્ષિણ શ્રેણિમાં આવેલ કિષ્કિંધા નામની નગરી છે, તે મારી જન્મભૂમિ છે. ।।૪૮।।

**વિદ્યાધરપતિ બલીન્દ્રને બે પુત્ર વાલિ-સુગ્રીવ થયા,**
**પિતા વાલીને રાજ્ય દઈ યુવરાજ મને કરી, ચાલી ગયા,**
**લોભવશે મુજ પદ છીનવી લઈ દેશ-નિકાલ મને દીધો,**
**'મુજ પદ પાછું મળશે ક્યારે?' નારદને મેં પ્રશ્ન કીધો. ૪૯**

**અર્થ :–** વિદ્યાધરના પતિ બલિન્દ્રને વાલિ અને સુગ્રીવ નામે બે પુત્રો થયા હતા. પિતાએ વાલીને રાજ્ય દઈ, મને યુવરાજ પદે સ્થાપી પોતે પરલોક સિધાવ્યા.

લોભવશ બનીને મારું યુવરાજ પદ છીનવી લઈ વાલિએ મને દેશ-નિકાલ આપ્યો. મેં એકવાર નારદમુનિને પ્રશ્ન કર્યો કે મારું છીનવી લીધેલ પદ ક્યારે મળશે? ।।૪૯।।

**ક્હે નારદજી : 'અર્ધ ભરતના નાથ રામ-લક્ષ્મણ બનશે,**
**ચિત્રકૂટ ગિરિ પર જઈ યાચે મૈત્રી તો તુજ કામ થશે.'**
**સુણી વાત મુજ મિત્ર અમિતગતિ સહિત અહીં આવ્યો આશે,**
**સીતા-પ્રાપ્તિમાં સહાય કરીશું; હવે સીતા જાણો પાસે. ૫૦**

**અર્થ :–** ત્યારે નારદજી કહે : અર્ધ ભારતના નાથ રામ અને લક્ષ્મણ બનશે. તે ચિત્રકૂટ ગિરી પર હાલમાં છે. ત્યાં જઈને તેમની મિત્રતાની યાચના કરે તો તારું કામ થઈ જશે.

આ વાત સાંભળીને મારા મિત્ર અમિતગતિ સાથે હું આશા સહ અહીં આવ્યો છું. સતી સીતાને મેળવવામાં અમે સહાય કરીશું. હવે સીતા આપણી પાસે જ છે એમ જાણો. ।।૫૦।।

**અણુસમ રૂપ અનેક ધરી લે મુજ મિત્ર અમિતગતિ દૂત ભલો,**
**અણુમાન સર્વે ક્હે તેને જશે ગમે ત્યાં, વીર કળો."**

**રામ કહે : “મુજ મુદ્રા તું લઈ, તુર્ત સીતાની પાસ જઈ,**
**આવ કુશળતા કહી લંકા જઈ, આશ્વાસન સીતાને દઈ.” ૫૧**

**અર્થ :–** આ મારો મિત્ર અમિતગતિ અણુસમાન અનેકરૂપ ધારણ કરી શકે છે. ભલા દૂત જેવો છે. એને સર્વ અણુમાન (હનુમાન) કહે છે. આ ગમે ત્યાં જઈ શકે છે એને મહાનવીર જાણો.

આ સાંભળી શ્રીરામ કહે : મારી મુદ્રા એટલે વીંટી લઈને તું તુર્ત સીતાની પાસે લંકામાં જા. અને સીતાને અમારી કુશળતા જણાવી આશ્વાસન આપીને પાછો આવ. ।।૫૧।।

**નમન કરીને દૂત થઈ ચાલ્યો ચિહ્ન સીતાના સર્વ સુણી,**
**અણુમાન નભમાં ઊડી આવ્યો, લંકા નીરખે આત્મ-ગુણી;**
**ભ્રમર બનીને શોધે સીતા, રાજસભા નીરખી લીધી,**
**અંતઃપુરમાં ભમી વળ્યો પણ ભાળ ન ક્યાંય મળી સીધી. ૫૨**

**અર્થ :–** શ્રીરામને નમન કરી હનુમાન દૂત થઈને લંકા માટે રવાના થયા. શ્રીરામે સીતાના સર્વ ચિહ્નો બતાવી દીધા કે તે કેવી છે. હનુમાન આકાશમાં ઊડીને લંકામાં આવ્યા. જેનો આત્મા ગુણવાન છે એવા હનુમાન હવે લંકાને સીતાની ભાળ માટે નીરખી નીરખીને જુએ છે.

તે ભમરાનું રૂપ લઈને સીતા સતીને શોધે છે. રાજસભા નીરખીને જોઈ લીધી. રાજાના અંતઃપુરમાં પણ ભમી વળ્યો પણ ક્યાંય સીતાની ભાળ મળી નહીં. ।।૫૨।।

**ભ્રમર-કોકિલા કૂજિત ઉપવન નંદન નામે જ્યાં નીરખે,**
**અશોકતરુ નીચે સીતા સતી શોક સહિત દેખી હરખે;**
**કલ્પલતા સમ સીતાને ચિંતા-દાવાનલમાં દેખી,**
**રાવણ પ્રતિ અતિ ક્રોધ ધરે દૂત પણ અવસર લે છે પરખી. ૫૩**

**અર્થ :–** ભમરા અને કોકિલના સ્વરથી ગુંજાયમાન એવા નંદન નામના બગીચાને જ્યાં જોયો કે અશોકવૃક્ષ નીચે સીતા સતીને શોકસહિત બેઠેલા જોઈને હનુમાનનું મન હર્ષિત થઈ ગયું.

કલ્પવેલી સમાન સીતાને ચિંતારૂપી દાવાનલમાં બળતી દેખીને રાવણ પ્રત્યે હનુમાન દૂતને અત્યંત ક્રોધ આવ્યો પણ અવસરનો જાણ હોવાથી, હવે લડાઈનો સમય નથી પણ સોંપેલ કામની સિદ્ધિ કેમ થાય, તેનો જ ઉપાય હવે તો લેવો જોઈએ. ।।૫૩।।

**સાત દિવસમાં સીતાની શી દશા થઈ તે નીરખવા,**
**જાતે રાવણ મંદોદરી સહ આવ્યો સીતા રીઝવવા.**
**‘સુણીશ ક્યારે રામકુશળતા?’ એમ શોચતી સતી દેખી,**
**રાવણ ચકિત થઈ ચિંતવતો, ‘પતિવ્રતા તો આ પેખી.’ ૫૪**

**અર્થ :–** સાત દિવસમાં સીતાની શી દશા થઈ છે તેને જોવા અને રીઝવવા માટે જાતે રાવણ મંદોદરી સાથે ત્યાં આવ્યો. પણ સતી સીતા તો રામની કુશળતાના સમાચાર મને ક્યારે મળશે? એમ વિચારતી તેને જોઈને રાવણ તો ચકિત થઈ ગયો અને વિચારવા લાગ્યો કે પતિવ્રતા સ્ત્રી તો જગતમાં આજ જોઈ છે, કે જે સાત દિવસથી મૌન પાળીને જમતી પણ નથી. ।।૫૪।।

**અભિપ્રાય નિજ જણાવવાને મોકલી મંજરિકા દૂતી,**
**દૂતી વિનય સહ કહે સીતા પ્રતિ : "હે દેવી, તું બુદ્ધિમતી.**
**પટરાણી પદ અર્પી તુજને અતિ સુખ દેશે લંકપતિ.**
**તો યૌવન શાને કરમાવે? તજી દે જૂની રામ-સ્મૃતિ. ૫૫**

**અર્થ :—** રાવણે પોતાનો અભિપ્રાય જણાવવા મંજરિકા નામની દૂતીને સીતા પાસે મોકલી. તેણે આવીને વિનયપૂર્વક સીતા પ્રતિ કહ્યું કે હે દેવી! તું બુદ્ધિમાન છે.

તને લંકાપતિ રાવણ પટરાણીનું પદ આપીને અતિ સુખ દેશે તો તારી આ યૌવન અવસ્થાને શા માટે કરમાવે છે? રામની સ્મૃતિ હવે જુની થઈ એમ માનીને તેને તજી દે. ।।૫૫।।

**'રામચંદ્ર રાવણને જીતી, લઈ જાશે મુજને' એવી,**
**આશા રાખે નિષ્ફળ શાને, મધુર શેરડી-ફળ જેવી?**
**ભૂખ્યા મૃગપતિના મુખથી મૃગ કોઈ મુકાવી નહિ શકશે,**
**જન્માંતર જાણી પટરાણી રાવણની બન ભાગ્યવશે." ૫૬**

**અર્થ :—** રામચંદ્ર રાવણને જીતી મને લઈ જશે એવી શેરડીના ફળ જેવી મીઠી આશા રાખવી તે હવે નિષ્ફળ છે. જેમ ભૂખ્યા મૃગપતિ એટલે સિંહના મુખમાં પ્રવેશેલ હરણને કોઈ મુકાવી શકે નહીં તેમ રાવણના હાથમાં આવેલ હરણી જેવી તને કોણ છોડાવવા સમર્થ છે? માટે તારો નવો જન્મ થયો એમ જાણીને તું રાવણની પટરાણી બની જા; અને તારા ભાગ્યનો ઉદય થયો એમ જાણ. ।।૫૬।।

---

(૪૪)



## નિર્દોષ નર - શ્રી રામ

ભાગ-૩

*



**અચળ હૃદય સીતાનું સમજી રાવણ કામાધીન કહે :**
**"કુળ-રક્ષા કરવાનું ધારે તે સૌ વ્યર્થ વિચાર લહે;**
**લજ્જા રાખ નહીં કંઈ મનમાં હીન સંબંધ ન મુજ સાથે,**
**'નથી ચિરપરિચિત પ્રેમ તજાતો, રામ રહ્યા મારે માથે'- ૧**

**અર્થ :—** અનેક પ્રયત્નો કરવા છતાં સીતા સતીનું મન અચળ જાણીને કામાધીન રાવણ સીતાને કહેવા લાગ્યો કે ઉચ્ચકુળમાં ઉત્પન્ન થઈને આવું કામ મારાથી કેમ થાય. મારે શીલ પાળીને કુળની રક્ષા કરવી જોઈએ એ બધા વ્યર્થ વિચાર છે.

મારી સાથેનો તારો સંબંધ એ કોઈ નીચ કુળનો નથી. તેથી મનમાં લજ્જા રાખવી એ પણ યોગ્ય નથી. રામ મારે માથે ધણી છે, એનો ચિરપરિચિત પ્રેમ તજાતો નથી એ બધું ભૂલવા જેવું છે. ।।૧।।

**એ કુમતિ તજી સમજી જા કે સંસારે સૌ સ્વજન થયાં,**
**દેશકાળ બદલાતાં સર્વે પરિચિત જન ભુલાઈ ગયાં.**
**'રામ મને આવી લઈ જાશે' એવી વ્યર્થ ન ધર આશા;**
**ત્રિકૂટાચલ પર્વત પર લંકા, રક્ષક વિદ્યાધર ખાસા. ૨**

**અર્થ :—** રામનો લાંબા કાળનો પ્રેમ તજાતો નથી એ કુમતિને તજીને એમ સમજ કે આ સંસારમાં સર્વ જીવો સાથે સ્વજનના સંબંધ થયેલા છે. તેમાં દેશકાળ બદલાતાં સર્વે પૂર્વના પરિચિત લોકો ભુલાઈ ગયા છે અને નવા સંબંધો થયા છે. રામ આવીને મને લઈ જશે એવી વ્યર્થ આશાને ધારણ કરીશ નહીં. કારણ કે આ લંકા ત્રિકૂટાચલ પર્વત પર આવેલી છે અને અનેક વિદ્યાધરો આ લંકાના રક્ષક છે. ।।૨।।

**ખાઈ રૂપે દરિયો વીંટાયો ભૂમિ-ગોચરી નર શું કરશે?**
**વન-ઉપવન સૌ ત્યાંના શોધી, આખર રામ ઝૂરી મરશે;**
**દૈવાધીન આવી ચઢશે અહીં તો કચરાશે ચક્ર તળે,**
**વ્યર્થ મનોરથ સર્વ તજે તો સાર્વભૌમ સુખ સદ્ય મળે. ૩**

**અર્થ :—** આ લંકાની ચારે બાજુ ખાઈરૂપે દરિયો વીંટાયેલો છે. તો ભૂમિ ઉપર ચાલનારા મનુષ્યો અહીં કેવી રીતે આવી શકશે? તારા માટે વન ઉપવન વગેરે બધાં શોધી આખરે રામ ઝૂરીને મરી જશે.

ભાગ્યને આધીન કદાચ અહીં આવી ચઢશે તો આ ચક્ર તળે કચરાઈને મરશે. આ બધા વ્યર્થ મનોરથ તું સર્વ ત્યજી દે તો સાર્વભૌમ એટલે આખી પૃથ્વીનું - ચક્રવર્તીનું સુખ તને સદ્ય એટલે હમણાં જ પ્રાપ્ત થાય. ।।૩।।

**મુજ આશા પૂરી કર, પ્રિયા, કાળ ગુમાવે શા માટે?**
**વહેલું મોડું વળવું પડશે હસતાં, રડતાં આ વાટે.**
**સ્ત્રી-હઠથી તવ અભ્યાગતની આશા નહિ પૂરી કરશે,**
**તો પટરાણી-પદ ચૂકી તું ઘટદાસી થઈ જળ ભરશે." ૪**

**અર્થ :—** હે પ્રિયા! હવે મારી આશાને પૂરી કર. એમાં તું શા માટે કાળ ગુમાવે છે. વહેલું કે મોડું, હસતાં કે રડતાં આજ વાટે તારે વળવું પડશે.

સ્ત્રીહઠ પકડીને અભ્યાગત એટલે પાસે આવેલાની જો તું આશા પૂરી નહીં કરશે, તો તું પટરાણીનું પદ ચૂકી જઈ ઘટદાસી એટલે પાણીના ઘડા ભરનારી દાસી સમાન થઈને તારે જળ ભરવું પડશે. ।।૪।।

**પુણ્યહીન નર લક્ષ્મી માટે વ્યર્થ મથે તેવી રીતે,**
**રાવણ બહુ બકવાદ કરે પણ સતી સીતાને ના જીતે;**
**ધર્મધ્યાન સમ નિર્મળ, નિશ્ચલ સમતા સતી સીતા ધારે,**
**તે નીરખી નિરાશ થવાથી રાવણ મનમાં વિચારે — ૫**

**અર્થ :—** પુણ્યહીન પુરુષ જેમ લક્ષ્મી મેળવવા વ્યર્થ મથે છે, તેવી રીતે રાવણ પણ બહુ બકવાદ કરતાં છતાં સતી એવી સીતાને તે જીતી શકતો નથી અર્થાત્ લલચાવી શકતો નથી.

સીતા સતીતો ધર્મધ્યાન સમાન નિર્મળ અને નિશ્ચલ સમતાને જ ધારણ કરીને અડોલ રહી. તે જોઈને રાવણ નિરાશ થવાથી મનમાં એમ વિચારવા લાગ્યો. ।।૫।।

**'બહુ બળવંતા નૃપ મેં જીત્યા ભુજબળથી બહુ યુદ્ધ કરી,**
**રૂપ-શિરોમણિ રમણીઓ પણ મુજ અંતઃપુર દેતી ભરી,**
**જીતી મેં સ્ત્રી-સૃષ્ટિ સઘળી; શું સીતા મુજને જીતે?'**
**એમ વિચારી ક્રોધ ધરે ત્યાં મંદોદરી વદતી પ્રીતેઃ- ૬**

**અર્થ :–** રાવણ વિચારે છે કે બહુ બળવાન રાજાઓને મારા ભુજબળથી ઘણા યુદ્ધ કરીને મેં જીતી લીધા. અનેકરૂપમાં શિરોમણિ જેવી રમણીઓ વડે મારું અંતઃપુર ભરી દીધું.

મેં સઘળી સ્ત્રી-સૃષ્ટિને જીતી લીધી અને શું આ સીતા મને જીતી જાય? એમ વિચારી રાવણને ક્રોધ ઉપજ્યો કે ત્યાં મંદોદરી પ્રેમપૂર્વક અમૃતરૂપ વચન જળવડે તેને શાંત કરવા લાગી. ।।૬।।

**''શાળીનાં પુષ્પોની માળા જ્વાળા પર નવ સુજ્ઞ ધરે,**
**તેમ મનોહર અબળા ઉપર ક્રોધ નહીં નરનાથ કરે.**
**ગગનગામિની આદિ વિદ્યા ગુમાવશો સતી સંતાપી;**
**વિદ્યાધર બહુ દુઃખી થયા છે કરી બલાત્કારો પાપી. ૭**

**અર્થ :–** મંદોદરી રાવણને કહેવા લાગી કે શાળીના (ડાંગરના) પુષ્પોની માળાને કોઈપણ સમજુ જન અગ્નિની જ્વાળા પર મૂકે નહીં. તેમ મનોહર એવી આ અબળા ઉપર નરોના નાથ એવા તમને ક્રોધ ઘટે નહીં. જો સતીને આમ સંતાપ આપશો તો આકાશગામિની વગેરે તમારી વિદ્યાઓ નાશ પામી જશે. પૂર્વે પણ અનેક વિદ્યાધરો બલાત્કારના પાપો કરીને દુઃખી થયા છે. જેમકે સ્વયંપ્રભા માટે અશ્વગ્રીવ વિદ્યાધર, પદ્માવતીના કારણે રાજા મધુસુદન અને સુતારામાં આસક્ત નિર્બુદ્ધિ અશનિઘોષ વગેરે દુઃખને પામ્યા છે. ।।૭।।

**સપત્ની-શલ્યે આ બોલે છે એમ ગણો નહિ, કહું સાચું;**
**સતી સીતાનો મોહ તજો એ આપ કને આજે યાચું.''**
**રાવણ રીસે બળતો ત્યાંથી આમ કહી ચાલી નીકળે :**
**''પ્રાણસહિત સીતા તજવાનો, કહ્યું કોઈનું નહીં વળે.'' ૮**

**અર્થ :–** આ સીતા મારી સપત્ની શોક્ય બની જશે માટે આમ બોલું છું એમ માનશો નહીં. પણ સાચું કહું છું કે તમે આ સતી એવી સીતાનો મોહ મૂકી દ્યો. તમારી પાસે મારી આ આજે વિનયભરી માગણી છે. તે સાંભળી રાવણ ક્રોધાગ્નિમાં સળગતો આમ કહેતો ત્યાંથી ચાલી નીકળ્યો કે સીતાને તો મારા પ્રાણ સાથે જ છોડીશ; અર્થાત્ મારા પ્રાણ છે ત્યાં સુધી તો એને હું નહીં જ છોડું; અને આમાં કોઈનું કહેલું કાંઈ વળવાનું નથી. ।।૮।।

**તજી દીધેલી નિજ પુત્રી સમ માની મંદોદરી ઊચરે :**
**''આ ભવ કે પરભવના યોગે મુજ ઉર સીતા, સ્નેહ સ્ફુરે.**
**જાણે મળી મુજ તનુજા આજે, સુણ શિખામણ માતતણી,**
**માનીશ ના લંકાપતિ-વિનતિ, સહનશીલતા રાખ ઘણી.'' ૯**

**અર્થ :–** રાવણના કહેવાથી જન્મતાં જ તજી દીધેલી પોતાની પુત્રી સમાન સીતાને માની મંદોદરી મનમાં વિચારવા લાગી કે આ ભવના કે કોઈ પરભવના સંબંધથી આ સીતા પ્રત્યે મને સહેજે સ્નેહ

સ્ફુરાયમાન થાય છે. જાણે આજે મને મારી તનુજા એટલે પુત્રી જ મળી ગઈ હોય એમ માનીને તે સીતા પ્રત્યે કહેવા લાગી કે બેટી! તું આજે તારી માતાની શિખામણને માન આપી, લંકાપતિ રાવણની વિનતિને કદી પણ માનીશ નહીં. શીલની રક્ષા કરવા માટે ઘણી જ સહનશીલતા રાખજે. ।।૯।।

**ગદ્‌ગદ કંઠે વદતાં નેત્રે નીર વહે, સ્તન દૂધ ઝરે;**
**સહજ સ્નેહ મંદોદરીનો સીતાનાં નયને નીર ભરે.**
**શત્રુદળમાં માતા સમ શીતળ શિખામણ સ્નેહ ભરી**
**સુણી, ઘડીભર લહે સીતા સુખ, વિયોગની ચિંતા વીસરી. ૧૦**

**અર્થ :–** આમ ગદ્‌ગદ્ કંઠે બોલતાં મંદોદરીના નેત્રમાંથી આંસુ વહેવા લાગ્યા, અને સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. આવો સહજ સ્નેહ મંદોદરીનો જોઈને સીતાના નેત્રો પણ જળથી ભરાઈ ગયા.

શત્રુઓના સમૂહમાં માતા સમાન શીતળતાદાયક પ્રેમભરી શિખામણ સાંભળીને સીતાને મન ઘડીભર સુખ થયું અને શ્રીરામના વિયોગની ચિંતાને તે વિસરી ગઈ. ।।૧૦।।

**સીતા-સ્નેહ નિહાળી નયને મંદોદરી કહે : “હું યાચું,**
**અંબા-વિનતિ માની આજે ભોજન કર, કહું છું સાચું.**
**તુજ પતિને તું નીરખી શકશે, ટકશે જો તુજ દેહ અહીં,**
**શરીર નભે આહારે, માટે લંઘન તું લંબાવ નહીં. ૧૧**

**અર્થ :–** સીતાની આંખોમાં પોતા પ્રત્યે સ્નેહ નિહાળીને મંદોદરી કહેવા લાગી : તારા પ્રત્યે મારી આ યાચના છે કે અંબા એટલે માતાની વિનતિને માનીને તું આજે ભોજન કર. હું આ તને સાચું કહું છું.

જો તારો આ દેહ ટકશે તો તારા પતિને પણ તું જોઈ શકીશ. આ શરીર આહારથી નભે છે. માટે હવે તું આ લંઘન એટલે ઉપવાસને લંબાવ નહીં, પારણું કરી લે. ।।૧૧।।

**પતિદર્શનનો સંભવ કદીયે હોય ન તો પછી તપ તપવાં,**
**મુજ વિનતિ નહિ માને તું તો ભોજન મારે સૌ તજવા.”**
**સુણી સીતા વિચારે, ‘માતા નથી પણ મા સમ પ્રેમ ધરે.’**
**સ્નેહસહિત મંદોદરી-ચરણે દૃષ્ટિ દઈ તે નમન કરે. ૧૨**

**અર્થ :–** પતિના દર્શનનો કોઈ દિવસે સંભવ ન જ હોય તો પછી તપને તપવા જોઈએ. મારી આ વિનતીને તું નહીં માને તો હું પણ સર્વ પ્રકારના ભોજનનો ત્યાગ કરીશ.

આવી વાત સાંભળીને સીતા વિચારવા લાગી કે માતા નથી પણ માતાની સમાન જ મારા ઉપર પ્રેમ ધરે છે. તેથી સ્નેહપૂર્વક મંદોદરીના ચરણમાં દૃષ્ટિ દઈને તે તેમના ચરણમાં નમી પડી. ।।૧૨।।

**આપ્ત-દુખે દુખ ધરી મંદોદરી લંકા નગર ભણી ચાલી;**
**અણુમાને વિદ્યાબળથી રક્ષકને નિદ્રા અતિ આલી.**
**કપિરૂપે તે સીતા સામે વિનય સહિત આવી બોલે :**
**“રામચંદ્રનો સેવક છું, લ્યો પત્ર;” લઈ સીતા ખોલે. ૧૩**

**અર્થ :–** આપ્ત એટલે સ્વજન. સીતાને પોતાનું સ્વજન માનીને તેના દુઃખે મનમાં દુઃખ ધરતી

મંદોદરી લંકા નગર ભણી ચાલી. ત્યારબાદ હનુમાને પોતાના વિદ્યાબળથી વનના રક્ષકોને અત્યંત નિદ્રા આપી. પછી હનુમાને પણ પ્લવગ નામની વિદ્યાથી પોતાનું બંદર જેવું રૂપ બનાવી તે સીતા સામે આવી વિનયપૂર્વક કહેવા લાગ્યો : હું શ્રી રામચંદ્રજીનો સેવક છું. આ તેમનો પત્ર છે તે લ્યો. તે લઈને સીતાએ તે ખોલી જોયો. ।।૧૩।।

**સર્વ શોક વીસરી ગઈ સીતા પત્ર વાંચી હર્ષિત થતી**
**સ્નેહનજર કરી કહે દૂતને : ''પિતા તુલ્ય ઉપકારમતિ,**
**જીવિતદાન દીધું સંકટમાં, નથી બદલો કંઈ દઈ શકતી,''**
**કપિ કર્ણે કર ધરી દઈ વદતો : ''રામચંદ્ર મુજ અધિપતિ- ૧૪**

**અર્થ :–** તે પત્ર વાંચીને સીતા સર્વે શોકને વિસરી ગઈ; અને હર્ષિત થતી સ્નેહભરી નજરે તે દૂતને કહેવા લાગી કે તમે તો મારા પિતા તુલ્ય ઉપકારબુદ્ધિવાળા છો.

તમે મને આવા સંકટમાં જીવિતદાન આપ્યું છે. તેનો હું કંઈ બદલો આપી શકતી નથી. એવું સાંભળવાનું બંધ કરવા માટે પવનપુત્ર હનુમાન કાનો ઉપર હાથ ધરીને કહેવા લાગ્યા કે શ્રી રામચંદ્રજી તો મારા અધિપતિ છે, અર્થાત્ મારા રાજા છે, સર્વોપરિ છે. ।।૧૪।।

**તેથી મુજ માતા સમ માનું, અન્ય કલ્પના અણઘટતી,**
**આજે માતાજી, લઈ ચાલું એવી છે મુજમાં શક્તિ;**
**પણ આજ્ઞા નથી રામચંદ્રની, પોતે લડવા નીકળશે,**
**રાવણ હણી લંકાની લક્ષ્મી લઈ માતાજીને મળશે. ૧૫**

**અર્થ :–** તેથી સીતાજી તમને હું મારા માતા સમાન માનું છું, બીજી કલ્પનાઓ આ વિષે કરવી તે અઘટિત છે. આજે માતાજી, હું તમને અહીંથી લઈને જઈ શકું છું એવી શક્તિ મારામાં છે.

પણ શ્રીરામચંદ્રજીની મને એવી આજ્ઞા નથી. પોતે સ્વયં લડવા માટે આવશે. અને દુષ્ટ એવા રાવણને હણી, લંકાની લક્ષ્મી મેળવી, પછી માતાજી તમને મળશે. ।।૧૫।।

**કરી પરાક્રમ વરી કીર્તિને ત્રણે ખંડના પતિ બનશે,**
**માટે શોક તજી માતાજી, ભોજન લ્યો, સૌ શુભ થશે.''**
**ઉદાસીનતા તજી ભોજન કરી સીતા દૂત વિદાય કરે,**
**હનુમાન ઉતાવળથી ઊડી રામચરણમાં શિર ધરે. ૧૬**

**અર્થ :–** શ્રીરામ પરાક્રમ કરીને ત્રણે લોકમાં કીર્તિને વરી ત્રણે ખંડના અધિપતિ બનશે. માટે માતાજી શોક તજીને તમે આ ભોજન લ્યો. પ્રભુ કૃપાએ બધુ સારું થશે.

હવે ઉદાસીનતાને તજી ભોજન કરીને સીતાજીએ દૂતને વિદાય કર્યો. હનુમાને પણ ઉતાવળથી ઊડી આવી શ્રીરામના ચરણમાં પોતાનું વિનયપૂર્વક મસ્તક મૂકીને પ્રણામ કર્યા. ।।૧૬।।

**પ્રસન્ન વદન નીરખી હનુમાનનું રામ પ્રમોદ સહિત પૂછે :-**
**''સતી સીતા મુજ પ્રાણપ્રિયા તેં દીઠી? ક્ષેમકુશળ તે છે?''**
**ઉત્તર દૂત દે અતિ વિસ્તારે, રઘુપતિ-મન રંજન કરતો :**
**''સ્વભાવથી અભિમાની રાવણ ચક્રરત્નનો મદ ધરતો. ૧૭**

**અર્થ :—** હનુમાનનું પ્રસન્ન વદન એટલે મુખ જોઈને શ્રીરામ પ્રમોદસહિત પૂછવા લાગ્યા કે મુજ પ્રાણપ્રિયા સતી સીતાને જોઈ? તે ક્ષેમકુશળ છે? તેનો ઉત્તર હનુમાને અતિ વિસ્તારથી આપ્યો. તેથી રઘુકુળના પતિ શ્રીરામનું મન રંજિત થયું. ફરી કહેવા લાગ્યા કે રાવણ સ્વભાવથી તો અભિમાની છે જ. તેમાં વળી ચક્રરત્ન પ્રગટ થવાથી તે અભિમાનના મદમાં વૃદ્ધિ થવા લાગી છે. ।।૧૭।।

**અપશુંકન-સૂચક ઉત્પાતો લંકામાં ઉત્પન્ન થતા,**
**રામવિજયનાં ચિહ્ન ગણું તે રાવણ-મૃત્યું સૂચવતા.**
**વિદ્યાધર સેવક તેના સૌ નિપુણ બહુ, વિચાર કરો,**
**તમે ગમે તે રીતે સીતાને તુર્ત લાવવા ચિત્ત ધરો.'' ૧૮**

**અર્થ :—** અપશુકનને સૂચવનારા અનેક ઉત્પાતો લંકામાં થયા છે, તેને હું રાવણની મૃત્યુના સૂચક ગણું છું. અને શ્રી રામની વિજયના તે ચિહ્ન માનું છું.

રાવણના સર્વ વિદ્યાધર સેવકો બહુ કુશળ છે. માટે સર્વ વાતનો મંત્રીઓ સાથે સારી રીતે વિચાર કરી જેવી રીતે શક્ય હોય તેમ, ગમે તે રીતે સીતાજીને શીઘ્ર લાવવાનો નિશ્ચય કરવો જોઈએ. ।।૧૮।।

**સુણી વાત તે હનુંમાનને સેનાનાયક રામ કરે,**
**સુગ્રીવને યુવરાજપટ્ટ દે, અંગદ કહે તે ચિત્ત ધરે;**
**અંગદ કહે : ''હે! દેવ, ત્રિવિધ નૃપ : ધર્મજયી ને લોભજયી**
**અસુરજયી; રાવણ સમ માગે દંડ-ભેદ ઉપાય-દ્વયી. ૧૯**

**અર્થ :—** હનુમાનની બધી વાત સાંભળી યોગ્ય વિચાર કરીને હનુમાનને શ્રીરામે સેનાપતિ બનાવ્યા. અને સુગ્રીવને યુવરાજપદ આપ્યું. અને અંગદમંત્રી જે કહેવા લાગ્યા તે તરફ શ્રીરામે પોતાનું ચિત્ત કર્યું. અંગદ કહે : હે દેવ! રાજા ત્રણ પ્રકારના હોય છે. ધર્મજયી, લોભજયી અને અસુરજયી. તેમાં રાવણ તો ત્રીજો અસુરજયી રાજા હોવાથી ભેદ અને દંડની આ બે નીતિને જ લાયક છે, તો પણ ક્રમનું ઉલ્લંઘન ન કરવું જોઈએ. ।।૧૯।।

**લોભજયી દાને રીઝે છે, ધર્મજયી સહ સામ ઘટે;**
**તોપણ સામ પ્રથમ ક્રમ સૌમાં, સમજ ફરે તો કલહ મટે.**
**સેનાપતિ જઈને સમજાવે તો તે કાર્ય તુરત પતશે,**
**શાસ્ત્રજ્ઞો વિદ્યાબળવાળા વિરલા તેવા નર જડશે.'' ૨૦**

**અર્થ :—** લોભજયી રાજા દાન આપવાથી રીઝે છે. ધર્મજયી રાજાની સાથે સામ એટલે શાંતિનો વ્યવહાર કરવો જોઈએ. તો પણ સામ-દામ-દંડ-ભેદ-નીતિના ક્રમમાં સૌથી પ્રથમ સામ એટલે શાંતિપૂર્વક સામાપક્ષને સમજાવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે સમજી જાય તો ક્લેશના કારણો પણ મટી જાય છે.

સેનાપતિ જઈને રાવણને સમજાવે તો સીતાને મેળવવાનું કાર્ય તુરત પતી જશે. આપણા સેનાપતિ હનુમાન જેવા શાસ્ત્રને જાણવાવાળા કે વિદ્યાબળવાળા ચતુર નર બીજા કોઈ વિરલા જ મળશે. ।।૨૦।।

**રામચંદ્ર કહે : ''કાર્યકુશળ હનુમાન સમાન ન કોઈ દીસે,**
**પ્રભાવશાળી માર્ગજ્ઞ, નહિ તણાય તે પરતેજ વિષે,**
**શત્રુ પ્રતિ વર્તનની નીતિ યથાર્થ રીતે તે સમજે;**
**માટે વીર હનુમાન, પ્રથમ તું શીઘ્ર વિભીષણ પાસ જજે. ૨૧**

**અર્થ :–** શ્રીરામચંદ્રજી કહેવા લાગ્યા : આ કાર્યમાં કુશળ હનુમાન સમાન બીજો કોઈ દેખાતો નથી. તે પ્રભાવશાળી, લંકાનો માર્ગ જાણનાર અને બીજાના પ્રભાવમાં તણાય એમ નથી.

શત્રુ પ્રત્યે કેવું વર્તન કરવું જોઈએ તેની યથાર્થ નીતિ પણ એ જાણે છે. માટે વીર હનુમાન લંકામાં જઈને પહેલા વિભીષણને મળજે. ।।૨૧।।

**ક્હેજે : 'અહીં આપ જ ધર્મજ્ઞ, સુજ્ઞ, વિવેકી, દૂૅરદર્શી,**
**કુલ-કીર્તિ-રક્ષક, હિતચિંતક, વાત વિચારો તલસ્પર્શી :**
**રાવણ સીતા-હરણ કરી અન્યાય અને અપકીર્તિ વરે,**
**કલ્પકાળ તક કલંક કુળને લાગે તેવું કામ કરે. ૨૨**

**અર્થ :–** વિભીષણને કહેજે કે આ લંકામાં તમે જ ધર્મજ્ઞ, સજ્જન પુરુષ, વિવેકી અને દૂરદર્શી હોવાથી અન્યાયપૂર્ણ કાર્યનું ભવિષ્યમાં શું ફળ આવશે તેના જાણનાર છો. કુળની કીર્તિ બનાવી રાખવાના તમે રક્ષક સમાન છો, બધાના હિતચિંતક છો, માટે હું કહું તે વાતને જાણીને તેનો તલસ્પર્શી ઊંડો વિચાર કરો. તમારા મોટાભાઈ રાવણ સીતાનું હરણ કરીને અન્યાય અને અપકીર્તિને પોષણ આપે છે તથા કલ્પાન્તકાળ સુધી કુળને કલંક લાગે તેવું કામ કરે છે. ।।૨૨।।

**રતિમોહિત રાવણ સમજાવી, સલાહ દ્યો સીતા તજવા,**
**પાપ-કલંક-કલહનું કારણ તુર્ત ચહો નિર્મૂળ કરવા;'**
**આમ વિભીષણ સામ વચનથી સત્ય વાત લે સ્વીકારી,**
**તો સૌ શત્રુૅ શરણે આવ્યા, સૌૅતા-મિલન પણ લે ધારી.'' ૨૩**

**અર્થ :–** વળી વિભીષણને કહેજે કે રતિમોહિત એટલે કામાસક્ત રાવણને સમજાવી સીતાને પાછી આપી દેવાની તમે સલાહ આપો. પાપનું કલંક વહોરવું તે ક્લેશનું કારણ છે માટે તેને નિર્મૂળ કરવાનો ઉપાય શીઘ્ર ઇચ્છો. આમ શાંતિના વચનથી વિભીષણ જો સત્યવાતને સ્વીકારી લે તો સૌ શત્રુ શરણે આવ્યા અને સીતાનું મિલન પણ થઈ ગયું એમ સમજી લેવું. ।।૨૩।।

**લઈ સંદેશો દૂત બની હનુમાન વિભીષણને મળિયા,**
**સવિનય સંદેશો દઈ વદતા : ''રામ અને લક્ષ્મણ બળિયા;**
**કરોડ સાડા ત્રણ વિદ્યાધર, અપાર ભૂૅમિગોચરૌૅ સેના,**
**સજ્જ થઈને સાગરતીરે આવે ખબર સુણો તેના. ૨૪**

**અર્થ :–** શ્રીરામનો આવો સંદેશો લઈ દૂત બનીને હનુમાન લંકા જઈ વિભીષણને મળ્યા. વિનયપૂર્વક ઉપરોક્ત સંદેશો આપીને હનુમાન કહેવા લાગ્યા : કે શ્રીરામ અને લક્ષ્મણ વર્તમાનમાં બળવાન પુરુષો છે.

સાડા ત્રણ કરોડ વિદ્યાધર અને અપાર ભૂમિગોચરોની સેના સજ્જ થઈને સમુદ્રના તીરે આવી રહી છે તેના ખબર સાંભળો. ।।૨૪।।

**સમજીને સીતા નહિ સોંપે તો કુલક્ષય કરનાર થશે,**
**લંકાની લક્ષ્મી સહ સીતા, રાવણને હર્ણી તે હરશે.**
**સુજ્ઞ ગણીને રામચંદ્રજી આપ પ્રતિ અતિ પ્રેમ ધરે;''**
**સુણી વિભીષણ રાવણ પાસે દૂૅત સાથે જઈ વાત કરે : ૨૫**

**અર્થ :—** રાવણ સમજી સીતાને પાછી નહીં સોંપી દે તો આવા કામથી તે કુલનો ક્ષય કરનાર થશે અને શ્રીરામ રાવણને હણી લંકાની લક્ષ્મી સાથે સીતાને લઈ જશે. વિભીષણને હનુમાને કહ્યું કે શ્રીરામ તમને સુજ્ઞ એટલે સારી રીતે નીતિના જાણકાર માનીને આપ પ્રત્યે અત્યંત પ્રેમ રાખે છે. આ વાત સાંભળીને વિભીષણ હનુમાન સાથે રાવણ પાસે જઈને વાત કરવા લાગ્યા. ।।૨૫।।

**"પ્રિય ભાઈ, દૂત રામચંદ્રનો આવ્યો છે વિનતિ કરવા,"**
**ભેટ ધરી હનુમાન વદે ત્યાં : "કૃપા કરો વિનતિ ફળવા;**
**દિન દિન વધતા પુણ્યપ્રભાવે રામ અયોધ્યામાં વસતા,**
**આપ અખંડ ત્રિખંડપતિને કુશળ સમાચારો પૂંછતા. ૨૬**

**અર્થ :—** વિભીષણે રાવણને કહ્યું : પ્રિય ભાઈ, આ રાજા રામચંદ્રનો દૂત તમને વિનંતી કરવા માટે આવ્યો છે. ત્યારે હનુમાન પણ ભેટ ધરીને રાવણ પ્રત્યે બોલ્યા કે મારી વિનતિને ફળીભૂત કરવા કૃપા કરશો. પ્રતિદિન પુણ્યપ્રભાવે વધતા શ્રીરામ અયોધ્યામાં રાજ્ય કરતા વિરાજે છે. તેમણે મને અહીં દૂતરૂપે મોકલ્યો છે. તે આપ જેવા અખંડ ત્રણ ખંડના પતિને પ્રથમ કુશળ સમાચાર પૂછે છે. ।।૨૬।।

**વિદિત કરે : 'બીજાની જાણી આપે સીતા છે આણી,**
**પણ તે તો છે મુજ પટરાણી; પાછી મોકલો, નહિ હાણી.'**
**નહિ તો વિનમિ-વંશ-શિરોમણિ મહાપુરુષને અણઘટતું,**
**કર્મ ધર્મ ને શર્મ વિઘાતક, પાપ પ્રગટ આ હડહડતું. ૨૭**

**અર્થ :—** વળી શ્રીરામચંદ્ર રાજા આપને જણાવે છે કે આપે ભૂલથી સીતાને બીજા કોઈની જાણીને આણી છે, પણ તે તો મારી પટરાણી છે. માટે તેને પાછી મોકલી આપો, તો એમાં કંઈ હાનિ થઈ ગઈ એમ માનીશું નહીં. જો સીતાને પાછી નહીં મોકલો તો વિનમિ વંશના શિરોમણિ અને મહાપુરુષ જેવા આપનું આ અઘટિત કાર્ય, ધર્મ અને શર્મ એટલે સુખનું વિઘાતક એટલે વિશેષ પ્રકારે ઘાત કરનાર બનશે; અને આ હડહડતું પ્રગટ પાપ જગતમાં સર્વત્ર પ્રસિદ્ધિ પામશે. ।।૨૭।।

**સાગરનાં મોજાં મળ ત્યાગે, તેમ સીતા તજવા જેવી."**
**રાવણ કહે : "નથી આણી અજાણ્યે આશ સીતાની તજી દેવી;**
**માગ્યાથી તે નથી મળવાની ચક્રરત્ન સહ જીતી લેવી."**
**મનમાંહીં હનુમાન હસે : "તક 'તથાસ્તુ' ઝટ વદવા જેવી." ૨૮**

**અર્થ :—** જેમ સાગરના મોજાં સમુદ્રના મળને કિનારા ઉપર ફેંકી દે છે તેમ સીતા પણ પરસ્ત્રી હોવાથી તજવા જેવી છે. ત્યારે રાવણ કહે હું એને અજાણપૂર્વક નથી લાવ્યો, જાણીને લાવ્યો છું; માટે સીતાની આશાને સર્વથા તજી દેવી. માગ્યાથી તે મળવાની નથી. સીતાને મેળવવી હોય તો અહીં આવી મને જીતી ચક્રરત્ન સાથે લઈ જાય. રાવણના નાશસૂચક આવા શબ્દો સાંભળીને હનુમાન મનમાં હસવા લાગ્યા કે આ તક 'તથાસ્તુ' એટલે એમ જ હો એમ કહીને ઝડપી લેવા જેવી છે. ।।૨૮।।

**પણ દૂત-કાર્ય સ્મરી કહે મીઠા વચને : "સીતા સોંપી દ્યો,**
**પરસ્ત્રી-હરણ વિષે શી શોભા? કપટ પ્રગટ સુધારી લ્યો."**

**રાવણ ક્હે, "એ ભૂલ જનકની, કેમ રામને પરણાવી?**
**ત્રણે ખંડની મિલકત મારી, મને યોગ્ય તે અહીં આવી. ૨૯**

**અર્થ :—** પણ હનુમાન પોતાના દૂતકાર્યનું સ્મરણ કરીને મીઠા વચને કહેવા લાગ્યા : સીતા સતીને સોંપી દ્યો. પરસ્ત્રીનું હરણ કરવું એ કંઈ શૂરવીરની શોભા નથી. સીતાને માયાવડે છેતરીને તમે લાવ્યા છો. આ કપટ પ્રગટ જગજાહેર છે. માટે આ થયેલ ભૂલને સીતાને પાછી સોંપી સુધારી લો.

ત્યારે રાવણ કહે આ ભૂલ જનકરાજાની છે. તેણે સીતા રામને કેમ પરણાવી? ત્રણે ખંડની મિલકત મારી છે. તે મને યોગ્ય છે; માટે હું તેને અહીં લાવ્યો છું. ॥૨૯॥

**યોગ્યગ્રહણમાં અપકીર્તિ શી? સર્પ-ફણા પર મણિ ગણી,**
**સીતા લેવા સાહસ કરતો, બુદ્ધિ બગડી રામ તણી."**
**કહે વિભીષણ : "વાદ નિરર્થક કરવાથી નહિ કાંઈ વળે,**
**આર્ય અકાર્ય કરી ન સુધારે તો પસ્તાવે વ્યર્થ બળે." ૩૦**

**અર્થ :—** ફરી રાવણ કહેવા લાગ્યો : મારા યોગ્ય વસ્તુને ગ્રહણ કરવામાં અપકીર્તિ શું? દૃષ્ટિ વિષ સર્પની ફણા ઉપર રહેલ મણિને કોઈ લેવા ઇચ્છે તો તેનું મરણ જ થાય તેમ સીતાને લેવા રામ સાહસ કરે છે તે તેની બુદ્ધિ બગડી ગઈ જણાય છે. ત્યારે વિભીષણ હનુમાનને કહેવા લાગ્યા : હવે નિરર્થક વાદ કરવાથી કાંઈ વળે તેમ નથી. આર્ય થઈ અકાર્ય કરીને પણ તેને સુધારે નહીં તો અંતે પોતાના અકાર્યમાં કરેલ વ્યર્થ બળથી તેને પસ્તાવું જ પડશે. ॥૩૦॥

**"હે! હનુમાન, જતો રૂહે પાછો, નહિ તો વાત વધી જાશે,**
**લંકાપતિના ક્રોધાનલથી રાખ રખે તું ઝટ થાશે."**
**હનુમાન કહે : "કામાંધ ન દેખે પુણ્યપુંજ નિજ પ્રજ્જ્વલતો,**
**સતી સીતાના નિઃસાસાથી સળગ્યું આ રાક્ષસકુળ, જો." ૩૧**

**અર્થ :—** વળી વિભીષણ કહે : હે હનુમાન, તું પાછો પોતાના ઘરે જતો રહે. નહીં તો વાત નિરર્થક વધી જશે અને આ લંકાપતિ રાવણની ક્રોધાગ્નિથી રખે ને તું શીઘ્ર રાખ બની જશે. ઉત્તરમાં વિભીષણને હનુમાને કહ્યું : કામથી અંધ થયેલો પ્રાણી પોતાના પ્રજ્વલિત થતાં પુણ્યપુંજને નથી જોઈ શકતો, તેમજ સતી સીતાના નિઃસાસાથી પોતાનું રાક્ષસકુળ પણ સળગી ગયું છે તેનું પણ તેને ભાન આવતું નથી. ॥૩૧॥

**એમ કહી ઊડ્યો ગગને તે શીઘ્ર સીતા પાસે આવી,**
**સમાચાર સીતાના લઈ જઈ, કહે રામને સમજાવીઃ**
**"દુરાગ્રહી રાવણ નહિ કોઈ રીતે સીતાજી તજશે,**
**તેથી યુદ્ધ ત્વરાથી કરવા તૈયારી કરવી પડશે." ૩૨**

**અર્થ :—** એમ કહીને હનુમાન ત્યાંથી આકાશમાં ઊડીને શીઘ્ર સીતા પાસે આવ્યો. તેમના સમાચાર લઈ જઈ રામને બધી હકીકત સમજાવીને કહેવા લાગ્યા કે દુરાગ્રહી રાવણ કોઈ રીતે પણ સીતાજીને તજશે નહીં. માટે તેની સાથે યુદ્ધ કરવાની તૈયારી શીઘ્ર કરવી પડશે. ॥૩૨॥

*

**રઘુકુળ-કેસરી રામ હવે ચતુરંગી સેના સજ્જ કરે;**
**વર્ષાકાળ વીતે ત્યાં લગી તે ચિત્રકૂટે વનવાસ ધરે.**
**ગ્રીષ્મઋતુ વિરહાગ્નિ સમ સંતાપ દઈ સંતાઈ ગઈ,**
**ગાજવીજે વર્ષા ચઢી આવી ઘન-ગજ-સૈન્ય-સમૂહ લઈ. ૩૩**

**અર્થ :—** રઘુકુળમાં સિંહ સમાન શ્રીરામ હવે ચતુરંગી સેના સજ્જ કરે છે. વર્ષાકાળ વ્યતીત થાય ત્યાં સુધી ચિત્રકૂટ વનમાં જ નિવાસ કરે છે.

ગરમીની ઋતુ તો સીતાની વિરહાગ્નિ સમાન સંતાપ દઈને સંતાઈ ગઈ. અને હવે ગાજવીજ સાથે વાદળારૂપી હાથીઓની સેનાનો સમૂહ લઈને વરસાદ ચઢી આવ્યો. ।।૩૩।।

**મુશળ-ધાર વૃષ્ટિ થઈ, વહવા લાગ્યા વારિ-પ્રવાહ બધે,**
**તાપશત્રુને વેગસહિત હાકલ દઈ જાણે તે શોધે!**
**સત્પુરુષો નિંદા-સ્તુતિનાં વચન સુણે છે સમભાવે,**
**તેમ ટેકરા-ખાડા ઢાંકી સલિલ સપાટી દર્શાવે. ૩૪**

**અર્થ :—** મુશળધાર વરસાદ થયો. પાણીના પ્રવાહ બધે વહેવા લાગ્યા. તે પાણી વેગ સાથે વહીને જાણે તાપરૂપી શત્રુને હાકલ દઈને શોધતો હોય તેમ જણાયું.

પણ શ્રીરામ જેવા સત્પુરુષો તો નિંદા કે સ્તુતિના શબ્દોને સમભાવે સાંભળે છે. તેમ સલિલ એટલે પાણી પણ ટેકરા હો કે ખાડા હો, બન્નેને સરખી રીતે ઢાંકી ઉપરથી સપાટરૂપે જ નજરે પડે છે. ।।૩૪।।

**સ્વર્ગીય પુલ સમ સુંદર રંગે ઇન્દ્રધનુ દ્યુતિ રમ્ય ધરે,**
**રામ-સૈન્યને કાજે જાણે ગગન-માર્ગ તૈયાર કરે.**
**એવામાં વાલી પાસેથી દૂત આવી નમી વાત કહે :**
**"પૂજ્યપાદ નૃપ રઘુકુળ-દીપક મુજ સેવા-સ્વીકાર ચહે, ૩૫**

**અર્થ :—** વર્ષાઋતુમાં ઇન્દ્રધનુષ જાણે સ્વર્ગમાં જવાનો પુલ હોય નહીં તેમ સુંદર રંગથી વિભુષિત થઈને તેની દ્યુતિ એટલે તે જ કાંતિની રમ્ય એટલે રમણીયતાને પ્રદર્શિત કરે છે. તે જાણે શ્રીરામની સેનાને આકાશમાં જવા માટેનો માર્ગ તૈયાર કરતો હોય એમ જણાય છે.

એવામાં વાલી નામના વિદ્યાધર રાજા પાસેથી દૂત આવી શ્રીરામને નમીને વાત કહેવા લાગ્યો કે રઘુકુળના દીપક પૂજ્યપાદ શ્રીરામચંદ્ર મહારાજ મારી સેવાનો સ્વીકાર કરે. ।।૩૫।।

**તો સુગ્રીવ-હનુમાન તજી દે, મુજ મૈત્રીથી કાજ સરે-**
**આજ જ મુજ ભુજબળ ને વિદ્યા રામ સમીપ સીતાજી ધરે."**
**દૂત વિસર્જન કરી અંગદની સલાહ લેવા રામ પૂંછે;**
**અંગદ તેનો ઉત્તર દે તે સંશય મનના સૌ લૂછે : ૩૬**

**અર્થ :—** વળી મારી સેવાને સ્વીકારવા ઇચ્છતા હોય તો સુગ્રીવ અને હનુમાનની સેવાને ત્યજી દે. મારી સાથે મિત્રતા કરવાથી શ્રીરામના કાર્યની સિદ્ધિ થઈ જશે. આજે જ મારા ભુજબળ અને વિદ્યાના બળે લંકા જઈ રાવણનું માન ભંગ કરી સીતાજીને રામ પાસે લાવીને મૂકી દઉં.

વાલીના દૂતને દૂર રાખી શ્રીરામ આ વિષયમાં અંગદને પોતાનો અભિપ્રાય જણાવવા પૂછવા

લાગ્યા. ત્યારે અંગદે તેનો ઉત્તર આપ્યો તે મનના સર્વ સંશયને નષ્ટ કરે એવો હતો. ।।૩૬।।

**"રાવણ તો શત્રુ થઈ ચૂક્યો; મિત્ર-શત્રુ વાલી જાણો,**
**રાવણને મળી જાય પછી તો દુર્જય ઉભય બને માનો;**
**વાલીને પહેલો વશ કરવો દૂત મોકલી છંછેડો,**
**હાથી દઈ લંકામાં લડવા અહીં આવવાને તેડો. ૩૭**

**અર્થ :–** અંગદ કહે : રાવણ તો સીતાને હરવાથી આપણો શત્રુ થઈ ગયો, અને આ વાલીને આપણા મિત્ર થયેલા સુગ્રીવ અને હનુમાનનો શત્રુ જાણો. હવે આ વાલીનું કહેલું નહીં માનીએ તો તે રાવણ સાથે મળી જશે અને શત્રુની શક્તિ વધી જવાથી ઉભય એટલે બેયને જીતવામાં આપણને વિશેષ મુશ્કેલી પડશે. માટે પહેલા વાલીને વશ કરવાથી રાવણનો પરાજય સરળતાથી કરી શકાશે. પ્રથમ આપણો દૂત મોકલી વાલીને છંછેડો કે તમારો મહામેઘ નામનો શ્રેષ્ઠ હાથી છે તે અમને સમર્પિત કરી લંકામાં લડવા જવા માટે અહીં આવીને રહો. ।।૩૭।।

**પછી શક્તિ સંપત્તિ વધશે રાવણ-નાશ થશે સ્હેલો."**
**રામચંદ્રની સંમતિ મળતાં વાલિદૂત તેડ્યો પ્હેલો;**
**રામ કહે : "હે! દૂત, અમારો દૂત વાલિનૃપ સમીપ જશે,**
**'ગજ નિજ દઈ સુસજ્જ થવા' સંદેશો દઈ ઘટતું કરશે." ૩૮**

**અર્થ :–** આમ કરવાથી આપણી સૈન્ય શક્તિ અને સંપત્તિ પણ વધશે અને રાવણનો નાશ કરવો સહેલો થઈ પડશે. આ કાર્યમાં શ્રીરામચંદ્રની સંમતિ મળતાં, આવેલ વાલીના દૂતને પહેલાં બોલાવ્યો.

તેને શ્રીરામે કહ્યું : હે દૂત, અમારો દૂત વાલી રાજા પાસે જશે. તે વાલીરાજાને પોતાનો મહામેઘ હાથી અમને આપીને રાવણ સામે લડાઈમાં જવા માટે સુસજ્જ થવા જણાવશે. અને તમારી ઇષ્ટ વાતની ચર્ચા ત્યાર પછી થશે એવો સંદેશો તમારા રાજાને દઈ તે દૂત ઘટતું કરશે. ।।૩૮।।

**બન્ને દૂતની વાત સુણી વાલી વિચાર કહે આવો :–**
**"રાવણ આગળ વિનય-વચન ક્હે, મુજને કહે હાથી લાવો."**
**રામ-દૂત કહે : "પરસ્ત્રીલંપટ રાવણ મરણ-શરણ લેશે,**
**પણ જો આપ ચહો જીવન તો રામ-શરણ શાંતિ દેશે." ૩૯**

**અર્થ :–** બન્ને દૂતની વાત સાંભળીને વાલી કહેવા લાગ્યો કે રામ રાવણ આગળ તો સીતાને મેળવવા વિનયપૂર્વક વચન કહેવડાવે છે અને મને કહે છે કે હાથી લઈને રાવણ સાથે લડવા આવો.

રામના દૂતે તેના ઉત્તરમાં કહ્યું કે પરસ્ત્રીમાં લંપટ રાવણ તો મરણનું શરણ લેશે, પણ આપ જો જીવવા ઇચ્છતા હો તો રામનું શરણ આપને શાંતિનું કારણ થશે. ।।૩૯।।

**ક્રોધ કરી વાલી બોલે : "જા દૂત, કહે તુજ સ્વામીને,**
**જીંવવાની ઇચ્છા રાખે તો આશા ગજની ત્યાગી દે.**
**નહિ તો યુદ્ધ કરે મુજ સાથે, હવે નથી બીજો આરો;**
**બચે, બનારસ પાછો જઈ જો રહે બની સેવક મારો." ૪૦**

**અર્થ :–** હવે ક્રોધ કરીને વાલી બોલ્યો : જા દૂત ચાલ્યો જા. તારા સ્વામીને એમ કહેજે કે તું

જીવવાની ઇચ્છા રાખતો હોય તો મહામેઘ હાથીની આશા ત્યાગી દે.

નહીં તો મારી સાથે યુદ્ધ કર. હવે તો બનારસ પાછો જઈ મારો સેવક બનીને રહે તો જ બચી શકે. નહીં તો બચવાનો એના માટે બીજો કોઈ આરો નથી. ।।૪૦।।

**દૂતે આવી, વાત કહી સૌ; રામ સજાવે લક્ષ્મણને,**
**'વાલિ-વ્યૂહ છે ક્રીડાંગણ સમ સુગ્રીવ ને હનુમાન-મને.'**
**વાલી-સેનાને વન પેઠે લક્ષ્મણ કાપે ક્રોધ કરી,**
**જાતે વાલી સામે આવ્યો કે શિર ફળ સમ જાય ગરી. ૪૧**

**અર્થ :–** વાલીને ત્યાંથી દૂતે આવીને બધી વાત કરી ત્યારે શ્રીરામે લક્ષ્મણને સેનાનાયક બનાવી વાલીને જીતવા માટે સજ્જ કર્યો. વાલીની કરેલી વ્યૂહરચનાને તોડવી તે સુગ્રીવ અને હનુમાનને મન રમત સમાન હતી. વાલીની સેનાને લક્ષ્મણ ક્રોધ કરીને જાણે વજ્ર વડે વનને કાપતા હોય તેમ કાપવા લાગ્યા. સેના નષ્ટ થઈ ત્યારે વાલી પોતે સામે આવ્યો કે લક્ષ્મણે કાન સુધી ખેંચીને તીક્ષ્ણ સફેદ બાણ મારવાથી વાલીનું શિર તાડના ફળની જેમ કપાઈને ધડ પરથી નીચે પડી ગયું. ।।૪૧।।

**સુગ્રીવ પામ્યો અધિપતિપદ કે રામચંદ્ર પાસે આવ્યો,**
**ભક્તિભાવ સહિત સર્વેને કિષ્કિંધા તેડી લાવ્યો.**
**ચૌદ અક્ષૌહિણી સેનાબળ સહ રામ શશી સમ શોભી રહે,**
**શરદ ઋતુનું નિર્મળ નભ પણ 'યુદ્ધ-યોગ્ય આ કાળ' કહે. ૪૨**

**અર્થ :–** હવે સુગ્રીવ શ્રીરામ લક્ષ્મણની કૃપાથી પોતાના ગયેલ યુવરાજપદને બદલે પિતાનું સંપૂર્ણ રાજ્ય પામી રાજા થયો. તેથી શ્રી રામચંદ્ર પાસે આવીને ભક્તિભાવ સહિત બધાને કિષ્કિંધા નગરીમાં તેડી લાવ્યો. ત્યાં ચૌદ અક્ષૌહિણી સેનાબળ સાથે શ્રીરામ ચંદ્રમા સમાન શોભી રહ્યાં છે. એક અક્ષૌહિણી સેનાદળમાં ૨૧૮૭૦ રથ, ૨૧૮૭૦ હાથી, ૬૫૬૧૦ ઘોડા અને ૧,૦૯,૩૫૦ પાયદળનો સમૂહ હોય છે. એનાથી ચૌદ ગણી સેનાના શ્રીરામ નાયક થયા. હવે વર્ષાઋતુ પૂરી થઈને શરદઋતુ જે આસો માસથી કાર્તિક માસ સુધી હોય છે, તે આવી ગઈ. તે સમયે નિર્મળ આકાશ પણ જાણે આ કહેતું હતું કે હવે યુદ્ધ કરવાને માટે આ યોગ્ય સમય છે. ।।૪૨।।

**જગત્પાદ પર્વત પર લક્ષ્મણ સપ્ત દિવસ ઉપવાસ કરે,**
**પ્રજ્ઞપ્ત્યાદિક વિદ્યા સાધી; સુગ્રીવ પણ તે ચિત્ત ધરે.**
**રામચંદ્ર, લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન વગેરે વીર ઘણા,**
**પ્રલયકાળ સમ સેના સાથે પંથ વટાવે લંક તણા. ૪૩**

**અર્થ :–** જે જગત્પાદ નામના પર્વત ઉપર શિવઘોષ મુનિ મોક્ષે પધાર્યા તે જ પર્વત ઉપર જઈને લક્ષ્મણે સાત દિવસ સુધી ઉપવાસ કરીને પ્રજ્ઞપ્તિઆદિ વિદ્યાઓ સિદ્ધ કરી. સુગ્રીવે પણ તે પ્રમાણે કરીને વિદ્યા સાધ્ય કરી. હવે શ્રીરામચંદ્ર, લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન વગેરે ઘણા વીરો જેમાં છે એવી પ્રલયકાળ સમાન સેનાએ લંકા જવા માટે પંથ કાપવા માંડ્યો. ।।૪૩।।

*

**કહે કુંભકર્ણાદિ સ્વજનો, રાવણને લંકાદ્વીપેઃ-**
**"ઉચ્ચ આપણા વંશ વિષે સૂરજ સમ આપ-પ્રતાપ દીપે;**
**એંઠ સમી પર-સ્ત્રી સંઘરવી લજ્જાસ્પદ સૌને લાગે,**
**નિર્મળ કુળ કલંકિત કરતી સીતા તજવા સૌ માગે." ૪૪**

**અર્થ :–** હનુમાન જ્યારે લંકાથી પાછા ફર્યા કે કુંભકર્ણાદિ ભાઈઓ લંકાદ્વીપમાં રાવણને કહેવા લાગ્યા કે આપણા ઉચ્ચ વંશમાં આપનો સૂરજ સમાન પ્રતાપ દેદિપ્યમાન છે.

તેમાં એંઠ સમાન પરસ્ત્રીને ઘરમાં સંઘરવી તે અમ સૌને લજ્જાસ્પદ લાગે છે. આપણા નિર્મળ કુળને કલંકિત કરતી સીતા સતીને સૌ જન તજવા ઇચ્છે છે. ।।૪૪।।

**મલિનમતિ રાવણ કહે : "આવે રામ લઈ લશ્કર લડવા,**
**'ભયથી સીતા સોંપી' એવું કલંક કેમ દઉં ચડવા?**
**તૃણસમ તુચ્છ ગણો ભૂમિગોચરી, યોદ્ધા આપ સમાન નહીં,**
**ચક્રરત્નના ચાકર દેવો; કરી શકે શું રામ અહીં?" ૪૫**

**અર્થ :–** સીતા સતીમાં આસક્ત મલિનમતિ રાવણ કહેવા લાગ્યો. રામ લશ્કર લઈને લડવા આવે છે એમ જાણીને ભયથી સીતાને સોંપી દઉં? એવું કલંક મારા પર કેમ ચડવા દઉં.

આ ભૂમિ ઉપર ચાલનારાઓને તૃણની સમાન તુચ્છ ગણો. આપના સમાન જગતમાં બીજા કોઈ યોદ્ધા નથી. અને વળી ચક્રરત્નની સેવા કરનારા તો દેવો છે. તો રામ અહીં આવીને શું કરી શકે? ।।૪૫।।

**સાંખી શક્યો નહિ કથન અન્યાયી તેથી વિભીષણ પ્રગટ કહે :**
**"સૂર્યવંશના રામચંદ્રની શૂરવીરતા નહિ કોણ લહે?**
**વાલી વિદ્યાધર બળવંતો, રમત માત્રમાં જેહ હણે,**
**તે શત્રુને તુચ્છ કહો તે કામઘેલછા સર્વ ગણે. ૪૬**

**અર્થ :–** આવા રાવણના અન્યાયી વચનને વિભીષણ સાંખી શક્યો નહીં. તેથી પ્રગટપણે કહેવા લાગ્યો કે સૂર્યવંશના રામચંદ્રની શૂરવીરતાને કોણ નથી જાણતું.

બળવાન વાલી વિદ્યાધરને તો જેણે રમતમાત્રમાં હણી નાખ્યો. તે શત્રુને તમે તુચ્છ કહો છો. એ તો તમે કામની ઘેલછા વડે બોલો છો એમ સર્વ માને છે. ।।૪૬।।

**પરસ્ત્રી પાછી સોંપી દેતાં દોષ ગણો એ ન્યાય નહીં;**
**પરસ્ત્રી-ગ્રહણ ગણાશે શૂરતા, આપ તણું દૃષ્ટાંત લહી.**
**ધર્મપત્ની સહ વિષયભોગ પણ તજવા જેવી વય આવી;**
**તોપણ પરસ્ત્રી-લંપટતા, ના છૂટે એ ભૂંડું ભાવિ. ૪૭**

**અર્થ :–** તમે પરસ્ત્રીને પાછી સોંપવામાં દોષ ગણો છો એ ન્યાયપૂર્ણ વચન નથી. જગતમાં આપનું દૃષ્ટાંત લઈને પરસ્ત્રી ગ્રહણ કરવામાં શૂરવીરતા છે એમ ગણાશે.

હવે તો ધર્મપત્ની સાથે પણ વિષયભોગ તજવા જેવી વય આવી છે. તો પણ પરસ્ત્રી પ્રત્યેની લંપટતા ન છૂટે તો ભાવિ ઘણું ભૂંડું છે એમ માની લેવું. ।।૪૭।।

**ગુંણ જ પુણ્ય ગણાયે જગમાં, પુણ્ય વડે સુખ સર્વ મળે;**
**પરસ્ત્રી-હરણ મહા દુર્ગુણના પાપે લક્ષ્મી સર્વ ટળે.**
**'નારી નરકનું દ્વાર કહે છે' જ્ઞાની, હું શું અધિક કહું?**
**વ્રત લીધેલું-'મને ચહે નહિ તે સ્ત્રીને હું નહીં ચહું.' ૪૮**

**અર્થ :–** જગતમાં ગુણ જ પુણ્ય ગણાય છે. પુણ્યથી સર્વ સુખ મળે છે. પરસ્ત્રી હરણ એ મહા દુર્ગુણ છે. એના પાપથી સર્વ પ્રકારની લક્ષ્મી નાશ પામે છે.

જ્ઞાનીપુરુષો નારી પ્રત્યેના રાગને નરકનું દ્વાર કહે છે. તેથી વિશેષ હું પામર શું કહી શકું? તમે વ્રત લીધેલું છે કે મને જે ઇચ્છે નહીં તે સ્ત્રીને હું પણ ઇચ્છીશ નહીં, તેને યાદ કરો. ।।૪૮।।

**તે તોડો નહિ, ભવજળ તરવા વહાણ સમું વ્રત વિચારો;**
**સતી સીતાનો શાપ ગ્રહી નિજ કુળ સકળ કાં સંહારો?**
**સજ્જન પ્રાણ તજી વ્રત પાળે, આપ પાપ કરી પ્રાણ તજો,**
**કલ્પકાળ તક ટકનારું અપ-કીર્તિ-કારણ હજી સમજો. ૪૯**

**અર્થ :–** તે વ્રતને તોડો નહીં. કેમકે તે એક જ વ્રત તમને સંસારરૂપી સમુદ્રથી પાર ઉતારવા માટે જહાજ સમાન છે. તેનો વિચાર કરો. સતી સીતાના શાપને ગ્રહણ કરીને પોતાના સકળ કુળનો નાશ શા માટે કરો છો? સજ્જન પુરુષો પોતાના પ્રાણ તજીને પણ વ્રત પાળે છે અને આપ પાપ કરીને પ્રાણ તજવા તૈયાર થયા છો. આ પાપ કલ્પકાળ સુધી તમારી અપકીર્તિનું કારણ બનશે, માટે આ વાતને હજી સમજો. ।।૪૯।।

**સીતા દુહિતા કોની? એ અનુમાન કરો, સ્મરી નિજ કથા,**
**'ભાન ભૂલે કામાંધ જનો' એ સજ્જન વદતા સત્ય તથા.**
**ગર્વ ઘટે નહિ ચક્ર તણો રે! પ્રતિનારાયણ-પ્રાણ હરે.**
**સતી સીતાને સોંપી દેતા ધર્મ, નીતિ, કુલ સૌ ઊગરે." ૫૦**

**અર્થ :–** આ સીતા કોની દુહિતા એટલે પુત્રી છે? એ તમારી પોતાની જ કથાને યાદ કરીને અનુમાન કરો. પણ કામથી અંધ થયેલા લોકો પોતાનું પણ ભાન ભૂલી જાય છે, અને જાણેલી વાતને પણ નહીં જાણ્યા સમાન ગણીને મૂકી દે છે; એમ સજ્જન પુરુષો કહે છે તે સત્ય છે.

તેમજ આ ચક્રનો પણ તમને ગર્વ ઘટે નહીં. કેમકે આ ચક્ર જ પ્રતિનારાયણના પ્રાણને હરનાર છે. જો તમે સતી સીતાને સોંપી દો તો ધર્મ, નીતિ અને કુલ સૌનો ઉદ્ધાર થશે. ।।૫૦।।

**હિતવચનો સુણતાં કહે રાવણ ક્રુદ્ધ થઈ, "હે! મૂઢમતિ,**
**આગળ પણ તેં ભરી સભામાં રામદૂત સહ કહ્યું અતિ;**
**રાજદ્રોહ હજી કર્યા કરે છે; ભાઈ અવધ્ય ગણી ન હણું,**
**દેશનિકાલ દઉં છું તુજને, કહ્યું કોઈનું નહીં સુણું." ૫૧**

**અર્થ :–** આવા હિતકારી વચનોને સાંભળી રાવણ ક્રોધિત થઈ કહેવા લાગ્યો : હે મૂઢમતિ! આગળ પણ તે રામના દૂત સાથે મળીને સભામધ્યે નહીં કહેવા યોગ્ય મને ઘણું કહ્યું હતું.

અને હજી પણ રાજદ્રોહ કર્યા કરે છે. તું મારો ભાઈ હોવાથી અવધ્ય એટલે વધ કરવા લાયક નથી

એમ ગણીને તને હું હણતો નથી પણ જા મારા દેશમાંથી નીકળી જા. હું તને દેશનિકાલ આપું છું. હવે હું કોઈનું કહ્યું સાંભળવાનો નથી. ।।૫૧।।

**વિભીષણ વિચારે : "રાવણનો નાશ સમીપ જણાય ખરે!**
**દેશનિકાલ સજા કરી સારી; રામ-શરણ ઉદ્ધાર કરે."**
**સૌજન્યસમા વિભીષણ રાવણ તજી ઝટ સાગર પાર ગયા,**
**લક્ષ્મણ આદિ કરે પરીક્ષા, નિપુણ વિભીષણ પાસ થયા. ૫૨**

**અર્થ :–** આવા રાવણના કઠોર વચનો સાંભળીને વિભીષણ વિચારવા લાગ્યા કે રાવણનો નાશ હવે ખરેખર સમીપ જણાય છે. મને દેશનિકાલની સજા કરી તે સારું થયું. નહીં તો રાવણ સાથે મારો પણ વિનાશ થાત અને આવા અપયશકારી કલંકના છાંટા મને પણ ઉડત. શ્રીરામનું શરણ જ મારો ઉદ્ધાર કરી શકે એમ છે. એમ વિચારી સૌજન્યસમા એટલે ભલાઈનો ભાવ જેના હૃદયમાં છે એવા સજ્જન વિભીષણ, દુષ્ટ એવા રાવણને તજી દઈ શીઘ્ર સમુદ્ર પાર જઈને શ્રી રામને મળ્યા. શ્રીરામે લક્ષ્મણ આદિને વિભીષણની પરીક્ષા કરવા કહ્યું કે ખરેખર તે આપણા પ્રત્યે સદ્ભાવવાળા છે કે નહીં તે પરીક્ષામાં નિપુણ એટલે હોશિયાર એવા વિભીષણ પાસ થયા. ।।૫૨।।

**ત્યાં હનુમાન કરે નિવેદન : "લંકા જઈ રાવણ પજવું,**
**તો અભિમાની અહીં આવશે; સ્થાનભ્રષ્ટનું નહિ ટકવું."**
**રામચંદ્રની સંમતિ મળતાં, વિદ્યાધર શૂરવીર લઈ**
**કપિવિદ્યાથી વાનર બની રંજાડે લંકા ત્રાસ દઈ. ૫૩**

**અર્થ :–** ત્યાં હનુમાને શ્રીરામને એમ કહ્યું કે હે દેવ! આપની આજ્ઞા હોય તો હું લંકામાં જઈને બગીચા વગેરેનો વિનાશ કરી રાવણને પજવું. જેથી તે રાવણ અભિમાની હોવાથી અહીં આવશે. અને પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલાને જીતવાનું કામ સહેલું બનશે.

શ્રી રામચંદ્રજીની સંમતિ મળતાં વિદ્યાધર હનુમાન બીજા પણ શૂરવીર અનેક વિદ્યાધરોને સાથે લઈ લંકામાં ગયો. ત્યાં કપિવિદ્યાના બળે બધા વાનર બની લંકાને રંજાડીને ત્રાસમય બનાવી દીધી. ।।૫૩।।

**રામ પૂછે વિભીષણને કે "હજી રાવણ કેમ જણાય નહીં?"**
**કહે વિભીષણ, "વિદ્યા સાધે રાવણ આવે ક્યાંથી અહીં?**
**લાગ ખરો લંકા લેવાનો સેના સહ ચાલો જઈએ,**
**પ્રજ્ઞપ્તિ વિદ્યાબળથી બહુ વિમાન-રચના કરી લઈએ." ૫૪**

**અર્થ :–** હવે રામ વિભીષણને પૂછવા લાગ્યા કે હજી રાવણ કેમ દેખાતો નથી? ત્યારે વિભીષણ કહે તે તો લંકામાં નથી પણ આદિત્યપાદ નામના પર્વત ઉપર વિદ્યા સાધે છે તેથી અહીં ક્યાંથી આવે?

હવે લંકા લેવાનો ખરો લાગ છે. માટે સેનાની સાથે ચાલો જઈએ. પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળે બધી સેનાને લઈ જવા માટે ઘણા વિમાનોની રચના કરી લઈએ. ।।૫૪।।

**રામ કહે : "શુભ નભ રસ્તે તે સાગર પાર જરૂર જઈએ,**
**આજુબાજુથી વિદ્યાધર સૌ, પ્રથમ બળે જીતી લઈએ."**

**સમુદ્ર વિદ્યાધર ચઢી આવ્યો, નીલે ઝટ બાંધી લીધો;**
**રામે મુક્ત કરી નિજ રાજ્યે ડાંગર સમ રોપી દીધો. ૫૫**

**અર્થ :—** ત્યારે શ્રીરામ કહે : તમારા કહેવા પ્રમાણે શુભ આકાશ માર્ગે તે સાગર પાર આપણે જરૂર જઈએ અને આજુબાજુમાં રહેનારા સૌ વિદ્યાધરોને પ્રથમ બળવડે જીતી લઈએ. તેમ કરતાં સમુદ્ર નામનો વિદ્યાધર ચઢી આવ્યો. તેને નીલ નામના વિદ્યાધરે ઝટ બાંધી લીધો. તેને શ્રીરામે મુક્ત કરાવીને પોતાના રાજ્યમાં ડાંગર સમાન રોપી દીધો, અર્થાત્ પોતાની આજ્ઞા માન્ય કરાવી દીધી. ।।૫૫।।

**પ્રાન્ત ભાગના વિદ્યાધર સૌ રામ-શાસને આવી ગયા,**
**રણજંગે રાવણને હણવા સૌ એકત્ર સુ-સજ્જ થયા.**
**ઇન્દ્રજિત રાવણસુત લંકા-રક્ષક કહે : ''દેવો, આવો,**
**લડવા ચાલો રામ-સૈન્ય સહ, શૂરવીર વીણી બાંધી લાવો.'' ૫૬**

**અર્થ :—** પ્રાન્ત ભાગના એટલે લંકાની સીમામાં છેડાના ભાગમાં રહેતા બધા વિદ્યાધરો શ્રીરામના શાસનમાં આવી ગયા. રણજંગ એટલે મોટા યુદ્ધ મેદાનમાં રાવણને હણવા માટે બધા વિદ્યાધરો સુસજ્જ થઈને એકત્ર થયા. આદિત્યપાદ પર વિદ્યા સાધ્ય કરવા જ્યારે રાવણ ગયો ત્યારે લંકાનું રાજ્ય પોતાના પુત્ર ઇન્દ્રજિતને સોંપી ગયો. જેથી હવે લંકાના રક્ષક જેવો ઇન્દ્રજિત કહેવા લાગ્યો કે હે દેવો! આવો આવો. રામની સેના સાથે લડવા ચાલો અને તેમની સેનામાંથી શૂરવીરને વીણી વીણીને બાંધી લાવો. ।।૫૬।।

---

(૪૫)

## નિર્દોષ નર - શ્રી રામ

ભાગ-૪

*



**રાવણ પણ ઝટ આવી પહોંચે કટોકટીનો કાળ ગણી,**
**સિદ્ધ કરેલા બધા દેવતા કહે સ્પષ્ટ, ''લ્યો આપ સુણી :**
**પ્રબળ પુણ્યના ઉદયે કરતા અમે આપનું સર્વ કહ્યું,**
**હવે કરી શકીએ નહિ કાંઈ પૂર્વ પુણ્ય પરવારી ગયું.'' ૧**



**અર્થ :—** રાવણ પણ આવી કટોકટીનો કાળ જાણી ઝટ લંકામાં આવી પહોંચ્યો. ત્યાં સિદ્ધ કરેલા બધા દેવતાઓ સ્પષ્ટપણે કહેવા લાગ્યા કે આપ અમારી વાત સાંભળી લ્યો. આપના પ્રબળ પુણ્યના ઉદયે અમે આપનું આજ દિવસ સુધી સર્વ કહ્યું કરતા હતા. પણ હવે અમે આપનું કંઈ પણ કાર્ય કરી શકીએ એમ નથી. કારણ કે આપનું પૂર્વનું પુણ્ય પરવારી ગયું છે અર્થાત્ પૂરું થઈ ગયું છે. ।।૧।।

**અભિમાનીને ઊંધું સૂઝે, સત્ય શિખામણ ગણે નહીં,**
**ક્રોધ કરી રાવણ કહે : ''જાઓ, નથી કોઈનું કામ અહીં.**

**નીચ દેવતા નહીં હોય તો યુદ્ધ નહીં તેથી અટકે,**
**સિંહ સમા મુજ ભુજબળ આગળ શિયાળ સમ શું રામ ટકે?'' ૨**

**અર્થ :—** અભિમાની જીવને ઊંધુ જ સૂઝે અને સત્ય શિખામણને ગણે નહીં. તેમ રાવણ પણ ક્રોધ કરીને કહેવા લાગ્યો : જાઓ, તમારા કોઈનું મારે કામ નથી. નીચ એવા દેવતા નહીં હોય તો મારું યુદ્ધ અટકી શકે નહીં. સિંહ સમાન મારા ભુજબળ આગળ આ રામ જેવા શિયાળ શું ટકી શકે? ।।૨।।

**સિંહનાદ કરી સેનાપતિ રવિ-કીર્તિને આ હુકમ કર્યો :-**
**''રણભેરી વગડાવો, ચાલો, સેના સૌ તૈયાર કરો;**
**સિંહગુફા હરણો ઘેરી લે, લંકા તેમ દીસે આજે,**
**શિયાળ, સસલાં જેવા આવ્યા રામાદિક મરવા કાજે.'' ૩**

**અર્થ :—** સિંહ જેવો અવાજ કરીને રવિ-કીર્તિ સેનાપતિને રાવણે હુકમ કર્યો કે રણભેરી વગડાવો, બધા ચાલો, સર્વ સેનાને તૈયાર કરો. સિંહ ગુફાને જેમ હરણો ઘેરી લે, તેમ આ રામના હરણ જેવા સૈનિકોએ આજે લંકાને ઘેરી હોય એમ જણાય છે. તથા શિયાળ અને સસલાં જેવાં આ રામ-લક્ષ્મણાદિ આજે મરવા માટે જ અહીં આવ્યા છે. ।।૩।।

**ધોલ મારી મુખ રાતું રાખે, તેમ બધો દેખાવ કરે,**
**પણ અંતરમાં સંશય સાલે ઉર અમંગલ તર્ક ભરે :**
**''રાવણ વણ જગ આજ બનો, પણ રામસહિત નહિ રાજ્ય કરું.''**
**એમ વિચારી કરી તૈયારી, ચક્રરત્નને અગ્ર કર્યું. ૪**

**અર્થ :—** જેમ અસમર્થ પ્રાણી ધોલ મારીને મુખ રાતું રાખે તેમ રાવણ બધો દેખાવ કરે છે. પણ અંતરમાં શંકા દુઃખ આપી રહી છે કે રામ મને જીતી જશે તો? એવા અમંગળ અશુભ તર્કોથી તેનું હૃદય હવે ભરાવા લાગ્યું.

રાવણ વગરનું આ જગત ભલે બની જાય અર્થાત્ હું ભલે મરી જાઉં, પણ રામની આણ સ્વીકારીને તો હું રાજ્ય નહીં જ કરું. એમ વિચારીને રાવણે યુદ્ધની તૈયારી કરી અને ચક્રરત્નને આગળ કર્યું. ।।૪।।

**હય, હાથી, રથ, વિમાન પર સૌ શૂરવીર શોભે શૌર્યભર્યા,**
**વાગે નોબત વિધવિધ વાજાં લડવા લંકાથી નીસર્યા.**
**રાવણના લશ્કરને દેખી, રામસૈન્ય પણ સજ્જ થયું,**
**વંદન કરી વીતરાગ પ્રભુને રામ-હૃદય તે જોઈ રહ્યું. ૫**

**અર્થ :—** હય એટલે ઘોડા, હાથી, રથ, વિમાન ઉપર સૌ શૂરવીરો પોતાના શૌર્ય વડે શોભવા લાગ્યા. અનેક પ્રકારના જુદા જુદા વાજાં અને નોબત વાગતાં લંકાથી રાવણ વગેરે બધા લડવા માટે નીકળી પડ્યા. રાવણના લશ્કરને દેખી શ્રીરામની સેના પણ સજ્જ બની ગઈ. પ્રથમ વીતરાગ પ્રભુના દર્શન હૃદયથી શ્રીરામે કરીને જે થાય તે જોવા માંડ્યું. ।।૫।।

**અંજન-પર્વત નામે ગજ પર આરૂઢ રામ થઈ ચાલે,**
**વિજય-પર્વત નામે ગજ પર ચઢી લક્ષ્મણ રિપુગણ ભાળે.**

**સુગ્રીવ ને હનુમાન વિમાને સૂર્ય-ચંદ્ર સમ મન હરતા,**
**દુશ્મન-દર્પ તિમિર ઓસરતું, ઉલસે વિદ્યાધર વીરતા. ૬**

**અર્થ :—** અંજન-પર્વત નામના હાથી ઉપર આરૂઢ થઈને રામ ચાલવા લાગ્યા. વિજય-પર્વત નામના હાથી ઉપર ચઢીને લક્ષ્મણ શત્રુઓના સમૂહને જોવા લાગ્યા. સુગ્રીવ અને હનુમાન વિમાન ઉપર ચઢી સૂર્ય અને ચંદ્ર સમાન બની મનુષ્યોનું મન હરવા લાગ્યા. આવી વિદ્યાધરોની ઉલ્લાસ પામતી વીરતા અને તેજના પ્રભાવે દુશ્મનોનો દર્પ એટલે ગર્વરૂપી અંધકાર નાશ પામવા લાગ્યો. ।।૬।।

**નાદ નગારાંના નિષ્ઠુર તાડનથી ઘોર કરે ભારે,**
**તિરસ્કાર શત્રુંનો કરતા ભરતા દ્વીપ-દિશા ચારે;**
**હયહેષારવ, ગજગર્જન ને ધનુષ્યના ટંકાર થતા,**
**શસ્ત્ર, અસ્ત્ર ઊછળે ચળકે બહુ, સુભટ નીડર બની ત્યાં ફરતા. ૭**

**અર્થ :—** નગારાં પર પડતા નિષ્ઠુર તાડન એટલે નિર્દય પ્રહાર વડે તે ઘોર નાદ કરતા હતા. તે અવાજો જાણે શત્રુઓના તિરસ્કાર કરતા હોય તેમ ચારે દ્વીપોની દિશાઓને ભરી દેતા હતા.

તે યુદ્ધ મેદાનમાં ઘોડાઓ હેષારવ કરતા, હાથીઓ ગર્જના કરતા અને ધનુષ્યના ટંકાર થતા સંભળાતા હતા. સુભટોના હાથમાં રહેલ મારવાનું હથિયાર તે તલવાર આદિ શસ્ત્ર અને બાણ વગેરે ફેંકવાના હથિયાર તે અસ્ત્ર બહુ ચળકતા ઊછળતા જણાતા હતા. અને ત્યાં સુભટો નીડર બનીને ફરતા હતા. ।।૭।।

**તિરસ્કાર રાવણનો કરતા મહા-રથી વ્યંગે વદતા,**
**"એક ચક્રથી પરાક્રમી તે, અમે વૃથા બબ્બે ધરતા."**
**મહાસાગર સમ સેનામાં મોજાં સમ અશ્વગ્રીવા ભાળો,**
**ધ્વજા દંડ સહ ગજ, રથ, રૂડા વહાણ સમા બહુ નિહાળો. ૮**

**અર્થ :—** રાવણનો તિરસ્કાર કરતા મહારથી વ્યંગમાં એમ બોલતા હતા કે આ રાવણ તો એક ચક્રથી પરાક્રમી કહેવાય છે તો આપણે રથને વૃથા બે ચક્ર રાખ્યા છે.

મહાસાગર સમાન આ સેનામાં મોજાં સમાન અશ્વગ્રીવા એટલે ઘોડાઓની ગર્દન દેખાય છે અને ધ્વજાના દંડ સાથે હાથી કે વહાણ જેવા રૂડા રથ ઘણા જ દૃષ્ટિગોચર થાય છે. ।।૮।।

**પવન વહે પાછળથી તેથી ધ્વજા બધી અરિભણી ઊડે,**
**દંડ-લગામ ખમાય ન જાણે હય સમ, તેથી બહુ ફફડે;**
**ધૂળ વંટોળે, તિમિર-પછેડે હણવા જાણે સૌ મથતી,**
**અથવા વૃદ્ધ જનોની જાણે દંડ ગ્રહી મશ્કરી કરતી. ૯**

**અર્થ :—** પવન પાછળથી વહેતો હતો. તેથી બધી ધજાઓ શત્રુઓ ભણી ઊડતી હતી. તે ધજાઓ, પોતાની લાકડીરૂપ લગામને, જાણે કે ઘોડાની લગામ સમાન ખમાતી ન હોય તેમ તે બહુ ફફડાટ કરતી હતી.

વળી તે ધજાઓ ધૂળના વંટોળિયાથી વ્યાપેલ અંધકારમાં ઢંકાઈને જાણે સૌને હણવા મથતી હોય તેમ જણાતું હતું. અથવા તે ધજાઓ જાણે વૃદ્ધ પુરુષોની લાકડીને પકડી તેને હલાવીને તેમની મશ્કરી

કરતી હોય એમ જણાતું હતું. ।।૯।।

**ધૂળ શમી કે સેનાપતિની આજ્ઞાથી સૌ યુદ્ધ કરે,**
**વાદળથી જળ-ઝડીઓ જેવી વીરકરથી શર-વૃષ્ટિ સરે;**
**નિમકહલાલી નૃપની કરવા, મરવા સૈનિક-ગણ તલસે,**
**વેતન-ઋણને ફેડવવા તે જીવનદાન દેવા ઊલસે. ૧૦**

**અર્થ :–** જ્યારે ધૂળ શમી ગઈ કે સેનાપતિની આજ્ઞાથી સૌ યુદ્ધ કરવા લાગ્યા. વાદળમાંથી જેમ જળની ઝડીઓ વર્ષે તેમ વીરપુરુષોના હાથથી શર એટલે બાણોની વૃષ્ટિ થવા લાગી.

જેનું નમક ખાધું છે એવા રાજાની ફરજ બજાવવા માટે સૈનિક ગણ ઉત્સુક હતા અને પગારરૂપી ઋણને પતાવવા માટે પોતાનું જીવનદાન દેવોને પણ ઉલ્લાસપૂર્વક તૈયાર હતા. ।।૧૦।।

**નથી જોવું નિજ સેનાનું હા! મરતું કે ડરતું કોઈ,**
**એમ ગણીને પ્રથમ લડીને વીર મરે જાણી જોઈ;**
**બાણાદિક વીર તદ્દન છોડે, પણ બરછી આદિ અર્ધી,**
**પણ અસિ આદિ અલ્પ ન છોડે; જામી અતિ સ્પર્ધાસ્પર્ધી. ૧૧**

**અર્થ :–** પોતાની સેનામાં હા! કોઈ મરતું હોય કે કોઈ ડરતું હોય તેને અમારે જોવું નથી; એમ માનીને તે વીર પ્રથમ જ જાણી જોઈને લડી મરતા હતા. જમણા અને ડાબા બેયહાથમાં છોડવા યોગ્ય, અરધા છોડવા યોગ્ય, કે નહીં છોડવા યોગ્ય એવા બધા પ્રકારના શસ્ત્રો ધારણ કરીને લડી રહ્યાં હતા.

બાણાદિક અસ્ત્રોને તદ્દન છોડતા હતા. પણ બરછી આદિ શસ્ત્રોનો અર્ધો ઉપયોગ કરતા હતા. પણ અસિ એટલે તલવાર આદિનો ઉપયોગ અલ્પ પણ કરતા ન હતા. છતાં પરસ્પર યુદ્ધમાં અતિ સ્પર્ધાસ્પર્ધી જામી હતી. ।।૧૧।।

**મર્મભેદક એક જ બાણે પ્રાણ હરે મોટા ગજના,**
**અસ્ત્રા સમ શરથી શત્રુના વાળ હરે અર્ધી મૂંછના;**
**ઘણાં બાણ કોઈ ગજને વાગ્યાં લોહી વહે જાણે ઝરણાં,-**
**ગેરુ-શિખરથી ઝરતાં, તેમાં નેતરનાં ઊગ્યાં તરણાં. ૧૨**

**અર્થ :–** મર્મભેદક એવા એક જ બાણથી મોટા હાથીઓના પ્રાણ હરી લેતા હતા. દાઢી કરવાના અસ્ત્ર સમા બાણ વડે કોઈ શત્રુના મૂછના અર્ધા વાળ પણ હરી લેતા હતા.

ઘણા બાણ કોઈ હાથીને વાગવાથી એવુ લોહી વહેવા લાગ્યું કે જાણે કોઈ લોહીનું ઝરણું હોય અને વળી તે લાલ ગેરુના પહાડના શિખર ઉપરથી ઝરતું હોય, અને તેમાં વળી બાણ છે તે તો નેતર એટલે સોટીના જાણે તરણા ઊગ્યા હોય તેમ ભાસતું હતું. ।।૧૨।।

**રાવણ દેખે નિજ સેનાને છિન્નભિન્ન થઈ જતી જ્યારે,**
**નાખે માયામય સીતાનું મસ્તક રામ નજીક ત્યારે,**
**રામહૃદય મોહે મૂંઝાયું, કહે વિભીષણ, ''કપટ ગણો,**
**સતી સીતાને સ્પર્શી શકે ના આપ વિના કો માત-જણ્યો.'' ૧૩**

**અર્થ :–** રાવણ જ્યારે પોતાની સેનાને છિન્નભિન્ન થતી જુએ છે ત્યારે માયાવડે સીતાનું મસ્તક

રામની પાસે લાવીને નાખે છે.

તે જોઈને રામનું હૃદય મોહથી મૂંઝાવા લાગ્યું ત્યારે વિભીષણે તુરત કહ્યું કે આ બધું રાવણનું માયા કપટ છે. સતી સીતાને આપ વિના બીજો કોઈ માતાનો જણ્યો નથી કે તેને સ્પર્શી શકે. ।।૧૩।।

**રામ સચેત થઈ સંહારે રાવણ-સેના રહી-સહી,**
**યુદ્ધ તજી નાઠો રાવણ પણ માયાયુદ્ધે બુદ્ધિ લહી;**
**સિંહવાહિની-વિદ્યા-રથ લઈ રામ પડ્યા રાવણ કેડે,**
**ઇન્દ્રજિત પ્રતિ લડવા લક્ષ્મણ વિદ્યાબળથી ગગન ઊડે. ૧૪**

**અર્થ :–** વિભીષણની વાત સાંભળી શ્રીરામ ફરીથી સચેત થઈને રહી-સહી રાવણની સેનાનો સંહાર કરવા લાગ્યા. ત્યારે રાવણ યુદ્ધ તજીને નાઠો. પણ હવે તેની બુદ્ધિમાં માયામય યુદ્ધ કરવાની ઇચ્છા થવાથી આકાશમાં જઈ પહોંચ્યો. ત્યારે સિંહવાહિની વિદ્યાવડે આકાશગામી સિંહરૂપ રથ ઉપર ચઢીને શ્રીરામ રાવણની પાછળ પડ્યા અને ઇન્દ્રજિત પ્રત્યે લડવા માટે લક્ષ્મણ ગરૂડવાહિની વિદ્યાના બળે ગરૂડ ઉપર ચઢીને આકાશમાં ઉડવા લાગ્યા. ।।૧૪।।

**કુંભકર્ણ સહ સુગ્રીવ ને હનુમાન લડે રવિકીર્તિ પ્રતિ,**
**ઇન્દ્રકેતુ સાથે અંગદ, ખર-દૂષણ નીલને જામે અતિ,**
**રામપ્રતાપે રાવણ હઠતો નીરખી ઇન્દ્રજિત ઝટ આવે,**
**રામચંદ્ર ઝટ શક્તિ-પ્રહારે ઇન્દ્રજિતને પટકાવે. ૧૫**

**અર્થ :–** કુંભકર્ણ સાથે સુગ્રીવ, હનુમાન લડે સેનાપતિ રવિકીર્તિ સાથે, ઇન્દ્રકેતુ સાથે અંગદ અને ખર-દૂષણ સાથે નીલ વિદ્યાધરને લડાઈ અતિ જામી. રામના પ્રતાપે રાવણને પાછો હઠતો જોઈ ઇન્દ્રજિત ઝટ ત્યાં આવ્યો કે શ્રી રામચંદ્રે શક્તિવડે પ્રહાર કરીને ઇન્દ્રજિતને ઝટ પાડી દીધો. ।।૧૫।।

**શસ્ત્ર લઈ રાવણ દોડ્યો ત્યાં વચમા લક્ષ્મણ ઘૂસી ગયા,**
**શરપિંજરમાં પૂરે રાવણ, વિદ્યાબળથી મુક્ત થયા.**
**તેથી રાવણ લક્ષ્મણ હણવા ચક્ર ચલાવે ક્રોધ કરી,**
**પ્રદક્ષિણા દઈ લક્ષ્મણના દક્ષિણ કર પર તે રહ્યું ઠરી. ૧૬**

**અર્થ :–** ત્યાં શસ્ત્ર લઈને રાવણ શ્રીરામને હણવા દોડ્યો કે વચમા શીઘ્ર લક્ષ્મણ ઘૂસી ગયા. તે સમયે માયામય હાથી ઉપર ચઢીને ઉપરાઉપરી બાણવર્ષા કરીને રાવણે લક્ષ્મણને શરપિંજરમાં પૂરી દીધા. પણ બંધવિમોચની નામની વિદ્યાના બળે તે શરપિંજનરને તોડી લક્ષ્મણ બહાર નીકળી ગયા.

આ જોઈ રાવણ ઘણો ક્રોધિત થયો અને લક્ષ્મણને હણવા માટે ચક્રને આદેશ આપ્યો. તે ચક્ર લક્ષ્મણની પ્રદક્ષિણા દઈને તેમના જમણા હાથ ઉપર આવીને ઊભુ રહી ગયું. ।।૧૬।।

**પરાક્રમમૂર્તિ લક્ષ્મણ છેદે રાવણ-મસ્તક ચક્ર વડે,**
**પાપે નરક ગતિ બાંધેલી તેથી મરી નરકે જ પડે.**
**વિજયશંખ પૂરી શત્રુને અભયદાન લક્ષ્મણ દેતા,**
**ભ્રમર સમા રાવણના મંત્રી રામચરણકજ-સુખ લેતા. ૧૭**

**અર્થ :–** પરાક્રમની મૂર્તિ એવા લક્ષ્મણે તે જ ચક્રવડે ત્રણ ખંડના અધિપતિ રાવણનું મસ્તક છેદી

નાખ્યું. પાપવડે નરકગતિ બાંધેલી હોવાથી મરીને તે રાવણ નરકમાં જ પડ્યો. વિજય નામનો શંખ વગાડીને શત્રુઓને અભયદાન લક્ષ્મણ આપવા લાગ્યા. જેથી રાવણના જીવીત રહેલ મંત્રીઓએ આવી ભ્રમર સમાન બની રામના ચરણકમળનો આશ્રય લીધો અને સુખ પામ્યા. ।।૧૭।।

**આશ્વાસન દે મંદોદરીને, કરે વિભીષણ દ્વીપપતિ;**
**રામ થયા બળભદ્ર અને લક્ષ્મણ પણ થાય ત્રિખંડ-પતિ.**
**સુગ્રીવ, હનુમાનાદિકે જઈને વિજયોત્સવની ખબર કરે,**
**રામ-વિજયથી અશોકવનમાં શીલવતી સીતા હર્ષ ધરે. ૧૮**

**અર્થ :–** રાવણની રાણી મંદોદરી આદિને દુઃખમાં શ્રીરામે આશ્વાસન આપી વિભીષણને લંકાદ્વીપના પતિ બનાવ્યા. શ્રીરામ બળભદ્ર થયા અને લક્ષ્મણ પણ ત્રણેય ખંડના પતિ બની નારાયણ પદવીને પામ્યા.

સુગ્રીવ અને હનુમાનાદિએ અશોકવનમાં જઈ સીતાજીને વિજયોત્સવની ખબર આપી. ત્યારે અશોકવનમાં રહેલ શીલવતી સીતા રામનો વિજય જાણીને અતિ હર્ષિત થઈ. ।।૧૮।।

**જેમ મહામણિ હાર વિષે યોજાતાં યોગ્ય પ્રભા પ્રગટે,**
**કે કુશલ કવિવાણી સાથે અનુપમ અર્થ-સુયોગ ઘટે,**
**અથવા સંત મતિ નિજ યોજે ધર્મ સ્વરૂપે પ્રેમ ધરી,**
**તેમ જ શોભે રામ-યોગથી શ્રીસમ સીતા મોદ ભરી. ૧૯**

**અર્થ :–** જેમ કુશળ કારીગર મહામણિને યોગ્ય હાર સાથે જોડતાં તેની પ્રભામાં વિશેષ વૃદ્ધિ થાય છે, કે કોઈ કુશળ કવિ કાવ્યમાં અનુપમ-મનોહર અર્થને જોડતાં તેનો સુંદર ભાવ પ્રગટ થાય છે.

અથવા સંતપુરુષો પોતાની બુદ્ધિને પ્રેમપૂર્વક ધર્મના સ્વરૂપમાં જોડે છે. તેમજ શ્રીરામના યોગથી લક્ષ્મી સમાન સીતાજી પણ શોભા પામવા લાગ્યા. તે જોઈને વિભીષણ, સુગ્રીવ, હનુમાન આદિ સર્વ અતિ આનંદ પામ્યા. ।।૧૯।।

**પ્રાણપ્રિય પતિ-વિરહે ઝૂરણા હતી અતિ જાનકી-ઉરે,**
**રામહૃદય શોકાકુલ રહેતું, પુણ્યોદય-સુખ કરી દૂરે.**
**પ્રિય-મિલનની પુણ્યપળે ધડકે ઉર એક થવા જાણે,**
**સખત તાપ પૃથ્વી સહી રહી ત્યાં મેઘ-મિલન શાંતિ આણે. ૨૦**

**અર્થ :–** જ્યાંસુધી શ્રીરામના દર્શન થયા નહીં ત્યાંસુધી જાનકી અર્થાત્ જનકરાજાની પુત્રી સીતાના હૃદયમાં પ્રાણપ્રિય પતિવિરહની ઝૂરણા હતી. પુણ્યના ઉદયથી બીજું બધું સુખ હોવા છતાં તેને દૂર કરીને, સીતાના વિરહથી શ્રીરામનું હૃદય પણ શોકાકુલ રહેતું હતું.

આજે પુણ્યબળે બન્નેના પ્રિય મિલનથી એકબીજાના હૃદય જાણે સુખદુઃખની વાતો કરીને એક થવા માટે ધડકતા ન હોય એમ જણાતું હતું. જેમ સખત તાપથી પૃથ્વી તપ્તાયમાન થયેલી હોય, તેમાં વરસાદ પડવાથી પૃથ્વીને કેવી શાંતિ થાય તેમ થયું હતું. ।।૨૦।।

**વિરહ સમયની વીતી વાતો વિનિમયથી સ્મૃતિમાં આણે,**
**પરસ્પરે સુખ-દુઃખની વાતો સ્મરી સ્નેહીજન સુખ માણે.**

**સદોષ રાવણ ગણી હણી, નિર્દોષ સીતા-સ્વીકાર કીધો,**
**સત્પુરુષો સુવિચારે વર્તે; એ જ મહાજન-પંથ સીધો. ૨૧**

**અર્થ :—** વિરહ સમયની વીતી વાતોને, વિનિમયથી એટલે પરસ્પર વાતચીતની આપ-લે કરીને સ્મૃતિમાં આણી સ્નેહીજન સુખને અનુભવે છે.

તેમ રાવણને દોષવાળો ગણી, તેને હણીને નિર્દોષ એવી સીતાનો શ્રીરામે સ્વીકાર કર્યો. સત્પુરુષો આમ સુવિચારથી વર્તે છે અને એ જ મહાપુરુષોનો સમ્યક્ માર્ગ છે. ।।૨૧।।

**ગયા પછી પીઠ-ગિરિ ઉપર સૌ સર્વ તીર્થ-જળ આણીને,**
**રામ અને લક્ષ્મણ બન્નેનો અભિષેક-વિધિ જાણીને,**
**એક સહસ ને અષ્ટ કળશથી સુર-વિદ્યાધર-રાય ઘણા**
**ઉત્સવ સહ અભિષેક કરે ત્યાં હર્ષ વર્ષતો, નહીં મણા. ૨૨**

**અર્થ :—** હવે શ્રીરામ અને લક્ષ્મણ આદિ જનોએ લંકાપુરીમાંથી રવાના થઈને અતિ સુંદર એવા પીઠ નામના પર્વત ઉપર જઈને નિવાસ કર્યો. ત્યાં દેવ અને વિદ્યાધરોએ મળી સર્વ તીર્થનું જળ આણ્યું તથા શ્રીરામ અને લક્ષ્મણનો, અભિષેક વિધિનો પ્રકાર જાણી એક હજાર અને આઠ કળશાઓથી દેવ, વિદ્યાધર અને ઘણા રાજાઓએ મળી ઉત્સવ સહિત તેમનો અભિષેક કર્યો. ત્યાં અત્યંત આનંદ વર્ષતો હતો. તેમાં કોઈ પ્રકારની મણા એટલે ખામી રહી ન હતી. ।।૨૨।।

**કોટિ-શિલા લક્ષ્મણ ઉઠાવે, રામ અતિ સંતુષ્ટ થયા,**
**દેશો જીતતા ગંગા-કાંઠે કાંઠે જલધિ સમીપ ગયા.**
**પુણ્ય-ઉદયથી દેવાદિકને વશ કરી થાય ત્રિખંડપતિ,**
**આવી અયોધ્યામાં વીર બન્ને રાજ્ય કરે લઈ લોકમતિ. ૨૩**

**અર્થ :—** ત્યાં કોટિ-શિલાને લક્ષ્મણે ઉઠાવી. તે જોઈ શ્રીરામ અતિ સંતુષ્ટ થયા. હવે ગંગાના કાંઠે આવેલ બધા દેશોને જીતતાં દિગ્વિજય કરતાં, તે સમુદ્રની સમીપ પહોંચ્યા.

ત્યાં પુણ્યોદયથી માગધ આદિ દેવોને વશ કરીને લક્ષ્મણ હવે ત્રણ ખંડના અધિપતિની પદવીને પામ્યા. જ્યારે અયોધ્યા આવ્યા ત્યારે દેવ, વિદ્યાધર અને મનુષ્યોએ મળી તેમનો રાજ્યાભિષેક કર્યો. હવે બન્ને વીરો સુખપૂર્વક અયોધ્યામાં લોકમતને માન આપી રાજ્ય કરવા લાગ્યા. ।।૨૩।।

**એક દિને પુર-ઉપવનમાં ગુરુ શિવગુપ્ત જ્ઞાની જાણી,**
**લક્ષ્મણ સહ જઈ રામચંદ્રજી વંદન કરી સુણતા વાણી.**
**તે ઉપદેશ સુણી, જાગ્રત થઈ શ્રાવકનાં વ્રત રામ ધરે,**
**નિદાનદોષે ભોગાસક્તિ લક્ષ્મણની ના જરી ફરે. ૨૪**

**અર્થ :—** એક દિવસે પુર નામના ઉપવનમાં શિવગુપ્ત નામક ગુરુ પધાર્યા જાણી લક્ષ્મણ સાથે રામચંદ્રજીએ જઈને ભાવભક્તિથી તેમને વંદન કર્યા અને તેમની પાસેથી મોહહારિણી એવી વાણી સાંભળી.

તે ઉપદેશ સાંભળીને રામચંદ્રજીમાં જાગૃતિ આવી ગઈ અને શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં. પણ નિદાનદોષના કારણે લક્ષ્મણની ભોગાસક્તિમાં જરા પણ ફેરફાર થયો નહીં. ।।૨૪।।

**બાંધેલું આયુષ્ય નરકનું તેથી ના વ્રત-વીર્ય સ્ફુરે,**
**ધારી શક્યા ના લક્ષ્મણ કંઈયે, સ્પષ્ટ શિખામણ નિજ ઉરે.**
**એક દિને દેખે લક્ષ્મણ ત્રણ સ્વપ્ન, જઈ કહે રામ કને;**
**રામ પુરોહિતને એકાન્તે મળી, સુણે ઉદાસ મને. ૨૫**

**અર્થ :–** નિદાનદોષથી નરકનું આયુષ્ય બાંધેલું હોવાથી લક્ષ્મણમાં વ્રત ધારણ કરવાનું વીર્ય સ્ફુરાયમાન થયું નહીં. જેથી કેવળી ભગવંતે આપેલી સ્પષ્ટ શિખામણોને પણ તે પોતાના હૃદયમાં ધારી શક્યા નહીં. એક દિવસ લક્ષ્મણે ત્રણ સ્વપ્નો દીઠાં. તે શ્રીરામ પાસે જઈને વિદિત કર્યાં. શ્રીરામે પુરોહિતને બોલાવી એકાન્તમાં તેના ફળ ઉદાસીન મને સાંભળ્યાં. ।।૨૫।।

**કહે પુરોહિત : "મસ્ત હસ્તી વડ ઉખેડતો દીઠો તેથી,**
**અસાધ્ય રોગ થશે લક્ષ્મણને, કેશવ-દેહ છૂટે એથી;**
**રાહુગ્રસ્ત રવિ રસાતલે પડતો બીજે સ્વપ્ને દેખે,**
**ફળ તેનું ક્ષય ભોગજીવનનો, દુર્ગતિદાયક સૌ લેખે. ૨૬**

**અર્થ :–** પુરોહિત કહે સ્વપ્નમાં મસ્ત હાથીને વડ ઉખેડતો જોયો તેના ફળમાં લક્ષ્મણને અસાધ્ય રોગ થશે અને તેથી આ કેશવ વાસુદેવનો દેહ છૂટી જશે.

બીજા સ્વપ્નમાં રાહુ વડે ગ્રસાયેલ સૂર્યને રસાતલ એટલે પૃથ્વીમાં પ્રવેશતો જોયો તેનું ફળ આમ છે કે લક્ષ્મણના ભોગ જીવનનો ક્ષય અને દુર્ગતિરૂપ પૃથ્વીમાં આવેલ નરકાવાસમાં ગમન જાણવું. ।।૨૬।।

**ઊંચુ રાજભવન ધોળેલું તૂટતું સ્વપ્ન વિષે ભાળે,**
**તેનું ફળ આ : આપ તપોવન જઈ તપ તપશો તે કાળે."**
**ધીર વીર ગંભીર રામ કરે નહિ ખેદ, ઉરે અતિ શાંતિ ધરે,**
**કરી ઘોષણા : 'રાજ્ય વિષે હણવા નહિ જીવો કોઈ, અરે!" ૨૭**

**અર્થ :–** ત્રીજા સ્વપ્નમાં ધોળેલું ઊંચુ રાજભુવન તૂટતું જોયું, તેનું ફળ આ છે કે તે સમયે આપ ઘરબાર છોડી તપોવનમાં જઈને તપ તપશો. ઉપરોક્ત ફળ સાંભળીને યથાર્થ સ્વરૂપના જાણવાવાળા શ્રીરામ ધીર, વીર અને ગંભીર રહ્યા પણ ખેદ કર્યો નહીં, હૃદયમાં અતિ શાંતિને જ ધારણ કરીને રહ્યાં. અને બેય લોકમાં હિત કરનાર એવી ઘોષણા કરી કે કોઈ પણ મનુષ્ય કોઈ પણ પ્રાણીની હિંસા કરે નહીં. અરે! એ હિંસા એ જ જગતમાં સર્વ દુઃખનું મૂળ છે. ।।૨૭।।

**ઇચ્છિત દાન દીધા દીન જનને, શાંતિ-પૂજન કરી જન જમતા;**
**પણ લક્ષ્મણજી પુણ્યક્ષયે જો અસાધ્ય રોગે દુખ ખમતા.**
**માઘ અમાવસ્યાએ લક્ષ્મણ પ્રાણ તજી ચોથી નરકે**
**ગયા, થયા સંતપ્ત રામ; પણ શોક ન સમજું-ચિત્ત ટકે. ૨૮**

**અર્થ :–** વળી શ્રીરામચંદ્રજીએ ભગવાન સમક્ષ શાંતિપૂજન પાઠ કરાવી બધાને જમાડી, ગરીબ લોકોને ઇચ્છિત દાન આપ્યું. પણ લક્ષ્મણનું પુણ્ય ક્ષય થઈ જવાથી અસાધ્ય રોગ ઉત્પન્ન થયો અને તે અશાતા વેદનીયનું દુઃખ ખમવા લાગ્યા. માહ મહિનાની અમાવસના દિવસે લક્ષ્મણ પ્રાણ તજીને ચોથી પંકપ્રભા નામની નરક પૃથ્વીમાં જઈને પડ્યા. લક્ષ્મણના વિયોગથી શ્રીરામનું હૃદય ઘણું સંતપ્ત થયું. પણ

સમજુ પુરુષોના ચિત્તમાં તે શોક ઘણીવાર સુધી ટકી શકતો નથી. ।।૨૮।।

**ઉત્તર-ક્રિયા કરી, શુભ વચને સ્ત્રીજનનું મન શાંત કરે,**
**લક્ષ્મણ-સુત પૃથ્વીસુંદર-શિર રામ મુકુટ પોતે જ ધરે.**
**સીતાના સુત સાત ચહે નહિ રાજ્યશ્રી વૈરાગ્ય ધરી,**
**તેથી અજિતંજય નામે નાનાને દે યુવરાજ કરી. ૨૯**

**અર્થ :–** હવે નાનાભાઈ લક્ષ્મણની વિધિપૂર્વક ઉત્તરક્રિયા એટલે સંસ્કાર ક્રિયા કરીને, શુભ વચનવડે સમસ્ત સ્ત્રીજનોનું મન શાંત કર્યું. પછી પ્રજા સમક્ષ લક્ષ્મણની પૃથ્વીસુંદરી નામની પ્રધાન રાણીથી જન્મેલ મોટા પુત્ર પૃથ્વીસુંદરના શિર ઉપર શ્રીરામે પોતાના હાથે જ મુકુટ ધરીને તેને રાજ્ય અર્પણ કર્યું. સાત્વિકવૃત્તિના ધારક સીતાજીને વિજયરામ આદિ આઠ પુત્રો હતા. તેમાંથી સાત મોટા પુત્રોએ વૈરાગ્ય પામી રાજ્યલક્ષ્મીને ઇચ્છી નહીં તેથી સૌથી નાના પુત્ર અજિતંજયને યુવરાજ પદવી આપી. ।।૨૯।।

**મિથિલા દેશ સમર્પી તેને રામ અતિ વૈરાગ્ય ધરે,**
**કેવલી શ્રી શિવગુપ્ત તણી શ્રવણાદિક બહુવિધ ભક્તિ કરે;**
**નિદાનદોષે લક્ષ્મણ ચોથી નરકે છે, સુણી સ્નેહ તજે,**
**હનુમાન, વિભીષણ, સુગ્રીવ આદિ નૃપગણ સહ શિવસાજ સજે. ૩૦**

**અર્થ :–** યુવરાજ અજિતંજયને મિથિલા દેશ આપીને શ્રીરામ અતિ વૈરાગ્ય પામી સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થયા અને શ્રી શિવગુપ્ત કેવળી ભગવંત પાસે જઈ તેમના ઉપદેશને સાંભળી અનેક પ્રકારે ભક્તિ કરી તેમની પાસે સંસાર અને મોક્ષના કારણ તથા કર્મોના ફળનું સ્વરૂપ વગેરે સારી રીતે સમજ્યા. તે કેવળી ભગવંત પાસેથી લક્ષ્મણ નિદાનદોષના શલ્યથી ચોથી નરકમાં ઉપજ્યા છે. એમ જાણી, તેમના પ્રત્યેના સ્નેહનો ત્યાગ કર્યો અને જેને સંસાર પ્રત્યે અત્યંત વૈરાગ્યભાવ પ્રગટ્યો છે એવા શ્રી રામચંદ્રજીએ હનુમાન, વિભીષણ, સુગ્રીવ આદિ પાંચ સૌ રાજાઓ સાથે શિવસાજ સજ્યો અર્થાત્ મોક્ષપ્રાપ્તિનું સાધન એવો સંયમ અંગીકાર કર્યો. ।।૩૦।।

**ઘણી રાણીઓ સીતા સાથે શ્રુતવતી સાધ્વી સમીપ ગઈ,**
**તપ, સંયમ સમજી મોક્ષાર્થે સર્વે સાધ્વીરૂપ થઈ.**
**અજિતંજય ને પૃથ્વીસુંદર આદિ બહુ ગૃહીવ્રત ધારી,**
**શ્રી જિનરાજ-ચરણકજ વંદી, ગયાં અયોધ્યા નરનારી. ૩૧**

**અર્થ :–** એવી જ રીતે સીતાજી સાથે પૃથ્વીસુંદરી આદિ ઘણી રાણીઓએ પણ શ્રુતવતી નામની સાધ્વી પાસે જઈને તપ, સંયમને મોક્ષનું કારણ જાણી દીક્ષા ગ્રહણ કરીને સર્વે સાધ્વી બની ગઈ. તેમાંથી કેટલીક રાણીઓ બારમા અચ્યુત દેવલોકમાં ગઈ અને બાકીની પહેલા સૌધર્મ નામના દેવલોકમાં જઈને ઊપજી. અજિતંજય અને પૃથ્વીસુંદર આદિ ઘણા રાજાઓ પણ ગૃહીવ્રત એટલે શ્રાવકના વ્રત ધારણ કરીને શ્રી જિનરાજના ચરણકમળની સારી રીતે વંદના કરી, સર્વે નરનારીઓ સાથે અયોધ્યાનગરીમાં પાછા ફર્યા. ।।૩૧।।

**હનુમાન અને શ્રી રામ થયા શ્રુતકેવળી શિવપંથે વિચરી,**
**મુનિપણે ત્રણસો પંચાણું વર્ષ રહી શરૂ શ્રેણિ કરી;**
**વર્ષ છ સો સુધી દીધી દેશના કેવળજ્ઞાની રૂપે વિચરી,**
**ફાગણ સુદ ચૌદસ દિન, ચઢતાં સમેતશિખરે શિવ-સ્ત્રી વરી. ૩૨**

**અર્થ :–** શ્રી રામ અને હનુમાન વિધિપૂર્વક મોક્ષમાર્ગનું અનુષ્ઠાન કરીને શ્રુતકેવળી થયા. પછી ત્રણસોને પંચાણુ વર્ષ સુધી છદ્મસ્થ મુનિપણામાં રહી ક્ષપકશ્રેણિ માંડીને સર્વ ઘાતીયા કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા.

કેવળજ્ઞાનીરૂપે છસો વર્ષ સુધી વિચરીને દેશના આપી ભવ્યજીવોનો ઉદ્ધાર કર્યો. પછી ફાગણ સુદ ચૌદશના દિવસે સવારમાં સમ્મેત શિખર ઉપર ત્રીજું સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામનું શુક્લધ્યાન ધારણ કરીને મનવચનકાયાના ત્રણેય યોગોનો નિરોધ કર્યો. પછી ચોથા વ્યુપરતક્રિયાનિવૃત્તિ નામના શુક્લધ્યાનવડે સર્વ અઘાતી કર્મનો ક્ષય કર્યો, જેથી ઔદારિક, તૈજસ અને કાર્મણ આ ત્રણેય પ્રકારના શરીરોનો નાશ થઈ જવાથી શ્રીરામ મોક્ષરૂપી સ્ત્રીને વરી અનંતસુખ સ્વરૂપ એવી સિદ્ધગતિને પામ્યા. ।।૩૨।।

---

શ્રીરામ સમ્યક્ આરાધના કરી સ્વદેશરૂપ મોક્ષમાં પધાર્યા, તેમ તમે પણ આ સંસારમાં અનંતકાળથી રઝળતા થાક્યા હો તો તમારો પણ સ્વદેશ આ મોક્ષ જ છે. તેને આરાધનાવડે પામી ત્યાંજ નિવાસ કરીને રહો કે જેથી ફરી આ ચારગતિરૂપ દુઃખમય સંસારમાં તમારે કદી આવવું ન પડે. એ વિષે પરમકૃપાળુદેવ લખે છે કે :–**"અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે; તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય૦" ૮** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૮૦૧) એક કાવ્યમાં ભક્તે પણ કહ્યું કે —

**"મનજી મુસાફિર રે ચાલો નિજ દેશ ભણી;**
**મુલક ઘણા જોયા રે મુસાફિર થઈ છે ઘણી." મનજી૦**

સ્વ એટલે પોતાનો, ખરો દેશ કયો કે જ્યાં આત્મા સર્વકાળ સુખશાંતિમાં રહી શકે? તો કે તે મોક્ષ છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' પોતાના આત્માની શુદ્ધ અવસ્થાને પામવી એ જ ખરી રીતે મોક્ષ છે. હવે આ પાઠમાં તે આત્માની શુદ્ધિ કેવા પ્રકારથી કરી શકાય તે વિષેનો બોધ જણાવે છે. તેથી આ પાઠનું નામ પણ 'સ્વદેશ-બોધ' એમ રાખવામાં આવેલ છે.

પહેલી બે ગાથાઓ વડે પરમકૃપાળુદેવની દશાની સ્તુતિ કરીને તેમના બોધને શાંતચિત્તે વિચારતાં સ્વદેશ એટલે સ્વધામરૂપ મોક્ષને મેળવી શકાય એમ છે, તે જણાવે છે :–

(૪૬)

## સ્વ-દેશ-બોધ

(બાહુ જિણંદ દયામયી, વર્તમાન ભગવાન, પ્રભુજી—એ રાગ)

*



**રાજચંદ્ર પ્રભુને નમું, ના ગણું લૌકિક કાજ, પ્રભુજી;**
**નિર્મોહી નર આદર્યા, યાચકતા તજી આજ, પ્રભુજી. રાજ૦**



**અર્થ :–** શ્રીમદ્ રાજચંદ્ર પરમકૃપાળુદેવને હું ભાવભક્તિસહિત પ્રણામ કરું છું. તેમના ઉપદેશને અનુસરવામાં વિઘ્ન કરનાર એવા લૌકિક ઘરના કે સમાજના કામોને હે પ્રભુ! હવે હું મુખ્યતા આપું નહીં. કેમકે પરમકૃપાળુદેવે પત્રોમાં જણાવ્યું છે કે :–

**"લોકદૃષ્ટિમાં જે જે વાતો કે વસ્તુઓ મોટાઈવાળી મનાય છે, તે તે વાતો અને વસ્તુઓ, શોભાયમાન ગૃહાદિ આરંભ, અલંકારાદિ પરિગ્રહ, લોકદૃષ્ટિનું વિચક્ષણપણું, લોકમાન્ય ધર્મશ્રદ્ધાવાનપણું પ્રત્યક્ષ ઝેરનું ગ્રહણ છે, એમ યથાર્થ જણાયા વિના ધારો છો તે વૃત્તિનો લક્ષ ન થાય. પ્રથમ તે વાતો અને વસ્તુઓ પ્રત્યે ઝેરદૃષ્ટિ આવવી કઠણ દેખી કાયર ન થતાં પુરુષાર્થ કરવો યોગ્ય છે."** (વ.પૃ.૫૬૨)

**"લોકની દૃષ્ટિને જ્યાં સુધી આ જીવ વમે નહીં તથા તેમાંથી અંતર્વૃત્તિ છૂટી ન જાય ત્યાં સુધી જ્ઞાનીની દૃષ્ટિનું વાસ્તવિક માહાત્મ્ય લક્ષગત ન થઈ શકે એમાં સંશય નથી."** (વ.પૃ.૫૬૦)

**"લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે."** (વ.પૃ.૬૧૩)

**"લૌકિક અને અલૌકિક એવા બે ભાવ છે. લૌકિકથી સંસાર, અને અલૌકિકથી મોક્ષ."** (વ.પૃ.૭૦૦)

**"લૌકિકદૃષ્ટિએ તમે અને અમે પ્રવર્તશું તો પછી અલૌકિકદૃષ્ટિએ કોણ પ્રવર્તશે?"** (વ.પૃ.૩૧૪)

હે પ્રભુ! હવે તો મેં નામ માત્ર કહેવાતા જગતસુખની આપ પ્રત્યે યાચના કરવાનું મૂકી દઈ આપની કૃપાથી નિર્મોહી એવા પરમકૃપાળુદેવને જ મારા નાથ તરીકે સ્વીકાર્યા છે. મારા આત્માના હિત અર્થે તેમનું શરણ ગ્રહણ કર્યું છે. એમ પૂ.શ્રી બ્રહ્મચારીજી પોતાના અંતરનો ભક્તિભાવ પ્રગટ કરે છે. ।।૧।।

**સદ્ગુરુ-બોધ વિચારતાં, ટળે દેહ-અહંકાર, પ્રભુજી;**
**દશા વિદેહી તે વર્યા, ભાવ-દયા-ભંડાર, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** હે પ્રભુ! સદ્ગુરુ પરમકૃપાળુદેવના બોધને વિચારતાં મારા દેહ પ્રત્યેનું અભિમાન ટળવા માંડે છે અને દેહ પ્રત્યેનો અહંભાવ ગળવા માંડે છે. કેમ કે મારા ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ વિદેહદશાને પામેલા છે અને ભાવદયાના ભંડાર હોવાથી ઉપદેશ પણ એવો જ આપે છે. ।।૨।।

**ચારે ગતિ દુઃખથી ભરી, કર્મતણો બહુ ભાર, પ્રભુજી;**
**માનવદેહ વિષે બને સત્પુરુષાર્થ પ્રકાર, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** હવે સ્વદેશ જવા માટે પરમકૃપાળુદેવે શો ઉપદેશ આપ્યો છે તે જણાવે છે :–

હે ભવ્યો! નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ એ ચારેય ગતિ બહુ દુઃખથી ભરેલી છે. તમારા આત્મા ઉપર જ્ઞાનાવરણિયાદિ આઠેય કર્મનો ઘણો ભાર હોવાથી આ ચારેય ગતિમાં તે કર્મના ફળમાં જીવને ઘણા જ દુઃખ ભોગવવા પડે છે. એક મનુષ્ય દેહ જ એવો છે કે જેમાં સ્વદેશ એટલે મોક્ષે જવાનો સંપૂર્ણ સત્પુરુષાર્થ બની શકવા યોગ્ય છે.

**"શાતાવેદનીય અશાતાવેદનીય વેદતાં શુભાશુભ કર્મનાં ફળ ભોગવવા આ સંસારવનમાં જીવ ચાર ગતિમાં ભમ્યા કરે છે.' એ ચાર ગતિ ખચીત જાણવી જોઈએ.**

**૧. નરકગતિ– મહારંભ, મદિરાપાન, માંસભક્ષણ ઇત્યાદિક તીવ્ર હિંસાના કરનાર જીવો અઘોર નરકમાં પડે છે. ત્યાં લેશ પણ શાતા, વિશ્રામ કે સુખ નથી. મહા અંધકાર વ્યાપ્ત છે. અંગછેદન સહન કરવું પડે છે, અગ્નિમાં બળવું પડે છે અને છરપલાની ધાર જેવું જળ પીવું પડે છે. અનંત દુઃખથી કરીને જ્યાં પ્રાણીભૂતે સાંકડ, અશાતા અને વિલવિલાટ સહન કરવાં પડે છે, જે દુઃખને કેવળજ્ઞાનીઓ પણ કહી**

શકતા નથી. અહોહો! તે દુઃખ અનંતી વાર આ આત્માએ ભોગવ્યાં છે.

**૨. તિર્યંચગતિ–** છલ, જૂઠ, પ્રપંચ ઇત્યાદિક કરીને જીવ સિંહ, વાઘ, હાથી, મૃગ, ગાય, ભેંસ, બળદ ઇત્યાદિક શરીર ધારણ કરે છે. તે તિર્યંચગતિમાં ભૂખ, તરસ, તાપ, વધબંધન, તાડન, ભારવહન કરવા ઇત્યાદિકનાં દુઃખને સહન કરે છે.

**૩. મનુષ્યગતિ–** ખાદ્ય, અખાદ્ય વિષે વિવેકરહિત છે; લજ્જાહીન, માતા-પુત્રી સાથે કામગમન કરવામાં જેને પાપાપાપનું ભાન નથી; નિરંતર માંસભક્ષણ, ચોરી, પરસ્ત્રીગમન વગેરે મહાપાતક કર્યા કરે છે; એ તો જાણે અનાર્ય દેશનાં અનાર્ય મનુષ્ય છે. આર્યદેશમાં પણ ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય પ્રમુખ મતિહીન, દરિદ્રી, અજ્ઞાન અને રોગથી પીડિત મનુષ્યો છે. માન-અપમાન ઇત્યાદિક અનેક પ્રકારનાં દુઃખ તેઓ ભોગવી રહ્યાં છે.

**૪. દેવગતિ–** પરસ્પર વેર, ઝેર, ક્લેશ, શોક, મત્સર, કામ, મદ, ક્ષુધા ઇત્યાદિકથી દેવતાઓ પણ આયુષ્ય વ્યતીત કરી રહ્યાં છે; એ દેવગતિ.

**એમ ચાર ગતિ સામાન્યરૂપે કહી. આ ચારે ગતિમાં મનુષ્યગતિ સૌથી શ્રેષ્ઠ અને દુર્લભ છે. આત્માનું પરમહિત મોક્ષ એ ગતિથી પમાય છે.''** (વ.પૃ.૭૦)

**''મનુષ્યભવ દુર્લભ છે—ભલે રોગી, ગરીબ, અશક્ત, ઘરડો ગમે તેવો હોય પણ મનુષ્યભવ અને તેમાં સાચા અનુભવી પુરુષનો કોઈ સંતની કૃપાથી મળેલો મંત્રનો લાભ તે અપૂર્વ છે. તો 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નો જાપ અને તે જ ભાવના રાખવી ઉત્તમ છે.''** (ઉ.પૃ.૧૧૮) ॥૩॥

**એવો યોગ લહ્યા છતાં, લાગ્યો ન બોધ લગાર, પ્રભુજી;**
**જાગ્યો ન જો મોહનીંદથી, ઢોર સમો અવતાર, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** આવા આર્યક્ષેત્રમાં ઉત્તમકુળ, જાતિ, નિરોગી કાયા, સત્પુરુષના યોગસહિત દેવદુર્લભ માનવજન્મ પામીને સ્વધામરૂપ મોક્ષને માટે સત્પુરુષના બોધની લગાર માત્ર પણ અસર ન થઈ તો આ દેહમાં સ્થિત આત્માને અનંતવાર ધિક્કાર છે.

**''ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો! ''** (વ.પૃ.૬૫૨)

આવા ઉત્તમયોગમાં પણ આ જીવ મોહનીંદ્રામાંથી જાગૃત ન થયો તો ઢોરના અવતાર અને આ મનુષ્ય અવતારમાં કોઈ ફરક નથી, અર્થાત્ તે **'નર નથી પણ વાનર જ છે.'**

'विद्या विहिना पशुभिः समाना' આત્મવિદ્યાથી રહિત નર પશુ સમાન છે.' ॥૪॥

**ધન્ય! મુનિ જેહ જાગિયા, રહ્યા સદાય અસંગ, પ્રભુજી;**
**મોહ ફંદે ન ફસાય તે, ત્યાગી સંગ-પ્રસંગ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** તે મુનિ મહાત્માઓને ધન્ય છે કે જે આ અનાદિની મોહનીંદ્રામાંથી જાગૃત થઈને સદાય આત્માના અસંગ અપ્રતિબદ્ધ સ્વરૂપમાં લીન રહે છે. અને જે સદાય સંસારના સંગ પ્રસંગનો ત્યાગ કરી ફરીથી સ્ત્રી પુત્રાદિરૂપ મોહની જાળમાં કદી ફસાતા નથી. ॥૫॥

**એવી દશા નથી ત્યાં સુધી ઉપાસવો સત્સંગ, પ્રભુજી;**
**અલ્પ આરંભ-પરિગ્રહે ટળે અસત્સંગ-રંગ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** એવી મુનિદશા જ્યાં સુધી આવી નથી ત્યાં સુધી આત્માદિ વસ્તુના વાસ્તવિક સ્વરૂપને સમજવા માટે સત્સંગની ઉપાસના કરવી યોગ્ય છે. સત્સંગની ઉપાસના કરવા માટે અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહ રાખવા જોઈએ તેથી અસત્સંગનો પ્રસંગ ટળે છે અને સત્સંગ કરવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. **"આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે."** (વ.પૃ.૪૫૧) ।।૬।।

**ચિત્ત વિત્ત ને પાત્રના યોગ અલભ્યની શોધ, પ્રભુજી;**
**યોગાનુયોગે મળી જતાં સહજે આતમબોધ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** ચિત્ત એટલે મન તેને મોક્ષ પ્રાપ્ત કરવાની અભિલાષા, વિત્ત એટલે ન્યાયપૂર્ણ ધનધાન્યાદિનો યોગ અને પાત્ર એટલે ઉત્તમ એવા જ્ઞાનીપુરુષનો યોગ મળવો ઘણો દુર્લભ છે. તેની શોધ કરવી જોઈએ. યોગાનુયોગે પૂર્વ પુણ્યના બળે આ ત્રણેય કારણો ભેગા મળી જાય તો સહજે આત્મા સંબંધીનું જ્ઞાન થવા યોગ્ય છે.

### ચિત્ત, વિત્ત અને પાત્ર વિષે શ્રી ઋષભદેવ ભગવાનનું દૃષ્ટાંત

**ધનશેઠનું દૃષ્ટાંત :–** ઋષભદેવ ભગવાનનો જીવ પૂર્વભવમાં ધનશેઠ નામનો સાર્થવાહ હતો. એ એકવાર વસંતપુર જવા માટે લોકો સાથે નગર બહાર નીકળ્યો. ત્યાં ધર્મઘોષ આચાર્ય, સાર્થવાહ પાસે આવ્યા અને કહ્યું કે અમે પણ વસંતપુર જવા માટે તમારી સાથે આવીએ. એ સાંભળીને ધનશેઠ સાર્થવાહ કહે—હે ભગવાન, આજે હું ધન્ય બની ગયો કે આપ મારી સાથે પધારો છો.

આચાર્ય ભગવંતને સાથે લીધા પછી કામના કારણે ધનશેઠ તેમને ભૂલી ગયા. આચાર્ય પાસે જઈ શેઠે પોતાના પ્રમાદાચરણની ક્ષમા માગી કહ્યું : મેં આપને સાથે લીધા પણ અન્નવસ્ત્રાદિવડે આપનો સત્કાર કર્યો નહીં. હવે આપ મારે ત્યાં વહોરવા પધારો. તેથી સૂરિએ પોતાના શિષ્યોને આહાર લેવા સાથે મોકલ્યા. શેઠ ઘરમાં જઈને જુવે છે તો વહોરવા લાયક અન્નપાનાદિ કાંઈ હતું નહીં. પણ ત્યાં તાજુ ઘી આવેલ પડ્યું હતું તે લઈને પોતાને કૃતાર્થ અને ધન્ય માનતો જેનું શરીર રોમાંચિત્ત થયું છે, અને ચિત્ત ઉલ્લાસિત થયું છે એવા સાર્થપતિએ સાધુને સ્વહસ્તે ઉત્તમ વિત્તરૂપ ઘી વહોરાવ્યું અને ભાવપૂર્વક વંદના કરી. ઉત્તમ પાત્ર એવા મુનિએ ધર્મલાભ આપ્યો. સાર્થવાહને એ દાનના પ્રભાવથી મોક્ષવૃક્ષના બીજરૂપ દુર્લભ એવું બોધબીજ પ્રાપ્ત થયું. એ બોધ બીજ વૃદ્ધિ પામતું બારમા ભવે ઋષભદેવ ભગવાન તીર્થંકરરૂપે થઈ કેવળજ્ઞાન પામી ઘણા જીવોને પ્રતિબોધ પમાડીને મોક્ષે પધાર્યા.

આમ ચિત્ત, વિત્તને પાત્ર ત્રણેયનો યોગ મળતાં આત્મબોધને પામી કાળાંતરે મોક્ષમાં જઈ તે બિરાજમાન થયા. ।।૭।।

**અસાર આ સંસારના ક્ષણિક ભોગ-વિલાસ, પ્રભુજી;**
**ઊંડો વિચાર કરી તજું માયિક સર્વ મીઠાશ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** આ સંસારના સર્વ ભોગવિલાસ ક્ષણિક અને અસાર છે. તે સર્વે માયિક એટલે સંસારિક સુખમાં રહેલ મારી મીઠાશ એટલે સુખબુદ્ધિનો ઊંડો વિચાર કરીને તેને તજું, તો જ મારું આત્મહિત

સધાય એમ છે. ॥૮॥

**તો સદ્‌ગુરુના સંગથી પ્રગટે બોધ-પ્રકાશ, પ્રભુજી;**
**નિર્મળ વિચાર-ધારથી ધોવાય મિથ્યાભાસ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** ઇન્દ્રિયોના વિષયોને મૂકી દઈ સદ્‌ગુરુનો સંગ કરવાથી તેમના બોધે મારા આત્મામાં કારણરૂપ સમ્યક્‌જ્ઞાનનો પ્રકાશ પ્રગટવા યોગ્ય છે. તેથી આત્માની વિચારધારા નિર્મળ બને છે. અને તેના ફળસ્વરૂપ પરપદાર્થમાં સુખ છે એવો મિથ્યાભાસ ધોવાઈ જાય છે.

**''વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્યપરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે.''** (વ.પૃ.૪૫૧) ॥૯॥

**લોક-સ્વજન-તન-કલ્પના બંધનરૂપ સંબંધ, પ્રભુજી;**
**સત્શ્રદ્ધા દૃઢ આદરી, ટાળું બધા પ્રતિબંધ, પ્રભુજી. રાજ૦**

હવે સ્વધામરૂપ મોક્ષપ્રાપ્તિમાં બાધક એવા જે ચાર પ્રકારના બંધન છે તેને ટાળવા જણાવે છે :–

**અર્થ :–** લોકસંબંધી બંધન, સ્વજન કુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન અને સંકલ્પવિકલ્પરૂપ બંધન. આ ચારેય બંધનો સાથે મારે સંબંધ રહેલો છે. પણ સત્પુરુષ ઉપર દૃઢ સત્શ્રદ્ધા કરીને તેમની આજ્ઞા પ્રમાણે વર્તી આ બધા પ્રતિબંધને હવે દૂર કરું.

**''જીવને બે મોટા બંધન છે : એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવાની ઇચ્છા જેની છે, તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ; અને પ્રતિબંધ ટાળવાની ઇચ્છા જેની છે, તેણે સર્વસંગથી ત્યાગી થવું જોઈએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી. સ્વચ્છંદ જેનો છેદાયો છે તેને જે પ્રતિબંધ છે, તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે. આટલી શિક્ષા સ્મરણ કરવારૂપ છે.''** (વ.પૃ.૨૬૧) ॥૧૦॥

**કર્મકલંકિત આતમા જેથી થાય વિશુદ્ધ, પ્રભુજી;**
**તે જ સ્વધામ, સ્વહિત તે, સમજાવે સૌ બુદ્ધ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** અનાદિકાળથી કર્મથી કલંકિત થયેલ આત્મા જે વડે વિશુદ્ધ થાય તે જ પોતાનું સ્વધામ છે, અર્થાત્ સહજ આત્મ સ્વરૂપમાં સ્થિતિ એ જ પોતાનું શાશ્વત ઘર છે અને તે સ્થિતિને પ્રાપ્ત કરવી એમાં જ પોતાનું અનંત હિત રહેલું છે. એમ સર્વ બુદ્ધ એટલે જ્ઞાની પુરુષોનું જણાવવું છે. પરમકૃપાળુદેવ આ વિષે આત્મસિદ્ધિમાં જણાવે છે :– **''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ.''** (વ.પૃ.૫૫૫)

**''રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.''** –શ્રીમદ્ રાજચંદ્ર ॥૧૧॥

**ઇન્દ્રિય-રાક્ષસ જ્યાં ભમે, રમે રતિરૂપ સિંહ, પ્રભુજી;**
**દુઃખ અટવી-સંસારને તજે મુનિ નર-સિંહ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** જ્યાં ઇન્દ્રિયોરૂપી રાક્ષસો ભમી રહ્યાં છે અને જ્યાં કામદેવરૂપ સિંહ રમણતા કરી રહ્યો છે એવા દુઃખમય સંસારરૂપી જંગલને, જે નરોમાં સિંહ સમાન છે એવા આત્મજ્ઞાની મુનિઓ તો તજી દે છે. ॥૧૨॥

**દુઃખદાવાનળથી બળે જગમાં જીવ અનંત, પ્રભુજી;**
**જ્ઞાન-સમુદ્ર તટે જતા તેથી સઘળા સંત, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** જન્મ જરા ને મૃત્યુ, આધિ વ્યાધિ ને ઉપાધિરૂપ દુઃખદાવાનળથી જગતમાં રહેલા અનંત જીવો બળી રહ્યાં છે. તેથી સઘળા સંતપુરુષો આત્મશાંતિ અર્થે આત્મજ્ઞાનરૂપી સમુદ્રના કિનારે જઈને વાસ કરે છે. **"સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે."** (વ.પૃ.૪૫૧) ।।૧૩।।

**સમજુ જન તે જાણવા, હણે મોહ અરિ જેહ, પ્રભુજી;**
**અનંતકાળથી દુઃખ દે, દુર્જય જગમાં તેહ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** સ્વદેશ એટલે સ્વધામરૂપ મોક્ષપ્રાપ્તિનાં અનેક સત્ય ઉપાય જ્ઞાનીઓ જણાવે છે :–સમજુ પુરુષો તેને જાણવા કે જે મોહનીય કર્મના બે ભેદ દર્શનમોહ અને ચારિત્રમોહને પોતાના શત્રુ સમાન જાણીને હણે છે. અનંતકાળથી આ મોહ જ જીવને દુઃખ આપે છે. અને જગતમાં સર્વ કરતાં દુર્જય એ જ છે.

**"મોહ બહુ બળવાન સર્વે કર્મોમાં, મૃત્યુભય એના પ્રભાવે;**
**ચંચળતા મનની પણ તેથી, દોદશ ભટકે વિભાવે;"** -આલોચનાદિપદસંગ્રહ ।।૧૪।।

**ક્ષણ પણ સજ્જન-સંગતિ જાણું ભવ-જળ-નાવ, પ્રભુજી;**
**પ્રમાદ તજી તે આશરે પામું નિજ સ્વભાવ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** ક્ષણ માત્ર પણ સજ્જન એટલે જ્ઞાનીપુરુષોના સમાગમને સંસારરૂપી સમુદ્રજળને તરવા માટે હું નાવ સમાન માનું. "क्षणमपि सज्जन संगतिरेका, भवति भवार्णव तरणे नौका." (વ.પૃ.૨૨૪)

માટે પ્રમાદ તજી જ્ઞાનીપુરુષોના આશ્રયે રહી હું મારા નિજ આત્મસ્વભાવની પ્રાપ્તિ કરી લઉં. કારણ કે એ જ મારું સ્વધામ છે.

**'સત્સંગના યોગે સહજ સ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે."** (વ.પૃ.૪૬૯) ।।૧૫।।

**વિભાવ મૂળ સંસારનું સુવિચારે બળી જાય, પ્રભુજી;**
**ઇન્દ્રિય-સુખની લાલસા ગયે આત્મસુખ થાય, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** સંસારનું મૂળ વિભાવ છે, અર્થાત્ રાગદ્વેષના ભાવ છે. અને તે દેહમાં આત્મબુદ્ધિના કારણે ટકી રહેલા છે. તે ભાવો સત્પુરુષના બોધે સુવિચારણા કરવાથી બળતા જાય છે.

દેહમાં રહેલી ઇન્દ્રિયોના સુખની લાલસા જ્યારે જશે ત્યારે જ ખરા આત્મસુખની પ્રાપ્તિ થશે.

"મૂળ સંસાર-દુઃખોનું, દેહમાં આત્મબુદ્ધિ તે;
તજી ઇન્દ્રિયવ્યાપાર, બાહ્ય - અંતર પેસ જે."
ઇન્દ્રિયદ્વારથી ચૂકી, પડ્યો હું વિષયો વિષે;
ભોગો પામી ન મેં પૂર્વે - જાણ્યું રૂપ યથાર્થ જે." -સમાધિશતક

**"છ બારીઓવાળા એક મકાનમાં ઊભા રહી આખો દિવસ એક મૂકી બીજી, બીજી મૂકી ત્રીજી, એમ બારીઓમાંથી બહાર જ જોયા કરે તો અંદર શું છે તે દેખાય નહીં. તેમ પાંચ ઇન્દ્રિયો અને મનથી આત્મા બાહ્ય વિષયમાં જ રત રહે છે ત્યાં અંદર શું છે તે શી રીતે જણાય? ઊભો છે અંદર, પણ દૃષ્ટિ છે બહાર. તે દૃષ્ટિ અંદર કરવી. આત્મા જોવો. તો પોતાની વિભૂતિ સર્વ જણાય."** (ઉ.પૃ.૩૬૨) ।।૧૬।।

**પ્રમાદ તજી તે કામને ભાવ ધરી ધરું હાથ, પ્રભુજી;**
**વિવેકશૂન્ય રહું નહીં ગ્રહી સજ્જનનો સાથ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** હવે પ્રમાદને તજી ઇન્દ્રિયસુખની લાલસાને દૂર કરવાનું કામ અંતરના ભાવસહિત હાથમાં લઉં. હવે વિવેકશૂન્ય એટલે આત્માના હિત અહિતના ભાન વગર રહું નહીં. એ ભગીરથ કામ કરવા માટે સજ્જન એવા સત્પુરુષ કે તેના બોધનો સાથ ગ્રહણ કરું. ।।૧૭।।

**પરાધીન ઇન્દ્રિયસુખો, ક્ષણિક ને દુઃખમૂળ, પ્રભુજી;**
**જીવન ઝબકારા સમું મોક્ષયત્ન અનુકૂળ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** આ પાંચેય ઇન્દ્રિયના સુખો પરાધીન છે, ક્ષણિક છે અને દુઃખના જ મૂળ છે.

''सपरं बाधासहीयं विछिन्नं बंधकारणं विषमं ।
जं इन्दियेहीं लद्धं तं सोक्खं दुःखमेव तहा ।।''

**અર્થ :—** ઇન્દ્રિયસુખ પરાધીન, બાધાથી યુક્ત, વિનાશકારી, કર્મબંધનું કારણ અને વિષમભાવને કરાવે એવું છે. જેથી ઇન્દ્રિયોથી પ્રાપ્ત થતું સુખ તે ખરેખર દુઃખનું જ બીજું રૂપ છે.

આપણું આ જીવન પણ વિજળીના ઝબકારા જેવું ક્ષણિક છે. માટે આ જીવનમાં સ્વદેશરૂપ મોક્ષ મેળવવાનો યત્ન કરવો એ જ આત્માને અનુકૂળ અર્થાત્ કલ્યાણકારી છે.

**''વીજળી ઝબકારા જેવાં, મોતી પરોવી લેવાં,**
**ફરી ફરી નહિ મળે એવાં સત્સંગ કીજીયે;**
**હાંરે મારે સજની ટાણું આવ્યું છે ભવજળ તરવાનું.''** -આલોચનાદિ પદસંગ્રહ ।।૧૮।।

**મેઘકુમાર થયા મુનિ લહી વૈરાગ્ય અપાર, પ્રભુજી;**
**રાત્રે ઊંઘ ન આવતાં ઘેર જવા તૈયાર, પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** શ્રેણિક રાજાના પુત્ર મેઘકુમારને ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળવાથી અપાર વૈરાગ્ય થયો અને દીક્ષા ગ્રહણ કરી લીધી. રાત્રે સૂતા પછી અંધારામાં મુનિઓના પગ અફળાવાથી ઊંઘ આવી નહીં. તેથી સવારમાં પોતાના ઘરે જવા માટે તૈયાર થયા. ।।૧૯।।

**પ્રભુદર્શન ને બોધથી થયું પૂર્વ-ભવ-જ્ઞાન, પ્રભુજી;**
**હાથી-ભવનાં દુઃખ-દયા દીઠે આવ્યું ભાન, પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** પ્રભુ દર્શન માટે જતાં ભગવાન મહાવીરનો સ્વદેશરૂપ મોક્ષગમન માટેનો એવો બોધ થયો કે જેથી મેઘકુમારને પોતાના પૂર્વભવનું જ્ઞાન થઈ ગયું.

**મેઘકુમારનું દૃષ્ટાંત :—** મેઘકુમાર પૂર્વભવમાં હાથી રૂપે હતા. જંગલમાં દવ લાગ્યો તેથી આ હાથી દ્વારા ઝાડપાન વગરની બનાવેલી મોટી જગ્યામાં બધા પશુઓ આવીને ભરાઈ ગયા. આ હાથીને ખંજવાળ આવવાથી એક પગ ઊંચો કર્યો કે ત્યાં જગ્યા થવાથી એક સસલું આવીને ત્યાં ભરાઈ ગયું. પગ નીચે મૂકવા જતાં સસલાને જોઈ દયા આવવાથી અઢી દિવસ સુધી હાથીએ પોતાનો પગ અધ્ધર ધરી રાખ્યો. દવ શાંત થતાં બધા પશુઓ ચાલ્યા ગયા. તેથી હવે પગ નીચે મૂકવા જતાં, પગની રગો બંધાઈ જવાથી તે હાથી નીચે પડી ગયો. ત્રણ દિવસ સુધી ભુખ તરસની પીડા ભોગવી સો વર્ષના આયુષ્યના અંતે મરીને તે હાથી શ્રેણિક રાજાના ઘરે દયાના પરિણામે તેના પુત્રરૂપે અવતર્યો. ભગવાન કહે તે તું જ છો. જગતવંદ્ય સાધુઓના ચરણની રજ તે કોઈ પુણ્યવાન પુરુષના ભાગ્યમાં જ હોય છે.

જાતિસ્મરણજ્ઞાન વડે પોતાના હાથીના ભવના આવા દુઃખ અને તે ભવમાં આવી દયા પાળવાથી થયેલ વર્તમાન સ્થિતિને વિચારવાથી મેઘકુમારને હવે ભાન આવી ગયું. ।।૨૦।।

**નરભવમાં હારું નહીં, હવે કરું કલ્યાણ, પ્રભુજી;**
**એવો નિર્ણય કરી કહે : "નિયમ કરું, ભગવાન. પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** ભાનસહિત મેઘકુમાર મુનિ મનમાં વિચારવા લાગ્યા કે હવે આ મનુષ્યભવમાં ગમે તેવા દુઃખ આવે તો પણ હારીશ નહીં. પણ સ્વધામ જવા માટેનો પુરુષાર્થ કરીને મારા આત્માનું કલ્યાણ જ કરીશ. એવો મનમાં નિર્ણય કરી ભગવાન મહાવીરને કહેવા લાગ્યા કે ભગવન! હવે હું વિશેષ પ્રકારનો આપની આજ્ઞાએ નિયમ ગ્રહણ કરવા ઇચ્છું છું. ।।૨૧।।

**દેહ તણી સંભાળ હું કરીશ નહિ કદી અલ્પ, પ્રભુજી;**
**સદ્ગુરુ-શરણે હું તજું દેહ વિષે વિકલ્પ," પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** હે પ્રભુ! આપની કૃપાએ હવે હું આ દેહની બે આંખો સિવાય બીજા અંગની કદી અલ્પ પણ સંભાળ કરીશ નહીં. સદ્ગુરુ એવા આપને શરણે રહીને આ દેહના સર્વ વિકલ્પ આજથી હું તજું છું. ।।૨૨।।

**સર્વ સંગ આસ્રવ મહા, લાય સમા ન મનાય, પ્રભુજી;**
**સ્ત્રી-ધન-યશની વાસના કેમ હજી ન તજાય, પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** મેઘકુમારની જેમ સ્વધામ જવા માટે 'સર્વ સંગ મહા આસ્રવરૂપ છે, બળતરા આપનાર જ છે એમ હે પ્રભુ! મારાથી કેમ મનાતું નથી. સ્ત્રી પ્રત્યેની વાસના, ધન પ્રત્યેની લાલસા કે યશ મેળવવાની આશા તે હે પ્રભુ! હજુ સુધી મારાથી કેમ તજાતી નથી? ।।૨૩।।

**કાયા મળમૂત્રે ભરી, માત્ર રોગની ખાણ, પ્રભુજી;**
**કેમ અયોગ્ય પ્રયોજને રાચે હજી મુજ પ્રાણ, પ્રભુજી? રાજ૦**

**અર્થ :—** કાયા મળમૂત્રથી ભરેલી છે, માત્ર રોગને રહેવાની ખાણ છે. છતાં આ કાયાવડે નહીં કરવા યોગ્ય એવા અયોગ્ય કામમાં મારા પ્રાણ હજુ કેમ રાચે છે. પાંચ ઇન્દ્રિયો તથા મન, વચન, કાયાના યોગ અને આયુષ્ય તેમજ શ્વાસોચ્છ્વાસ મળીને આ દસ પ્રાણ કહેવાય છે.

**"ખાણ મૂત્રને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;**
**કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ."** (વ.પૃ.૪૭) ।।૨૪।।

**કાળરૂપી અજગર ગળે જન્મ થકી નિર્ધાર, પ્રભુજી;**
**ભોગ-ભુજંગ-પ્રસંગમાં રાચું હજી ય અપાર, પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** હે પ્રભુ! જન્મથી જ કાળરૂપી અજગરે પોતાના મોઢામાં મને અવશ્ય લઈ લીધેલ છે. છતાં ભુજંગ એટલે સર્પની સાથે રમવા જેવા આ ભોગના પ્રસંગોમાં હજી હું કેમ અત્યંતપણે રાચી રહ્યો છું.

**"ખરી રીતે એ પાંચ ઇંદ્રિયો તે જન્મમરણ કરાવનારાં કર્મબંધ પાડવામાં આગેવાન છે તેથી મહાપુરુષોએ તેમને વિષધર સાપની ઉપમા આપી છે. ઘરમાં સાપ હોય ત્યાં સુધી ઘરધણી નિશ્ચિંતે ઊંઘતો નથી, તેને મરણનો ડર રહ્યા કરે છે; તો આ તો પાંચે સાપને સોડમાં રાખી આપણે સુખી થવા ઇચ્છીએ છીએ તે કેમ બને? જ્યાં સુધી ઇંદ્રિયો વશ ન થાય ત્યાં સુધી સુખે સૂવા યોગ્ય નથી."** (બો.૩ પૃ. ૪૪) ।।૨૫।।

**ઉપરાઉપરી આપદા પ્રેરે પાપ-પ્રકાર પ્રભુજી;**
**નરક ભયંકર નોતરે; ટકે ન હિત-વિચાર, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** હે પ્રભુ! આ સંસારમાં ઉપરાઉપરી અનેક પ્રકારની આધિ વ્યાધિ કે ઉપાધિની આપદાઓ આવતાં છતાં પણ મધુબિંદુના દૃષ્ટાંત સમાન ત્યાં જ વળગી રહી પાપના પ્રકારોમાં જ મારો જીવ પ્રેરાય છે. પણ તેને છોડવા ઇચ્છતો નથી. તો તે પાપના વિચારો મારા માટે નરકને નોતરું આપશે. કેમકે આત્મહિતના વિચારો મારા મનમાં ટકવા જોઈએ તે ટકતા નથી. તો મારે હવે તે માટે શું કરવું? તે આપ જણાવો. ॥૨૬॥

**નથી નિર્ણય નિજ રૂપનો ક્યાંથી થશે કલ્યાણ, પ્રભુજી?**
**ભાન વિના ભમતો ફરું ભૂત-ભ્રમિત સમાન, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** હે પ્રભુ! હજી મને મારા પોતાના સ્વરૂપનો નિર્ણય નથી કે હું કોણ છું? તે આત્મસ્વરૂપને જાણ્યા વિના હે પ્રભુ! મારું કલ્યાણ કેમ થશે? મોહરૂપી ભૂત લાગવાથી ભ્રમિત થયેલો એવા હું સ્વભાવને ભૂલી ચારગતિરૂપ ઘોરવનમાં ભમ્યા જ કરું છું. ॥૨૭॥

**કુશાસ્ત્રાદિ વિનોદમાં ગાળું હું દુર્લભ કાળ, પ્રભુજી;**
**કરવા યોગ્ય કરું નહીં, લીધી ન નિજ સંભાળ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** હે પ્રભુ! આત્માર્થ પોષક શાસ્ત્રોને મૂકી દઈ; મિથ્યાત્વ પોષક કુશાસ્ત્રો કે છાપાઓ કે મોહપોષક નવલકથાઓના વિનોદમાં મારો આ દુર્લભ મનુષ્યભવનો સમય ગાળું છું. આ માનવદેહમાં અચૂક કરવા યોગ્ય આત્મકાર્યને હું કરતો નથી. જેથી મારા આત્માની નિજ સંભાળ લેવાનું કાર્ય આવા પ્રાપ્ત અમૂલ્ય અવસરમાં પણ પડ્યું રહે છે. તો મારું સ્વદેશરૂપ મોક્ષગમન કેવી રીતે થશે? ॥૨૮।

**સમભાવે પગ ના ટકે, મમતા નહીં મુકાય, પ્રભુજી;**
**વેષ ધરું ભવ-નાટકે, સ્વભાવ નિત્ય ચુકાય, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** સમભાવ જે આત્માનું ઘર છે - સ્વધામ છે, ત્યાં મારો પગ ટકતો નથી, અર્થાત્ સ્વભાવમાં મન સ્થિર રહેતું નથી. અને સર્વ દુઃખનું મૂળ મમતા છે. તે પરમાં મારાપણું કરવાનો ભાવ હજુ સુધી મારા મનમાંથી મૂકાતો નથી. તેના કારણે આ સંસારમાં હું અનેક પ્રકારના નવા નવા દેહ ધારણ કરીને નાટક કર્યા કરું છું. અને જે મારો નિત્ય આત્મ સ્વભાવ છે તેને ચૂકી જાઉં છું.

એક ભવમાં પણ જ્ઞાનીપુરુષની આજ્ઞાએ ધર્મ આરાધું તો મારો અનંત સુખરૂપ આત્મસ્વભાવ પ્રાપ્ત થઈ મારું આ ભવનાટક અટકી જાય; પણ હજી હું તેમ કરતો નથી. ॥૨૯॥

**કૃત-કારિત-અનુમોદને ધર્મ ત્રિવિધ સધાય, પ્રભુજી;**
**મન, વાણી, તન યોજતાં નવધા ધર્મ-ઉપાય, પ્રભુજી. રાજ૦**

**અર્થ :–** કરવું, કરાવવું અને અનુમોદવું એમ ધર્મ ત્રણ પ્રકારે સાધી શકાય છે. તેમાં પણ મન, વાણી અને શરીર સાથે તેની યોજના કરતાં તે ધર્મ નવ પ્રકારે આરાધી શકાય છે.

જેમકે મનથી કરવું, કરાવવું, અનુમોદવું, વચનથી કરવું, કરાવવું, અનુમોદવું કે કાયાથી કરવું, કરાવવું અનુમોદવું. એમ નવ પ્રકારે ધર્મ આરાધનાના ઉપાય ભગવંતે જણાવ્યા છે. ॥૩૦॥

**શ્રવણ, કીર્તન, ચિંતના, વંદન, સેવન, ધ્યાન, પ્રભુજી;**
**લઘુતા, સમતા, એકતા—નવધા ભક્તિ-નિદાન, પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** ભક્તિ કરવાના પણ નવ પ્રકાર જ્ઞાનીપુરુષોએ આ પ્રમાણે જણાવેલ છે :—

ભગવાનના બોધનું શ્રવણ કરવું, તેમના ગુણોનું કીર્તન એટલે ગુણગાન કરવું, તેમના વચનોનું ચિંતન-મનન કરવું, વિનયપૂર્વક તેમને નમસ્કાર કરવા, પૂજ્ય પુરુષોની સેવાચાકરી કરવી, ઘર્મધ્યાન કરીને વૃત્તિને સ્થિર કરવી, ગુણ પ્રગટતાં પણ લઘુતા ધારણ કરવી, રાગદ્વેષ રહિત સમભાવમાં આવવું અને પરમગુરુના સ્વરૂપમાં ઐક્યપણાનો ભાવ ઊપજવો તે એકતા ભક્તિ છે.

આ નવધાભક્તિ પણ સ્વદેશરૂપ મોક્ષ પ્રાપ્તિનું બળવાન નિદાન એટલે કારણ છે.

**"ભક્તિ એ મોક્ષનો ઘુરંઘર માર્ગ મને લાગ્યો છે."** શ્રીમદ્ રાજચંદ્ર ।।૩૧।।

**ઘોઘ સમા સદ્બોઘથી ટળતાં પૂર્વિક પાપ, પ્રભુજી;**
**આત્મિક બળ ઉજ્જ્વળ બને, એ સત્સંગ-પ્રતાપ, પ્રભુજી. રાજ૦**

**અર્થ :—** સત્પુરુષના સદ્બોઘરૂપ ઘોઘવડે જીવોના પૂર્વે કરેલા સંચિત પાપરૂપ મળ ઘોવાઈ જાય છે, અને તેમના આત્માનું બળ ઉજ્જ્વળતાને પામે છે અર્થાત્ નિર્મળ બને છે. નિર્મળ આત્માઓની ક્રમપૂર્વક સંપૂર્ણ શુદ્ધિ થયે તે મોક્ષરૂપ સ્વઘામમાં જઈ, સર્વકાળ અનંતસુખમાં બિરાજમાન થાય છે. આ સ્વઘામ મોક્ષમાં લઈ જવાનો બઘો પ્રતાપ સત્સંગરૂપી કલ્પવૃક્ષનો છે; એમ પરમકૃપાળુદેવ જણાવે છે.

**"આજે અહીં આવ્યા છો તો કમાણીના ઢગલા થાય છે. દર્શન કરવા મળશે, આત્મહિત માટે સત્સંગમાં આત્માની વાત સાંભળવા મળશે, એવા ભાવથી સમાગમ માટે અહીં આવવા ભાવ કર્યા ત્યાં ડગલે ડગલે જગનનું ફળ કહ્યું છે. તીર્થયાત્રા ઘણી કરી, પણ સાચો દેવ કયો? આત્મા. તે જાણ્યો છે જેણે એવા સત્પુરુષની વાણી સાંભળતા કોટિ કર્મ ખપી જાય છે, પુણ્યના ઢગલા બંઘાય છે."** (ઉપદેશામૃત) ।।૩૨।।

---

સ્વદેશરૂપ મોક્ષમાં શાશ્વત નિવાસ કરવો હોય તો મન, વચન, કાયાના યોગને પ્રથમ શુભમાં પ્રવર્તાવવા પડશે, તો જ શુદ્ધ ભાવની પ્રાપ્તિ થશે. પ્રશસ્ત એટલે શુભ. યોગ એટલે મન,વચન,કાયાના યોગ. એ ત્રણેય યોગને શુભમાં પ્રવર્તાવવા તે પ્રશસ્ત યોગ.

(૪૭)

## પ્રશસ્ત યોગ



(રાગ ખમાજ—તાલ ઘુમાળી)
(વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી, ઘનનામી, પરનામી રે—એ રાગ)

*



**વંદું પદ ગુરુ રાજચંદ્રના યોગ અવંચકકારી રે;**
**પરમ યોગ પ્રગટાવે હૃદયે, શાંત-સુધારસ ધારી રે. વંદું૦**

**અર્થ :—** હું પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં વંદન કરું છું કે જેના મન વચન કાયાના યોગ અવંચકકારી છે અર્થાત્ જેના યોગ કોઈને ઠગનાર નથી.

જેના યોગબળે આપણા હૃદયમાં પણ મોક્ષને સાધે એવા પરમ યોગની સાધના પ્રગટ થાય એમ છે, એવા પરમકૃપાળુદેવનું હૃદય શાંત સુધારસથી ભરપુર છે, તેમને મારા ભક્તિભાવે નમસ્કાર હો. ।।૧।।

**યોગ થયો જે પરવસ્તુનો બાહ્ય, અભ્યંતર ભેદે રે;**
**દેહાદિકનો બાહ્ય ગણાયે, કર્મ અભ્યંતર વેદે રે. વંદું૦**

**અર્થ :—** સર્વ જીવોને પરવસ્તુનો બે પ્રકારે યોગ થયેલો છે. તે એક બાહ્ય અને બીજો અંતરનો છે. તેમાં દેહ, કુટુંબ, સોનુ, રૂપું, મણિ, પત્થર આદિનો યોગ તે બાહ્યયોગ છે, અને જ્ઞાનાવરણીયાદિ આઠેય કર્મનો યોગ એટલે સંબંધ તે અંતરમાં રહેલ આત્મા સાથે છે. તે આત્મા એ આઠેય કર્મના ફળનું વેદન કરનાર છે. ।।૨।।

**કર્મ-હેતુ ત્રણ યોગ કહ્યા જ્યાં મન, વાણી, તન વર્તે રે;**
**શુભ, અશુભ જીવ-ભાવ વડે તે પ્રશસ્ત ને અપ્રશસ્ત રે. વંદું૦**

**અર્થ :—** હવે અંતરંગ કર્મનો યોગ કેવી રીતે થાય છે તે જણાવે છે :—

જ્ઞાનાવરણિયાદિ આઠેય કર્મ આવવાના કારણ ત્રણ યોગ છે. તે મન, વચન, કાયાના યોગ પ્રવર્તનથી કર્મનું આગમન થાય છે. શુભ કે અશુભભાવ જીવ કરે તે પ્રમાણે, મન વચન કાયાના યોગ પ્રશસ્ત યોગ કે અપ્રશસ્તયોગ કહેવાય છે. ।।૩।।

**પાપ-કર્મમાં કરે પ્રવૃત્તિ વિષયાદિકને માટે રે;**
**અશુભ યોગથી દુર્ગતિ બાંધી વહે અનાદિ વાટે રે. વંદું૦**

**અર્થ :—** અશુભ યોગમાં જીવો શા માટે પ્રવૃત્તિ કરે છે અને તેનું ફળ શું આવે છે તે જણાવે છે :—

પાંચ ઇન્દ્રિયના વિષયો પોષવા માટે જીવો અઢાર પાપસ્થાનકમાં પ્રવૃત્તિ કરે છે. તે અશુભયોગમાં પ્રવૃત્તિ કરીને દુર્ગતિનો બંધ કરી, અનાદિની ચતુર્ગતિરૂપ ભ્રમણની વાટમાં જીવો ફર્યા કરે છે. ।।૪।।

**સદ્ભાગ્યે સદ્ગુરુને યોગે વંદન આદિક કરતાં રે,**
**યોગ-ક્રિયા-ફળ હોય અવંચક ભાવ સત્ય પ્રતિ ધરતાં રે. વંદું૦**

**અર્થ :—** સદ્ભાગ્યના ઉદયે કોઈક ભવમાં શુભકર્મના ફળમાં તેમને સદ્ગુરુનો યોગ મળતાં, તેમને વંદન, પૂજન, સેવન કે ઉપદેશ શ્રવણ આદિ કરવાનો જોગ પ્રાપ્ત થાય છે. ત્યારે તેમના મન વચન કાયાના યોગ કે તેમની પ્રવૃત્તિરૂપ ક્રિયા કે તેના ફળ અવંચક બને છે અને તેમના ભાવ જેમ છે તેમ આત્માદિ વસ્તુના સત્યસ્વરૂપ પ્રત્યે વળતા જાય છે.

હવે યોગ, ક્રિયા કે તેના ફળ ક્યારે અવંચક કહેવાય તે જણાવે છે :—

**"સદ્ગુરુનો યોગ થયા પછી તેની આજ્ઞામાં મનોયોગ પ્રવર્તાવે તે યોગાવંચક છે, જ્ઞાનીની આજ્ઞાએ વચન અને કાયા પ્રવર્તાવે, વંદના આદિ ક્રિયા વિનયપૂર્વક કરે તે ક્રિયા અવંચક છે. અને સદ્ગુરુ સાચા હોવાથી જે પુણ્યરૂપ ફળ બંધાય તે પણ મોક્ષમાર્ગને અવિરોધક એવું હોય તે ફલાવંચક છે. એમ યોગ, ક્રિયા ને ફળ એ ત્રિવિધ અવંચક યોગ થાય ત્યારે પ્રથમ દૃષ્ટિમાં જીવ આવ્યો લેખાય."** (આ.દૃ..સજ્ઝાય, અર્થ.૦ પૃ.૧૨)

હવે વંચક યોગ કે વંચના બુદ્ધિ કોને કહેવાય તે જણાવે છે :—

**"વંચનાબુદ્ધિ એટલે સત્સંગ, સદ્ગુરુ આદિને વિષે ખરા આત્મભાવે માહાત્મ્યબુદ્ધિ ઘટે તે**

**માહાત્મ્યબુદ્ધિ નહીં, અને પોતાના આત્માને અજ્ઞાનપણું જ વર્ત્યા કર્યું છે, માટે તેની અલ્પજ્ઞતા, લઘુતા વિચારી અમાહાત્મ્યબુદ્ધિ નહીં; તે સત્સંગ, સદ્ગુરુ આદિને વિષે આરાધવાં નહીં એ પણ વંચનાબુદ્ધિ છે ત્યાં પણ જો જીવ લઘુતા ધારણ ન કરે તો પ્રત્યક્ષપણે જીવ ભવપરિભ્રમણથી ભય નથી પામતો એમ જ વિચારવા યોગ્ય છે. વધારે લક્ષ તો પ્રથમ જીવને જો આ થાય તો સર્વ શાસ્ત્રાર્થ અને આત્માર્થ સહેજે સિદ્ધ થવા સંભવે છે. એ જ વિજ્ઞાપન.''** (વ.પૃ.૪૨૨) ।।૫।।

**એક શેઠને ત્રણ દુકાનો રત્ન, કનક, કાપડની રે;**
**નફો-ખોટ ત્યાં ભાવ પ્રમાણે, વળી ક્રિયા આવડની રે. વંદું૦**

**અર્થ :–** મન, વચન, કાયાના ત્રણેય યોગમાં, કયા યોગની પ્રવૃત્તિથી વિશેષ નુકસાન છે તે કહે છે :

**એક શેઠનું દૃષ્ટાંત :–** એક શેઠને ત્રણ દુકાનો છે. એક રત્ન-હીરા માણેક મોતીની, બીજી સોના ચાંદીની અને ત્રીજી કાપડની. તેમાં નફો કે ખોટ ભાવ પ્રમાણે થાય છે. વળી તેમાં પોતામાં ધંધાની કેવી આવડત છે અને કેવો એનો પુરુષાર્થ છે તેના ઉપર પણ નફા તોટાનો આધાર રહે છે. ।।૬।।

**કાપડમાં જે ખોટ જણાતી, કનકલાભથી ટળતી રે;**
**કનકદુકાને ખોટ આવતાં રત્નનફામાં ભળતી રે. વંદું૦**

**અર્થ :–** કાપડની દુકાનમાં જે કોઈ ખોટ જણાય તો તે સોનાચાંદીની દુકાનના નફામાંથી પુરાઈ જાય. સોના ચાંદીની દુકાને ખોટ આવે તો તે રત્ન કે હીરા માણેકની દુકાનમાંથી ભરપાઈ થઈ જાય. ।।૭।।

**પ્રશસ્ત પ્રવૃત્તિ યોગ તણી તે પુણ્યલાભ સમ સમજો રે,**
**અશુભ યોગ-જ પાપ ખોટ સમ, પુરાય હજી જો ચેતો રે. વંદું૦**

**અર્થ :–** મન વચન કાય યોગની શુભ પ્રવૃત્તિ થાય તેને પુણ્યના લાભ સમાન જાણો, અને તે યોગોવડે અશુભ પ્રવૃત્તિ થાય તો પાપ કર્મનો આસ્રવ થાય છે, તેને દુકાનમાં થતી ખોટ સમાન જાણો. તે ખોટને પૂરી શકાય છે, જો તમે નીચેની ગાથામાં જણાવ્યા પ્રમાણે ચેતી જાવ તો. ।।૮।।

**કાયાએ દૂભવ્યા જન તેની ક્ષમા યાચ્યે જન છૂટે રે,**
**વચન-વિરોધે વેર વધેલું મૈત્રીભાવે તૂટે રે. વંદું૦**

**અર્થ :–** કાયાવડે કોઈને આપણે દુભવ્યા હોય તો તેની માફી માંગીને છૂટી શકાય છે. કોઈની સાથે નહીં કહેવા યોગ્ય વચન બોલવાથી વધેલું વેર, તેની સાથે ફરીથી મૈત્રીભાવ એટલે પ્રેમભાવ રાખવાથી મેટી શકાય છે. ।।૯।।

**એથી ઊલટો ક્રમ સેવ્યાથી ખોટ નહીં પુરાશે રે,**
**મનમાં વેર ધરી હિતવચનો વદતાં, વેર ન જાશે રે. વંદું૦**

**અર્થ :–** એથી ઊલટો ક્રમ જેમ કે પેલા બે ધોલ મારે તો હું ચાર મારીશ, કે પેલો બે વચન કહે તો હું ચાર કહીશ એમ કરવાથી થયેલ પાપની ખોટ કદી પુરાશે નહીં પણ વૃદ્ધિ પામશે.

મનમાં વેરના ભાવો રાખી ઉપરથી મીઠું બોલવાથી પણ તે વેર નાશ પામશે નહીં. ।।૧૦।।

**વચન-વિરોધ કરી કાયાથી સેવા કરો તન તોડી રે,**
**તોપણ હિત નહિ સાધી શકશો, સમજી લ્યો મન જોડી રે. વંદું૦**

**અર્થ :—** ગમે તેમ બોલી વચનરૂપ તીર છોડીને વિરોધ મોલ લીધા પછી, કાયાથી તનતોડીને તેની સેવા કરો તો પણ તમે તમારું હિત સાધી શકશો નહીં. આ વાત તમે મનને સ્થિર કરીને બરાબર સમજી લેજો. ।।૧૧।।

**રત્નખોટ નહિ પૂરી થાશે સુવર્ણની દુકાને રે,**
**સોનાની નહિ ખોટ પુરાશે કાપડની દુકાને રે. વંદું૦**

**અર્થ :—** રત્નની દુકાનમાં આવેલ ખોટ સોનાચાંદીની દુકાનના નફાવડે પૂરી શકાશે નહીં. અને સોના ચાંદીની દુકાને આવેલ ખોટ કાપડની દુકાનના નફાવડે પૂરી શકાશે નહીં. ।।૧૨।।

**મનને આધારે તરવાનું કે ડૂબવાનું, સમજો રે,**
**તેથી મનની શુદ્ધિ કરવા સત્પુરુષને ભજજો રે. વંદું૦**

**અર્થ :—** હવે મનોયોગને પ્રશસ્ત કરવા કેવા ભાવોમાં રમવું જોઈએ તે જણાવે છે :—

રત્નોની દુકાન સમાન મનને જાણો. તેની ખોટ કોઈથી પૂરી શકાય એમ નથી. મનને આધારે જ તરવાનું છે કે બૂડવાનું છે. મન જો સત્પુરુષના આધારે ચાલે તો સંસાર સમુદ્રથી તરી શકાય છે. અને મન જો તેથી વિપરીત ચાલે તો સંસાર સમુદ્રમાં બુડાવી દે એમ છે.

બંધ અને મોક્ષનું કારણ મનુષ્યોનું મન જ છે. ''मन अेव मनुष्याणाम् कारणं बंध मोक्षयोः'' તેથી મનની શુદ્ધિ કરવા માટે સત્પુરુષના વચનોને સાચા ભાવથી ભજજો, અર્થાત્ તે પ્રમાણે જ વર્તન કરવાનું રાખજો.

**''રાગ-દ્વેષાદિ મોજાંથી, હાલે જો ના મનોજળ;**
**તો આત્મતત્ત્વ તે દેખે, તે તત્ત્વે અન્ય નિષ્ફળ.''** -ગ્રંથયુગલ ।।૧૩।।

**સત્પુરુષની સ્તુતિ કરવા વચનયોગ વાપરજો રે,**
**જીવનભર તેની સેવામાં માનવ કાયા ધરજો રે. વંદું૦**

**અર્થ :—** પોતાનો વચનયોગ પણ સત્પુરુષની સ્તુતિ એટલે ગુણગાન કરવામાં વાપરજો. તથા મનુષ્ય-ભવનો કાય યોગ પણ જીવનભર તેની સેવા એટલે આજ્ઞા ઉઠાવવાના ઉપયોગમાં લેજો. ।।૧૪।।

**વિષયકષાય તજી અંતરથી, શમ-દમ તત્ત્વ વિચારો રે,**
**દયા, ક્ષમા, નિર્મમતા, મૈત્રી ઉદાસીનતા ધારો રે. વંદું૦**

**અર્થ :—** મનમાંથી વિષયકષાયને તજવા માટે ક્રોધાદિ કષાયનું શમન કેમ થાય કે વિષયોનું દમન કેમ થાય એ તત્ત્વનો વિચાર કરજો. વળી દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ કે ઉદાસીનતા એટલે વૈરાગ્ય જીવનમાં કેમ આવે તેનો વિચાર કરજો. પરમાં મારાપણાનો ભાવ મૂકી, જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ભાવો જેથી આપણા આત્માનું કલ્યાણ થાય. આ બધા શુભ ભાવો વડે મનવચનકાયાના યોગ પ્રશસ્ત બને છે. અને પ્રશસ્ત યોગવડે શુદ્ધભાવની પ્રાપ્તિ થાય છે અને શુદ્ધભાવ વડે સમકિત કે કેવળજ્ઞાન ઊપજે છે. ।।૧૫।।

**દ્વાદશ, સોળ અનેક પ્રકારે ભાવો ભાવના સારી રે,**
**સદ્ગુરુ-બોધે કરો રમણતા, ભવના ભાવ વિસારી રે. વંદું૦**

**અર્થ :—** સમાધિસોપાનમાં વિસ્તારથી વર્ણવેલ દ્વાદશ એટલે બાર ભાવના, સોળ કારણ ભાવના અને બીજી અનેક પ્રકારની મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને મધ્યસ્થતાદિ ભાવનાઓ જે સમ્યક્દર્શનની યોગ્યતા આપનાર છે; તે ભાવનાઓને સારી રીતે ભાવી સદ્ગુરુના બોધમાં રમણતા કરો; અને સંસાર સંબંધી સર્વ વિષયકષાયના ભાવોને વિસારી દ્યો, અર્થાત્ ભૂલી જાઓ.

સમાધિસોપાનમાં વર્ણવેલ બાર ભાવનાઓના નામો આ પ્રમાણે છે :—

(૧) અનિત્ય, (૨) અશરણ, (૩) સંસાર, (૪) એકત્વ, (૫) અન્યત્વ (૬) અશુચિ, (૭) આસ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) લોક, (૧૧) બોધિ દુર્લભ અને (૧૨) ધર્મ દુર્લભ ભાવના છે.

તીર્થંકર પદ પ્રાપ્તિના કારણરૂપ સોળ કારણ ભાવનાઓના નામો નીચે પ્રમાણે છે :—

(૧) દર્શનવિશુદ્ધિ, (૨) વિનય સંપન્નતા, (૩) શીલવ્રતેષ્વતિચાર, (૪) અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ, (૫) સંવેગ, (૬) શક્તિતઃ ત્યાગ, (૭) શક્તિતઃ તપ, (૮) સાધુ સમાધિ, (૯) વૈયાવૃત્તિ, (૧૦) અરિહંત ભક્તિ, (૧૧) આચાર્ય ભક્તિ, (૧૨) બહુ શ્રુત ભક્તિ, (૧૩) પ્રવચન ભક્તિ, (૧૪) આવશ્યક અપરિહાણી (૧૫) સન્માર્ગ પ્રભાવના અને (૧૬) પ્રવચન વાત્સલ્ય ભાવના છે. તેનો વિસ્તાર સમાધિસોપાનમાંથી વાંચવા યોગ્ય છે. ।।૧૬।।

**મનડે મોહ-અભ્યાસ કર્યો છે, તેથી મોહે ભમતું રે;**
**જ્ઞાન અને વૈરાગ્ય-અભ્યાસે રહે સ્વરૂપે રમતું રે. વંદું૦**

**અર્થ :—** અનાદિકાળથી આ મનડે મોહ કરવાનો જ અભ્યાસ કર્યો છે. તેથી અજ્ઞાનવડે રાગદ્વેષ કરી મોહરૂપી વનમાં તે ભટક્યા કરે છે. કદાચ વચનથી મૌન રાખે, કાયાને પણ આસનો વડે સ્થિર કરી દે, છતાં મન તો અનેક પ્રકારના ઘાટ ઘડ્યા જ કરે છે.

પણ સત્પુરુષોના બોધરૂપ સમ્યક્જ્ઞાનવડે અને વૈરાગ્યભાવનાના અભ્યાસ વડે તે મન સ્વરૂપમાં રમણતા કરી શકે છે.

**"અવિદ્યા બહુ અભ્યાસી, તે સંસ્કારે મન ચળે;**
**જ્ઞાનસંસ્કારથી ચિત્ત, આત્મન્તત્ત્વે સ્વયં વળે."** -ગ્રંથયુગલ ।।૧૭।।

**જેને હિતકારી મન માને તેની રુચિ નિત ધરતું રે,**
**વગર પ્રયત્ને ત્યાં જ ફરે મન, તલ્લીન બની ત્યાં ઠરતું રે. વંદું૦**

**અર્થ :—** મન જે પદાર્થને હિતકારી માને તેમાં હમેશાં રુચિ ધરાવે છે. વગર પ્રયત્ને પણ મન ત્યાં ફર્યા કરે છે અને તેમાં જ તલ્લીન બની સ્થિર રહે છે.

**"બુદ્ધિને હિત જ્યાં લાગે, શ્રદ્ધા તેમાં જ ચોટતી;**
**શ્રદ્ધા જ્યાં ચોટતી ત્યાં જ, ચિત્તની લીનતા થતી."** -ગ્રંથયુગલ ।।૧૮।।

**સર્વોપરી હિતકારી જીવને સંત-સમાગમ માનો રે,**
**તેમાં ચિત્ત પરોવાયું તો રંગ રહે નહિ છાનો રે. વંદું૦**

**અર્થ :—** જીવને સર્વોપરી કલ્યાણકર્તા સત્પુરુષનો સમાગમ છે. તેમાં ચિત્ત પરોવાઈ ગયું તો તે સત્સંગના રંગની ખુમારી છાની રહે તેમ નથી. તેના જીવનમાં જરૂર પલટો લાવશે. ।।૧૯।।

**જ્ઞાનીની વાણી વસી હૃદયે તો વૈરાગ્ય ઝળકશે રે,**
**તત્ત્વ-વિચાર-સુધારસ-ધારા પીતાં તપ-પ્રીતિ વધશે રે. વંદું૦**

**અર્થ :—** જ્ઞાનીની વાણી જો હૃદયમાં વસી ગઈ તો વૈરાગ્ય ઝળકી ઊઠશે.

દૃષ્ટાંતરૂપે શ્રી અંબાલાલભાઈ અને શ્રી ત્રિભોવનભાઈએ અમદાવાદમાં શ્રી જુઠાભાઈને લગ્નના વરઘોડામાં આવવા જણાવ્યું ત્યારે શ્રી જુઠાભાઈ કહે - 'કોણ પ્રતિબંધ કરે.' આવો વૈરાગ્યપૂર્ણભાવ શ્રી જુઠાભાઈમાં ઝળકી ઊઠ્યો. તેનું કારણ પરમકૃપાળુદેવની વાણી તેમના હૃદયમાં વસેલી હતી.

આત્માદિ મૂળ તત્ત્વોનો વિચાર જે સુધારસની ધારા સમાન છે; તે પીતાં તપ પ્રત્યે પ્રેમ વધશે અને જગત સુખની ઇચ્છા ઘટવા માંડશે. **"ઇચ્છા નિરોધસ્તપઃ"** -મોક્ષશાસ્ત્ર ઇચ્છાઓનો નિરોધ કરવો એ જ ખરું તપ છે. ।।૨૦।।

**સત્પુરુષોના ગુણગ્રામે જે રસના પાવન કરતા રે,**
**તે જન કુવિદ્યા-રસ તજીને સહજે ભવજળ તરતા રે. વંદું૦**

**અર્થ :—** હવે વચનયોગને પ્રશસ્ત કરવા વિષેનો ઉપાય જણાવે છે :—

સત્પુરુષોના ગુણગ્રામ કરીને જે પોતાની રસના એટલે જીભને પાવન કરે છે, તે ભવ્યાત્મા કુવિદ્યા એટલે મિથ્યાત્વના રસને મૂકી દઈ સહજે સંસારરૂપી સમુદ્રને તરી જાય છે.

**"પૂજવાયોગ્ય, સ્તુતિ કરવાયોગ્ય, નમસ્કાર કરવાયોગ્ય કોણ છે? તે કહે છે. જે વસ્તુ આપણે જોઈએ છે તે વસ્તુ જેનામાં હોય તેને નમસ્કાર કરવાના હોય છે. ભગવાન એવા છે. કીર્તન કરવાયોગ્ય છે. વાતો કરવી તોય એમના ગુણોની કરવી, એ ગુણગ્રામ છે."** -બો.૨ (પૃ.૧૦૩)

**"જિનગુણ રાગ પરાગથી રે, મનમોહના રે લાલ, વાસિત મુજ પરિણામ રે, ભવિ બોહના રે લાલ;**
**તજશે દુષ્ટ વિભાવતા રે, મનમોહના રે લાલ, સરશે આતમ કામ રે ભવિ બોહના રે લાલ."** -નિત્યક્રમ ।।૨૧।।

**સત્ય પ્રમાણિક વચન વદે જે સત્શ્રુતને આધારે રે,**
**વિશ્વ તણા વ્યાપાર વિષે નહિ વ્યર્થ વચન ઉચ્ચારે રે. વંદું૦**

**અર્થ :—** જે સત્શ્રુત એટલે સત્શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે કરુણામય સત્ય પ્રામાણિક વચન બોલે છે; તે વિશ્વમાં અનેક પ્રકારની વ્યાપાર કે વ્યવહાર આદિની ક્રિયા કરતાં પણ અપ્રયોજનભૂત એવા વ્યર્થ વચનને ઉચ્ચારતા નથી.

**"સત્ય બોલવાની ટેવ પાડવી. સત્ય બોલવું હોય તેણે કામ સિવાય બોલ બોલ કરવું નહીં, મૌન સેવવું. (ચારેય પ્રકારની) વિકથાનો ત્યાગ કરવો અથવા તેવી વાતોમાં અનુમોદન આપવું નહીં. તેમ કરવાથી જૂઠું બોલવાનો પ્રસંગ આવે છે."** -બો.૧ (પૃ.૧૦) ।।૨૨।।

**પરનિંદા, કુમાર્ગ-પ્રશંસા, મર્મ-ભેદી તજી વાચા રે,**
**શાંતિ-પ્રેરક વચનયોગને વર્તાવે જન સાચા રે. વંદું૦**

**અર્થ :—** પરનિંદા કરવી નહીં. **"પર નિંદા એ સબળ પાપ માનવું."** -(વ.પૃ.૧૪)

**"પરનિંદા વિષ્ટાવડે, ખરડાયું મુખ પૂર્ણ;**
**પરનારી નિરખી નયન, અંજાયા વિષ ચૂર્ણ."** -સ્વદોષદર્શન

ધર્મના નામે ચાલતા કુમાર્ગોની પ્રશંસા કરવી નહીં તેથી મિથ્યાત્વને પોષણ મળે છે. તેમજ વચનયોગવડે કોઈના મનને ભેદી નાખે એવી મર્મભેદક વાણી ઉચ્ચારવી નહીં. જેમ બ્રાહ્મણે વાઘને કૂતરો કહી દીધો, તે ઘા પન્દર દિવસે પણ રુઝાયો નહીં; જ્યારે કુહાડાનો ઘા પંદર દિવસે પણ રુઝાઈ ગયો.

માટે સજ્જન પુરુષો શાંતિપ્રેરક વચન બોલી પોતાના વચનયોગનો ઉપયોગ કરે છે. ।।૨૩।।

**જન-મન દૂઁભવે બૂરું બોલી તે જન હિંસક જાણો રે,**
**તે જનને સન્માર્ગે વાળે, વાર્ણી પ્રશસ્ત વખાણો રે. વંદું૦**

**અર્થ :–** જે ખરાબ વચન બોલીને લોકોના મનને દુભવે છે તેને હિંસક જાણો. એવા વ્યક્તિને પણ જે હિત, મિત અને પ્રિય વચન બોલી, સન્માર્ગમાં વાળે છે તે પુરુષની વાણી પ્રશસ્ત છે એમ જાણો અને તેના વખાણ કરો. ।।૨૪।।

**કષાય શમાવે, ભક્તિ જગાવે, ધીરજ દે દુખ આવ્યે રે,**
**મોહનીંદમાં ઘોરે જગજન તેને બોધી જગાવે રે. વંદું૦**

**અર્થ :–** જે વાણી કષાયભાવોને શમાવે, સત્પુરુષ પ્રત્યે ભક્તિને જાગૃત કરે, દુઃખના અવસરમાં ધીરજ આપે અને મોહનીંદમાં જે જગતવાસી જીવો ઘોરી રહ્યા છે તેને પણ બોધ આપીને જગાડે તે વાણી જીવને કલ્યાણકારી છે. તેની જ ઉપાસના કરવા યોગ્ય છે. ।।૨૫।।

**સહજ સ્વભાવે સ્ફુરતી વાણી પરમગુરુની જાણો રે,**
**શબ્દબ્રહ્મરૂપ વચન-યોગ તે પરમ પ્રશસ્ત પ્રમાણો રે. વંદું૦**

**અર્થ :–** એવી કલ્યાણકારી વાણી કોની છે? તો કે એવી વાણી પરમગુરુની છે કે જે સહજ સ્વભાવે તેમના આત્મામાંથી સ્ફુરાયમાન થઈને નીકળે છે. આત્માને સ્પર્શીને નીકળતી વાણી તે શબ્દબ્રહ્મરૂપ છે. સત્પુરુષનો એવો વચન-યોગ પરમ પ્રશસ્ત છે અને પ્રમાણભૂત છે એમ જાણો. ।।૨૬।।

**કર-ચરણાદિક અનેક અંગે પાપ થતાં જે રોકી રે,**
**સ્વપર-હિતમાં કાયા યોજે તે શુભ કાયા-યોગી રે. વંદું૦**

**અર્થ :–** હવે કાયયોગ પ્રશસ્ત થયો ક્યારે ગણાય? તે જણાવે છે :–

હાથ, પગ, આંખ, કાન આદિ અંગો દ્વારા થતા પાપોને જે રોકી, તે જ કાયાને વંદન, સેવન, પૂજન આદિ અનેક સ્વ-પર હિતના કામોમાં યોજે તેનો કાયયોગ શુભ છે એમ કહી શકાય. ।।૨૭।।

**શાસ્ત્રાજ્ઞા-અનુસરતું વર્તન કાયાથી જે રાખે રે,**
**પાપ ઘણાં અટકાવી તે જન પરમ પુણ્ય-ફળ ચાખે રે. વંદું૦**

**અર્થ :–** શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે જ્ઞાનીપુરુષની આજ્ઞા અનુસાર મુનિ હોય તો સમિતિપૂર્વક અને ગૃહસ્થ હોય તો યત્નાપૂર્વક કાયાથી વર્તન જો રાખે, તો મન, વચન, કાયાથી થતા ઘણા પાપોને અટકાવી તે ભવ્યાત્મા કાળાન્તરે પરમ પુણ્યના ફળમાં શાશ્વત્ આત્મસિદ્ધિને પામે છે. ।।૨૮।।

**ક્રિયાકુશળતા યોગ ગણ્યો છે, અક્રિયતા નિજ જાણો રે,**
**કર્મરહિત નિજ શુદ્ધ સ્વભાવે સ્થિરતા, યોગ વખાણો રે. વંદું૦**

**અર્થ :–** મન વચન કાયાથી થતી ક્રિયા જ્ઞાનીપુરુષની આજ્ઞાનુસાર કરવામાં આવે તો તે ક્રિયા જીવને મોક્ષ સાથે જોડાણ કરાવે છે, તેથી તે ક્રિયા કુશળતાને પણ યોગ ગણ્યો છે. જ્યારે નિષ્ક્રિયપણું એ પોતાના આત્માનો સ્વભાવ છે.

જ્યારે મન વચન કાયાના યોગ આત્માને કર્મથી રહિત કરાવીને પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા કરાવશે તે ખરા પ્રશસ્ત યોગ છે અને તે વખાણવા લાયક છે. ।।૨૯।।

**ગ્રંથિભેદ કરી, બાહ્યદશા તજી અંતરાત્મતા પામી રે,**
**પરમાત્માના યોગે યોગી થાય ત્રિભુવન-સ્વામી રે. વંદું૦**

**અર્થ :–** મોક્ષને સાધનાર યોગી પ્રથમ જીવની મિથ્યાત્વમય બહિરાત્મદશાને તજી, અંતર-આત્મદશાને પામી, પછી પરમાત્મદશાના યોગે તે ત્રિભુવનનો સ્વામી અર્થાત્ ત્રણેય લોકનો નાથ થાય છે.

**"બહિરાત્મા તજી આમ, અંતરાત્મા બની અહો!**
**સર્વ સંકલ્પથી મુક્ત, પરમાત્માપણું લહો. ૨૭** -ગ્રંથયુગલ ।।૩૦।।

**પરમાત્મા ય સયોગીપણું તજી થાય અયોગી અંતે રે,**
**એમ પરમપદ પામી શોભે સિદ્ધરૂપે લોકાંતે રે. વંદું૦**

**અર્થ :–** દેહધારી પરમાત્મા પણ આયુષ્યના અંતે પોતાના મન વચન કાયાના યોગોને તજી દઈ, અયોગી બની પોતાના સ્વાભાવિક પરમપદ સ્વરૂપ સિદ્ધ અવસ્થાને પામી, લોકાન્તે જઈ સિદ્ધ શિલા ઉપર બિરાજમાન થાય છે. ત્યાં અનંત ગુણોવડે તે શોભા પામે છે. ।।૩૧।।

**પ્રશસ્ત-યોગ-પ્રભાવે યોગી શુભ ભાવો આરાધે રે,**
**શુદ્ધ ભાવની શ્રેણી ચઢતાં અંતિમ સિદ્ધિ સાધે રે. વંદું૦**

**અર્થ :–** મન વચન કાયાના પ્રશસ્ત યોગના પ્રભાવે યોગી એવા જ્ઞાનીપુરુષ, શુદ્ધ ભાવના લક્ષે શુભ ભાવમાં પ્રવર્તે છે, પણ અવસર પામ્યે આઠમા ગુણસ્થાનકથી શ્રેણિએ ચઢી કેવળજ્ઞાન પામી અંતિમ સિદ્ધિરૂપ મોક્ષપદને પ્રાપ્ત કરે છે. મન, વચન, કાયાના યોગને નીચે પ્રમાણે પ્રશસ્ત કરે છે :–

**"જે પ્રસન્ન પ્રભુ મુખ ગ્રહે, તેહિજ નયન પ્રધાન; જિ૦**
**જિનચરણે જે નામીએ, મસ્તક તેહ પ્રમાણ.જિ૦ શ્રી૦૨**
**અરિહાપદકજ અરચીએ, સ લહિજે તે હથ્થ; જિ૦**
**પ્રભુગુણ ચિંતનમેં રમે, તેહ જ મન સુકયથ્થ. જિ૦ શ્રી૦૩**
**શ્રી ઋષભાનન વંદિયે, અચલ અનંત ગુણવાસ, જિનવર;"** -નિત્યક્રમ ।।૩૨।।

---

મન વચન કાયાના યોગ પ્રશસ્ત કરવા માટે જીવનમાં સરળતા ગુણ જોઈએ. સરળતા હોય તો જીવનમાં ધર્મ પરિણમી શકે. મન વચન કાયાની કુટિલતા એ ધર્મના દ્રોહરૂપ છે; જ્યારે **'સરળતા એ ધર્મનું બીજું સ્વરૂપ છે.'** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૭)

(૪૮)



## સરળપણું

(દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે સુખ-સંપદશું ભેટ—એ રાગ)

*



**વક્રપણું વિભાવતણું રે સદ્ગુરુમાં નહિ લેશ,**
**શુદ્ધ સ્વભાવે શોભતા રે સરળપણે પરમેશ.**
**પરમગુરુ રાજચંદ્ર ભગવંત.**
**હું વંદુ વાર અનંત, પરમગુરુ રાજચંદ્ર ભગવંત.**

**અર્થ :—** સરળપણું એ આત્માનો ગુણ છે, આત્માનો સ્વભાવ છે; જ્યારે વક્રપણું એ સરળપણાનો પ્રતિપક્ષી દોષ છે. જે આત્માનો સ્વભાવ નથી પણ વિભાવ ભાવ છે. તે વક્રપણું મારા સદ્ગુરુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુમાં લેશ માત્ર નથી. પરમકૃપાળુદેવ તો સરળતા આદિ ગુણો વડે પરમેશ્વર બની જઈ આત્માના શુદ્ધ સ્વભાવમાં બિરાજમાન થઈ સદા શોભી રહ્યાં છે.

એવા પરમગુરુ રાજચંદ્ર ભગવંતને હું અનંતવાર પ્રણામ કરું છું. ।।૧।।

**સહજ સ્વરૂપને પામવા રે સરળપણાની જરૂર,**
**મનહરતા પણ ત્યાં વસે રે વિશ્વાસે ભરપૂર. પરમગુરુ૰**

**અર્થ :—** સહજ આત્મસ્વરૂપને પામવા માટે આત્મામાં સરળપણું લાવવું જરૂરી છે.

**"આ કાળને વિષે અને તેમાં પણ હમણાં લગભગના સેંકડાથી મનુષ્યની પરમાર્થવૃત્તિ બહુ ક્ષીણપણાને પામી છે, અને એ વાત પ્રત્યક્ષ છે. સહજાનંદસ્વામીના વખત સુધી મનુષ્યોમાં જે સરળવૃત્તિ હતી, તે અને આજની સરળવૃત્તિ એમાં મોટો તફાવત થઈ ગયો છે."** (વ.પૃ.૩૪૬) સરળતા ગુણ જેનામાં છે તે આત્મા બીજાના મનને પણ હરણ કરનાર છે. તેવા વ્યક્તિ ઉપર ભરપૂર વિશ્વાસ મૂકી શકાય. ।।૨।।

**સરળ સિદ્ધ-ગતિ કહી રે, સરળ અતિ શિવપંથ;**
**વક્રગતિ કહી સર્પની રે, માયાનું દૃષ્ટાંત. પરમગુરુ૰**

**અર્થ :—** લોકાંતે રહેલ સિદ્ધગતિમાં આત્માને જવાનો માર્ગ સરળ અર્થાત્ એકદમ સીધો છે. જે સ્થાને આત્મા દેહરહિત થાય તે જ સ્થાનથી ઉપર ઊઠી એક જ સમયમાં સીધી ગતિ વડે લોકાંતે જઈ સિદ્ધ ગતિને પામે છે. મોક્ષ પામવાનો માર્ગ સરળ છે.

**"અમને લાગે છે કે માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે."** (વ.પૃ.૨૫૯)

સાપની ગતિ વક્ર છે. સાપ ચાલે ત્યારે વાંકો ચાલે છે. તેમ માયાવી જીવોનું વર્તન વક્ર હોય છે; સરળ હોતું નથી. ।।૩।।

**દરમાં પેસે સાપ તો રે સીધો ત્યાં થઈ જાય,**
**તેમ માયા મૂક્યા વિના રે ધર્મ ન સત્ય સધાય. પરમગુરુ૰**

**અર્થ :—** સાપ જ્યારે દરમાં પ્રવેશ કરે ત્યારે તેને સીધા થઈ જવું પડે છે. તેમ સંસારમાં રહેલ જીવોને માયા મોહ મૂક્યા વિના સત્ય ધર્મની આરાધના થઈ શકે એમ નથી.

**"માયાની પ્રવૃત્તિનો પ્રસંગ ફરી ફરી જીવો કર્યા કરે છે. એક વખતે જે વચનોની પ્રાપ્તિ થતાં જીવ બંધનમુક્ત હોય અને તારા સ્વરૂપને પામે, તેવાં વચનો ઘણા વખત કહેવાયાનું પણ કાંઈ જ ફળ થતું નથી. એવી જીવોમાં અજોગ્યતા આવી ગઈ છે. નિષ્કપટપણું હાનિને પામ્યું છે."** (વ.પૃ.૨૪૪) ।।૪।।

**મનમાં હોય તેવું જ કહે રે વચન વડે જન જેહ,**
**વચનથી કરવા કહે રે કરે કાયાથી તેહ. પરમગુરુ૦**

**અર્થ :—** સરળ જીવ, મનમાં જેવું હોય તેવું કહે છે. વચનવડે પણ તેમજ બોલે છે.

વચન વડે જે કરવા કહે તે પ્રમાણે જ કાયાવડે કરે છે.

શ્રી અંબાલાલભાઈએ ખંભાતમાં શ્રી છોટાભાઈને સમાધિમરણમાં સહાય કરવાના ભાવથી વચન આપ્યું. પછી શ્રી છોટાભાઈને પ્લેગ લાગુ પડ્યો, છતાં શ્રી અંબાલાલભાઈએ અંત સુધી તેમની કાયાવડે સંભાળ લઈ સમાધિમરણ કરાવ્યું. તેમને પણ પ્લેગ લાગુ પડ્યો, છતાં 'પ્રાણ જાઈ પર વચન ન જાઈ' એવું સજ્જન પુરુષોનું વચન સિદ્ધ કરી બતાવ્યું. ।।૫।।

**એમ ત્રિયોગની એકતા રે ધરે સરળ સુજાણ,**
**પ્રજ્ઞાવંત પુરુષની રે સરળતા સુખ-ખાણ. પરમગુરુ૦**

**અર્થ :—** એમ સરળતા ગુણના લાભને જાણનાર સજ્જન પુરુષો મનવચનકાયાના ત્રણે યોગની એકતા વડે વર્તન કરે છે. જે પ્રજ્ઞાવંત પુરુષ છે તેની આચરેલી સરળતા તો આત્મિક સુખની ખાણ સમાન છે. **"સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઈ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે."** (વ.પૃ.૭) ।।૬।।

**સરળ જનનું ચિત્તપટ રે ચિંતા-કરચલી હીન,**
**નથી તેને કાંઈ ઢાંકવું રે નથી ગરજ-આધીન. પરમગુરુ૦**

**અર્થ :—** જે સરળ જીવાત્મા છે તેનું ચિત્તપટ એટલે માનસરૂપી પટ ઉપર ચિંતાની કરચલીઓ જોવા મળે નહીં. કારણકે તેને કંઈ ઢાંકવાપણું નથી. જે કંઈ છે તે બધું ખુલ્લું છે. એવા જીવોમાં માયા કપટ ન હોવાથી તે કોઈની ગરજ કરતા નથી કે કોઈને આધીન પણ રહેતા નથી. ।।૭।।

**લોકરંજન કે ભય તણો રે ભાર ધરે નહિ જેહ,**
**લાભહાનિને ગણે નહિ રે સરળ-શૂરવીર તેહ. પરમગુરુ૦**

**અર્થ :—** લોકોને રંજન કરવાનો ભય કે ભાર સરળ જીવો મનમાં રાખતા નથી. જે પ્રજ્ઞાસહિત સરળ જીવો છે તે ખરા શૂરવીર છે. તે પોતાની સરળતા વડે કંઈ લાભ થાય કે હાનિ થાય તેને ગણતા નથી. ।।૮।।

**માયા-કપટ ના કેળવે રે, મૂરખ પણ નહિ તેહ,**
**સરળતા ફળ વીર્યનું રે ધરે બુદ્ધિધન જેહ. પરમગુરુ૦**

**અર્થ :—** સજ્જન પુરુષો જીવનમાં માયા કપટ કેળવતા નથી. તે કંઈ મૂરખ નથી. પણ માયાકપટથી થતા ભયંકર દોષો જોઈને તેથી દૂર રહે છે. સરળતા એ આત્મામાં રહેલ વીર્યગુણનું ફળ છે. તેને જે બુદ્ધિ ધન એટલે પ્રજ્ઞાસહિત સજ્જન પુરુષો છે તે જ ધારણ કરી શકે છે. ।।૯।।

**સરળતા બીજ ધર્મનું રે, સરળતા સુખ-મિત્ર,**
**માયિક સુખની વાંછના રે કાણી નાવ સચિત્ર. પરમગુરુ૦**

**અર્થ :–** જે જીવમાં સરળતા ગુણ છે, તેમાં ધર્મનું બીજ રોપી શકાય છે. સરળ પ્રાણી સાથે સુખને મિત્રતા છે. તે શાંતિનું સુખ અનુભવી શકે છે.

જ્યારે માયા કરીને માયિક એટલે સાંસારિક સુખ મેળવવાની જેની કામના છે, તે સચિત્ર એટલે પ્રત્યક્ષ કાણી નાવ સમાન છે. તે તેને ભવસાગરમાં ડૂબાડનાર છે. ।।૧૦।।

**ભવજળ તરવા જો ચહો રે ગ્રહો સરળતા-જહાજ,**
**સંતોષાશે સજ્જનો રે શ્રદ્ધે શત્રુસમાજ. પરમગુરુ૦**

**અર્થ :–** હે ભવ્ય પ્રાણીઓ જો તમે સંસારરૂપી સમુદ્રને તરવા ઇચ્છતા હો તો સરળતારૂપ જહાજને ગ્રહણ કરો. જેથી સજ્જન પુરુષો તમારાથી સંતોષ પામશે અને તમારા પ્રત્યે કોઈને કદાચ શત્રુપણાનો ભાવ હશે; તેને પણ તમારા પ્રત્યે એવી શ્રદ્ધા રહેશે કે આનાથી માયા પ્રપંચ થઈ શકે એમ નથી. ।।૧૧।।

**સરળભાવે દોષ થતાં રે ભૂલ તે ઠપકાપાત્ર;**
**સરળ ને સન્માર્ગને રે અંતર અંગુલ માત્ર. પરમગુરુ૦**

**અર્થ :–** સરળ ભાવથી કોઈ દોષ થઈ જાય તો તે જીવની ભૂલ ઠપકા માત્રથી સુધારી શકાય છે.

ભગવાન શ્રી ઋષભદેવના શિષ્યો સરળ અને જડ હતા. અને શ્રી અજીતનાથ ભગવાનથી લગાવીને શ્રી પાર્શ્વનાથ ભગવાન સુધીના શિષ્યો સરળ અને પ્રાજ્ઞ હોવાથી ઠપકા માત્રથી સુધરી જતા હતા. જ્યારે મહાવીર ભગવાનના શિષ્યો વાંકા અને જડ હોવાથી શીઘ્ર સુધરી શકતા નથી.

સરળ જીવ અને સત્‌માર્ગ વચ્ચે અંગુલ માત્રનું જ અંતર છે; અર્થાત્ સરળ જીવ તત્ત્વ પામવા માટે ઉત્તમ પાત્ર છે. **"વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, અને જિતેંદ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય, તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે."** (વ.પૃ.૧૭૧) ।।૧૨।।

**સરળ જીવનું ધ્યેય તો રે હોય જ શુદ્ધ સ્વરૂપ;**
**માનાદિને હેય ગણે રે જાણે એ અઘરૂપ. પરમગુરુ૦**

**અર્થ :–** આત્માર્થી એવા પ્રજ્ઞાસહિત સરળ જીવનું ધ્યેય તો શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાનું જ હોય છે.

સરળ જીવ માનાદિ, કષાયભાવોને ત્યાગવા યોગ્ય ગણે છે. કેમકે ચારે કષાયોને તે અઘ એટલે પાપરૂપ માને છે. ।।૧૩।।

**ત્યાગ પ્રપંચોનો કરે રે, ચૂકે ન નિજ સ્વરૂપ;**
**સ્વરૂપમાં સંતોષ ધરે રે ઓળખી માયારૂપ. પરમગુરુ૦**

**અર્થ :–** એવા સરળ ઉત્તમ આત્માર્થી જીવો માયા પ્રપંચનો ત્યાગ કરે છે. અને નિજ આત્મસ્વરૂપ પ્રાપ્તિના ધ્યેયને કદી ચૂકતા નથી.

તથા માયાકપટના ભયંકર ફળ જાણી તે પોતાના આત્મસ્વરૂપમાં રહેવામાં સંતોષ માને છે. ।।૧૪।।

**ધન, સ્વજન નિજ માનતાં રે કરે મમત્વ પ્રવેશ,**
**જીવ જુદો જાણ્યે જશે રે માયાશલ્ય અશેષ. પરમગુરુ૦**

**અર્થ :—** ધન, કુટુંબીજનો આદિને પોતાના માનતા મનમાં મમત્વભાવનો પ્રવેશ થાય છે.

પણ આ બધાથી મારો આત્મા જુદો છે. એકલો આવ્યો, એકલો જશે; એમ માનવાથી શલ્ય એટલે કાંટારૂપ દુઃખ આપતી એવી મોહમાયા મનમાંથી કાળાંતરે સંપૂર્ણ નાશ પામશે. ।।૧૫।।

**માયાથી પશુભવ ધરી રે પરવશ પડી રિબાય,**
**માયાથી અબળા બની રે માયામાં લપટાય. પરમગુરુ૦**

**અર્થ :—** માયા કપટ કરવાથી જીવ પશુનો ભવ પામી જીવનભર પરવશ પડી રિબાય છે.

**નાગદત્તનું દૃષ્ટાંત :—** એક શેઠ દુકાન પર બધાને ઠગે. માયા કપટથી મરીને તે બોકડો થયો. એક દિવસે કસાઈ તેને લઈ જતાં પોતાની દુકાન આવી. તે જોઈ જાતિસ્મરણજ્ઞાન થવાથી તે દુકાનમાં પેસવા લાગ્યો. તેના પુત્ર નાગદત્તે તેને મારી ધકેલીને બહાર કાઢ્યો.

ત્યાંથી મુનિ ભગવંત પસાર થતાં, આ જોઈ તેમને સહજ હાસ્ય આવ્યું. નાગદત્તે સાંજે અપાસરે જઈને મુનિ ભગવંતને તેનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે જણાવ્યું કે એ બોકડો તારો પિતાનો જીવ હતો. કસાઈના પૈસા લઈ તેને ઠગતો હતો. તે માયા કપટના ફળમાં બોકડો બનીને ઋણ ચૂકવવા તે કસાઈના હાથમાં આવ્યો. માટે આવું માયા કષાયનું સ્વરૂપ જાણી તે સદૈવ તજવા યોગ્ય છે. અને તેનો પ્રતિપક્ષી ગુણ સરળતા છે, તે જ ભજવા યોગ્ય છે.

માયા કરવાથી જીવ અબળા એટલે સ્ત્રીનો અવતાર પણ પામે છે. તે સ્ત્રી અવતારમાં ફરી માયા કરી તે જીવ કર્મ બાંધી લપટાય છે.ભગવાન શ્રી મલ્લિનાથ શ્વેતાંબર મત પ્રમાણે સ્ત્રી અવતાર પામ્યા. તેનું કારણ પૂર્વભવમાં કરેલ માયાસહિત તપ હતું. તેમજ ભગવાન શ્રી ઋષભદેવના બે પુત્રી બ્રાહ્મી અને સુંદરીએ પણ પૂર્વભવમાં માયા કરેલ તેથી સ્ત્રી અવતારને પામ્યા હતા. ।।૧૬।।

**બાળે પ્રતીતિ-પ્રીતિને રે માયા છૂપી આગ,**
**માયા તજી થાતાં સરળ રે છૂટે રાગ અથાગ. પરમગુરુ૦**

**અર્થ :—** આપણા ઉપર કોઈને પ્રતીતિ એટલે વિશ્વાસ આવ્યો હોય કે પ્રીતિ ઉત્પન્ન થઈ હોય, પણ આપણા હૃદયમાં માયાકપટ હશે તો તે પ્રીતિ કે પ્રતીતિને બાળી નાખશે. કેમકે માયાકપટ એ છૂપી આગ સમાન છે. માયા કપટને મૂકી દઈ સરળ પરિણામી થતાં, હૃદયમાં રહેલ અથાગ એટલે અત્યંત રાગ પણ છૂટવા લાગે છે. ।।૧૭।।

**કપટી સુતનો ના કરે રે માતા પણ વિશ્વાસ,**
**મોડો-વહેલો કપટનો રે થાય સ્વયં પ્રકાશ. પરમગુરુ૦**

**અર્થ :—** પોતાનો પુત્ર કપટી હોય તો તે પુત્રનો માતા પણ વિશ્વાસ કરતી નથી. મોડું કે વહેલું કપટ સ્વયં બહાર આવે છે. ।।૧૮।।

**માયા તજવા ભાવના રે સજ્જન કરતા એમ :**
**માયા કરી દેખાડું છું રે તેવો બનું નહિ કેમ? પરમગુરુ૦**

**અર્થ :—** માયા કપટને ત્યાગવા માટે સજ્જન પુરુષો એવી ભાવના ભાવે છે કે હું માયા કરી જેવું લોકોને દેખાડવા ઇચ્છું છું તેવો જ કેમ ન બની જાઉં? કે જેથી કોઈ વાતને છૂપાવવી રહે નહીં ।।૧૯।।

**દોષ થયેલો ઢાંકવા રે દોષ કરું ન નવીન,**
**પ્રાયશ્ચિત્તથી ટાળવો રે—નિશ્ચય એ સમીચીન. પરમગુરુ૰**

**અર્થ :—** માયા કપટથી થયેલા દોષોને ઢાંકવા માટે નવા દોષો કરું નહીં. પણ થયેલા દોષોને પ્રાયશ્ચિત્ત કરી હવે ટાળું. એવો મનમાં નિશ્ચય કરવો એ સમીચીન એટલે યોગ્ય નિર્ણય છે. ।।૨૦।।

**દોષ કરી તે ઢાંકતા રે ઢાંક્યો ન રહે નિત,**
**પ્રગટ થતાં લજ્જા પીડે રે, ખોઈશ હું પ્રતીત. પરમગુરુ૰**

**અર્થ :—** દોષો કરીને હું ઢાંક ઢાંક કરીશ પણ તે સદા ઢાંક્યા રહેવાના નથી. તે દોષો પ્રગટ થતાં હું લજ્જા વડે પીડિત થઈશ અને મારા પ્રત્યે લોકોને જે વિશ્વાસ છે તેને પણ હું ખોઈ બેસીશ. ।।૨૧।।

**ભલે મને સૌ છેતરે રે, નિર્ભય નિત્ય રહીશ;**
**કોઈ સમર્થ નથી જગે રે હરવા કર્મ, ગણીશ. પરમગુરુ૰**

**અર્થ :—** ભલે મને માયા કરીને સૌ છેતરે. તો પણ હું તો નિત્ય નિર્ભય રહીશ. કારણ કે ભગવાનના સિદ્ધાંત પ્રમાણે મારા શુભ કે અશુભ કર્મને હરવા જગતમાં કોઈ સમર્થ નથી; તે તો મારા કર્મ પ્રમાણે થવાનું છે, એમ માનીશ. ।।૨૨।।

**ઠગ પોતે જ ઠગાય છે રે, છૂટે મારાં કર્મ,**
**સત્સાધન હું ના ચૂકું રે એ જ સમજનો મર્મ. પરમગુરુ૰**

**અર્થ :—** મને ઠગનાર પોતાના માયાકપટના ભાવોથી પોતે ઠગાય છે. હું સમતાએ તે કર્મોને ભોગવી લઉં તો મારા કર્મો છૂટી જાય. મને જે આત્મસાધન મળ્યું છે, તે હું ચૂકું નહીં, એ જ મારે તો સાચવવું છે. અને એ જ પ્રાપ્ત થયેલ સાચી સમજણનું રહસ્ય છે. ।।૨૩।।

**લોક કહે 'ભોળો' મને રે, 'નામર્દ', 'બુદ્ધિહીન',**
**માયામાં મતિ ના ધરું રે, સહી લઉં સ્વાધીન. પરમગુરુ૰**

**અર્થ :—** લોકો ભલે મને 'ભોળો', 'નામર્દ', કે 'બુદ્ધિહીન' કહે પણ હું માયા કપટ કરવામાં બુદ્ધિને લગાવું નહીં. પણ જે વચનો મારા માટે લોકો કહેશે તેને હું સ્વાધીનપણે સહન કરી લઈશ એમાં જ મારું કલ્યાણ છે.

**સુંદરશેઠનું દૃષ્ટાંત :—** એક ગામમાં સુંદર નામનો શેઠ ઘણો દાતાર હતો. જેમ વરસાદને લોકો ઇચ્છે પણ જળને ભેગું કરનાર એવા સમુદ્રને નહીં. તેમ તે દાતાર શેઠ પ્રજાને પ્રિય હતા. છતાં એક બ્રાહ્મણી તેની નિંદા કરતી ફરે કે જે પરદેશીઓ આવે તે આ શેઠને ધર્મી જાણી તેને ઘેર દ્રવ્ય મૂકે છે; અને પરદેશમાં જઈ મૃત્યુ પામે ત્યારે આ શેઠ તે દ્રવ્યને પચાવી પાડી તેનાથી દાન આપે છે. આવી નિંદા કરતાં છતાં ભદ્રિક પરિણામી એવા તે શેઠે, એ વાતને ગણકાર્યા વિના દાન આપવાનું બંધ કર્યું નહીં. ।।૨૪।।

**બાળપણે પરવશ સહ્યા રે 'નાદાન' આદિ બોલ,**
**પશુપણે ગાળો સુણી રે માર સહ્યા અણતોલ. પરમગુરુ૰**

**અર્થ :—** બાળવયમાં, તું તો નાદાન છે એટલે સમજ વગરનો છે, મૂર્ખ છે એવા અનેક બોલો પરવશપણે સહન કર્યા છે. જ્યારે હું પશુના ભવમાં હતો ત્યારે પણ અનેક ગાળો સાંભળી છે અને

અણતોલ એટલે માપ વગરના માર સહન કર્યા છે જ્યારે હવે તો હું મનુષ્ય થયો છું. ।।૨૫।।

**નરભવમાં સમજી સહું રે સરળતાનાં આળ,**
**ખટકો મનમાં ના ધરું રે જવા દઉં જંજાળ. પરમગુરુ૦**

**અર્થ :–** આ મનુષ્યભવમાં હવે સરળપણાના કારણે કોઈ આળ આપે તો તેને સમજણપૂર્વક સહન કરું; પણ મનમાં તેનો ખટકો રાખું નહીં અને એવી માયાકપટવાળી જંજાળને હવે જવા દઉં; કેમકે મારે હવે સંસાર વધારનાર રાગદ્વેષના ભાવોથી છૂટવું છે. ।।૨૬।।

**શૂૅરવીૅરને શોભે નહીં રે માયારૂૅપ હથિયાર,**
**કર્મ અરિને જીતવા રે થયો હવે તૈયાર. પરમગુરુ૦**

**અર્થ :–** મુક્તિ મેળવવા માટે શૂરવીર થનારને એવું માયાકપટરૂપ હથિયાર શોભે નહીં. હું તો હવે કર્મરૂપી શત્રુઓને જીતવા માટે તૈયાર થયો છું.

**સાગરચંદ્રનું દૃષ્ટાંત :–** શેઠપુત્ર સાગરચંદ્ર અને અશોકદત્તને મિત્રતા હતી. સાગરચંદ્ર સરળ પરિણામી ભદ્રિક હતો, જ્યારે અશોકદત્ત માયા કપટયુક્ત હતો. એકવાર સાગરદત્ત શેઠની પત્ની પ્રિયદર્શનાને એકાંતમાં અશોકદત્તે માયાકપટવડે પોતાનો મલિન અભિપ્રાય જણાવ્યો. તે સાંભળી સતી એવી પ્રિયદર્શનાએ તેને ધિક્કાર આપી દૂર કર્યો. કાળાંતરે સાગરચંદ્ર અને પ્રિયદર્શના આયુષ્ય પૂરું કરી યુગલિક થયા. અને માયાકપટરૂપ હથિયારવાળો એવો અશોકદત્ત મરીને હાથી થયો. તે માયાકપટના ફળમાં પશુ અવતાર પામ્યો. ।।૨૭।।

**નિર્દોષ મુજને સૌ ગણે રે બકરી જેવો હાલ,**
**મરણ સુધી તેવો જ રહું રે; લડવામાં શો માલ? પરમગુરુ૦**

**અર્થ :–** સૌ મને સરળ સ્વભાવના કારણે બકરી જેવો નિર્દોષ ગણે છે. તો મરણ સુધી તેવો જ રહું. માયાકપટ કરીને કોઈની સાથે લડવામાં શો માલ છે? ।।૨૮।।

**કોઈ કહે : "ડસવું નહીં રે, ફૂંફાડે શો દોષ?**
**ભડકીને ભાગી જશે રે કરો ઉપરથી રોષ." પરમગુરુ૦**

**અર્થ :–** કોઈ એમ કહે છે કે સાપની જેમ ડસવું નહીં. પણ ફૂંફાડો કરવામાં શો દોષ છે?

ઉપર ઉપરથી પણ રોષ કરીને માયાવડે પોતાનો પરચો બતાવવો જોઈએ, તો ભડકીને બધા ભાગી જશે, અને તને બાધા પહોંચાડી શકશે નહીં. ।।૨૯।।

**મારું ધન મારી કને રે ઠગીૅ શકે નહિ કોય;**
**તે ચૂકી પરમાં પડું રે ત્યારે ડૉળ જ હોય. પરમગુરુ૦**

**અર્થ :–** મારું પુણ્યરૂપી ધન મારી પાસે છે. તે કોઈ મને ઠગીને લઈ શકે એમ નથી. તે પુણ્ય વધારવાના ભગવદ્ભક્તિઆદિ શુભકામોને ચૂકી, જો હું માયાકપટ વડે પરવસ્તુ મેળવવામાં પડું, તો બધું મારું જીવન ડહોળાઈ જાય અને સત્યને પામી શકું નહીં. ।।૩૦।।

**પરને મારું માનતાં રે ચિંતાનો નહિ પાર,**
**તેમ છતાં સંયોગનો રે નક્કી વિયોગ થનાર. પરમગુરુ૦**

**અર્થ :—** જગતમાં રહેલા અનેક પરપદાર્થને ભાવથી મારા માનીને માયાવડે તેને મેળવવા મથું, તો મારી ચિંતાનો પાર રહે નહીં. અનેક ચિંતાઓ કરી પર પદાર્થનો સંયોગ કરું અર્થાત્ તેને મેળવું, છતાં પણ તે પદાર્થોનો વિયોગ નિશ્ચિત છે. પુણ્ય પૂરું થાય તો તે પદાર્થો ચાલ્યા જાય અથવા હું દેહ છોડી બીજી ગતિમાં ચાલ્યો જાઉં. માટે માયાકપટ કરી આવા કોઈ કૃત્ય કરું નહીં. ।।૩૧।।

**કર્મ જ માયારૂપ છે રે આત્માને ભૂલવનાર,**
**ગુણો પ્રગટ જે જે થતા રે સહજ સરળરૂપ સાર. પરમગુરુ૦**

**અર્થ :—** ખરેખર તો પૂર્વે બાંધેલા કર્મો જ માયાસ્વરૂપ છે કે જે પોતાના આત્મસ્વરૂપને ભુલાવી દેહાદિ જગતના પૌદ્ગલિક પદાર્થોમાં મારાપણું કરાવે છે. આ બધું કામ દર્શન મોહનીય કર્મનું છે કે જે પરપદાર્થોમાં રાગદ્વેષ કરાવી તેને મેળવવા માટે માયાકપટ કરાવે છે.

આત્મામાં જે જે ગુણો પ્રગટ થાય છે તેનું કારણ સરળ પરિણામ છે. તે જ સારરૂપ છે અને તે સરળતા આત્માનો સહજ ગુણ છે. માટે સરળપણું જ સદા ગ્રાહ્ય છે અને વક્રપણું એટલે માયાકપટપણું સદાય ત્યાગવા યોગ્ય છે; જેથી મોક્ષના દ્વારમાં સરળતાથી પ્રવેશ પામી શકાય. ।।૩૨।।

---

મોક્ષ પ્રાપ્તિ અર્થે સરળતા ગુણની સાથે નિરભિમાનપણું અર્થાત્ વિનયગુણની પણ તેટલી જ આવશ્યક્તા છે. કેમકે ધર્મનું મૂળ વિનય છે. પરમકૃપાળુદેવ કહે છે : **"વિનય વડે તત્ત્વની સિદ્ધિ છે."** વળી કહ્યું છે કે : **'વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે; રે જીવ માન ન કિજીએ."**

(૪૯)



## નિરભિમાનપણું

(અનુષ્ટુપ)

*

**જગમાં સર્વના શિષ્ય થવા સદ્ગુરુ ઇચ્છતા,**
**રાજચંદ્ર પ્રભુ એવા તેમને પ્રણમું સદા. ૧**



**અર્થ :—** જગતમાં જે સર્વના શિષ્ય થવા ઇચ્છે છે એવા સદ્ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને હું ભક્તિભાવે સદા પ્રણામ કરું છું. **"આખા જગતના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે સદ્ગુરુ થવાને યોગ્ય નથી."** (વ.પૃ.૧૫૮) ।।૧।।

**દાસત્વ સર્વનું ઇચ્છે મુમુક્ષુનું વિશેષ જે,**
**તેનામાં માનને સ્થાન ક્યાંથી? જ્યાં ન પ્રવેશ છે. ૨**

**અર્થ :—** પરમકૃપાળુદેવમાં લઘુતા ગુણની કેટલી બધી પરાકાષ્ટા છે કે જે જગતના સર્વ જીવોને સિદ્ધ સમાન ગણી તેમનું દાસત્વ ઇચ્છે છે. તેમાં પણ મુમુક્ષુ આરાધક જીવોનું તો વિશેષપણે દાસત્વ ઇચ્છે છે. એવા મહાત્મા પુરુષોમાં માન કષાયને રહેવાનું સ્થાન ક્યાંથી હોય? કે જ્યાં તેનો પ્રવેશ પણ નથી. **"અમને પ્રત્યેક મુમુક્ષુઓનું દાસત્વ પ્રિય છે."** (વ.પૃ.૨૫૯)

**"અમારા ઉપર તમારી ગમે તેવી ભક્તિ હો, બાકી સર્વ જીવોના અને વિશેષે કરી ધર્મજીવના તો અમે ત્રણે કાળને માટે દાસ જ છીએ."** (વ.પૃ.૨૬૭)

**"કોઈ પણ જીવને કંઈ પણ પરિશ્રમ દેવો, એ અપરાધ છે. અને તેમાં મુમુક્ષુજીવને તેના અર્થ સિવાય પરિશ્રમ દેવો એ જરૂર અપરાધ છે, એવો અમારા ચિત્તનો સ્વભાવ રહે છે."** (વ.પૃ.૩૮૯) ।।૨।।

**'પાપમૂલ અભિમાન' પ્રસિદ્ધ જગમાં અતિ,**
**નિષ્પાપી નિરભિમાની વિનયાન્વિત સન્મતિ. ૩**

**અર્થ :—** 'પાપનું મૂળ અભિમાન છે' એમ જગતમાં અતિ પ્રસિદ્ધ વાત છે.

પ્રશ્ન—અભિમાન થવાનું કારણ શું? બધું છે તો પારકું. પૂજ્યશ્રી—**પારકું નથી માન્યું. મારું નથી એમ જેને હોય તે અભિમાન ન કરે.** પોતાનું માન્યુ હોય તો અભિમાન થાય. -બો.૧ (પૃ.૧૫૧) પણ જે નિરભિમાની, વિનયવાન અને સદ્બુદ્ધિવાળા છે તે નિષ્પાપી જીવો છે. તે તત્ત્વને પામી શકે છે.

**"અધમાધમ અધિકો પતીત સકલ જગતમાં હુય" એવું રોજ બોલીએ છીએ, પણ અંદરથી લાગવું જોઈએ. કૃપાળુદેવે કહ્યું છે કે "જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત." માનને કાઢવા માટે ખરો ઉપાય વિનયગુણ છે."** -બો.૧ (પૃ.૬૫) ।।૩।।

**જાતિ, કુળ, બળ, વિદ્યા, ઐશ્વર્ય, શ્રી, તપે, રૂપે**
**અભિમાન કુબુદ્ધિને; પડે ના સુજ્ઞ તો કૂપે. ૪**

**અર્થ :—** શાસ્ત્રોમાં મુખ્યત્વે આઠ પ્રકારના મદ એટલે અહંકાર ઊપજવાના પ્રકાર છે તે આ પ્રમાણે—જાતિમદ, કુળમદ, બળમદ, વિદ્યામદ, ઐશ્વર્ય એટલે સત્તામદ, શ્રી એટલે લક્ષ્મી-ધનમદ, તપમદ અને રૂપમદ. કુબુદ્ધિવાન જીવને એથી અભિમાન ઊપજે છે. જ્યારે સુજ્ઞ એટલે વસ્તુને સમ્યક્ પ્રકારે જાણનાર એવો આત્માર્થી જીવ, તે આ અભિમાનરૂપી કૂવામાં પડતો નથી.

મેતારજ મુનિ અને હરિકેશી મુનિએ પૂર્વભવમાં બ્રાહ્મણ જાતિનું અભિમાન કરેલું તેથી તેમને આ ભવમાં ચંડાલ કુળમાં ઉત્પન્ન થવું પડ્યું. ।।૪।।

**જાતિવંત ઘણા જીવો કુકર્મે નરકે ગયા,**
**નરો કુલીન ભિખારી અભિમાન વશે થયા. ૫**

**અર્થ :—** ઉત્તમજાતિમાં ઉત્પન્ન થવા છતાં જીવનમાં જાતિમદ આદિ કુકર્મો કરી ઘણા જીવો નરકમાં જઈને પડ્યા. તેમજ ઉત્તમ કુલમાં જન્મ લેવા છતાં તેનું અભિમાન કરવાથી આવતા ભવમાં ભિખારી બની ગયા.

**મરિચિનું દૃષ્ટાંત :—** ભગવાન ઋષભદેવના સમયમાં ભરત મહારાજાએ મરિચિને ભાવી તીર્થંકર જાણી નમસ્કાર કર્યા ત્યારે ભગવાન મહાવીરના જીવ મરિચિએ કુલમદના અભિમાનમાં આવીને કહ્યું કે મારા દાદા કોણ છે? પ્રથમ તીર્થંકર ઋષભદેવ, મારા પિતા કોણ છે? છ ખંડના અધિપતિ ચક્રવર્તી તો હું આવતા ભવોમાં વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર થાઉં તો એમાં શું નવાઈ? તેના ફળમાં લગભગ એક કોડાકોડી સાગરોપમ સુધી તેમને સંસારમાં ભ્રમણ કરવું પડ્યું. ।।૫।।

**બળવંતા ઘણા મલ્લો નિઃશસ્ત્ર સિંહને હણે,**
**વ્યાધિ-ગ્રસ્ત બિચારા તે મુઝાયા મક્ષિકા-ગણે. ૬**

**અર્થ :—** ઘણા બળવાન મલ્લો શસ્ત્ર વગર પણ સિંહને હણી નાખે, પણ જ્યારે પોતે વ્યાધિગ્રસ્ત થાય ત્યારે મક્ષિકા એટલે માખીઓના સમૂહને ઉડાડવાની તાકાત પણ બિચારા ધરાવતા નથી. એવા ક્ષણિક બળનું શું અભિમાન કરવું. **"જે બળ વડે કર્મરૂપી શત્રુ જિતાય તથા કામ, ક્રોધ, લોભ જીતાય તે બળ પ્રશંસાને પાત્ર છે."** -સમાધિસોપાન (પૃ.૧૬૫) ।।૬।।

**વિદ્વાનો જગમાં પૂજ્ય સભા-ભૂષણ રૂપ જે,**
**કામ, ઉન્મત્તતા વ્યાપ્યે બને પાગલ-ભૂપ તે. ૭**

**અર્થ :—** વિદ્વાનો જગતમાં પૂજ્ય તેમજ સભાના ભૂષણરૂપ ગણાય છે. પણ કામની ઉન્મત્તતા વ્યાપે ત્યારે તેઓ મૂર્ખ શિરોમણિ બની જાય છે. એવી વિદ્યાનો શો મદ કરવો? શ્રી સ્થૂલભદ્ર જેવા દશ પૂર્વના પાઠીને પણ વિદ્યામદ ઊપજવાથી, પોતાની સાધ્વી થયેલી બહેનો મળવા આવી ત્યારે પોતે સિંહનું રૂપ લઈ બેસી ગયા. ।।૭।।

**સત્તામત્ત બન્યો સમ્રાટ્ બોનાપાર્ટ સિપાઈ જે,**
**યુક્તિબાજ ઘણો તોયે મૂઓ ક્યાંય રિબાઈ તે. ૮**

**અર્થ :— નેપોલિયનનું દૃષ્ટાંત :—** નેપોલિયન-બોનાપાર્ટ પ્રથમ સિપાઈ હતો. તે ઘણો યુક્તિબાજ અને શૂરવીર હોવાથી લગભગ આખા યુરોપનું રાજ્ય જીતી સમ્રાટ બની ગયો. પણ અંતિમ યુદ્ધમાં તે હાર્યો. તેને એક નિર્જન બેટ ઉપર છોડી દીધો. ત્યાં રિબાઈ રિબાઈને ક્યારે મરી ગયો તેનો પત્તો નથી. એમ સત્તા મળવા છતાં તે ક્યારે નાશ પામી જાય તેનું કંઈ ઠેકાણું નથી. માટે તેનો મદ કરવો યોગ્ય નથી.

સુભમ ચક્રવર્તીએ છ ખંડની સત્તા મેળવી પણ બાર ખંડની સત્તા મેળવું તો ચિરકાળ નામાંકિત થાઉં એમ વિચારી તે મેળવવા જતાં સમુદ્રમાં ડૂબી મૂઓ. માટે સત્તામદ પણ કર્તવ્યરૂપ નથી. ।।૮।।

**લક્ષ્મીવંતો ઘણા દીઠા ભિક્ષુ પાસે ય યાચતા,**
**તપસ્વી લપસી જાતાં નારી આગળ નાચતા. ૯**

**અર્થ :—** લક્ષ્મીવંતો પણ પાપના ઉદયથી ગરીબ બની જતાં વાર લાગતી નથી. એવી સ્થિતિ પણ આવી પડે છે કે પેટ ભરવા માટે બીજું કંઈ સાધન ન હોવાથી ભિક્ષુ એટલે ભિખારી પાસે પણ માંગવું પડે. આ બધા કર્મના ચમત્કાર છે. માટે ધનનો મદ કદી કર્તવ્ય નથી. તપસ્વી હોય તે પણ લપસી જઈ સ્ત્રીના ફંદમાં ફસાઈ જાય છે. માટે તપનો પણ ગર્વ કરવા યોગ્ય નથી.

**બ્રહ્માનું દૃષ્ટાંત :—** તપ કરતાં બ્રહ્માએ તિલોત્તમા નામની અપ્સરામાં આસક્ત થઈ તેનું નૃત્ય જોવા માટે ચારેય દિશાઓમાં મોઢાં કર્યા. પછી તે આકાશમાં નાચવા લાગી. તે જોવા માટે માથા ઉપર પાંચમું મોઢું ખોલવા પ્રયત્ન કર્યો; પણ પુણ્ય પરવારી જવાથી ત્યાં ગધેડાનું મોઢું ફૂટ્યું એમ તપ કરતાં મહાત્માઓ સ્ત્રીમાં આસક્ત થઈ પડી ગયા. માટે તપમદ પણ કર્તવ્ય નથી. ।।૯।।

**રૂપરાશિ શશી પૂર્ણ ક્ષીણતા રોજ જો ભજે;**
**સંયોગોના વિયોગોને દેખે તે મદને તજે. ૧૦**

**અર્થ :—** પુણ્ય ઉદયે શરીર ઘણું રૂપવાન હોય છતાં પૂર્ણિમાના ચંદ્રની કલાઓની જેમ પ્રતિદિન તે ક્ષીણ થતું જાય છે. કારણ કે તે રૂપનો સંયોગ પ્રતિદિન વિયોગ તરફ જતો જોવામાં આવે છે. વૃદ્ધાવસ્થામાં તે સંપૂર્ણ નાશ પામે છે. માટે ક્ષણિક એવા રૂપનો મદ કરવા યોગ્ય નથી.

સનત્કુમાર ચક્રવર્તીએ તે રૂપનો મદ કર્યો તો કાયા ઝેરમય બની ગઈ.

**"દૃષ્ટિ ફેરવવી છે. જ્યાં ધર્મનું માહાત્મ્ય લાગે ત્યાં શરીરનું માહાત્મ્ય ન લાગે. શરીર તો નાશ પામવાનું છે. અભિમાન કરીશું તોય નાશ પામશે. ગમે તેટલું અભિમાન કરે તો પણ રહે નહીં. અભિમાન કરવા જેવી તો કોઈ વસ્તુ જગતમાં નથી."** -બો.૧ (પૃ.૬૫) ।।૧૦।।

**વળી વિશેષતા પ્રત્યે દૃષ્ટિ દેતાં મદ ગળે,**
**'શેર માથે સવા શેર' લોકોક્તિ વિનયી કળે. ૧૧**

**અર્થ :—** જગતમાં એક એકથી વિશેષ વસ્તુ વિદ્યમાન છે. તે તરફ દૃષ્ટિ દેતાં પોતાનો મદ એટલે અહંકાર ગળી જાય છે. 'શેર ઉપર સવાશેર', હોય છે એમ લોકોમાં કહેવત છે. તેને વિનયવાન જીવો જાણે છે, જેથી ઉપર કહ્યા તે આઠ પ્રકારના મદ તેઓ કરતા નથી. ।।૧૧।।

**મોટી લીટી બને નાની જો દોરો મોટી ઉપરે;**
**તેમ પૂર્વ મહાત્માની સ્મૃતિથી મદ ઊતરે. ૧૨**

**અર્થ :—** ગમે તેવી મોટી લીટી હોય, તેના ઉપર તેના કરતાં મોટી લીટી દોરે, તો પહેલાની લીટી નાની બની જાય. તેમ પૂર્વે થઈ ગયેલા અનેક મહાત્મા પુરુષોની સ્મૃતિ કરવાથી પોતાને થતો અહંકાર ઓગળી જાય છે. ।।૧૨।।

**લાંબા આયુષ્યના ધારી ચક્રવર્તી નરેન્દ્ર કો,**
**પુણ્ય પૂરું થયે નર્કે સાતમે જાય, જો દગો. ૧૩**

**અર્થ :—** લાંબા આયુષ્યના ધરનાર એવા નરોમાં ઇન્દ્ર સમાન સુભુમ કે બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તીઓ પણ પુણ્ય પરવારી જવાથી સાતમી નરકે જઈને પડ્યા. અહો! આ વિશ્વની મોહક સામગ્રીઓ કેટલો બધો ભયંકર દગો આપનાર છે, તેનો વિચાર કરો. ।।૧૩।।

**સર્વ શાસ્ત્ર-સમુદ્રોના પારગામી મુનિ મહા,**
**અભિમાન નહીં ધારે, બાળ જેવા રહે, અહા! ૧૪**

**અર્થ :—** સર્વ શાસ્ત્રરૂપી સમુદ્રોના પારને પામેલા એવા મુનિ મહાત્માઓ કદી અભિમાનને ધારણ કરતા નથી; પણ અહો! બાળક જેવા સદા નિર્દોષ બનીને રહે છે. એવી નિર્દોષતા જ ઉપાસવા યોગ્ય છે. ।।૧૪।।

**નિરભિમાનીની વાણી સૌ કોઈ સુણવા ચહે;**
**સ્વપ્રશંસા અભિમાની તણી વાણી વિષે વહે— ૧૫**

**અર્થ :—** નિરભિમાની જીવની વાણી સૌ કોઈ સાંભળવા ઇચ્છે. જ્યારે અભિમાની જીવની વાણીમાં સ્વપ્રશંસાનો પ્રવાહ વહ્યા કરે છે. તે આપવડાઈ કર્યા કરે છે. ।।૧૫।।

**પકવાન્ને કાંકરી જેવી દૂભવે મન આપણાં;**
**વિના વાંકે બને વૈરી અભિમાની તણાં ઘણાં. ૧૬**

**અર્થ :—** અભિમાની જીવની આપવડાઈ, પકવાન જમતાં વચ્ચે કાંકરી આવી જાય તો કેવો રંગમાં ભંગ પડે, તેમ તે વાણી આપણા મનને દૂભવે છે. અભિમાની જીવના, વિના વાંકે ઘણા વૈરી બની જાય અર્થાત્ તે કોઈનું બૂરું ન કરે તો પણ તેના અભિમાનથી તેના પ્રત્યે ઘણાને અણગમો રહે છે. ।।૧૬।।

**અભિમાન જતાં ગુણો વિનયાદિ વધે વળી,**
**સત્પુરુષોની સેવાથી મિથ્યા ભાવો જશે ટળી. ૧૭**

**અર્થ :–** જો અભિમાન નાશ પામે તો વિનય, લઘુતા, નમ્રતા આદિ અનેક ગુણો વૃદ્ધિ પામે છે. તે ગુણો વડે સત્પુરુષોની સેવા કરતાં અનેક પ્રકારની મિથ્યા માન્યાતાઓ ટળી જાય અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ।।૧૭।।

**આત્મજ્ઞાની થયે સાચી નિરભિમાન-શીલતા,**
**સદ્‌ગુરુબોધથી વૃદ્ધિ પામે જ્ઞાન-દયા-લતા. ૧૮**

**અર્થ :–** આત્મજ્ઞાનની પ્રાપ્તિ થવાથી સાચું નિરભિમાનપણું કે જે પોતાનો શીલ અર્થાત્ સ્વભાવ છે તે પ્રગટ થાય છે. સદ્‌ગુરુના બોધથી તે વિનયાદિ ગુણો, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્ દયારૂપ ધર્મની લતાને પોષણ આપી વૃદ્ધિ પમાડશે. ।।૧૮।।

**સત્શાસ્ત્ર-વારિ સિંચાયે સદાચાર-સુપુષ્પથી**
**યશ-સુગંધી ફેલાશે, આત્મધ્યાન-પ્રતાપથી– ૧૯**

**અર્થ :–** સત્શાસ્ત્રરૂપી જળનું સિંચન થવાથી તે લતા ઉપર સદાચારરૂપી પુષ્પો ખીલી ઊઠશે. જેથી સુયશરૂપી સુગંધ ફેલાશે. પછી આત્મધ્યાનના પ્રતાપે આગળ આગળની દશા પ્રાપ્ત થશે. ।।૧૯।।

**કેવલજ્ઞાનની જ્યોતિ મોક્ષસુખો બતાવશે;**
**એમ નિરભિમાનીને શિવ-નારી વધાવશે. ૨૦**

**અર્થ :–** આત્મધ્યાનવડે શ્રેણિ માંડવાથી કેવળજ્ઞાનરૂપ જ્યોતિ પ્રગટ થશે, અને તે મોક્ષના સુખોનો અનુભવ કરાવશે. એમ નિરભિમાની જીવને મોક્ષરૂપી સ્ત્રી વધાવશે અર્થાત્ તે વિનયવાન મુમુક્ષુ ઉપરોક્ત ક્રમ પ્રમાણે આગળ વધીને મુક્તિના શાશ્વત સુખને પામશે. ।।૨૦।।

**ભાગ્યશાળી હશે તેને સદ્‌ગુરુ-યોગ ગોઠશે,**
**સત્શ્રદ્ધા પામી, આજ્ઞાએ વર્તતાં માન છૂટશે. ૨૧**

**અર્થ :–** જે ભાગ્યશાળી હશે તેને સાચા સદ્‌ગુરુનો યોગ પ્રાપ્ત થશે; અને તે તેને ગોઠશે અર્થાત્ ગમશે. તે સદ્‌ગુરુ પ્રત્યે શ્રદ્ધા આવવાથી તેમની આજ્ઞા ઉપાસતાં તેના માનાદિ કષાયો છૂટી જશે.

**"માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;**
**જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય."** (વ.પ.૭૧૮) ।।૨૧।।

**આખરે પરવસ્તુ તો મૂકવી પડશે બધી,**
**પસ્તાવું ના પડે છેલ્લે, વાસના જો મૂકી દીધી. ૨૨**

**અર્થ :–** આખરે મરણ સમયે, જે પરવસ્તુમાં મેં મારાપણું કર્યું છે તે બધી વસ્તુઓ મૂકવી પડશે.

પણ જો તે વસ્તુઓમાં રહેલી વાસના એટલે અંતરની મૂર્છા મૂકી દીધી તો છેલ્લે મરણકાળે પસ્તાવું પડશે નહીં. ।।૨૨।।

**મહત્તા, વાસના જેમાં તેનું માન જ ઉદ્‌ભવે,**
**માન જેનું કરે જીવો તે પામે ના પરભવે. ૨૩**

**અર્થ :—** જે જે વસ્તુનું જીવને માહાત્મ્ય છે કે જે વસ્તુની વાસના એટલે મોહમૂર્ચ્છા હૃદયમાં રહેલ છે, તે તે વસ્તુવડે જીવને માન ઊપજે છે. જેમકે ધન, રૂપ, બળ, ઐશ્વર્ય, જ્ઞાન, સત્તા, જાતિ કે કુળ આદિ કોઈ પણ વસ્તુનું જીવને માહાત્મ્ય હોય તો તે પ્રત્યે અભિમાન ઉદ્‌ભવે છે. તે અભિમાનના કારણે પરભવમાં તે તે વસ્તુની પ્રાપ્તિ થતી નથી. ।।૨૩।।

**અપૂર્વ માન-પર્વતે ચઢી અક્કડ મસ્તકે,**
**પામે અધોગતિ પ્રાણી; રક્ષા કોણ કરી શકે? ૨૪**

**અર્થ :—** અપૂર્વ એટલે વિશેષ માનરૂપી પર્વત ઉપર ચઢીને અક્કડ મસ્તક રાખી જો સત્પુરુષના ચરણમાં નમે નહીં તો તે જીવ અધોગતિ પામે છે. એવા અભિમાની જીવની રક્ષા કોણ કરી શકે? ।।૨૪।।

*

**નિરભિમાનીમાં વાસો સર્વે ગુણો તણો ગણો,**
**કલાઓ ચંદ્રમાં જેમ; તે પામે પ્રેમ સૌ તણો. ૨૫**

**અર્થ :—** જે નિરભિમાની કે વિનયવાન છે તેમાં સર્વ ગુણો આવીને વસે છે.

જેમ પૂર્ણિમાના ચંદ્રની કલાઓ સૌને પ્રેમ ઉપજાવે છે, તેમ લઘુતા ધારણ કરનાર એવો નિરભિમાની સજ્જન પુરુષ સૌનો પ્રેમ પાત્ર થાય છે. ।।૨૫।।

**પ્રીતિપાત્ર બને સૌનું પશુ વિનીત હોય જો;**
**શોભા સર્વોપરી પામો વિનયે ઉર જો સજો. ૨૬**

**અર્થ :—** હાથી, ઘોડા આદિ પશુઓ પણ જો વિનયવાળા હોય તો તે પણ સૌના પ્રીતિપાત્ર બને છે. તેમ વિનયવડે જો તમારા હૃદયમાં લઘુતા કે નમ્રતાને ધારણ કરશો તો તમે પણ સર્વોપરી શોભાને પામશો.

**પુષ્પચૂલા સાધ્વીનું દૃષ્ટાંત :—** દુષ્કાળ પડવાથી બીજા સાધુઓ દક્ષિણ તરફ ગયા અને અહીં પુષ્પચૂલા સાધ્વીને કેવળજ્ઞાન પ્રગટ્યું. તો પણ પોતાના છદ્મસ્થ રહેલા ગુરુ એવા અરણીકાપુત્ર આચાર્યને આહારપાણી લાવી આપવાનું બંધ કર્યું નહીં. **"ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન."** (વ.પૃ.૫૩૫)

એમ ભગવાન પણ શ્રી ગુરુનો વિનય કરે છે. એવો વિનયમાર્ગ ભગવાને પ્રરુપ્યો છે. ।।૨૬।।

**નિરભિમાનીની ચાલ, વાણી, વેશ અનુદ્ધત;**
**સ્વગુણોને ન દર્શાવે અન્ય-ગુણે રહે રત. ૨૭**

**અર્થ :—** નિરભિમાની જીવની ચાલ ધીમી અને ગંભીર હોય, વાણી હિત, મિત અને પ્રિય હોય અને વેષ ઉદ્ધત ન હોય, પણ સાદો હોય. તે પોતાના ગુણોને દર્શાવે નહીં, પણ બીજાના ગુણો જોઈને કે ગાઈને આનંદ માને. ।।૨૭।।

**ગુરુ જો ગુણ દર્શાવે તોયે ફુલાય ના જરી;**
**કઠોર વચને શિક્ષા દે તો લાભ ચહે ફરી. ૨૮**

**અર્થ :—** આવા નિરભિમાની જીવના ગુણોની શ્રીગુરુ પણ પ્રશંસા કરે તો પણ જરાય ફુલાય નહીં.

અઢાર દેશમાં અમારી પડહ વગડાવ્યો એવા કુમારપાળરાજાની શ્રી હેમચંદ્રાચાર્યે પ્રશંસા કરી તો પણ નીચું મોઢું રાખી શ્રવણ કર્યું પણ કાંઈ બોલ્યા નહીં. **"પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં."** (વ.પૃ.૩૦૭) તેમ શ્રી ગુરુ કઠોર વચને શિક્ષા દે તો પણ બોલે નહીં પણ તેવો લાભ ફરી ફરી ઇચ્છે કે જેથી દોષો દૂર થઈ આત્મા શુદ્ધ થાય. ।।૨૮।।

**બાલ-ગોપાલની હાંસી સહે નિરભિમાની જે,**
**પ્રસન્ન વદને સૌને સંતોષે રહી શાંત તે. ૨૯**

**અર્થ :–** બાલ-ગોપાલ અજ્ઞાનતા વડે એવા નિરભિમાની સજ્જન પુરુષની હાંસી કરે તો પણ સહન કરે. અને વળી પ્રસન્ન મુખ રાખી પોતે શાંત રહી, બીજાને પણ સંતોષ પમાડે. ।।૨૯।।

**સમ્યક્ત્વની નિશાની એ : ઉરે નિર્મદતા રહે;**
**આત્મલાભ સદા દેખે, માનપૂજા નહીં ચહે. ૩૦**

**અર્થ :–** સમ્યક્ત્વની નિશાની છે કે જેના હૃદયમાં અહંકાર હોય નહીં, તથા જે હમેશાં આત્મલાભ માટે પ્રયત્નશીલ હોય, તેમજ માનપૂજાને પણ હૃદયથી ઇચ્છે નહીં; તે જ સાચા આરાધક જાણવા. ।।૩૦।।

**વિના વાંકે વસે વાંક કોઈના ઉરમાં જરી,**
**તોય માઠું લગાડે ના, વિનયે વશ લે કરી. ૩૧**

**અર્થ :–** કોઈના હૃદયમાં વિના વાંકે નિરભિમાની જીવનો વાંક વસી જાય, તો પણ તે મોઢું બગાડે નહીં. પણ વિનયવડે તેમના અંતઃકરણને વશ કરી શાંતિ પમાડે; એવો વિનયગુણ મહાન છે.

**'વનો (વિનય) વેરીને પણ વશ કરે'** એમ પ.પૂ.પ્રભુશ્રીજી ઉપદેશામૃતમાં જણાવે છે. ।।૩૧।।

*

**માઠા બોલો ગણો મીઠા 'ગાળ ઘીની જ નાળ' જો,**
**સ્વાર્થ કે વ્હાલ જાણીને આત્માર્થે એ જ પાળજો. ૩૨**

**અર્થ :–** કોઈ માઠા એટલે કડવા વચન કહે તેને પણ મીઠા ગણો અને કોઈ ગાળ આપે તો તેને ઘીની નાળ સમાન જાણો. તેમાં આત્માનો સ્વાર્થ એટલે સ્વ+અર્થ અર્થાત્ સ્વ એટલે પોતાના આત્માનું અર્થ એટલે પ્રયોજન સિદ્ધ થતું જાણીને, કે વ્હાલ એટલે પોતાના આત્માનું હિત જાણીને, આત્માર્થે નિર્ભિમાનતાને કે વિનયગુણને અથવા નમ્રતાને કે લઘુતાને જ પાળજો કે જેથી તમારા આત્માની સિદ્ધદશા તમને પ્રાપ્ત થાય. ।।૩૨।।

---

મોક્ષપ્રાપ્તિ અર્થે જેમ સરળપણું કે નિર્ભિમાની ગુણની જરૂર છે, તેમ બ્રહ્મચર્યના સર્વોત્કૃષ્ટપણાની પણ તેટલી જ આવશ્યકતા છે. એ વડે શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણતા કરી શકાય છે. કૃપાળુદેવ કહે :

**"યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે, અસત્સંગએ મોટું વિઘ્ન છે."** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૨૬૨)

(૫૦)

## બ્રહ્મચર્યનું સર્વોત્કૃષ્ટપણું





(પામશું, પામશું, પામશું રે કેવળજ્ઞાન હવે પામશું—એ રાગ)

*

**લાગશે, લાગશે, લાગશે રે પરબ્રહ્મપદે લય લાગશે—ટેક**
**બ્રહ્મનિષ્ટ ગુરુ રાજ-પ્રતાપે અનાદિનો ભ્રમ ભાગશે રે, પરબ્રહ્મ૦**
**આત્મજ્ઞાની લઘુરાજે જણાવ્યા રાજગુણે જીંવ જાગશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** પરમકૃપાળુદેવની કૃપાથી પરબ્રહ્મપદે એટલે પરમાત્માપદમાં જરૂર લય લાગશે, લાગશે અને લાગશે, એવો દૃઢ નિશ્ચય પૂ.શ્રી બ્રહ્મચારીજીના હૃદયમાં સ્ફુરાયમાન જણાય છે.

બ્રહ્મ એટલે આત્મા, એવા આત્માની નિષ્ઠા એટલે દૃઢ શ્રદ્ધા છે જેને એવા ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ રાજચંદ્ર પ્રભુના પ્રતાપે, સંસારી જીવોનો અનાદિકાળનો આત્મભ્રાંતિરૂપ ભ્રમ અથવા ઇન્દ્રિયોમાં સુખ છે એવો ભ્રમ નાશ પામશે. તથા આત્મજ્ઞાનને પામેલા એવા શ્રી લઘુરાજસ્વામીએ જણાવેલ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ગુણે અથવા બોધવડે આ જીવ જરૂર મોહનીદ્રામાંથી જાગૃત થશે. ।।૧।।

**બ્રહ્મજ્ઞાનીની ભક્તિ કર્યાથી બ્રહ્મચર્ય-રુચિ વાધશે રે, પરબ્રહ્મ૦**
**આત્મા જ બ્રહ્મસ્વરૂપે ગવાયો, ઇન્દ્રિયજયથી લાધશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** બ્રહ્મ એટલે આત્મા જેને પ્રગટ છે એવા બ્રહ્મસ્વરૂપ પરમકૃપાળુદેવની ભક્તિ કર્યાથી જીવોમાં બ્રહ્મચર્ય એટલે આત્મામાં રમણતા કરવાની રુચિ વધશે. મૂળ સ્વરૂપે જોતાં શુદ્ધ આત્મા જ બ્રહ્મ સ્વરૂપે ગવાયો છે. તેની પ્રાપ્તિ પાંચે ઇન્દ્રિયોનો જય કરવાથી થશે. ।।૨।।

**અનાદિકાળથી સ્પર્શ-ઇન્દ્રિયનો અભ્યાસ આડો આવશે રે, પરબ્રહ્મ૦**
**ક્રમે ક્રમે પુરુષાર્થ કરે તે પરાક્રમી જન ફાવશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** અનાદિકાળથી જીવની સાથે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ લાગેલી છે. તેથી સ્પર્શ ઇન્દ્રિયનો અનાદિકાળનો અભ્યાસ જીવને ઇન્દ્રિય જય કરવામાં આડો આવશે. પણ ક્રમપૂર્વક જે અભ્યાસ કરશે તે પરાક્રમી પુરુષ ઇન્દ્રિય જય કરવામાં ફાવી જશે.

**“સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે. સર્વ જ્ઞાનીપુરુષે કામનું જીતવું તે અત્યંત દુષ્કર કહ્યું છે, તે સાવ સિદ્ધ છે; અને જેમ જેમ જ્ઞાનીના વચનનું અવગાહન થાય છે, તેમ તેમ કંઈક કંઈક કરી પાછો હઠતાં અનુક્રમે જીવનું વીર્ય બળવાન થઈ કામનું સામર્થ્ય જીવથી નાશ કરાય છે; કામનું સ્વરૂપ જ જ્ઞાનીપુરુષનાં વચન સાંભળી જીવે જાણ્યું નથી; અને જો જાણ્યું હોત તો તેને વિષે સાવ નીરસતા થઈ હોત.”** (વ.પૃ.૪૧૩) ।।૩।।

**સદ્ગુરુ-સેવાથી જાગે જિજ્ઞાસા, સદ્ગુરુ બોધ રેલાવશે રે, પરબ્રહ્મ૦**
**સાચી મુમુક્ષુતા સદ્ગુરુ-બોધે જીવ જ્યારે પ્રગટાવશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** પરમકૃપાળુ સદ્ગુરુ ભગવંતની આજ્ઞા ઉઠાવવાથી બ્રહ્મચર્ય પાળવાની સાચી જિજ્ઞાસા જાગૃત થશે. પછી સદ્ગુરુનો બોધ તેના હૃદયમાં રેલાશે અર્થાત્ પરિણામ પામવા લાગશે.

સદ્ગુરુના બોધથી જન્મમરણથી મુક્ત થવા માટે સાચી મુમુક્ષુદશા જ્યારે જીવ પ્રગટાવશે ત્યારે કાર્યસિદ્ધિ ભણી તે પગલું માંડશે. ।।૪।।

**સદ્ગુરુ-આજ્ઞાથી સત્પુરુષારથ જો કરવા જીવ માગશે રે, પરબ્રહ્મ૦**
**ભાગ્યશાળી તે નર વીર જાણો; વિઘ્ન-પવન ડોલાવશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** સાચી મુમુક્ષુતા પ્રગટ્યે સદ્ગુરુ આજ્ઞાવડે જો સત્પુરુષાર્થ કરવા જીવ માંડશે તો તે ભાગ્યશાળીને નરોમાં વીર સમાન જાણો. તેને અંતરંગ કે બાહ્ય બ્રહ્મચર્ય પાળવામાં સંકલ્પ-વિકલ્પ કે કામ ક્રોધાદિ વિઘ્નરૂપ પવન ડોલાયમાન કરશે તો પણ તેને સહન કરી તે આગળ વધી જશે, અર્થાત્ મોહના ભાવોને તે સદ્ગુરુબળે હૃદયમાં ઘર કરવા દેશે નહીં.

**''જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.''** -શ્રી આત્મસિદ્ધિ ।।૫।।

*

**શીલરક્ષણ ને યશ ઇચ્છે તે આ શિક્ષા ઉર ધારશે રે :- પરબ્રહ્મ૦**
**વાતો વિકારી જનોની કરો ના, સૂતા વિકારો જાગશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** જે પુણ્યાત્મા પોતાના શીલનું રક્ષણ કે સુયશને ઇચ્છશે તે આ નીચે જણાવેલ શિક્ષાને હૃદયમાં ધારણ કરશે. મનની શુદ્ધિ માટે વિકારી લોકોની વાતો કદી કરવી નહીં. તેમ કરવાથી સૂતેલા વિકારો પણ જાગૃત થઈ જાય છે. ।।૬।।

**નીરખશો ના નર-નારી-અંગો મલિન ભાવ લલચાવશે રે; પરબ્રહ્મ૦**
**દુરાચારીની સોબત તજજો, 'સંગ તેવો રંગ'લાગશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** નર કે નારીના અંગોને મોહદૃષ્ટિએ તાકીને નીરખશો નહીં. નહીં તો મલિન ભાવો મનમાં ઉત્પન્ન થઈ આત્માને તે તે વસ્તુની પ્રાપ્તિ માટે લલચાવશે. અશુભ કર્મનો બંધ કરાવી દુર્ગતિના કારણ બનશે. તેમજ દુરાચારી લોકોની સંગતિનો ત્યાગ કરજો. કેમકે જેવો સંગ તેવો રંગ લાગી જશે.

**ધમ્મિલકુમારનું દૃષ્ટાંત :–** ધમ્મિલકુમાર બાળવયથી અત્યંત વૈરાગ્યવાન હોવા છતાં પણ દુરાચારી લોકોના સંગથી વેશ્યાના વિલાસમાં પડી ગયો. પિતાનું બધું ધન નાશ પામી ગયું. ત્યારે વેશ્યાની અક્કાએ તેને દારૂ પાવી દૂર મુકાવી દીધો. પછી સાન ઠેકાણે આવી. માટે મરી જવું સારું પણ દુરાચારીની તો સંગતિ ન જ કરવી. કેમકે એ સંસ્કાર ભવોભવ જીવને દુઃખ આપે છે. ।।૭।।

**ભાંગ, તંબાકુ, કેફી ચીજો સૌ બુદ્ધિ-વિકારો લાવશે રે પરબ્રહ્મ૦**
**પાન-બીડી, ફૂલ, અત્તર આદિ શીલનો ભંગ કરાવશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** ભાંગ, તંબાકુ અને બીજી કેફી એટલે જેથી નશો ચઢે એવા અમલ, દારૂ વિગેરે પીવાથી કે ખાવાથી બુદ્ધિમાં વિકારો ઉત્પન્ન થશે. પાન, બીડી, પાન પરાગ, બ્રાઉન સુગર, ફૂલ, અત્તર આદિ વસ્તુઓ પણ વ્યસનની જેમ વળગી જઈ શીલનો ભંગ કરાવશે. માટે એવી વસ્તુઓનું કદાપિ સેવન કરવું નહીં. ।।૮।।

**ગીૅત, નૃત્ય, નાટક, ચિત્રો વિકારી કામ-વિકાર ઊૅભરાવશે રે; પરબ્રહ્મ૦**
**રાત્રિભોજન ને ભારે ભોજન પણ ઉન્મત્તતા ઉગાડશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** રેડિયો વગેરેમાં ગવાતા ગીતો કે લગ્નના ગીતો, અથવા ટી.વી., સિનેમામાં દેખાતા નૃત્યો, નાટકો તેમજ વિકાર ઉત્પન્ન કરે એવા ચિત્રોને જોતાં કામ વિકાર ઉભરાઈ આવશે. રાત્રિભોજન કે ભારે ભોજન કરવાથી પણ ઉન્મત્તતા એટલે મોહના ગાંડપણને જ પોષણ મળશે.

**"રાત્રિભોજન કરવાથી આળસ, પ્રમાદ થાય; જાગૃતિ થાય નહીં ; વિચાર આવે નહીં; એ આદિ દોષના ઘણા પ્રકાર રાત્રિભોજનથી થાય છે, મૈથુન ઉપરાંત પણ બીજા ઘણા દોષ થાય છે."** (વ.પૃ.૬૯૯)

રાત અને દિવસ લૌકિક કામ કરવામાં કે ખાવાપીવામાં જ વખત જતો રહે તો સ્વાધ્યાય ભક્તિ આદિ ઉત્તમ કાર્ય ક્યારે થાય?

**"દિવસ ગમાયા ખાય કે, રાત ગવાઈ સોય;**
**હીરા જનમ અમોલ થા, કોડિ બદલે જાય."** ।।૯।।

**ચિત્ત-આકર્ષક વસ્ત્ર-આભૂષણ અને એકાન્ત ભુલાવશે રે; પરબ્રહ્મ૦**
**સ્વાદ-લંપટતા સાથે હજારો દોષો આવી મુઝાવશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** ચિત્તને આકર્ષિત કરે એવા વસ્ત્ર કે આભૂષણ પહેરવા નહીં. અને સ્ત્રી સાથે એકાંતમાં રહેવું નહીં. એમ કરવાથી જીવ મોહવશ બની કૃત અકૃત્યનો વિવેક ભૂલી જાય છે.

**"જ્ઞાનીની આજ્ઞાએ વર્તતા એવા ભદ્રિક મુમુક્ષુ જીવને 'બ્રહ્મચર્ય પાળવું એટલે સ્ત્રીઆદિકના પ્રસંગમાં ન જવું' એવી આજ્ઞા ગુરુએ કરી હોય તો તે વચન પર દૃઢ વિશ્વાસ કરી તે તે સ્થાનકે ન જાય; ત્યારે જેને માત્ર આધ્યાત્મિક શાસ્ત્રાદિક વાંચી મુમુક્ષુતા થઈ હોય, તેને એમ અહંકાર રહ્યા કરે કે, 'એમાં તે શું જીતવું છે?' આવી ઘેલછાના કારણથી તે તેવા સ્ત્રીઆદિકના પ્રસંગમાં જાય. કદાચ તે પ્રસંગથી એક વાર, બે વાર બચે પણ પછી તે પદાર્થ પ્રત્યે દૃષ્ટિ દેતાં 'આ ઠીક છે' એમ કરતાં કરતાં તેને તેમાં આનંદ થાય, અને તેથી સ્ત્રીઓ સેવે. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે બાળોભોળો જીવ તો વર્તે; એટલે તે બીજા વિકલ્પો નહીં કરતાં તેવા પ્રસંગમાં ન જ જાય."** -ઉપદેશછાયા (પૃ.૬૮૫)

ભોજનમાં સ્વાદની લંપટતા હશે તો બીજા હજારો દોષો આવીને મનને મલિન કરી મૂંઝવણમાં નાખી દેશે. સર્વ ઇન્દ્રિયોને પોષણ આપનાર આ જીભ છે.

**મંગૂ આચાર્યનું દૃષ્ટાંત :–** મંગૂ આચાર્ય હતા પણ આહારના સ્વાદમાં પડવાથી આચાર પાળવામાં પ્રમાદી થઈ યક્ષનો અવતાર પામ્યા.

**અષાઢાભૂતિ મુનિનું દૃષ્ટાંત :–** અષાઢાભૂતિ મુનિ હોવા છતાં નટને ત્યાંથી કેસરીયા મોદક, ફરી ફરી વહોરવા માટે નવું નવું રૂપ બદલીને પણ લીધા. તેથી નટની કન્યાઓએ તેને સ્વાદમાં આસક્ત જાણી બીજી વાર લલચાવી ચારિત્રથી ભ્રષ્ટ કર્યા. માટે શીલ રક્ષણના ઇચ્છકે જિહ્વા ઇન્દ્રિયના સ્વાદને પોષણ આપવું નહીં. ।।૧૦।।

**સુણ્યા, દીૅઠા, અનુભવ્યા ભોગોની સ્મૃતિ અતિ લલચાવશે રે. પરબ્રહ્મ૦**
**તેવા વિકારી સંગો તજો તો સત્સંગનો રંગ લાગશે રે પરબ્રહ્મ૦**

**અર્થ :–** સાંભળેલ, જોયેલ કે અનુભવેલ ભોગોની સ્મૃતિ કરવી નહીં. તેમ કરવાથી મન ફરીથી તે

ભોગોની લાલસામાં આવી જાય છે.

**આર્દ્રકુમારનું દૃષ્ટાંત :–** આર્દ્રકુમારે પૂર્વભવમાં પોતે તથા તેની સ્ત્રીએ દીક્ષા લીધેલ. એકવાર દીક્ષિત પોતાની પત્નીને જોતાં અનુભવેલ ભોગોની સ્મૃતિ ફરીથી થઈ આવી; અને દીક્ષિત પત્નીને પાછું ઘરે જવાનું જણાવ્યું. પત્નીએ તે સાંભળીને અનશન લઈ લીધું. આર્દ્રકુમારના જીવે પણ ફરીથી જાગૃત થઈ ઉત્તમ આરાધના કરી દેવગતિ સાધ્ય કરી.

વિકાર ઉત્પન્ન થાય એવા સંગોનો જીવ ત્યાગ કરે તો જ સત્સંગનો રંગ લાગશે.

**બે ભમરાઓનું દૃષ્ટાંત :–** બે ભમરાઓ હતા. એક સુગંધીદાર બગીચામાં રહે. બીજો વિષ્ટામાં રમે. એકવાર વિષ્ટાનો ભમરો બગીચામાં આવ્યો છતાં ફૂલોની સુગંધનો સ્વાદ તેને આવ્યો નહીં. કેમકે સાથે વિષ્ટાની ગોળી લેતો આવ્યો હતો. તેમ વિકારી જીવોનો સંગ હશે ત્યાં સુધી સત્સંગતિની સુગંધ તેને આવી શકશે નહીં.

**"સત્સંગનો રંગ ચાખ રે પ્રાણી સત્સંગનો રંગ ચાખ,**
**પ્રથમ લાગે તીખોને કડવો, પછી આંબા કેરી સાખ;**
**રે પ્રાણી સત્સંગનો રંગ ચાખ."** ॥૧૧॥

*

**નાક, કાન કાપેલી વૃદ્ધ વનિતા પણ સાધુનું ચિત્ત ચળાવશે રે પરબ્રહ્મ૦**
**વિષવેલ સ્પર્શી વાયુ વહે તે મરણ-કારણ ઉપજાવશે રે; પરબ્રહ્મ૦**

**અર્થ :–** નાક, કાન કાપેલી વૃદ્ધ સ્ત્રી પણ સાધુનું ચિત્ત ચલિત કરવા સમર્થ છે. જેમ વિષ વેલને સ્પર્શી વહેતો વાયુ મરણનું કારણ બની શકે છે, તેમ સ્ત્રી પણ ભલભલાને ભુલભુલામણિમાં નાખવા સમર્થ છે. માટે તેવા સંગથી હમેશાં દૂર રહેવું.

**રથનેમિનું દૃષ્ટાંત :–** ગિરનારની ગુફામાં ધ્યાન કરતાં રથનેમિને, વરસાદના કારણે કપડાં ભીંજાઈ જવાથી તે ગુફામાં જઈ સતી રાજીમતિને કપડાં સુકાવા જતાં, તેના અંગના દર્શનથી રથનેમિ ધ્યાન કરતાં ચલિત થઈ ગયા. પછી રાજીમતિએ બોધ આપી તેને સ્થિર કર્યા. માટે વૃત્તિઓનો કદી વિશ્વાસ કરવો નહીં.

**"સ્ત્રીએ હાડમાંસનું પૂતળું છે. એમ સ્પષ્ટ જાણ્યું છે તેથી વિચારવાનની વૃત્તિ ત્યાં ક્ષોભ પામતી નથી; તો પણ સાધુને એવી આજ્ઞા કરી છે કે હજારો દેવાંગનાથી ન ચળી શકે તેવા મુનિએ પણ નાક કાન છેદેલી એવી જે સો વરસની વૃદ્ધ સ્ત્રી તેની સમીપ પણ રહેવું નહીં; કારણ કે તે વૃત્તિને ક્ષોભ પમાડે જ એવું જ્ઞાનીએ જાણ્યું છે. સાધુને તેટલું જ્ઞાન નથી કે તેનાથી ન જ ચળી શકે, એમ ધારી તેની સમીપ રહેવાની આજ્ઞા કરી નથી. એ વચન ઉપર જ્ઞાનીએ પોતે વિશેષ ભાર મૂક્યો છે; એટલા માટે જો વૃત્તિઓ પદાર્થોમાં ક્ષોભ પામે તો તરત ખેંચી લઈ તેવી બાહ્યવૃત્તિઓ ક્ષય કરવી."** (વ.પૃ.૬૮૯) ॥૧૨॥

**તેમ જ કામીને કામિનીવૃત્તિ ચંચળ ચિત્ત કરાવશે રે, પરબ્રહ્મ૦**
**હૃદય-સિંહાસને નારી રહી તો પ્રભુ-ભક્તિ નહિ જાગશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** વિષવેલ સમાન કામી પુરુષને કામિની વૃત્તિ એટલે સ્ત્રીની ઇચ્છા હોવાથી તે વૃત્તિ તેનું ચિત્ત ચંચળ કરશે. અને હૃદયરૂપી સિંહાસન ઉપર જો સ્ત્રી બેઠેલી હશે તો પ્રભુ પ્રત્યેની ભક્તિ જાગૃત

થશે નહીં. ।।૧૩।।

**નારી-કટાક્ષે ઉર વીંધાતા પ્રભુ-પ્રીતિ પણ ભાગશે રે, પરબ્રહ્મ૦**
**સ્ત્રી-સ્નેહનો ઉરે ડાઘ પડ્યો તો કોણ પછી ધોઈ નાખશે રે? પરબ્રહ્મ૦**

**અર્થ :–** સ્ત્રીના કટાક્ષથી જો હૃદય ભેદાઈ ગયું તો પ્રભુ પ્રત્યેનો પ્રેમ નાશ પામશે. સ્ત્રી પ્રત્યેના સ્નેહનો ડાઘ જો હૃદયમાં પડી ગયો તો પછી તેને કોણ ધોવા સમર્થ છે?

**''વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;**
**લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન.''** -શ્રીમદ્ રાજચંદ્ર

**કુલવાલકમુનિનું દૃષ્ટાંત :–** કુલવાલક મુનિ હતા. નદી કિનારે તપ કરતા હતા. તેને ચલાયમાન કરવા વેશ્યા શ્રાવિકાનું રૂપ લઈ ત્યાં આવી. મુનિને ભોજનમાં નેપાળો આપ્યો. તેથી ખૂબ ઝાડા થવા લાગ્યા. ત્યાં બીજું કોઈ નહીં હોવાથી એકલી વેશ્યાએ તેમની સેવા સુશ્રુષા કરી. તેના કટાક્ષથી મુનિનું હૃદય ભેદાઈ ગયું અને ચારિત્રથી ભ્રષ્ટ થયા. માટે સ્ત્રીઓ દ્વારા થતી સેવા સુશ્રુષાનો લાભ લેવો નહીં કે જેથી તેમના પ્રત્યે રાગ ઉત્પન્ન થાય. ।।૧૪।।

**શાસ્ત્રસમુદ્રે ધોતાં ન જાશે, આત્મવિચાર કામ લાગશે રે, પરબ્રહ્મ૦**
**બગડેલું ઉર હવે લેવું સુધારી, વૈરાગ્ય-સાબુ સુધારશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** સ્ત્રીસ્નેહનો હૃદયમાં પડેલો ડાઘ, શાસ્ત્રરૂપી સમુદ્રમાં ધોવા માટે મથતા છતાં જશે નહીં. પણ સદ્ગુરુબોધ દ્વારા કરેલ આત્મવિચાર તે ડાઘને દૂર કરવા સમર્થ છે. મોહથી બગડેલું હૃદય જરૂર સુધારી લેવું જોઈએ. તેના માટે વૈરાગ્યરૂપી સાબુ કામ લાગશે. રોગ અને મોહને ઊગતા જ દાબવા.

**''તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ આત્મા સંસારમાં વિષયાદિક મલિનતાથી પર્યટન કરે છે. તે મલિનતાનો ક્ષય વિશુદ્ધ ભાવ જળથી હોવો જોઈએ. અર્હંતના કહેલા તત્ત્વરૂપ સાબુ અને વૈરાગ્યરૂપી જળથી ઉત્તમ આચારરૂપ પથ્થર પર રાખીને આત્મવસ્ત્રને ધોનાર નિર્ગ્રંથ ગુરુ છે. આમાં જો વૈરાગ્યજળ ન હોય તો બધાં સાહિત્યો કંઈ કરી શકતા નથી; માટે વૈરાગ્યને ધર્મનું સ્વરૂપ કહી શકાય. યદિ અર્હંત પ્રણીત તત્ત્વ વૈરાગ્ય જ બોધે છે, તો તે જ ધર્મનું સ્વરૂપ એમ ગણવું.''** ।।૧૫।।

**જીતી બાજી હવે હારી ન જાશો, નરભવ કોણ બગાડશે રે, પરબ્રહ્મ૦**
**મૂર્ખ-શિરોમણિ તે નર માનું જે કામ-વૃત્તિ ન ત્યાગશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** મનુષ્યભવ, સત્પુરુષનો જોગ વગેરે મળ્યો છે તો હવે જીતી બાજી હારી જઈને નરભવને કોણ બગાડશે. આવી જોગવાઈ મળ્યા છતાં પણ જો કામવૃત્તિને નહીં ત્યાગશે તે નરને હું મૂર્ખ શિરોમણિ માનું છું. **''એક ભવના થોડા સુખ માટે અનંતભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે.''** (વ.પૃ.૧૭૯) ।।૧૬।।

**વીર્ય-સંચયથી ભીષ્મ બને જન, સ્ત્રીભોગ ક્ષય રોગ લાવશે રે, પરબ્રહ્મ૦**
**ક્ષય રોગથી બચવા બ્રહ્મચર્ય, શુદ્ધ આહાર-પાન સેવશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** બ્રહ્મચર્ય પાલનથી વીર્યનો સંચય થાય છે. તે બાળ બ્રહ્મચારી ભીષ્મ પિતામહની જેમ બળવાન બને છે. જ્યારે સ્ત્રીભોગથી વીર્યનો નાશ થઈ ક્ષય રોગ આવે છે. ક્ષય રોગથી બચવા માટે બ્રહ્મચર્યનું પાલન અને શુદ્ધ આહારપાનનું સેવન છે.

**"વર્તમાનકાળમાં ક્ષયરોગ વિશેષ વૃદ્ધિ પામ્યો છે, અને પામતો જાય છે. એનું મુખ્ય કારણ બ્રહ્મચર્યની ખામી, આળસ અને વિષયાદિની આસક્તિ છે. ક્ષયરોગનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્યસેવન, શુદ્ધ સાત્ત્વિક આહાર-પાન અને નિયમિત વર્તન છે."** (વ.પૃ.૬૭૦) ।।૧૭।।

**નિયમિત જીવને રામ સમા સૌ, સત્જ્ઞાન-પાત્રતા પામશે રે, પરબ્રહ્મ૦**
**પરનારી પ્રતિ પ્રેમ ધરે તે રાવણ સમ દુઃખ દેખશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** નિયમિત જીવન જીવનાર સૌ ભવ્યાત્માઓ સ્વપત્ની સંતોષી આદર્શ ગૃહસ્થ બની શ્રીરામ સમાન સમ્યગ્જ્ઞાનની પાત્રતાને પામશે. પણ પરનારી પ્રત્યે જે પ્રેમ રાખશે તે રાવણ સમાન આ ભવમાં કે પરભવમાં નરકાદિ દુઃખોને પામશે. ।।૧૮।।

**સર્વ ચારિત્ર વશ કરવાને બ્રહ્મચર્ય જીવ ધારશે રે, પરબ્રહ્મ૦**
**સર્વ પ્રમાદને દૂર કરવાનું બ્રહ્મચર્ય બળ આપશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** સર્વ પ્રકારના ચારિત્ર એટલે સંયમને વશ કરવા માટે બ્રહ્મચર્યને જીવ ધારણ કરશે તો સર્વ પ્રમાદને દૂર કરવા માટે, બ્રહ્મચર્ય તેને બળ આપશે. ।।૧૯।।

**આત્મવૃત્તિ અખંડ ચહે તે બ્રહ્મચર્ય વ્રત ધારશે રે, પરબ્રહ્મ૦**
**મોક્ષ તણાં સૌ સાધનમાં તે સહાય અલૌકિક આપશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** આત્મવૃત્તિમાં અખંડ રહેવા જે ઇચ્છે, તે બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરશે. તે બ્રહ્મચર્ય વ્રત તેને મોક્ષના સર્વ પ્રકારના સાધનમાં અલૌકિક એટલે દિવ્ય સહાય આપનાર સિદ્ધ થશે.

**"સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષસંબંધી સર્વ પ્રકારનાં સાધનના જયને અર્થે 'બ્રહ્મચર્ય' અદ્‌ભુત અનુપમ સહાયકારી છે, અથવા મૂળભૂત છે."** (હા.૩ પૃ.૮૩૦) ।।૨૦।।

**આ કાળના મૂઁઢ, માયાવીઁ જીવો વીર-વચન જો માનશે રે, પરબ્રહ્મ૦**
**બ્રહ્મચર્ય-વ્રત સ્પષ્ટ જણાવ્યું પ્રાણ જતાં પણ પાળશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** આ કાળમાં મૂઢ એટલે જડ જેવા અને માયાવી એટલે વક્ર જીવો જો વર્તમાને વિદ્યમાન વીર પ્રભુના વચનને માનશે તો ભગવાને પાંચમું મહાવ્રત અલગ સ્થાપી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવા માટે સ્પષ્ટ જણાવ્યું છે; તેને તે પ્રાણ જતાં પણ પાળશે.

**મણિબેનનું દૃષ્ટાંત :—** મણિબેન કાવિઠાવાળાને પરમકૃપાળુદેવે પ્રાણ જતાં પણ એ વ્રત પાળવું એમ જણાવેલ. તે તેમણે તેમજ કરી બતાવ્યું હતું.

**મલયાગિરીનું દૃષ્ટાંત :—** ચંદનરાજાને સ્વપ્ન આવ્યું. ભારે દુઃખો આવશે જાણી રાણી મલયાગિરી તથા બે પુત્રો સાયર અને નીરને લઈ બીજા સ્થાને ચાલ્યો ગયો. ત્યાં એક સાર્થવાહ મલયાગિરીને કપટથી લઈ જઈ પોતાની સ્ત્રી થવા કહ્યું. તેણે કોઈ રીતે પણ માન્યું નહીં. ચંદનરાજા પણ પછી બે પુત્રોને નદી પાર કરતા એકને પેલે કિનારે મૂકી બીજાને લેવા આવતા પોતે નદીમાં તણાઈ ગયો. ને જ્યાં બહાર નીકળ્યો ત્યાંનો રાજા મરણ પામવાથી પુણ્ય પ્રભાવે ત્યાંનો રાજા બન્યો. બેય પુત્રો પણ ફરતા ફરતા તે જ રાજ્યમાં આવી કોટવાલ બન્યા. સાર્થવાહ પણ મલયાગિરીને લઈ તે જ નગરમાં સહજે આવી પહોંચ્યો. રાજાને ભેટ

આપી સામાન સાચવવા બે કોટવાલ માંગ્યા. ત્યાં તેના પુત્રો જ આવ્યા. તેઓ રાતના એક બીજાને પોતાની વિતક વાર્તા કરતા હતા. તે સાંભળી મલયાગિરીને લાગ્યું કે આ મારા જ પુત્રો છે, એમ મલયાગિરીનું પુત્ર સાથે મિલન થયું. વાતચીતમાં પોતાના જ પુત્ર છે એમ જાણવાથી રાજા પાસે ન્યાય કરવા ગયા. ત્યાં શીલના પ્રભાવે ચંદનરાજાનું પણ મિલન થઈ ગયું. એમ પ્રાણ જતા કરવા તૈયાર થાય પણ શીલ ખંડિત ન કરે તે જીવો સર્વ સુખ સામગ્રીને પામે છે. ।।૨૧।।

**તો જગતારક વીર પ્રભુની આજ્ઞા ઉઠાવી શિવ સાધશે રે, પરબ્રહ્મ૦**
**પાશવવૃત્તિ જ કામ-વિકારો સાચો મુમુક્ષુ ત્યાગશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** પ્રાણ છોડવા તૈયાર થાય પણ વ્રત નહીં, એવા જીવો જગતારક વીર પ્રભુની આજ્ઞા ઉઠાવીને મોક્ષપ્રાપ્તિની સાધના કરશે. કામવિકારો છે તે પશુવૃત્તિ જ છે. સાચો મુમુક્ષુ હશે તે મોહાસક્તિથી મુંઝાઈને એવા પશુકર્મનો ત્યાગ કરશે. ।।૨૨।।

**ચારે વ્રતોના અપવાદમાર્ગે વર્ત્યે દોષો ન લાગશે રે, પરબ્રહ્મ૦**
**બ્રહ્મચર્ય-વ્રત ઢીલું થયું તો આત્મઘાતકતા વધારશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** અહિંસા, સત્ય, અચૌર્ય અને પરિગ્રહ ત્યાગ એ ચારે વ્રતોમાં અપવાદ અર્થાત્ છૂટ આપી છે. તે અપવાદને માર્ગે વર્તવાથી દોષો લાગતા નથી. પણ બ્રહ્મચર્યવ્રત જો ઢીલું થયું તો રાગ વગર જેની પ્રવર્તી નથી એવું તે અબ્રહ્મચર્ય, આત્માના ગુણોની ઘાત કરશે.

**''મૈથુનત્યાગ'માં જે અપવાદ નથી તેનો હેતુ એવો છે કે રાગદ્વેષ વિના તેનો ભંગ થઈ શકે નહીં; અને રાગદ્વેષ છે તે આત્માને અહિતકારી છે; જેથી તેમાં કોઈ અપવાદ ભગવાને કહ્યો નથી. નદીનું ઊતરવું રાગદ્વેષ વિના પણ થઈ શકે; પુસ્તકાદિનું ગ્રહણ પણ તેમ થઈ શકે; પણ મૈથુનસેવન તેમ ન થઈ શકે; માટે ભગવાને અનપવાદ એ વ્રત કહ્યું છે; અને બીજામાં અપવાદ આત્મહિતાર્થે કહ્યા છે; આમ હોવાથી જિનાગમ જેમ જીવનું, સંયમનું રક્ષણ થાય તેમ કહેવાને અર્થે છે.''** (વ.પૃ.૪૦૧)

**''બહારથી બ્રહ્મચર્ય વ્રત પાળતો હોય અને મન ભટકતું હોય! 'શેઠ ક્યાં ગયા છે? તો કહે, ઢેડવાડે' એવું ન થવું જોઈએ. બહારથી મોટો બ્રહ્મચારી થઈને ફરતો હોય તોપણ શું થયું? પણ જો અંતરમાં દયા ન હોય તો તે શા કામનું છે? બ્રહ્મચર્યનું વ્રત લેનારે બહુ જાળવવાનું છે. સ્વાદ કરવા ન જોઈએ; ટાપટીપ શરીરની ન કરવી જોઈએ; સ્નિગ્ધ, ભારે ખોરાક ન ખાવા જોઈએ; ખરાબ વાતો ન સાંભળવી જોઈએ. નવ વાડો સાચવવી જોઈએ; નહીં તો, ખેતરની વાડ કરીને સંભાળ ન કરે તો ભેલાઈ જાય તેમ, વ્રત ભંગ થાય. નહોતો જાણતો ત્યાં સુધી જે થયું તે થયું; પણ હવે તો વ્રત ભંગ કરે તેવી બાબતો ઉપર ઝેર વરસવું જોઈએ. કોળિયામાં માખ આવે તો ઊલટી કરી કાઢી નાખવું પડે છે, તેમ આત્માની ઘાત થાય તેવા માઠાં પરિણામ વમી નાખવા જોઈએ.''** -ઉપદેશામૃત (પૃ.૩૩૧) ।।૨૩।।

**સમુદ્ર જો મર્યાદા મૂકે જળપ્રલય પ્રગટાવશે રે, પરબ્રહ્મ૦**
**તેમ ચોથું વ્રત તોડી પ્રવર્ત્યે, નિઃશંક ડૂબી, ડુબાડશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :—** સમુદ્ર જો મર્યાદા મૂકે તો સમુદ્રનું અગાધ જળ પ્રલયકાળ પ્રગટાવશે. તેમ ચોથું બ્રહ્મચર્ય વ્રત તોડીને કોઈ પ્રવર્તશે તો પોતે ભવસાગરમાં ડૂબી, બીજા જીવોને પણ સાથે ડૂબાડશે એ વાત નિઃશંક છે. ।।૨૪।।

**નિરતિચારપણે બ્રહ્મચર્ય (સર્વથા) પોતે પાળીને પળાવશે રે, પરબ્રહ્મ૰**
**નવ વાડથી સુરક્ષિત તે નર જ્ઞાનીને મન ભાવશે રે. પરબ્રહ્મ૰**

**અર્થ :—** પોતે નિરતિચારપણે નવવાડ સહિત બ્રહ્મચર્યવ્રતને સર્વથા પાળી, બીજાને પણ પળાવશે તે નરનું બ્રહ્મચર્ય વ્રત, નવવાડથી સુરક્ષિત રહેશે અને તે પુણ્યાત્મા જ્ઞાનીને પણ આનંદ ઉપજાવનાર થશે.

પ.પૂ.પ્રભુશ્રીજીએ એકવાર મુમુક્ષુ સમુદાયમાં જણાવેલું કે —

'જમનામૈયા માગ આપે એવો એક બ્રહ્મચારી' અમે મૂકતા જઈશું. પૂ.શ્રી બ્રહ્મચારીજીએ અગિયાર વર્ષ સુધી રાતદિવસ પ.પૂ.પ્રભુશ્રીજીના સાનિધ્યમાં રહી તેવી દશા પ્રાપ્ત કરી હતી. તેથી જ પ.પૂ.પ્રભુશ્રીજીએ દેહોત્સર્ગ પહેલાં પૂ.શ્રી બ્રહ્મચારીજીને જણાવ્યું કે તને 'ધર્મ સોંપુ છું.' યોગ્યતા વગર ધર્મની સોંપણી કદી મહાપુરુષો કરે નહીં. પ.પૂ.પ્રભુશ્રીજી તેમને 'બ્રહ્મચારી' એવા નામથી બોલાવતા. તેથી તેમનું નામ બ્રહ્મચારીજી એવું પડી ગયું. તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. હવે નવવાડ વિષે જણાવે છે :—

**મોક્ષમાળા શિક્ષાપાઠ ૬૯ બ્રહ્મચર્યની નવ વાડ**

**"જ્ઞાનીઓએ થોડા શબ્દોમાં કેવા ભેદ અને કેવું સ્વરૂપ બતાવ્યું છે? એ વડે કેટલી બધી આત્મોન્નતિ થાય છે? બ્રહ્મચર્ય જેવા ગંભીર વિષયનું સ્વરૂપ સંક્ષેપમાં અતિ ચમત્કારિક રીતે આપ્યું છે. બ્રહ્મચર્યરૂપી એક સુંદર ઝાડ અને તેને રક્ષા કરનારી જે નવ વિધિઓ તેને વાડનું રૂપ આપી આચાર પાળવામાં વિશેષ સ્મૃતિ રહી શકે એવી સરળતા કરી છે. એ નવ વાડ જેમ છે તેમ અહીં કહી જઉં છું.**

**૧. વસતિ– જે બ્રહ્મચારી સાધુ છે તેમણે જ્યાં સ્ત્રી, પશુ કે પડંગ એથી કરીને જે સંયુક્ત વસતિ હોય ત્યાં રહેવું નહીં. સ્ત્રી બે પ્રકારની છે. મનુષ્યિણી અને દેવાંગના. એ પ્રત્યેકના પાછા બે બે ભેદ છે. એક તો મૂળ અને બીજી સ્ત્રીની મૂર્તિ કે ચિત્ર. એ પ્રકારનો જ્યાં વાસ હોય ત્યાં બ્રહ્મચારી સાધુએ ન રહેવું; પશુ એટલે તિર્યંચિણી ગાય, ભેંસ, ઇત્યાદિક જે સ્થળે હોય તે સ્થળે ન રહેવું; અને પડંગ એટલે નપુંસક એનો વાસ હોય ત્યાં પણ ન રહેવું. એવા પ્રકારનો વાસ બ્રહ્મચર્યની હાનિ કરે છે. તેઓની કામચેષ્ટા, હાવભાવ ઇત્યાદિક વિકારો મનને ભ્રષ્ય કરે છે.**

**૨. કથા– કેવળ એકલી સ્ત્રીઓને જ કે એક જ સ્ત્રીને ધર્મોપદેશ બ્રહ્મચારીએ ન કરવો. કથા એ મોહની ઉત્પત્તિરૂપ છે. સ્ત્રીના રૂપ સંબંધી ગ્રંથો, કામવિલાસ સંબંધી ગ્રંથો, કે જેથી ચિત્ત ચળે એવા પ્રકારની ગમે તે શૃંગાર સંબંધી કથા બ્રહ્મચારીએ ન કરવી.**

**૩. આસન– સ્ત્રીઓની સાથે એક આસને ન બેસવું. જ્યાં સ્ત્રી બેઠી હોય ત્યાં બે ઘડી સુધીમાં બ્રહ્મચારીએ ન બેસવું. એ સ્ત્રીઓની સ્મૃતિનું કારણ છે; એથી વિકારની ઉત્પત્તિ થાય છે; એમ ભગવાને કહ્યું છે.**

**૪. ઇન્દ્રિયનિરીક્ષણ– સ્ત્રીઓના અંગોપાંગ બ્રહ્મચારી સાધુએ ન જોવાં; એના અમુક અંગ પર દૃષ્ટિ એકાગ્ર થવાથી વિકારની ઉત્પત્તિ થાય છે.**

**૫. કુંડ્યાતર– ભીંત, કનાત કે ત્રાટાનું અંતર વચમાં હોય ને સ્ત્રીપુરુષ જ્યાં મૈથુન સેવે ત્યાં બ્રહ્મચારીએ રહેવું નહીં. કારણ શબ્દ, ચેષ્ટાદિક વિકારનાં કારણ છે.**

**૬. પૂર્વક્રીડા– પોતે ગૃહસ્થાવાસમાં ગમે તેવી જાતના શૃંગારથી વિષયક્રીડા કરી હોય તેની સ્મૃતિ કરવી નહીં; તેમ કરવાથી બ્રહ્મચર્ય ભંગ થાય છે.**

**૭. પ્રણીત– દૂધ, દહીં, ઘૃતાદિ મધુરા અને ચીકાશવાળા પદાર્થોનો બહુધા આહાર ન કરવો. એથી વીર્યની વૃદ્ધિ અને ઉન્માદ થાય છે અને તેથી કામની ઉત્પત્તિ થાય છે; માટે બ્રહ્મચારીએ તેમ કરવું નહીં.**

**૮. અતિમાત્રાહાર– પેટ ભરીને આહાર કરવો નહીં; તેમ અતિ માત્રાની ઉત્પત્તિ થાય તેમ કરવું**

**નહીં. એથી પણ વિકાર વધે છે.**

**૯. વિભૂષણ– સ્નાન, વિલેપન, પુષ્પાદિક બ્રહ્મચારીએ ગ્રહણ કરવું નહીં. એથી બ્રહ્મચર્યને હાનિ ઉત્પન્ન થાય છે. એમ ભગવંતે નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યને માટે કહી છે. બહુધા એ તમારા સાંભળવામાં આવી હશે. પરંતુ ગૃહસ્થાવાસમાં અમુક અમુક દિવસ બ્રહ્મચર્ય ધારણ કરવામાં અભ્યાસીઓને લક્ષમાં રહેવા અહીં આગળ કંઈક સમજણપૂર્વક કહી છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨૫।।

**જ્ઞાની ગુરુની અલ્પ કૃપા પણ આત્મશક્તિ વિકસાવશે રે, પરબ્રહ્મ૰**
**રવિ-કિરણ એક આંખે ચઢ્યું તો સૂર્ય-સ્વરૂપ સમજાવશે રે. પરબ્રહ્મ૰**

**અર્થ :–** જ્ઞાનીગુરુની આજ્ઞા ઉપાસનાર વિનયવાન શિષ્ય ઉપર ગુરુની અલ્પ પણ કૃપા થશે તો તે આત્માની અનંત શક્તિઓને વિકસિત કરશે. કેમકે મોક્ષમૂલં ગુરુકૃપા છે. પ.પૂ.પ્રભુશ્રીજી ઉપર પ.કૃ.દેવની કૃપા થઈ અને પૂ.શ્રી બ્રહ્મચારીજી ઉપર પ.પૂ.પ્રભુશ્રીજીની કૃપા થઈ, કેમકે બન્ને યોગ્ય શિષ્યો હતા. સૂર્યનું એક કિરણ પણ આંખે દેખાઈ ગયું તો તે સંપૂર્ણ સૂર્યનું સ્વરૂપ સમજાવશે. તેમ ગુરુ કૃપાથી આત્મજ્ઞાન થઈ ગયું તો તે કેવળજ્ઞાનના સ્વરૂપને પણ સમજાવશે. ।।૨૬।।

**તેમ અડગ બ્રહ્મવ્રતે રહો તો આત્મ-અનુભવ આવશે રે, પરબ્રહ્મ૰**
**લૌકિક સુખનો મોહ મટ્યો તો સ્વરૂપ-સુખ મન ભાવશે રે. પરબ્રહ્મ૰**

**અર્થ :–** બ્રહ્મચર્યમાં જો અડગ રહેશો તો આત્માનો અનુભવ પ્રાપ્ત થશે. સત્પુરુષના વચનોવડે સાંસારિક સુખનો મોહ જો મટી ગયો તો આત્મિક સુખનો આસ્વાદ મનને ભાવશે. **''બ્રહ્મચર્ય વ્રત આવ્યું તો મનુષ્યપણાનું સફળપણું છે. તે વ્રત લઈને કોઈની સાથે પ્રતિબંધ, દૃષ્ટિરાગ કે પ્રસંગ કરવા નહીં; જાગ્રત રહેવું. કદી એ વ્રત લઈ ભાંગવાનો પ્રસંગ આવે ત્યારે પેટમાં કટાર મારી કે ઝેરનું પવાલું પીને મરી જવું, પણ વ્રત ભાંગવું નહીં—આટલો ટેક રાખવો. વ્રત લઈને ભાંગે તો નરકની ગતિ થાય.''** (ઉ.પૃ.૪૯૬)

**''સત્ અને શીલ એ જ કર્તવ્ય છે. શીલવ્રત મહાવ્રત છે. સંસારને કાંઠે આવી પહોંચેલાને જ તે પ્રાપ્ત થાય છે. દેહ પડી જાય તો ભલે, દેહ જતો હોય તો જવા દેવો પણ બ્રહ્મચર્ય પાળવું. વૃદ્ધાવસ્થામાં પણ એ વ્રત આવે તો મહાભાગ્ય સમજવું. તેની દેવની ગતિ નિશ્ચયે થાય છે.''** (ઉ.પૃ.૩૯૧) ।।૨૭।।

**બ્રહ્મચર્ય વ્રતે ટેક ટકી તો બાહ્ય વૃત્તિ જીંવ ત્યાગશે રે, પરબ્રહ્મ૰**
**જગ-જન રીઝવવા જે નહિ ઇચ્છે તે નિજ હિતમાં લાગશે રે. પરબ્રહ્મ૰**

**અર્થ :–** બ્રહ્મચર્યવ્રતમાં ટેક ટકી રહી તો બાહ્યવૃત્તિ એટલે ઇન્દ્રિયોમાં સુખ છે એવી બુદ્ધિનો જીવ ત્યાગ કરશે. જે જગતવાસી જીવોને રીઝવવા ઇચ્છશે નહીં તે જ પોતાના આત્મહિતના કાર્યમાં લાગશે.

**''બ્રહ્મચર્યવ્રત લેવું તે ઘણું ઉત્તમ છે. તે લેતા અગાઉ વરસ બે વરસ અખતરો કરવો અને પૂર્ણ ભરોસો પડે કે હવે પાળી શકાશે તો લેવું. વ્રત લઈને ભાંગવું નહીં, તે ભાંગે તો મહાદોષ લાગે. વ્રત લઈને ભાંગવામાં તે ન લીધું હોય તેના કરતાં વધુ દોષ છે. લીધા પછી સાધુના જીવન મુજબ જિંદગી સુધી વખત પસાર કરવો.''** -બો.૧ (પૃ.૯) ।।૨૮।।

**બ્રહ્મચારી ભગવંત ગણાયા, તુચ્છ ભાવો તે ત્યાગશે રે, પરબ્રહ્મ૰**
**ઉજ્જ્વળ કપડે ડાઘો દેખાયે સજ્જન ઝટ ધોઈ નાખશે રે. પરબ્રહ્મ૰**

**અર્થ :–** બ્રહ્મચર્ય દીક્ષાથી યુક્ત તે બ્રહ્મચારી છે. બ્રહ્મમાં ચર્યા કરવાનો જેનો ભાવ છે તે બ્રહ્મચારી તો ભગવાન તુલ્ય છે. તે તુચ્છ વિકારી ભાવોને ત્યાગી દેશે.

**"બ્રહ્મચર્યને તમે કેવું જાણો છો? બ્રહ્મચારી તો ભગવાન તુલ્ય છે! 'બ્રહ્મ'એ આત્મા છે. આટલો ભવ લક્ષ રાખીને ખમીખૂંદે અને બ્રહ્મચર્ય સંપૂર્ણ પાળે તો બેડો પાર થાય. એ વ્રત જેવું તેવું નથી. સત્પુરુષને આશ્રયે આવેલું વ્રત જેવું તેવું ન જાણવું. બીજા બધા કામ માટે અનંત ભવ ગાળ્યા તો આને માટે આટલો ભવ તો જોઈ લઉં, જોઈએ શું થાય છે?–એમ કરીને ત્યાગ અને વૈરાગ્યમાં વર્તવું જોઈએ. દિવસે દિવસે ત્યાગ વર્ધમાન થવો જોઈએ."** (ઉ.પૃ.૩૩૧)

ઉજ્જ્વળ કપડામાં ડાઘ દેખાતાં શીઘ્ર તેને ધોઈ નાખીએ છીએ, તેમ ઉજ્જ્વળ મનવાળા સજ્જનો પોતાના મનમાં અલ્પ પણ દોષ દેખાતાં તેને શીઘ્ર દૂર કરે છે.

**અર્હન્નકનું દૃષ્ટાંત :–** પિતા દત્ત, પુત્ર અર્હન્નક અને માતા ભદ્રાએ ત્રણે જણે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. અર્હન્નક નાનો હોવાથી પિતા તેને આહાર પાણી લાવીને આપતા. કાળ જતાં પિતા મરણ પામ્યા. પછી આહાર લેવા માટે અર્હન્નકને જવું પડ્યું. તડકો સહન ન થવાથી તે એક મકાનના નીચે ઊભા રહ્યા. ત્યાં તે ઘરની શેઠાણીએ તે મુનિને આહાર માટે અંદર બોલાવ્યા. મોહના વચનો બોલીને તેને મોહમાં ફસાવ્યો. તેથી તે અર્હન્નક તેના ઘરમાં રહેવા લાગ્યો. માતાને ખબર પડવાથી તે અર્હન્નક અર્હન્નક કરતી ફરે છે. પોતાની માતાની આવી હાલત જોઈને અર્હન્નક તરત જ મહેલ ઉપરથી ઊતરી માતાના પગમાં પડીને બોલ્યો કે હે માતા! કુલને લજવનાર, સંયમને ભ્રષ્ટ કરનાર પાપી અર્હન્નક આ રહ્યો. પછી માતાના કહેવાથી ગુરુ પાસે જઈને પાછો સંયમ લઈ, દોષોનું પ્રાયશ્ચિત્ત કરી, અનશન લઈને ભયંકર કષ્ટ સહન કરી તે દેવલોકે ગયો. તેમ પોતાના દોષ દેખાતાં તેને શીઘ્ર દૂર કરવાં જોઈએ. ।।૨૯।।

**મસોતાં મેલાં થયા કરે તે ઘેલાં ભેળાં કરી રાખશે રે, પરબ્રહ્મ૦**
**બ્રહ્મચારી નર નિઃસ્પૃહ રહેશે પરવશતા નહિ પામશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** મનના દોષોરૂપી મસોતા એટલે મેલા કપડાઓને મોહમાં ઘેલા બનેલા લોકો ભેગા કરી રાખશે. જ્યારે નિર્મળ મનવાળા બ્રહ્મચારી પુરુષ તો હમેશાં નિઃસ્પૃહ રહેશે. જેને કંઈ જોઈતું નથી એવા નિઃસ્પૃહ બ્રહ્મચારી કદી પરવશતા એટલે પરને આધીન રહેશે નહીં. ।।૩૦।।

**બ્રહ્મચારી નર નિર્મોહી જાણો નિર્ભયતા પ્રસરાવશે રે; પરબ્રહ્મ૦**
**બ્રહ્માનંદ બધે અનુભવશે પ્રેમ-અમી રેલાવશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** બ્રહ્મ એટલે આત્મા. તેમાં રમનારા તે બ્રહ્મચારી. એવા આત્મજ્ઞાની પુરુષોને તમે નિર્મોહી જાણો. તે પોતે નિર્ભય બની જવાથી બીજાને પણ નિર્ભય થવાનો માર્ગ બતાવશે.

તે હમેશાં પોતાના આત્માનંદનો અનુભવ કરશે અને જગતવાસી જીવોને પણ તે આત્મઅનુભવ રસનો આસ્વાદ આપવા ભગવત્ પ્રત્યે પ્રેમભક્તિરૂપ અમૃતરસ કેમ પ્રગટે એવો ઉપદેશ આપશે. ।।૩૧।।

**નિશદિન મસ્ત રહી નિજરૂપે ભવના ભાવ ભુલાવશે રે, પરબ્રહ્મ૦**
**સાક્ષાત્ મોક્ષની મૂર્તિ સમા એ, મુક્તિને પંથ ચઢાવશે રે. પરબ્રહ્મ૦**

**અર્થ :–** તે આત્મજ્ઞાની મહાત્માપુરુષો નિશદિન પોતાના આત્મસ્વરૂપમાં મસ્ત રહી સંસારના-રાગદ્વેષના ભાવોને ભૂલી જશે. એવા સાક્ષાત્ મોક્ષની મૂર્તિ સમા જ્ઞાનીપુરુષો બીજા અનેક ભવ્યાત્માઓને મુક્તિના માર્ગે ચઢાવશે, કેમકે પરોપકાર કરવો એ જ મહાપુરુષોનો વૈભવ છે. ।।૩૨।।